આ પ્રકારે અવાન્તર પ્રમેયરૂપ અક્ષરનું સ્વરૂપ ગંગાજીના દૃષ્ટાન્તથી સમજાવ્યું; હવે મુખ્ય પ્રમેયરૂપ પુરુષોત્તમ કૃષ્ણનું સર્વસામર્થ્ય તથા સર્વત્ર વ્યાપ્તિ બોધવાને આચાર્યશ્રી ગંગાજીના દૃષ્ટાન્તથી આધિદૈવિક સ્વરૂપ સમજાવે છે. ઉપર જણાવેલા ગંગાજીના બે સ્વરૂપથી ગંગાજીનું એક દેવતારૂપ છે અને જે આ આધિભૌતિક જલરૂપ ગંગાજીથી અને શક્તારૂપ આધ્યાત્મિક ગંગાજીથી ભિન્ન છે. આ આધિદૈવિક ગંગાજી મૂર્તિરૂપે ભક્તને ભક્તિને લઇને દર્શન દે છે. મર્યાદામાર્ગની વિધિને અનુસરતી ઉપાસનાથી નહિ, અને તે દર્શન પણ કવચિદ્ જ દે છે, કે જે સમયે ભક્તિ અતિશય તીવ્ર થઈ હોય. આ પ્રકારનું ગંગાજીનું મૂર્તિરૂપ દર્શન જે ભક્તોને ભક્તિના અતિશયથી થાય છે તે જ તે સ્વરૂપના અસ્તિત્વ માનવામાં પ્રમાણરૂપ છે. ભીષ્માદિના માતા તરીકે અને ભગીરથરાજાને જે દર્શન થયા તે આ જ આધિદૈવિક મૂર્તિરૂપ ગંગાજીના. આધિદૈવિક મૂર્તિરૂપ સ્વરૂપના દર્શનમાં કારણરૂપ ભક્તિ જ છે. આ જ કારણથી અંશુમાન્ દિલીપાદિ રાજાએ અતિશય તપ કર્યા તોપણ ગંગાજીએ દર્શન ન દીધા, પરન્તુ ભગીરથરાજાએ ભક્તિસહિત તપ કર્યું તેથી એના ભક્તિના બલથી ગંગાજીએ આધિદૈવિક સ્વરૂપે પ્રકટ થઈ ભગીરથને દર્શન આપ્યા. આ જ વાત બ્રહ્મવૈવર્તપુરાણમાં કહી છેઃ અને ત્યાં ભગીરથરાજાને મહાભાગવત સુબુદ્ધિમાન્ વૈષ્ણવ અને વિષ્ણુભક્ત કહ્યો છે. તાત્પર્ય કે આધિદૈવિક સ્વરૂપનું દર્શન ભક્તિના અતિશયથી થાય છે, મર્યાદામાર્ગરૂપ વિધિ કે ઉપાસનાથી થતું નથી.

અથવા કવચિદ્ અર્થાત્ ગૃહાદિમાં પણ ગંગાજીના આધિદૈવિક સ્વરૂપનું દર્શન થાય. દેવતારૂપ ગંગાજીમાં ભક્તિની વૃદ્ધિને લઇને જેની બુદ્ધિ એવી હોય કે એ સ્વરૂપ દેખાતા પ્રવાહથી અભિન્ન છે તેવાને ગંગાજીમાં, પ્રવાહરૂપ ગંગાજીમાં જ, દેવતારૂપ ગંગાજી પ્રત્યક્ષ થાય છે. તાત્પર્ય કે પ્રપંચમાં જ, જગત્માં જ ભગવદાકાર–ભગવન્મૂર્તિના અને ભગવદ્ભક્તના દર્શન કરતાં જ્યારે ભગવાનમાં ભક્તિ વધે અને ભગવદાકાર અને ભગવદ્ભક્તમાં ભગવાનને વિષે અભેદ બુદ્ધિ થાય તેવાને ભગવત્પ્રાકટ્યનો અનુભવ થાય છે. આ પ્રકારનું દર્શન ભક્તિના અતિશયવાળાને થાય છે, સર્વને નહિ. દેવતારૂપ ગંગાજીના દર્શન સર્વને થતાં નથી, તેઓએ શું કરવું જોઇએ તેની વ્યવસ્થા આ છે. આવા ભક્તને ગંગારૂપ આધિદૈવિક સ્વરૂપ જ પોતાને અભિલષિત અને સર્વસ્વરૂપ છે, અને તેના જ સ્થાનભૂત આ પ્રવાહ છે એ જ્ઞાનથી એ જલમાં જ સર્વત્ર શાસ્ત્રમાં નિષેધ નહિ કરેલો એવો સકલ વ્યવહાર તેઓએ કરવો. આવા ભક્તે સ્નાનાદિક કરવું અને સર્વ સ્થલમાં આધિદૈવિક ગંગાજી વિરાજે છે એમ અન્તઃકરણમાં ભાવ રાખવો. તેવી જ રીતે ઉપર કહેલા ભગવાનના દર્શન થાય ત્યારે તેના અધિષ્ઠાનભૂત પ્રપંચમાં પણ સર્વત્ર ભગવદ્ભાવ સ્ફુરે છે. ભક્તિથી દેવીરૂપ ગંગાજીના દર્શન થયા પછી પણ પ્રવાહરૂપ ગંગાજીનું દર્શન વેદમાં વિધાન કરેલા સ્વર્ગ અને મોક્ષાદિકથી પણ અધિક ફલરૂપે તેવા ભક્તના હૃદયમાં સ્ફુરે છે. અથવા

જેમને ગંગાદેવી
અનુભાવથી તેન
જોકે ગંગાજી સ
ત્યાંજ પ્રવાહમાં
તે જલમાં સાર
રીતે પ્રપંચરૂપ
શ્રદ્ધાપૂર્વક શ્રદ્ધા
કહ્યું છે તેના
કરતાં વિશેષ છે
હૃદયમાં ભગવા
પણ કહ્યું છે કે
જેમણે ગંગાજી
સ્નાનાદિ વ્યવહ
સ્ફુરે છે. તેવી
વગેરેથી સર્વત્ર
મોક્ષના કરતાં
દર્શન નથી થ
લઇને ગંગાજીના
તેવીજ રીતે ભગ
થાય છે, અને
પ્રમાણે દૃષ્ટાંત
ગંગાજીનું જલ
શક્તા, તેવી રી
ગંગાજીમાં જલ
આધિદૈવિક સ્વ
એ આધ્યાત્મિ
પણ આ જગ
સત્વ રજસ
નિયામક તરીકે
તેવી જ રીતે
શાસ્ત્રમાં નિરૂ
અસ્વાતંત્ર્ય એ
જ્ઞાનીઓના ક
હરિ જ છે.
લોકની અંદર
પરંતુ જે ભગવ
પારલૌકિક વિ
સર્વત્ર નિયામ
તરીકે સ્ફુરે છે

જેમને ગંગાદેવી પ્રત્યક્ષ નથી તેમને પણ ગંગાજી દેવતારૂપે ત્યાં પ્રવાહમાં છે એમ તત્સંબંધના અનુભાવથી તેના જલમાં પ્રકૃષ્ટ કામવિષયરૂપ શ્રદ્ધાવિશેષપૂર્વક સ્નાનાદિ વ્યવહાર થાય છે. અર્થાત્ જોકે ગંગાજી સર્વને પ્રત્યક્ષ નથી તોપણ તેવા ભક્તોએ પણ એમ તો સમજવું જ કે દેવતારૂપ ગંગાજી ત્યાંજ પ્રવાહમાં વિરાજે છે, અને તેથી આ દેવતારૂપ ગંગાજીનો જલમાં સંબંધ છે. અને તેથી તે જલમાં સારી કામના રાખવી અને શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ અનિષિદ્ધ વ્યવહાર કરવા. તેવી જ રીતે પ્રપંચરૂપ જગત્માં જ્યાં ભગવાન્‌ના સંબંધનો અનુભવ થાય ત્યાં ભગવત્સ્વરૂપમાં કે ગુરુવગેરેમાં શ્રદ્ધાપૂર્વક શ્રદ્ધાલુઓના વ્યવહાર થાય છે, વળી પુરાણાદિમાં તેના જલના દર્શન વગેરેથી જે ફલ કહ્યું છે તેના અનુભવથી અને મહાપુરુષોના અન્તઃકરણની પ્રતીતિથી પણ તેનું જલ અન્ય જલ કરતાં વિશેષ છે એમ સમજવું. આ જ પ્રકારે જેમનાં હૃદયમાં ભગવત્સાંનિધ્ય છે, જેમનાં હૃદયમાં ભગવાન્ સાક્ષાત્ વિરાજે છે તે ભક્તો પણ અન્ય ભક્તો કરતાં ઉત્તમ છે. માટે ભગવાને પણ કહ્યું છે કે મારા ચિહ્નોનાં તથા મારા ભક્તજનોના દર્શન સ્પર્શ અર્ચન કરવા. તાત્પર્ય કે જેમણે ગંગાજીના દર્શન કર્યાં છે તે લોકોનું જેમ જલ વિષે સ્થાનબુદ્ધિથી અનિષિદ્ધ ઇચ્છા પ્રમાણે સ્નાનાદિ વ્યવહાર થાય છે. તેમજ તીર્થ દર્શનમાં અન્યથી આધિક્ય જ્ઞાનરૂપથી જલમાં તીર્થરૂપતા સ્ફુરે છે. તેવીજ રીતે જે લોકોએ ભગવાન્‌નું દર્શન કર્યું છે, તે લોકોને ભગવત્સ્વરૂપ ગુરુ વગેરેથી સર્વત્ર પ્રપંચમાં અને પ્રાણીમાત્રમાં ભગવદ્ભાવની સ્ફૂર્તિ થાય છે, અને અક્ષરમાં જ્ઞાનિમોક્ષના કરતાં પણ અધિક ભગવદ્ધામરૂપ અક્ષર જ્ઞાનાત્મક ફલ થાય છે. જેવી રીતે ગંગાજીનું દર્શન નથી થયું, તેવા શ્રદ્ધાળુઓને જલ વડે શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ વ્યવહાર છે, અને તીર્થને લઇને ગંગાજીના જલમાં બીજા જલ કરતાં અધિક આધિક્યજ્ઞાન ક્રમથી ફલરૂપે પ્રાપ્ત થાય છે, તેવીજ રીતે ભગવાન્‌ના દર્શન નહિ કરેલા શ્રદ્ધાળુઓને ભગવત્સ્વરૂપમાં શ્રદ્ધાપૂર્વક સેવાદિ વ્યવહાર થાય છે, અને અક્ષરવિષે જ્ઞાનીના મોક્ષથી અધિક ભગવદ્ધામત્વનું પરોક્ષ જ્ઞાન થાય છે. આ પ્રમાણે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનું સાધર્મ્ય નિરૂપણ કરીને ઉક્ત અર્થને સ્પષ્ટ કરે છે. જેવી રીતે ગંગાજીનું જલ તેવી જ રીતે આ સર્વ દૃશ્યમાન પ્રપંચ જગત્ સમજવું. જેવી રીતે તીર્થરૂપ ગંગાજી શક્તા, તેવી રીતે અક્ષરબ્રહ્મ સમજવું, અને જેવી રીતે ગંગા દેવી તેમ કૃષ્ણ સમજવા. અર્થાત્ જેમ ગંગાજીમાં જલ આધિભૌતિક સ્વરૂપ છે, તીર્થરૂપ આધ્યાત્મિક સ્વરૂપ છે, અને ગંગાદેવી એ ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ છે, તેવી રીતે અહીં જગત્ એ ભગવાન્‌નું આધિભૌતિક સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ એ આધ્યાત્મિક સ્વરૂપ છે. અને કૃષ્ણ એ આધિદૈવિક સ્વરૂપ છે; આમ સાધર્મ્ય હોવા છતાં પણ આ જગત્‌ને વિષે કંઇક તારતમ્ય છે; તે આપ કહે છે. જગત્ ત્રિવિધ છે. ત્રિગુણાત્મક છે સત્વ રજસ અને તમસ એ ત્રણ સ્વભાવથી પ્રકટ છે; અને સત્વ, રજસ, અને તમસ ગુણના નિયામક તરીકે ભગવાને બ્રહ્મા, વિષ્ણુ અને શિવને કર્યા છે. જેવી રીતે જગત્‌ના ત્રણ રૂપ છે, તેવી જ રીતે જગત્‌ની અંદર રહેલા ત્રિવિધ જાતના ઉપાસ્ય દેવતા બ્રહ્માદિક એ ત્રણ તે તે શાસ્ત્રમાં નિરૂપણ કર્યા છે. દેવતા શબ્દ સ્ત્રીલિંગ છે. અને એના પ્રયોગથી આચાર્યશ્રી તેમનું અસ્વાતંત્ર્ય એટલે પરાધીનતા સૂચવે છે. બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ એ પ્રાકૃતોના જ નિયામક છે. જ્ઞાનીઓના કંઇ નથી. બ્રહ્મ તો એક રૂપજ છે; અને તેની અંદર નિષ્ઠાવાલાઓના નિયામક તો હરિ જ છે. અને ભગવદ્‌ભક્તો લોકની અંદર આવેલા હોવાથી તેમના નિયામક બ્રહ્માદિ નથી. લોકની અંદર બ્રહ્માદિથી જ કામચાર છે. એટલે બ્રહ્માદિ ત્યાં નિયામક છે. બીજી રીતે નહિ. પરંતુ જે ભગવદ્‌ભક્ત છે. તેમને તો પરમાનંદરૂપ કૃષ્ણમાં પોતાના આત્મવિષયરૂપ ઐહિક અને પારલૌકિક વિષયમાં શ્રીકૃષ્ણ વિષે જ કામચાર છે. એમના મનોરથની સિદ્ધિ શ્રીકૃષ્ણથી જ છે. સર્વત્ર નિયામક શ્રીકૃષ્ણ જ છે. અથવા ભક્તલોકોના સ્નેહાતિશયને લીધે પ્રભુ જ તેમને આત્મા તરીકે સ્ફુરે છે; અને તેથી પ્રભુની પ્રાર્થના કરવામાં સર્વ પ્રકારે એમને કોઇ રીતે શંકા થતી નથી.

ભક્તના સંબંધમાં આટલો વિશેષ પરમાનંદ પદથી આચાર્યશ્રીએ સૂચવ્યો છે. આ સર્વ કથનનું તાત્પર્ય આપશ્રી કથે છે. ઉક્તરીતિથી સર્વના કરતાં શ્રીકૃષ્ણજ ભક્તિમાર્ગમાં ભજનીય છે; તેથી શ્રીકૃષ્ણ વિષે જ બુદ્ધિ કરવી; આ બુદ્ધિ પણ બ્રહ્મવાદની પદ્ધતિથી જ. બ્રહ્મવાદમાં પરબ્રહ્મનું સાકારત્વ પ્રતિપાદન કર્યું છે; અને તેથી બ્રહ્મવાદમાં કહેલા પરબ્રહ્મ તરીકે શ્રીકૃષ્ણ જ છે; એમ સમજવું, શ્રીકૃષ્ણનું જ પરબ્રહ્મત્વ દામોદરલીલામાં શ્રીશુકદેવજીએ સ્પષ્ટ કહ્યું છે. આથી બ્રહ્મવાદ એ ભક્તિમાર્ગમાં અનુભવ .સાક્ષિક છે. મૂલ શ્લોકમાં ‘ તુ ’ શબ્દ મૂકયો છે, તેથી નિરાકાર વાદનો નિરાસ કર્યો છે.

હવે જીવસ્વરૂપ અને તેનો મુક્તિપ્રકાર આપશ્રી ઉપદેશે છે.

आत्मनि ब्रह्मरूपे हि छिद्रा व्योम्नीव चेतनाः ॥ १२ ॥
उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ।
गंगातीरस्थितो यद्वद्देवतां तत्र पश्यति ॥ १३ ॥
तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति ।
संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥ १४ ॥
अपेक्षितजलादीनामभावात्तत्र दुःखभाक् ।
तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥ १५ ॥
आत्मानंदसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ।
लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा ॥ १६ ॥
क्लिष्टोऽपि चेद्भजेत्कृष्णं लोको नश्यति सर्वथा ।

શબ્દાર્થ—જીવાત્માના વિષયમાં તો આ કહેવામાં આવે છે. આકાશમાં જાણે છિદ્રો હોય ને શું એમ અક્ષરબ્રહ્મ વિષે જીવો છે. જેમ ગંગાજીના તીર ઉપર ઉભેલો ત્યાં દેવતાનું દર્શન કરે છે તેમ અંતરાયભૂત અવિદ્યારૂપ ઉપાધિનો નાશ થતા અને પોતે બ્રહ્માત્મક છે એમ ભાન થતા જ્ઞાની પોતાના આત્માને વિષે પર બ્રહ્મ કૃષ્ણનું દર્શન કરે છે. સંસારી જે ભજે છે તે તો ગંગાજીને દૂરથી ભજવાવાલા જેવો છે. તે જેમ અપેક્ષિત જલાદિ નહિ મળવાથી દુ:ખી થાય છે, તેમ સંસારી ભજન કરવા જાય છે તે અપેક્ષિત સામગ્રીની અપ્રાપ્તિથી દુ:ખી થાય છે. માટે સર્વ લોકથી વિમુક્ત શ્રીકૃષ્ણમાર્ગમાં સ્થિતિ કરનારે આત્માનન્દસમુદ્ર વિષે સ્થિત કૃષ્ણનું જ વિશેષ ચિન્તન કરવું. લોકાર્થી જો કૃષ્ણને ભજે તો સર્વથા ક્લિષ્ટ-દુ:ખી થાય છે. ક્લિષ્ટ-દુ:ખી-થઇને પણ જો કૃષ્ણને ભજે તો સર્વથા લોકનો નાશ થાય છે.

પૂર્વોક્ત સાધનશેષ તરીકે પ્રમેય અને ફલનું નિરૂપણ કર્યું, તેમાં જેમનો અધિકાર નથી તે લોકોને ફલની સિદ્ધિ કયી થશે અને કયે પ્રકારે થશે તે આપશ્રી હવે મુખ્ય સાધન પ્રકરણના નિરૂપણ કર્યા પછી કહે છે. તેથી એમ પણ સૂચન કર્યું છે કે જીવના સ્વરૂપનું જ્ઞાન આ પ્રકારમાં આવશ્યક છે, પૂર્વ કહેલા મુખ્ય સાધનપ્રકારમાં નહિ. ત્યાં તો શરીરવાળો જીવ જ ભગવાનનો દાસ છે એ જ જ્ઞાનની અપેક્ષા છે. અહિ બદ્ધ જીવના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. આત્માના વિષયમાં બદ્ધજીવસ્વરૂપ અને તેનો મુક્તિપ્રકાર આ છે. જીવ અણુ સૂક્ષ્મ છે, અક્ષરાત્મક છે, અને અન્તરાયભૂત થઇને રહેલી અવિદ્યાને લીધે પોતે અક્ષરાત્મક છે એમ

પ્ચો છે. આ સર્વ કથનનું
ત્માર્ગમાં ભજનીય છે; તેથી
જ. બ્રહ્મવાદમાં પરબ્રહ્મનું
તરીકે શ્રીકૃષ્ણ જ છે; એમ
ષ્ટ કહ્યું છે. આથી બ્રહ્મવાદ
મૂકયો છે, તેથી નિરાકાર

॥ ૧૨ ॥

॥

૪ ॥

૧૫ ॥

૧૬ ॥

**રે છે. આકાશમાં જાણે
જીના તીર ઉપર ઉભેલો
ાધિનો નાશ થતા અને
ને વિષે પર બ્રહ્મ કૃષ્ણનું
ભજવાવાલા જેવો છે.
। સંસારી ભજન કરવા
ાટે સર્વ લોકથી વિમુક્ત
ચત કૃષ્ણનું જ વિશેષ
દુઃખી થાય છે. ક્લિષ્ટ-
થાય છે.**

માં જેમનો અધિકાર નથી
પશ્રી હવે મુખ્ય સાધન
કે જીવના સ્વરૂપનું જ્ઞાન
ાહિ. ત્યાં તો શરીરવાળો
જીવના સ્વરૂપનું નિરૂપણ
આ છે. જીવ અણુ સૂક્ષ્મ
પોતે અક્ષરાત્મક છે એમ

એને ભાન થતું નથી, અને તેથી સંસારને પ્રાપ્ત કરે છે. આ જ સંસારનું પ્રાપ્ત કરાવવાપણું એ જ આ અવિદ્યાનું ઉપાધિપણું છે; જીવત્વ કંઈ અવિદ્યાકૃત નથી. બ્રહ્મરૂપ બ્રહ્મના અંશ હોવાથી બ્રહ્માત્મક આત્માને વિષે ચેતના-બુદ્ધિઓ જીવોને સંસારિત્વ પ્રાપ્ત કરાવવામાં ઉપાધિભૂત છે. અવિદ્યાથી જીવત્વ થતું નથી પણ સંસાર પ્રાપ્ત થાય છે. અવિદ્યા જીવને નિજ-સ્વરૂપ-ભૂલાવી દે છે, તેથી જીવને પોતાનું બ્રહ્માંશત્વ અને બ્રહ્માત્મકતા સ્ફુરતી નથી. નિબંધમાં આચાર્યશ્રીએ જીવનું સ્વરૂપ નિરૂપણ કર્યું છે. ત્યાં આપશ્રીએ એમ નિરૂપણ કર્યું છે કે જીવો ભગવાનની ઇચ્છામાત્રથી જ ભગવાનમાંથી બ્રહ્મભૂત પ્રકટ થયા છે. જીવો બ્રહ્મભૂત છે, યોગ-બલથી આવિર્ભાવ પામેલા નથી. તેઓ અંશ છે, સાકાર છે, સૂક્ષ્મ પરિચ્છેદવાલા છે અને ચેતન છે, ચિત્પ્રધાન છે એમ ત્યાં નિબંધમાં આપશ્રીયે આજ્ઞા કરી છે. શ્રુતિમાં પણ બુદ્ધિના ગુણવડે અંગુષ્ઠમાત્રત્વ કહીને અગાડી ‘આત્મગુણથી પણ’ અપર જીવ આરાગ્રમાત્ર છે એમ નિરૂપણ કરીને જીવનું અણુત્વ બોધ્યું છે. શ્રીમદ્‌ભગવદ્ગીતામાં પણ જીવને આપ નિજ અંશ કહે છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ જીવને ભગવાન્ પોતાનો અંશ કહે છે. સૂત્રકાર બાદરાયણ મુનિ પણ બ્રહ્મસૂત્રમાં શ્રુતિમાં જીવ એ ભગવાનનો અંશ છે એમ બોધ્યું છે એમ સૂત્ર યોજીને જીવનું અંશત્વ ઉપદેશે છે. જીવની ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિ સૂત્રમાં સૂચવીને જીવનું અણુત્વ પણ સૂત્રકાર ઉપદેશે છે. અર્થાત્ જીવ એ ભગવાનનો અંશ છે, અણુપરિમાણ છે, અક્ષરાત્મક છે. સ્તવ રીતે જીવનું આજ સ્વરુપ આચાર્યશ્રીને અત્ર અભિપ્રેત છે. જીવ આ પ્રકારે બ્રહ્માત્મક છતાં એ બ્રહ્માત્મકત્વની સ્ફૂર્તિ જીવને નહિ થવાનું કારણ અન્તરાયભૂત અવિદ્યા છે. આ દ્યા પણ ભગવાન્‌ની અનન્ત શક્તિઓમાંની એક છે, અને જીવને પોતાનો ભગવત્સંબન્ધ ાવી સંસારબંધન પ્રાપ્ત કરાવવું એ આ અવિદ્યા શક્તિનું નિયત કાર્ય છે. શ્રુતિમાં આ જ વિદ્યાને અજ્ઞાનજનક કહી છે. અર્થાત્ એ અવિદ્યા અન્તરાયભૂત થઈને જીવાત્માને બ્રહ્મા-મકતાનું ભાન થવા દેતી નથી. અને તેથી ‘ હું અને મારૂં ’ એવો અભિમાનરૂપ સંસાર જીવને બંધનરૂપે વલગે છે. જીવને આ પ્રકારે સંસારમાં નાખવાપણું એ જ આ અવિદ્યાની ઉપાધિ રૂપતા છે. અવિદ્યા જીવાત્માને આવી રીતે સંસારમાં નાખે છે તેથી એને ઉપાધિરૂપ કહી છે, જીવને સંસારમાં જોડી દેનાર એ અવિદ્યા જ છે. અને પ્રયોજક-જોડનાર એ જ ઉપાધિ કહેવાય છે. અર્થાત્ સંસારપ્રયોજકત્વ એજ અવિદ્યાની ઉપાધિરૂપતા છે. અવિદ્યા જીવને સંસાર પ્રાપ્ત કરાવે છે એ ખરૂં, પણ એનું જીવાત્મત્વ કંઈ સિદ્ધ કરતી નથી. તત્કૃત જીવત્વમાં પ્રયોજન નથી જ. અવિદ્યા દોષરૂપે, કે આભાસરૂપે, કે પ્રતિબિંબરૂપે, કે અવચ્છેદરૂપે જીવનું જીવત્વ નથી. જીવને અવિદ્યામાં બ્રહ્મનો આભાસ વા પ્રતિબિંબ માનવું યુક્ત નથી કારણ કે તેમ માનવામાં તત્સ્વ-રૂપને અબ્રહ્મતા પ્રાપ્ત થઈ જાય. અને અવચ્છેદ તો અંશત્વ કહ્યા પછી બંધન કરે એમ કહેલું હોવાથી જીવના વ્યુચ્ચરણના પછી થયલો છે. **‘तद्वज्जीवो नस्रोपमः’** એ વાક્યમાં કહેલી ઉપમા **‘घटो लीयत नाकाशम्’** એ વાક્ય પછી કહેલી હોવાથી એનું તાત્પર્ય પણ લયાભાવમાત્રમાં છે એમ સમજાય છે. અગાડી આપેલા જલચન્દ્રદૃષ્ટાન્તથી અને તેના અંશપ્રવેશયુક્તત્વથી પણ એમ નિશ્ચય થાય છે. અર્થાત્ જીવ એ ભગવાન્‌નો અંશ છે. અવિદ્યા કે ઉપાધિજન્ય તેનું જીવત્વ નથી. આચાર્યશ્રીએ વ્યોમછિદ્ર દૃષ્ટાન્ત પણ જીવનું અણુત્વ બોધવાને જ યોજ્યો છે. વ્યોમમાં આકાશમાં જેમ ક્ષુદ્ર ઉપાધિઓ વડે-ચારણી વગેરેથી છિદ્રો જેવું દેખાય છે તેમ આત્માને વિષે ક્ષુદ્રત્વ વગેરે ધર્મો દેખાય છે, પરન્તુ તે ધર્મો કાંઈ બ્રહ્મધર્મ નથી એ બોધવાને આચાર્યશ્રીએ વ્યોમછિદ્રનો દૃષ્ટાન્ત આપ્યો છે. અર્થાત્ જેમ આકાશમાં ચારણી વગેરે ક્ષુદ્ર અવકાશ ભેદ પ્રયોજક ઉપાધિઓથી ભેદદાયક છિદ્રો-ક્ષુદ્રત્વ, વગેરે અવસ્તાવ દેખાય છે તેમ બ્રહ્મરૂપ-સુવર્ણના ખંડરૂપ-બ્રહ્માત્મક જીવાત્માને વિષે અવિદ્યાના અંશભૂત ચેતના નામની

અન્યથા બુદ્ધિઓને લઈને ક્ષુદ્રત્વ, દુઃખિત્વ, અત્યન્ત ભિન્નત્વ વગેરે અવસ્તાવ ધર્મો દેખાય છે, પણ અસંગત્વ વગેરે બ્રહ્મધર્મો દેખાતા નથી. તેથી જો તે દૃષ્ટાન્ત અહિ કહ્યો હોત, તો તદુપાધિકૃત બંધનો બોધ થઈ શકત નહિ. માટે આ દૃષ્ટાન્ત જીવનું ઉપાધિજન્યત્વ બોધતો નથી. ઉપાધિવાદ પ્રમાણે તો જીવનું અણુત્વ પણ ક્ષુદ્રત્વ વગેરેની માફક દેહથી પરિચ્છિન્ન થવાપણું જ છે, વાસ્તવ નહિ. જીવનું વાસ્તવ અણુત્વ તો વ્યાપકત્વથી અવિરુદ્ધ છે. આ પ્રકારે બંધનું સ્વરૂપ સમજાવી મોક્ષનું સ્વરૂપ સમજાવે છે. આ જીવોમાંથી જે જીવને જે પ્રકારથી ઉદ્ધારવાની ઇચ્છા પ્રભુ કરેછે, તે પ્રકારના ગુરુના ઉપદેશ વગેરેથી અવિદ્યાની ઉપાધિથી યુક્ત જીવને તેનું બ્રહ્માત્મકત્વ–બોધીને અવિદ્યાત્મક પ્રતિબંધકનો નાશ થાય ત્યારે બ્રહ્માત્મકતાનો બોધ કરનાર વિજ્ઞાન-અનુભવ-સિદ્ધ થતાં, પુરુષોત્તમના અવિર્ભાવની યોગ્યતા તે જીવવિષે થાય છે, ત્યારે જીવ નિજ આત્માવિષે તેનું પુરુષોત્તમનું દર્શન કરે છે. તે જીવને હરિ જ તેના સર્વસ્વરૂપ છે, તેથી પ્રભુ વિના અન્યની તે અપેક્ષા કરતો નથી. ભજનમાં ઉપયોગી અર્થની અપેક્ષા થાય તો તે પણ પ્રભુથી જ તેને સિદ્ધ થાય છે. અને તેથી તે કદાપિ દુઃખી થતો નથી. આ તાત્પર્ય જણાવવાને આ દૃષ્ટાન્ત છે. જેવી રીતે ગંગાના તટઉપર સ્થિત થઈને કોઈ ત્યાં પ્રવાહમધ્યમાં આધિદૈવિક ગંગાજીના દર્શન કરેછે, તેમ જ્ઞાની પોતાના આત્માનેવિષે પરબ્રહ્મ કૃષ્ણનું દર્શન કરેછે; પરન્તુ ભક્તિથી. આમ ઉભયત્ર સમજવું. જેમ ભક્તિ આધિદૈવિક ગંગાજીના દર્શનમાં અપેક્ષિત છે, તેમ કૃષ્ણદર્શનમાં પણ ભક્તિની અપેક્ષા છે. ભક્તિ ન હોય તો દર્શન પણ દુર્લભ છે તો પછી ભજન તો ક્યાંથી કરે. આચાર્યશ્રીએ પણ પૂર્વ ભક્તિથી જ દર્શન કહ્યું છે તેમ ‘એક ભક્તિથી જ હું ગ્રાહ્ય છું’ એમ પ્રભુવચનથી પણ ભક્તિની આવશ્યકતા દર્શાવી છે, પરન્તુ લોકમાં આવું જ્ઞાન નથી હોતું, તો પણ જે ભજન જોવામાં આવે છે તેની વ્યવસ્થા કહે છે. જે પ્રપંચમાં આસક્ત થયલો ગુરુના ઉપદેશમાત્રથી ભજેછે, ભજન એ સંસારની નિવૃત્તિનું હેતુ છે એમ જાણી ભજેછે, નહિ કે બ્રહ્મભાવની સંપત્તિથી, કારણકે તેનામાં પુરુષોત્તમનો અવિર્ભાવ થયો નથી, તે તો ગંગાજીથી દૂર રહેલો જેમ તેનું ભજન કરે છે, અને ત્યાં અપેક્ષિત જલ વગેરેની અપ્રાપ્તિથી દુઃખી થાય છે, તેમ આ ભક્તિમાર્ગમાં સ્થિત જીવ સાક્ષાત્ સ્વરૂપ સંબંધી અર્થની અપેક્ષા થતાં, તે પ્રાપ્ત નહિ કરવાથી ક્લેશયુક્ત થાય છે. તો પણ પ્રભુએ એનો અંગીકાર કરેલો હોય તો તે ભજનનો ત્યાગ કરતો નથી. પણ જો પ્રભુએ એનો અંગીકાર ન કર્યો હોય તો મધ્યમાં ભજનમાં પ્રતિબંધ થવા છતાં પણ કરેલું ભજન વ્યર્થ તો જતુંજ નથી, તેથી તે ભજનનું ફલ તેને અન્ય જન્મમાં થાય એમ સમજવું. આથી આ પ્રવાહમાર્ગીય છે એમ નિરૂપણ કર્યું છે, નહિ તો વચ્ચે અનંગીકાર, અને તેને લઇને ભજનમાં પ્રતિબંધ વગેરે ન થાય. અત્ર પુષ્ટિમાર્ગ અલગ રાખીને પ્રવાહમાર્ગની વાત કહેવાનું આ પ્રયોજન છે. જો પ્રભુ પ્રવાહમાર્ગીયનો પણ આમ અંગીકાર કરે છે તો પછી જન્મ-જન્માન્તરમાં પણ તેને ત્યજતા નથી, તો પછી શ્રીકૃષ્ણમાર્ગમાં સ્થિતિ કરનાર પુષ્ટિમાર્ગી સર્વ લોકથી પણ મુક્ત ભિન્ન અને વિશિષ્ટ–અધિક છે. સર્વ પદથી એમ સૂચવ્યું છે કે જ્ઞાનીથી તેમ પ્રાવાહિક ભક્તથી આ પુષ્ટિમાર્ગી ઉત્તમ છે એમ જણાવ્યું છે. આ લોકોથી જો પુષ્ટિમાર્ગી ઉત્તમ છે, તો પછી સાધારણ લોકથી ઉત્તમ હોય એમાં તો શું કહેવું. જ્ઞાનીને સંસાર નથી અને સંસારનું જ્ઞાનના અભાવમાં એને દુઃખ થતું નથી. પુષ્ટિમાર્ગની માફક પ્રભુસ્વરૂપ ઓળખીને સર્વસ્વ નિવેદન કરીને સર્વાત્મભાવથી ભજન તો આવા જ્ઞાનીને સ્વપ્ને પણ દુર્લભ છે. પુષ્ટિમાર્ગીય તો કેવલ પ્રભુના જ નિયમનમાં રહેલો હોવાથી સર્વ ઉપપન્નછે, તેથી પુષ્ટિમાર્ગી જ્ઞાની, પ્રાવાહિક ભક્ત, તથા સાધારણ લોકથી પણ ઉત્તમ છે. આ સર્વ આચાર્યશ્રીએ ‘શ્રીકૃષ્ણમાર્ગસ્થ’ એ પદથી જણાવ્યું. પુષ્ટિમાર્ગીને દ્રવ્ય ન હોય તો પછી એ ભજન કેમ કરી શકે,

અને જો તેમ ન કરે તો એને પણ દુઃખ તો થાય જ, તો પછી જ્ઞાની વગેરેથી એનામાં શું અધિકતા એ શંકાનું સમાધાન આ પ્રકારે છે. પુષ્ટિમાર્ગીને તો શ્રીકૃષ્ણ એટલે પુષ્ટિમાર્ગીય ભક્તે પ્રકટ કરેલા નિરવધિ આનન્દમાં વિહાર કરનાર તે. આવા પુષ્ટિમાર્ગીય ભક્તો તો વ્રજરત્નાત્મક શ્રીગોપીજનો જ છે. આ આનન્દ પણ ભગવત્સ્વરૂપાત્મક અને ભગવદ્દત્ત છે. માટે મૂલમાં આત્માનન્દ શબ્દ આત્મશબ્દ ભગવાનના અર્થમાં છે. નિરવધિ આનન્દરૂપ કૃષ્ણસુખરૂપ આપ સ્વયં સ્વસ્વરૂપ શ્રીગોપીજનોમાં વા તદાત્મક તદંશમાં જ ખેલે છે. દ્રવ્યાદિના અભાવમાં બહાર ભજન ન થાય તો પણ પુષ્ટિમાર્ગીય દુઃખી થતો નથી, તે તો અન્તર્ભજન કરે છે, વિરહરસાનન્દનો આનન્દ અનુભવે છે. માટે દુઃખ તો પુષ્ટિમાર્ગીયને હોય જ નહિ.

હવે કોઇ આજીવિકાને માટે ભજે તો તેની શી ગતિ એમ શંકા થાય તો આચાર્યશ્રી બોધે છેઃ– અહિ મૂલમાં લોકશબ્દનો અર્થ લૌકિક અર્થ સમજવો. આ લૌકિક અર્થની અપેક્ષાવાળો જો કૃષ્ણને ભજે, તો વ્યાપારની માફક અર્થ તો સિદ્ધ થાય, પરન્તુ આવો, લૌકિક અર્થ પણ અનર્થરૂપ હોવાથી, આવા પુરુષે કરેલ ભજનમાં ભક્તિ જ ન રહે. અને તે નહિ હોવાથી આવા પુરુષે કરેલું સર્વ ક્લેશરૂપ જ થાય છે. અને તેથી તેવો માણસ દુઃખી થાય છે. માત્ર આ લોકનો ક્લેશ એવાને થાય છે, એટલુંજ નહિ, પણ પરલોકનો પણ નાશ થાય છે, કારણ કે વ્યાપારવત્ ભજનનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. આથી મૂલમાં આચાર્યશ્રીએ ‘સર્વથા’ એ પદ ધર્યું છે. જેને સ્વલ્પ પણ જ્ઞાન હોય છે તે પણ આમ સર્વથા કરતો નથી, તથાપિ કોઈ જ્ઞાનરહિત આમ કરે એ જણાવવાને મૂલમાં **चेत्** પદ ધર્યું છે. ભજન કરનારના અભિપ્રાયથી અત્ર મૂલનામ કૃષ્ણ ધર્યું છે; લોકાર્થીપણું ન હોય અને અર્થ પણ ન હોય તો ભજન ન થાય તો પંછી શો વિશેષ એમ શંકા કોઇ કરે તેના પ્રત્યુત્તરમાં આપશ્રી કહે છે કે લૌકિક અર્થ ન હોય અને તેને લઇને દુઃખી હોય તો પણ ગીતાજીના નવમાં અધ્યાયમાં કરેલી આજ્ઞા પ્રમાણે જો કોઇ પત્ર પુષ્પના ન્યાયથી કૃષ્ણને ભજે, તો યથાસંભવ તેનું ભજન અર્થને લઇને જ અર્થાત્ સિદ્ધ થાય છે, પણ લોકનો નાશ જ થાય છે; લૌકિક સિદ્ધ થતું નથી, નહિ કે સ્થિત નાશ પામે છે. તેથી તેટલાથી ભજનસિદ્ધિમાં કાંઇ પણ હાનિ નથી, કારણ કે ભગવાન્‌ની તેવી જ ઇચ્છા છે. એ જાણવવાને ‘સર્વથા’ એમ કહ્યું છે. કિલષ્ટજન ભગવાન્‌નું ભજન કરી શકતો નથી.

અત્ર હીનાધિકારીની વાત છે. લાભ, અને પૂજાને માટે જે યત્ન તે તો ઉપધર્મ દેવલકત્વ સંપાદક છે, તેથી તે સિવાયના અનિષિદ્ધ પ્રકારથી ‘ મારું ઐહિક સિદ્ધ થાઓ’ એ ઉદ્દેશથી પ્રવૃત્તિ કરતો લોકાર્થી જો કૃષ્ણને ભજે, તો સર્વથા દુઃખી થાય છે, ભગવત્પ્રિય આચાર્ય–શ્રીવલ્લભાધીશ્વરના–માર્ગમાં આ સ્થિતિ કરે છે તેથી તેના ઉપર કૃપાથી, અથવા ‘જેના ઉપર હું અનુગ્રહ કરવાની ઇચ્છા કરું છું તેનું ધન ધીમે ધીમે હું હરણ કરું છું’ એ વાકયોક્ત ન્યાયથી, એની મૂઢતાને લઇને અને દુરાગ્રહ વગેરેથી ભગવાન્ એની ઉપેક્ષા કરે છે, અને તેથી દૃષ્ટ અને અદૃષ્ટ પ્રકારથી સર્વ પ્રકારે લોકથી એને ક્લેશ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ તો કિલષ્ટ થઇને પણ લોકમાંથી વિરાગી થઇ જો કૃષ્ણને ભજે, તો ઉક્ત ન્યાયથી સર્વ પ્રકારે બાહ્ય અને આન્તર લોકનો નાશ થાય છે. ત્યાર પછી ‘ મત્પરની સાથે મિત્રતા કરેલા ઉપર મારો અનુગ્રહ કરૂં છું’ એ ન્યાયથી આ લોક કે પરલોકમાં, પ્રતિબંધ રહિત અનુગ્રહવિષય તે થાય છે. અને અન્ત્ય બીજો તો દુરાગ્રહાદિ દોષથી પ્રભુ તેની સેવાનો અંગીકાર કરતા નથી તો પણ આચાર્યશ્રીની દયાથી **‘नैवात्मनः’** એ શ્લોકના ન્યાયથી તત્કૃત પ્રભુગામિ હોવાથી તેનું ભજન વ્યર્થ જતું નથી. પરન્તુ આવા મનુષ્ય ઉપર પ્રભુ અન્ય જન્મમાં અનુગ્રહ કરે છે.

શ્રીપુરુષોત્તમજી આ પ્રમાણે વ્યાખ્યાન કરી નિજ અભિપ્રાય દર્શાવે છે કે સંસારી ત્રિવિધ છે. એક સંસારની નિવૃત્તિની ઇચ્છા રાખનાર ભક્ત, દ્વિતીય લોકાર્થી સેવાનો આગ્રહ રાખનાર, અને સેવાનો આગ્રહ નહિ રાખનાર. આ ત્રણેના ફલ ઉપર કહ્યાં છે.

આ પ્રકારે હીન અધિકારીની વ્યવસ્થા કહીને મધ્યમ અધિકારીને તો જ્ઞાન સહકારી હોવાથી આવશ્યક છે તેથી તે ન હોય તો તેનું શું ફલ એમ આકાંક્ષા થતાં તેને ફલ કેમ થાય છે તે પ્રકાર ઉપદેશે છે. સ્વસ્વરૂપનું જ્ઞાન અને પ્રભુસ્વરૂપનું જ્ઞાન એ બન્ને ન હોય તેવો ભક્ત પણ પુષ્ટિ અને મર્યાદાના ભેદથી દ્વિવિધ છે. બન્નેનું ચિત્ત ચંચલ ન થાય તેને માટે આપશ્રી નીચે પ્રકારે આજ્ઞા કરે છે.

ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत्पूजोत्सवादिषु ॥ १७ ॥
मर्यादास्थस्तु गंगायां श्रीभागवततत्परः ।
अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥ १८ ॥
उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।
ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥ १९ ॥

શબ્દાર્થ—જ્ઞાનના અભાવમાં પુષ્ટિમાર્ગીયે પૂજા-ઉસત્વ-આદિમાં સ્થિતિ કરવી, મર્યાદામાર્ગીયે તો શ્રીભાગવતમાં તત્પર થઇ, શ્રીભાગવતમાં પઠન-વાચન શ્રવણાદિ કરતા શ્રીગંગાજીના તટ ઉપર સ્થિતિ કરવી. પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ જ નિયામક છે, એમ સ્થિતિ છે. (મર્યાદામાર્ગીયને જેમ ગંગાજીના તટ ઉપર સ્થિતિ કરવી જ જોઇએ તેમ પુષ્ટિમાર્ગીયને નથી. તેને જ્યાં ભગવદનુગ્રહ હોય ત્યાં જ સ્થિતિ કરવી એમ તાત્પર્ય છે.) મર્યાદામાર્ગીય જ્ઞાની તથા ભક્ત ઉભયને તો ક્રમશઃ મુક્તિ જ ફલ તરીકે પ્રાપ્ત થશે. ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગથી અધિક છે માટે આમ નિરૂપણ કર્યું છે.

જ્ઞાનના અભાવમાં પુષ્ટિમાર્ગીયે તો શ્રીનાથદ્વારાદિ સ્થલે પૂજા-ઉત્સવાદિમાં સ્થિતિ કરવી. પુષ્ટિમાર્ગમાં પૂજાપદ તેને જ્ઞાન નહિ હોવાથી તેવાની આરંભની પ્રવૃત્તિનું બોધક છે. મન તન્નિષ્ઠ હોય, ચિત્ત જ જો ત્યાં ઉત્સવાદિમાં હોય તો કૃતિ તો અર્થાત્ સિદ્ધ થઇ જાય છે એ જણાવવાને 'પૂજોત્સવાદિ કરવા' એમ નહિ કહેતાં ત્યાં સ્થિતિ કરવાનું જ માત્ર કહ્યું, પરન્તુ મર્યાદામાર્ગમાં અન્ય પ્રકાર છે તે આપશ્રી આજ્ઞા કરે છે. મર્યાદાસ્થે તો, મર્યાદામાર્ગીયે તો ગંગાજીના સમીપમાં શ્રીભાગવતતત્પર રહેવું. અર્થાત્ પુષ્ટિમાર્ગીયે પ્રભુના ઉત્સવસેવા આદિમાં જ્ઞાન ન હોય તો સ્થિતિ કરવી અને મર્યાદામાર્ગીયે તો ભગવચ્ચરણના સંસર્ગવાલા ગંગાજીના સમીપમાં રાજા પરીક્ષિત વા વિદુરની માફક શ્રીમદ્ભાગવતતત્પર થવું, ત્યાં સ્થિતિ કરીને તેવાએ શ્રીમદ્ભાગવતનું જ શ્રવણ-મનનાદિ કરવા-આ સિવાય ઉભયનો બીજો કોઈ અન્ય ધર્મ નથી. તો પણ પુષ્ટિમાર્ગીયમાં કાંઈ વિશેષ છે. જેમ મર્યાદામાર્ગીયને ગંગાજીના સમીપમાં સ્થિતિ કરવીજ જોઇએ એવો નિયમ છે, તેમ પુષ્ટિમાર્ગીયને સ્થિતિ કરવામાં દેશનો નિયમ નથી. આજ સ્થલે રહીને પૂજોત્સવાદિમાં તત્પર થવું એમ નિયમ નથી; પરન્તુ પ્રભુ અનુગ્રહ કરીને જ્યાં સ્થિતિ કરાવે ત્યાંજ તેણે તો રહેવું. પુષ્ટિમાર્ગીયને નિયામક વેદનો વિધિ નથી, પ્રભુનો અનુગ્રહ જ તેનો તો નિયામક છે. મર્યાદામાર્ગીય જ્ઞાની તથા ભક્ત પણ હોય છે. આમના ઉપર જ્યારે પ્રભુ વિશેષ કૃપા કરે છે, ત્યારે પ્રથમ તો તેઓ પુષ્ટિમાર્ગ પ્રાપ્ત કરીને, તન્માર્ગીય પુષ્ટિમાર્ગીય

ભક્તિ પ્રાપ્ત કરે છે. પરન્તુ જો મર્યાદામાં અંગીકાર કર્યો હોય તો એ બન્ને મર્યાદામાર્ગીય જ્ઞાની તથા મર્યાદામાર્ગીય ભક્ત મુક્તિ જ ફલ તરીકે પ્રાપ્ત કરે છે. આમ નિરૂપણ કરવામાં તાત્પર્ય એ છે કે ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગ કરતાં અધિક છે એ નિરૂપણ કરવું છે. અર્થાત્ મર્યાદામાર્ગીય જ્ઞાની તથા ભક્ત ઉપર પ્રભુ વિશેષ અનુગ્રહ કરે તો તેઓને પુષ્ટિમાર્ગીય ભક્તિની પ્રાપ્તિ થાય, પરન્તુ જો વિશેષ અનુગ્રહ પ્રભુ ન કરે અને મર્યાદામાં જ અંગીકાર કરે, તો એ ઉભયને મુક્તિનીજ પ્રાપ્તિ થાય. 'કદાચિત્ મુક્તિનું દાન કરે છે, પણ ભક્તિયોગ તો નહિ જ' એ વાક્યમાં પરમ ભક્તિને અદેય કહી છે. પરમભક્તિ–પુષ્ટિભક્તિ તો વિશેષ અનુગ્રહભાજનનેજ દાન કરે છે. આ રીતે ભક્તિમાર્ગનો જ્ઞાનમાર્ગ કરતા ઉત્કર્ષ સૂચવાય છે. આ કથન કરવાનું ખાસ પ્રયોજન આ છે, લોકમાં હાલ ભક્તિનું પણ જ્ઞાન ફલ છે, અને તેની મુક્તિ એજ ફલ છે એમ સર્વ કહે છે. ત્યાં જ્ઞાન તો બ્રહ્માત્મ્યૈક્યનું ભાન તે. બ્રહ્મ એટલે અક્ષરાત્મક–અને સર્વ અક્ષરાત્મક હોવાથી સર્વજ્ઞાન, અક્ષરના જ્ઞાનથી તદાત્મક સર્વનું જ્ઞાન. આટલું જ્ઞાન થાય તો પણ અક્ષરાતીત પુરુષોત્તમનો સંબન્ધ તો દૂર દૂર છે. અક્ષરાતીત પુરુષોત્તમનું જ્ઞાન અક્ષરજ્ઞાનથી કેમ જ થઈ શકે. માટે જ્યારે અર્જુને પ્રભુને અક્ષરભજન અને પુરુષોત્તમના ભજનનું તાત્પર્ય બારમાં અધ્યાયમાં પૂછ્યું ત્યારે પ્રભુએ પણ સ્વભજનમાં અધિકતા જણાવી. ગંગાજીના ત્રણ સ્વરૂપના દૃષ્ટાન્તથી ક્ષર–જગત્, અક્ષર–બ્રહ્મ અને પુરુષોત્તમની ઉત્તરોત્તર અધિકતા સ્પષ્ટ થાય છે, ગંગાદેવી કાંઈ તીર્થાત્મક નથી, પરન્તુ જલને વિષેજ તીર્થાત્મક જાણીને જ્ઞાની થાય છે, અને જ્યારે તીર્થાત્મકથી અતીત દેવતાત્મક ગંગાદેવીનું દર્શન કરે છે ત્યારે જ એનું ભક્તત્વ સિદ્ધ થાય છે. તીર્થાત્મક ગંગાજી છે એમ જ્ઞાનવાળો જ્ઞાની ગંગાજીનું ભક્તિથી દેવીરૂપે દર્શન કરનારની સમાન કાંઇ થઈ શકે? માટે જ 'મને પુરુષોત્તમ જાણીને મનેજ સર્વ ભાવથી ભજે છે એમ પ્રભુએ **'यो मामेवमसंमूढः'** એમ આરંભીને **'भजते मामनन्यभाक्'** એમ શ્રીમુખથી આજ્ઞા કરી. માટે જ્ઞાનમાર્ગીયની પણ, પુરુષોત્તમના જ્ઞાનવાલાને પણ, ભક્તિનિષ્ઠા એજ ફલ છે, તેથી આથી અધિક શું કહેવું? આ તાત્પર્ય અનેક પ્રમાણથી સિદ્ધ છે એમ વિદ્વાનોએ સમજવું. ઋગ્વેદમાં પણ આ મંત્ર કહ્યો છે. **'तमु स्तोतारः पूर्व्यं यथाविद ऋतस्य गर्भं जनुषा पिपर्तन। आस्य जानन्तो नाम चिद्विवक्तन महस्ते विष्णो सुमतिं भजामहे'** હે સ્તુતિ કરનારાઓ, ભગવાનના ઉત્કર્ષ–મહાત્મ્યનું વર્ણન કરવામાં તત્પર, પૂર્વ્ય–સર્વથી પ્રથમ–સર્વ કારણના કારણરૂપ તે લોક અને વેદ પ્રસિદ્ધ પુરુષોત્તમને આપ જેવા એ છે તેવુંજ તેનું સ્વરૂપ તમે જાણો છો તેથી તમે પણ તથાભૂત છે. ઋતનું સૂનૃતવાણીરૂપ–વેદના ગર્ભરૂપ. પ્રભુએ નિજ ઉદરમાં સ્થિત વેદનો વિશ્વકલ્યાણને માટે બ્રહ્માજીને ઉપદેશ કર્યો. જન્મથી સ્વજન્મથી સંપૂર્ણતાથી, માત્ર ક્ષણયામ માત્રથી નહિ, તેને પૂર્તિયુક્ત સંતુષ્ટ કરો. આ મંત્રમાં યથાર્થરીતે જ્ઞાનવાળાપણું તેમનું કહીને પૂર્ણ જ્ઞાનીઓએ તો પોતાના દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, જીવ–સર્વને તદર્થેજ–પ્રભુના ભજનમાંજ–એ સર્વનો વિનિયોગ કરવો જોઇએ એમ કહીને ભક્તિમાર્ગમાં વિનિયોગ ઉપદેશે છે. આથી સ્પષ્ટરીતે ભક્તિમાર્ગની જ્ઞાનમાર્ગ કરતાં અધિકતા સમજાય છે. ભક્તિ વિના કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ થતો નથી એ આશયથી અગાડી કહે છે કે દેહાદિ સર્વનો વિનિયોગ કરવામાં અશક્ત હો તો પણ અખંડ શબ્દબ્રહ્મરૂપ, લૌકિક શબ્દરૂપ નહિ, એવા નામસ્વરૂપને જાણીને તેનેજ વિશેષ વદો. અધિક માહાત્મ્યનું જ્ઞાન ન હોય તો માત્ર તે પ્રભુના નામમાત્રનું કીર્તન કરો. આથીજ ભગવાનનું સ્વરૂપ, એનું માહાત્મ્ય આદિનું જ્ઞાન થશે એ આશયથી નામનું સ્વરૂપ બોધે છે. આ નામ ચિદ્ છે. ચિદ્ એ તો ઉપલક્ષણ છે. આ નામ પણ સચ્ચિદાનંદાત્મક છે. નામસ્વરૂપનું જ્ઞાન ન હોય તો નામ સ્વરૂપાદિનો ઉપદેશ કરનાર ગુરુને શરણે જવું એ આશયથી કહે છે કે આપના સંબન્ધી સુમતિ અર્થાત્ આપને નિર્દોષ

પૂર્ણગુણ તરીકે જાણનાર ભગવદ્ભક્તને અમે ભજીએ છીએ. અને એવો ભગવાન્‌નો ભક્ત પોતાના તેજથી પરના—અન્યના અજ્ઞાનનો નિરાસ કરે છે તે કહેવાને એવા ભક્તને તેજોરૂપ કહ્યો છે. અથવા સદા સ્વહૃદયમાં શ્રીકૃષ્ણના પ્રાકટ્યથી ઉત્સવાત્મક ભક્તને શરણે જવાનો વેદ ઉપદેશ કરે છે. આથી જ્ઞાનીઓનો ભક્તિમાર્ગમાં પ્રવેશ ઉપદિષ્ટ થાય છે. આ પ્રકારેજ 'तद्विष्णोः' 'तद्विप्रासः' ઇત્યાદિ શ્રુતિસહસ્ર નિરૂપણ કરે છે. આથી 'જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ અધિક છે' એ જે આચાર્યશ્રીએ ઉપદેશ્યું તે સૂપપન્ન છે.

હવે જે લોકો તનુજા અને વિત્તજા સેવા જેમ તેમ કરે છે તો પણ જો સ્પષ્ટ રીતે ભક્તિ ન થાય, ત્યારે તેવી સેવાનું શું ફલ એમ આકાંક્ષા થાય તો તે કહેવાને ગંગાજીના દૃષ્ટાન્તનું બીજું પણ તાત્પર્ય આજ્ઞા કરે છે.

भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।
अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाच्च नश्यति ॥ २० ॥

શબ્દાર્થ—ભક્તિના અભાવમાં તો, ગંગાજીના તીર ઉપર સ્થિતિ કરનાર જેમ પોતાના દુષ્ટ કર્મોથી અન્યથા ભાવ પ્રાપ્ત કરીને તે સ્થાનમાંથી નાશ પામે છે. એવાની ગંગાજીવિષે તીર્થબુદ્ધિ પણ નાશ પામે છે; તેવીજ રીતે ભક્તિ ન હોય તો આવી સેવાકરનાર ભગવત્સાંનિધ્યવાલા દેશમાં પણ નાશ પામે છે.

ભક્તિ ન હોય ને ભગવત્સંનિધિવાલા દેશમાં શ્રીમદ્‌ગોકુલ શ્રીગિરિરાજ—શ્રીનાથદ્વારાદિ દેશમાં સ્થિતિ કરેતો તેવાનું સર્વ વ્યર્થ છે. આથી ભક્તિની આવશ્યકતા જણાવી. ભક્તિ વિના સર્વ ધુળધાણી છે. ૨૦.

આ પ્રકારે પ્રયોજનસહિત પોતે જે કહ્યું તેનો ઉપસંહાર કરે છે.

एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ।
एतद्बुध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥ २१ ॥

શબ્દાર્થ—આમ સ્વશાસ્ત્રનું સર્વસ્વ ગુપ્ત મેં નિરૂપણ કર્યું છે. પુરુષે આ જાણીને સર્વ સંશયમાંથી વિમુક્ત થવું.

ઉક્ત પ્રકારથી સ્વશાસ્ત્રરૂપ અથવા સ્વશાસ્ત્રના સિદ્ધાન્તરૂપ સર્વસ્વ જે ગુપ્ત છે, સ્વલ્પ કહીને જેમાં બહુ નિરૂપણ કરેલું છે, એવું ગંભીર તાત્પર્યવાલું છે; અને બહિર્મુખોને જે જણાવવા લાયક નથી, તેવું નિરૂપણ કર્યું છે. આ નિરૂપણનું પ્રયોજન એ છે કે આના જ્ઞાનથી સ્વમાર્ગના સંબન્ધી સર્વ સંશયોની નિવૃત્તિ થશે. આનું જ્ઞાન નહિ હોય તો 'સંશયાત્મા વિનાશ પામે છે' એ ન્યાયે બુદ્ધિ અન્યથા થઈ જાય. માટે આ ગ્રન્થનું તાત્પર્ય અવશ્ય જાણવું.

આમ શ્રીપિતૃપાદાબ્જપરાગરસસિક્તહૃત્,
શ્રીવિઠ્ઠલ તત્સિદ્ધાન્તવાઙ્‌માલા હૃદયે ધરે.

શ્રીમત્પ્રભુચરણ નિજપિતૃચરણ શ્રીમન્મહાપ્રભુચરણને જ પોતાનું દૈવત સમજે છે. અને તેથી ગ્રન્થના આરંભ તથા અન્તમાં શ્રીમદાચાર્યચરણકમલનુંજ સંસ્મરણ કરે છે. નિજ પિતાજીના ચરણકમલના પરાગના રસથી પોતાનું હૃદય ભિંજાયલું છે એમ કહીને શ્રીમન્મહાપ્રભુજી વિષે આપશ્રીએ પોતાની ઉત્કટ ભક્તિ સૂચવી છે, શ્રીમદાચાર્યજીના સિદ્ધાન્તની વાણીરૂપ મોતીની માલા આપશ્રીએ હૃદયમાંજ ધારણ કરી છે એમ કહીને આપશ્રીએ આ ટીકા અનધિકારીઓને માટે પ્રકટ નથી કરી એમ સૂચવ્યું છે.

અહિ આ સિદ્ધ થયું. જેને ભગવાન્ કૃષ્ણ વિષે પરબ્રહ્મ તરીકે જ્ઞાન તેમના અનુગ્રહથી દૃઢ થયું છે અને તેવો વિશ્વાસ અને ભક્તિ સ્વતઃસિદ્ધ છે, તેને આ શાસ્ત્રમાં તનુજાવિત્તજા સેવાજ પ્રથમ સાધન છે. આ સેવા જો નિબન્ધમાં દર્શાવેલા પ્રકારની થાય છે તો લૌકિક વિષયોવિષે વૈરાગ્યવગેરેથી સંસારનું દુઃખ નિવૃત્ત કરતી અક્ષર બ્રહ્મ એ ભગવાન્નું અધિષ્ઠાન છે, ધામ છે, એમ બોધ કરતી, '**चेतस्तत्प्रवणं सेवा**' એમાં કહેલી સર્વાત્મભાવરૂપ માનસી સાધે છે. માનસી સેવા સિદ્ધ થાય ત્યારે બહાર ભગવાન્નું પ્રાકટ્ય થતાં ભગવાન્માં એકતાનતાથી કામચાર થાય છે. સર્વ મનોરથની પૂર્તિ ભગવાન્થી જ થઇ જાય છે. આ પ્રમાણે મુખ્ય અધિકારીની ફલપર્યન્તની કક્ષાઓ છે. પરન્તુ જેનો તેવો અધિકાર નથી, તેણે તો ભગવાન્માં પરબ્રહ્મ તરીકેના જ્ઞાનને અર્થે સાધનસેવા કરતા બ્રહ્મવાદદ્વારા ભગવાન્માં બુદ્ધિ સ્થાપવા માટે પૂર્વોક્ત રીતિથી તે જ કરવી. આ પ્રથમથી કાંઈક ન્યૂન સાધનકક્ષા છે. આનું જ કથન નિબન્ધમાં આચાર્યશ્રીએ 'જ્ઞાની જો કૃષ્ણને ભજે તેથી અધિક પર નથી' એ અવતરણયુક્ત કારિકામાં ઉપદેશ્યું છે. આ પ્રકારની સેવામાં પોતે સેવક છે–દાસ છે-એવું જ્ઞાન ઉપયોગી છે. આમાં પણ જો અધિકાર ન હોય તો એવા મર્યાદાપુષ્ટને શુદ્ધ જીવના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે. એ જ્ઞાન થતાં પોતાનો આત્મા અક્ષરબ્રહ્માત્મક છે એમ ભાન થતાં પોતાનેવિષે જ ભક્તિથી કૃષ્ણનું દર્શન કરે છે. અને તેમ કરવાથી અગાડી પુરુષોત્તમમાં સાયુજ્ય થાય. આ મધ્યમ સાધનકક્ષા છે. તેથી સેવા કરતા આવા અધિકારીએ જીવ અને ભગવત્સ્વરૂપના જ્ઞાનને અર્થે પ્રથમ પ્રયત્ન કરવો. જેનો અહિ પણ અધિકાર નથી, તે તો સ્વશરીર, પુત્ર, વિત્ત વગેરેમાં અભિમાનવાલો સંસારી છે. આ તો સેવા કરતા ભગવદુપયોગી પદાર્થની અપ્રાપ્તિથી દુઃખી થાય છે. તેથી સારીરીતે સેવાનો નિર્વાહ થતો નથી, આવાની સેવા નભતી નથી. તેથી સંસારાસક્તિની નિવૃત્તિ માટે તેવાએ સ્વપ્રતિષ્ઠ, લીલાવિશિષ્ટ ભગવાન્નું ચિન્તન વિશેષે કરી કરવું. આ તૃતીય અધમ જઘન્ય કક્ષા છે. જે સંસારીની વલી લૌકાર્થિતાની નિવૃત્તિ થતી નથી, તે જો યથોક્ત શરીર અને દ્રવ્યથી સેવા કરે છે, તો તેની પરીક્ષાર્થે અથવા પ્રારબ્ધના ભોગને લઇને પ્રભુકૃત વિલંબથી સંસારના વિષય લોકથી જ ક્લેશ થાય છે; તોપણ જો સેવા ત્યજે નહિ, તો આસક્તિના વિષય લોકનો નાશ થાય છે. આવો અધિકારી જો પુષ્ટિમાર્ગીય હોય તો તેણે ગમે ત્યાં ભગવદ્ધામમાં–દેશવિશેષમાં સ્થિતિ કરીને પૂજા ઉત્સવાદિક કરવા, (શ્રીભાગવતના પાઠ શ્રવણમાં તત્પર થઇને); જો એ મર્યાદામાર્ગીય હોય તો તેણે ગંગાજીના તટ ઉપર સ્થિતિ કરીને શ્રીભાગવતનું શ્રવણ, પઠન, આવૃત્તિ પોતાના અધિકારાનુસાર કરવા. આ ચોથી કક્ષા છે. આ ઉભયને પણ તેમના અધિકાર પ્રમાણે સ્વલ્પ વા મહાન્ ક્રમથી તેમનું ચિત્ત તત્પ્રવણ થાય તો યથાધિકાર સિદ્ધિ થાય છે. તેને વૈકુંઠાદિ લોકમાં સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ ફલ તરીકે થાય છે, સાયુજ્ય નહિ. જેને તનુ વગેરેથી સેવા કરવા છતાં ભક્તિ પણ ન થાય, તે તો પંચમ આરૂઢપતિત થઈ, જન્મ પ્રાપ્ત કરતો સંસારનો અભિનિવેશ શિથિલ થતાં બહુ જન્મે મુક્ત થાય છે. સંસારમાં અત્યન્ત આસક્તિ હોય તો મુક્તિ પણ ન થાય. માટે સંસારાવેશ ત્યજનારાએ ભક્તિને અર્થે તનુજા વિત્તજા સેવામાં પ્રથમ યત્ન કરવો. ત્યાં આ પ્રકાર છે. શરીરાદિથી સેવા કરનારને અધિકારભૂત આત્મનિવેદન આવશ્યક છે. આત્મનિવેદન કરીને સેવા કરતા પૂર્વ દોષની નિવૃત્તિ અને અગ્રિમ પછીના દોષોનો અસંસર્ગ થાય છે. સિદ્ધાન્તરહસ્યમાં કહેલી રીતિથી અસમર્પિતના ત્યાગાદિરૂપ બહિરંગ સાધન, સંપત્તિ હોય તો, અવશ્ય કરવાં. આપત્તિમાં તો નવરત્નમાં કહેલી રીતિએ કરવું. ભગવાન્નો અપરાધ થાય તો અન્તઃકરણપ્રબોધમાં કહેલી રીતિથી ભાવના કરવી. વિવેકધૈર્યાશ્રયમાં કહેલી રીતિથી વિવેકાદિ પણ સંપાદન કરવા. ત્યાર પછી વિશ્વાસ દૃઢ થતાં ભક્તિવર્ધિનીમાં કહેલી રીતિથી ભક્તિબીજનું દાર્ઢ્ય સંપાદન કરવું. ભક્તિબીજ દૃઢ ન થયું હોય

તો નિબંધમાં કહેલી રીતિથી પરિચર્યાદિથી પૂજા કરવી. અને નામાવલીના પાઠથી પ્રેમ આસક્તિ અને વ્યસન સંપાદન કરવા—ત્યારે વ્યસન દૃઢ સિદ્ધ થતાં, પ્રેમ દૃઢ થતાં, સંન્યાસનિર્ણયમાં કહેલી રીતિથી ત્યાગ કરવો. ત્યારે ભગવત્પ્રસાદ પ્રાપ્ત થતાં નિરોધલક્ષણમાં કહેલી રીતિથી નિરોધના ઉત્કર્ષની સિદ્ધિ થાય. ત્યારે જ ફલસિદ્ધિ થાય એમ આચાર્યચરણના દાસોએ વિશેષ ભાવના કરવી. અન્ય પણ ગ્રન્થો અત્રજ શેષ તરીકે યથાસંભવ યોજવા. આ દિશા.

આમ શ્રીપ્રભુપાદાબ્જપ્રસાદ પ્રેરણાવડે.
સ્વીય સિદ્ધાન્તવાઙ્‌માલા કૃપાથી દીપતી થઈ. ૧

श्रीकृष्णार्पणमस्तु ।

सिद्धान्तनवनीत.

સિદ્ધાન્તમુક્તાવલીમાં વિશ્વકલ્યાણાર્થે જે સિદ્ધાન્ત આચાર્યશ્રીએ ઉપદેશ્યો તે સર્વથા સર્વદા ગોપનીય છે. એ સિદ્ધાન્તનું રક્ષણ તદનુસાર વર્તનથી જ થઈ શકે. આ ગ્રન્થ આપશ્રીએ નિજ સેવકોને માટે લખેલો છે. અને નિજ સેવકોને આચાર્યશ્રીનો શબ્દ જ પરમ આપ્ત હોવાથી, આપશ્રી અત્ર પ્રમાણાદિની ચર્ચા કરતા નથી. આપશ્રીના સેવકો તો આપશ્રીના શબ્દને જ પ્રમાણરૂપ માને છે, અને તેથી તેમને આચાર્યશ્રીના શબ્દ વિના પ્રમાણાન્તરની અપેક્ષા નથી. આચાર્યશ્રીએ ષોડશ ગ્રન્થ નિજ સેવકોને માટે જ લખ્યા છે, તેથી આ કોઈ ગ્રન્થમાં આપશ્રી કયા પ્રમાણને આધારે ઉપદેશ કરે છે તે દર્શાવતા નથી. અર્થાત્ આ ગ્રન્થમાં પણ પ્રમાણની ચર્ચા આપશ્રીએ કરી નથી. તેમ ફલની ચર્ચા અત્ર નથી. ફલવિષયક નિર્ણય તો આપશ્રી સેવાફલમાં કરે છે. અત્ર તો આપશ્રી મુખ્યતઃ સાધન અને તદુપયોગી પ્રમેયનું સૂક્ષ્મમાં નિરૂપણ કરે છે. કલિકાલના મંદ સુમંદમતિ જીવો વેદોક્ત સાધન યથાસ્થિત આચરીને સ્વકલ્યાણ સિદ્ધ કરે એ આપશ્રીને અશક્ય લાગ્યું. આ પરિસ્થિતિમાં દૈવીસંપદ્‌વાલા જીવો પ્રભુમાર્ગે કેવી રીતે જઈ શકે તદર્થે આપશ્રીએ વિચાર કર્યો; અને ભગવદાજ્ઞાનુસાર ભગવત્પ્રેરણાથી જે તાત્પર્ય આપશ્રીને સ્ફુર્યું તે આપશ્રીએ આ ગ્રન્થમાં સંગ્રથ્યું છે. નિજજનોના અધિકારાનુસાર ભિન્ન ભિન્ન સાધન આપશ્રી બોધે છે.

પ્રથમ તો આપશ્રીએ જોયું કે જીવને ભગવન્માર્ગમાં પ્રવૃત્તિ કરવામાં પ્રતિબંધક મહાન્માં મહાન્ બે પદાર્થ છે. એક અહન્તા અને બીજી મમતા. સંસારમાં સર્વ અનર્થનું મૂલ આ સાંસારિક અહન્તામમતા છે. જીવની અહન્તા એ દેહસ્થિત છે, અને મમતા એ વિત્તાદિમાં સ્થિત છે. જો કોઇ પણ પ્રકારે જીવ નિજ દેહ અને વિત્તાદિનો વિનિયોગ સ્વાર્થે નહિ કરતાં, ભગવદર્થે કરતાં શિખે, તો ભગવદનુગ્રહથી તે પ્રકારના આચરણનું સાતત્ય થતાં, આ જીવની અહન્તામમતા ભગવદીય થઇ જાય છે. હું ભગવાન્‌નો છું, આ વિત્ત, ગૃહ, સ્ત્રી, પુત્રાદિ મારા નથી, મદર્થે નથી, પરન્તુ જે વિશ્વનિયન્તાએ કૃપાથી મને એ દાન કર્યા છે, તેના છે, અને તદર્થે જ એ સર્વનો વિનિયોગ થાય, ત્યારે જ તે દાનની સાર્થકતા થાય, એમ સ્વદાસ્યધર્મ સ્ફુરે છે. પ્રભુનું દાસ્ય જ પરમ હિતકારી છે એમ સહજ સ્ફુરે છે. નિજ દેહ અને દ્રવ્યાદિનો જેટલે અંશે વિનિયોગ પ્રભુમાં ન થાય, અને સ્વાર્થે થાય, તેટલે અંશે પોતાના દાસ્યધર્મમાં ન્યૂનતા રહે છે એ પણ સ્ફુરે; એ ન્યૂનતા સ્ફુરતાં હૃદયમાં ભગવદર્થે તન્મિલનાર્થે કલેશ અને તજ્જન્ય

દીનતા પણ સિદ્ધ થાય. આ પ્રકારે ભગવદેકતાનતાદ્વારા સિદ્ધ થયલી દીનતા પ્રભુપ્રસન્નતા સંપાદન કરવામાં કારણભૂત થઇ પડે છે. પ્રભુ પ્રસન્ન થયા તો પછી જીવનું અન્યત્ કર્તવ્ય અવશિષ્ટ રહેતું જ નથી. આ પ્રકારની કાંઈક વિચારશ્રેણિથી આચાર્યશ્રીએ યજ્ઞાદિ વેદોક્ત, વા યોગાદિ તંત્રોક્ત સાધન ભગવત્પ્રાપ્તિને માટે નિજજનોને બોધ્યા નહિ, પરન્તુ તનુજા અને વિત્તજા સેવા જ ઉપદેશી. અહં અને મમનો પ્રભુમાં વિનિયોગ થાય એટલે મન પણ પ્રભુમાં પરોવાઈ જાય. જ્યાં ચિત્ત પ્રભુમાં પરોવાયું, પછી સંસાર–પ્રતિબંધક–અજ્ઞાન–ટકી જ કેમ શકે. આ રીતે જે કાર્ય–પ્રભુમાં જ એકતાનતા–અનન્ત પ્રકારના વેદોક્તાદિ સાધનથી પ્રાપ્ત થવી દુર્લભ જ છે, તે જો નિજજનો આપશ્રીનો ઉપદેશ અનુસરીને તદનુસાર આચરણ કરે, તો વિના પ્રયત્ને સિદ્ધ થઈ જાય છે. આનું જ નામ પુષ્ટિમાર્ગ. જે કાર્ય આમરણાન્ત કષ્ટસાધ્ય સાધનથી સિદ્ધ થતું નથી, તે ભગવદનુગ્રહથી અનાયાસે જ સિદ્ધ થઈ જાય, એ જ આચાર્યશ્રીના ઉપદેશની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરે છે. આ પ્રકારની તનુજા વિત્તજા સેવાદ્વારા માનસી સેવાની સિદ્ધિમાં જે પ્રતિબંધક છે તે શ્રીમત્પ્રભુચરણ સ્વકૃત વિવૃતિમાં બોધે છે. આ સેવામાં અર્થ–સ્વાર્થ–લૌકિક અર્થનો સંબન્ધ થવો ન જ જોઇએ. અર્થ–દ્રવ્ય–લઇને સેવા કરનાર અને અર્થ–દ્રવ્ય–આપીને સેવા કરાવનાર–ઉભય સેવા કરતા નથી. આ ઉભય પ્રકારની સેવા માનસી સેવા સિદ્ધ કરતી નથી, તેમ અહન્તામમતાત્મક સંસારની નિવૃત્તિ કે બ્રહ્માવબોધ કરતી નથી. આ પ્રકારની સેવા તો લૌકિક અર્થને માટે થતી હોવાથી ક્લેશજનક થાય છે. પરન્તુ આમ ક્લેશ થવાં છતાં પણ જો સેવા કર્યા કરાય, તો કવચિત્ પ્રભુના અનુગ્રહથી લૌકિક અર્થની કામના નિવૃત્ત થવાથી, લોકનો લૌકિકતાનો નાશ થાય છે. અને તેમ થતાં આ જન્મમાં કે જન્માન્તરમાં ભગવદનુગ્રહથી આવા અધિકારીને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સંપ્રદાયમાં આધુનિક સમયમાં સકલ જીવન પ્રભુનિધિની સેવા કરવા છતાં સંસારમાં જ મગ્ન મંદિરના પરિચારકો જે જોવામાં આવે છે, તેનું મુખ્ય કારણ આ લૌકિક અર્થ–દ્રવ્યનો સંબન્ધ જ છે. આવો લૌકિક સંબન્ધ ન થાય, તેને માટે શ્રીમત્પ્રભુચરણ સ્વયં નિજજનોના નિર્વાહક થયા, અને આચાર્યશ્રીના ઉપદેશનો સાક્ષાત્ દૃષ્ટાન્તદ્વારા પરિચય અખિલ વિશ્વને કરાવ્યો. શ્રીમત્પ્રભુચરણની પદ્ધતિથી જેટલે અંશે સાંપ્રદાયિકો વિમુખ થયા, તેટલેજ અંશે આચાર્યશ્રીના વરેણ્ય ઉપદેશનું સંપૂર્ણ ફલ પ્રાપ્ત થવાને અનધિકારી બન્યા. પરન્તુ આ રીતે આચાર્યશ્રીના સુન્દર ઉપદેશને કોઇપણ પ્રકારે બાધ આવતો નથી. વાણિજ્ય–વ્યાપાર–ભગવત્સંબન્ધમાં પ્રતિબંધક થાય એ સર્વથા નિર્વિવાદ જ છે. આ પ્રકારે પુષ્ટિમાર્ગમાં પ્રવૃત્ત થયલાઓનું કર્તવ્ય સાધન આપશ્રીએ ઉપદેશ્યું છે, એટલુંજ નહિ પરન્તુ જેઓની પુષ્ટિમાર્ગમાં પ્રથમ પ્રવૃત્તિ થાય છે તેમણે શું કરવું તે પણ આપશ્રી અત્ર ઉપદેશે છે. જે પુષ્ટિમાર્ગસ્થ હોય તેવાએ તો ગમે તે ભગવદ્ધામમાં ગમે તે દેશમાં અને કાલમાં જ્યાં પ્રભુની પૂજા–સેવા–ઉત્સવાદિ–થતાં હોય ત્યાં સ્થિતિ કરવી. પુષ્ટિમાર્ગસ્થ આ હોવાથી ભગવદનુગ્રહ જ એનું કાર્ય સિદ્ધ કરે છે. દેશકાલાદિ નહિ; પુષ્ટિમાર્ગીયનો પ્રધાન વિશ્વાસ પ્રભુ ઉપર જ રહે છે. પરન્તુ જે મર્યાદાસ્થ હોય તેને દેશકાલાદિની અપેક્ષા પડે છે. તેવાએ તો ગંગાજી જેવા પવિત્ર ભગવત્સંબન્ધયુક્ત સ્થલે સ્થિતિ કરીને શ્રીમદ્ભાગવત વિષે તત્પરતા રાખવી. આમ કરવાથી આવા પ્રાથમિક અધિકારી પણ ક્રમશઃ ઉત્તમ ભગવદીય થતા, માનસીસેવાની સિદ્ધિરૂપ દાન પ્રભુ તેમને કરશે. પરન્તુ આ પણ જો ભક્તિ હોય તો. ભક્તિવિનાનું સર્વ ધુલધાણી છે. કોઈ પણ પ્રકારે પ્રભુ વિષે પ્રેમ જીવનો સિદ્ધ થાઓ એજ આચાર્યશ્રીનું હૃદય છે. સર્વ સાધનનો વિનિયોગ પણ પ્રભુ વિષે પ્રેમ સિદ્ધ કરવામાં છે. પ્રેમ સિદ્ધ થાય તો પછી આસક્તિ અને વ્યસનનું દાન પ્રભુ કરે. અને તે થાય એટલે જીવન સફલ થયું ગણાય. આજ તાત્પર્ય શ્રીમત્પ્રભુચરણે નીચેના શ્લોકમાં સુંદર રીતે ગ્રથ્યું છે.

તેનો જ અત્ર ઉપન્યાસ કરીશું. **श्रीवल्लभाचार्यमते फलं तत्प्राकट्यमत्राव्यभिचारी हेतुः । प्रेमैव तस्मिन् नवधोक्तभक्तिस्तत्रोपयोगोऽखिलसाधनानाम् ॥ १ ॥** અર્થાત્ સિદ્ધાન્તમુક્તાવલીમાં ઉપદિષ્ટ સાધન કરતાં પ્રભુમાં પ્રેમાદિ સિદ્ધ થાય, અને તે સિદ્ધ થાય એટલે સેવાફલાદિમાં ઉપદિષ્ટ પરમ ફલ ભગવત્પ્રાકટ્ય થાય એજ આચાર્યશ્રીનો નિજજનોને માર્મિક ઉપદેશ છે.

સેવાફલમાં ઉપદિષ્ટ ફલ પરલોકમાં સિદ્ધ થાય છે, તદુપરાન્ત આ લોકમાં આ પ્રકારની સેવાસિદ્ધિ પ્રાપ્ત થયલાને સાંસારિક દુઃખની નિવૃત્તિ અને સર્વત્ર બ્રહ્માવબોધ થવાથી અખિલ વિશ્વમાં બ્રહ્મભાવ ભગવદ્ભાવ પણ સ્ફુરે છે. આ બે અવાન્તર–ગૌણ–ફલરૂપ છે. આચાર્યશ્રી તો સર્વ લક્ષણસંપન્ન છે. કવચિત્ પરમ યાજ્ઞિક હોવાથી શુદ્ધ વૈદિક અગ્નિહોત્રાદિ કરે છે; કવચિત્ પુષ્ટિમાર્ગીયવત્ શ્રીજગન્નાથાદિ ભગવદ્ધામોમાં પૂજાપ્રવાહ ઉત્સવાદિમાં સ્થિતિ કરે છે, કવચિત્ તનુજા વિત્તજા સેવા પ્રભુની કરે છે, કવચિત્ મર્યાદાસ્થ થઇને ભગવચ્ચરણસંબન્ધિની શ્રીગંગાજીના તટ ઉપર વિરાજીને શ્રીમદ્ભાગવતતત્પર થાય છે, કવચિત્ ગૃહમાં સ્થિતિ કરીને, અવ્યાવૃત્ત થઇને, પૂજાશ્રવણાદિથી કૃષ્ણને ભજે છે, અથવા કવચિત્ મર્યાદાપુષ્ટિના ઉભય ધર્મ એક જ સમયે પોતાનામાં પ્રકટ દર્શાવવાને મર્યાદામાર્ગીય વૈદિક ત્રિદંડ સંન્યાસ ધારણ કરી, શ્રીગોપીજનવત્ પુષ્ટિમાર્ગીય ભગવદ્વિરહાનુભવાર્થ ત્યાગ પણ સાથે કરે છે, અને મર્યાદામાર્ગીય વૈદિક રીતિથી ગંગાજીમાં પ્રવેશ કરીને સૂર્યદ્વારથી વિરજ વ્યાપિવૈકુંઠાદિ ભગવદ્ધામમાં પધારે છે, અને તેની જ સાથે આનન્દમય શ્રીકૃષ્ણ આત્માનંદ–શ્રીગોપીજનના ભાવસમુદ્રના તરંગમાં વિહરતા શ્રીકૃષ્ણમાં સ્થિતિ કરતાં, તેનું જ ચિન્તન કરતાં, નિત્ય નૂતન લીલામાં પ્રવેશ કરે છે. આવી રીતિથી આચાર્યશ્રીએ નિજજનોના કલ્યાણાર્થ અનન્ત સાધન સિદ્ધ કર્યા છે, છતાં એ સર્વમાં પરમ ત્યાગ કરવાનો નિજજનને ઉપદેશ સ્પષ્ટ કરતા નથી. સંન્યાસનિર્ણયમાં વિરહાનુભવાર્થ ત્યાગ ભગવદાજ્ઞા હોય તો ગ્રહણ કરવો એમ આપશ્રી બોધે છે, છતાં આ સિદ્ધાન્તમુક્તાવલીમાં તો ત્યાગનું સૂચન પણ કરતા નથી. તેમાં આ કારણ હોય એમ દિશે છે. ત્યાગ બે પ્રકારનો હોઈ શકે. એક વૈધ વેદોક્ત–મર્યાદામાર્ગીય, અને બીજો અવૈધ પુષ્ટિમાર્ગીય. પૂર્વ કહેલામાં પતનનો બહુ જ ભય રહે છે. ઘણા સંન્યાસીઓને આપણે પાખંડી શું નથી જોતાં? દ્વિતીય તો ભગવદાજ્ઞાથી જ સિદ્ધ થતો હોવાથી આપશ્રીએ તદ્વિષયમાં નિજ આજ્ઞાની આવશ્યકતા ન માની હોય એમ સંભવ છે. વલી સામાન્ય રીતે ત્યાગ એ બહુ દુર્લભ અધિકારમાં સિદ્ધ થઈ શકે. એવા મહાભાગ્યવાન્ તો કોટિમાં પણ વિરલ હોઇ શકે. આજ કારણથી અત્ર ત્યાગનો ઉપદેશ નહિ કરતાં આપશ્રીએ તનુજાવિત્તજા સેવાદ્વારા સર્વવસ્તુનો ભગવદર્થ વિનિયોગ બોધ્યો છે. આચાર્યશ્રીના પછી શ્રીમત્પ્રભુચરણ અને તદ્વંશજોએ પણ તેનો આશ્રય લીધો છે, અને નિજસેવકોને પણ તે જ અનુસરવાને ઉપદેશ્યું છે. વસ્તુતઃ આવો ભગવદર્થ વિનિયોગ પણ ત્યાગ જ છે. તારતમ્ય એટલું જ કે આ ત્યાગ–ભગવદર્થ વિનિયોગ–ગુડવેષ્ટિત કટુ ઔષધ જેવું સાધારણ પણ અધિકારીને ગ્રહણયોગ્ય થઈ પડે છે. જ્યારે કેવલ ત્યાગ કટુ ઔષધવત્ ગ્રહણ કરવો પણ કઠિન થઇ જાય. આજ આશયથી આપશ્રીએ અત્ર કૃષ્ણસેવા તનુજા–વિત્તજા–સદા કરવી, અને તેમ કરવાથી–માનસી–સર્વાત્મભાવરૂપ– વ્યસનરૂપ–નિરોધરૂપ–ત્યાગરૂપ–સેવા પ્રભુના અનુગ્રહથી સિદ્ધ થશે એમ ઉપદેશ્યું છે. દાદરને છેલ્લે પગથીએ છલંગમારીને જવા કરતાં, દરેક પગલે ચઢીને ત્યાં પહોંચવામાં પડવાનો સંભવ ઓછો રહે છે એ તો સર્વમાન્ય છે; તેવી રીતે ગૃહમાં સ્થિતિ કરીને તનુજાવિત્તજા સેવા કરતાં, સર્વવસ્તુનો ભગવદ્વિનિયોગ થતાં, માનસીસેવા સિદ્ધ થાય, અને તે થતાં, ત્યાગ–નિરોધ–સર્વાત્મભાવ વ્યસન–પણ સિદ્ધ થાય. વ્યસન પ્રાપ્ત થયું એટલે કૃતાર્થતા થઇ જ એમ સમજવું. સંસાર તો ટકી શકે જ ક્યાંથી; અને ભગવાન્નું જ ભાન સર્વત્ર થતાં સર્વત્ર ભગવદ્ભાવ પણ સિદ્ધ થાય; બ્રહ્માવબોધ થાય. આ લોકમાં આ જ અવા-

ન્તર ફલનો સાક્ષાદ્ અનુભવ થાય. અને પરલોકમાં અધિકારાનુસાર સેવાફલમાં ઉપદિષ્ટ અલૌકિકસામર્થ્યાદિ પણ પ્રભુ દાન કરે. આ પ્રકારે આચાર્યશ્રીની ભક્તિમાર્ગીય પરમ ત્યાગની સ્થિતિ કરતાં, શ્રીમત્પ્રભુચરણાદિની આવી અત્યાગની કક્ષા, ગૃહમાં સ્થિતિ કરીને ભગવદ્ભજન કરનારની દશા-કાંઇક ન્યૂન ભાસે, તોપણ કેવલ જ્ઞાનીના બ્રહ્મભાવ કરતાં તેવાઓના ભગવદ્ભાવાદિમાં વિશેષ છે. આ જ તાત્પર્ય આચાર્યશ્રીએ **'ब्रह्मभावात्तु भक्तानां गृह एव विशिष्यते'** એ નિબન્ધકારિકામાં ઉપદેશ્યું છે.

આ પ્રકારે પ્રસ્તુત ગ્રન્થમાં ઉપદિષ્ટ સાધનનો નિષ્કર્ષ જાણીને, આચાર્યશ્રીએ ઉપદિષ્ટ પ્રમેયના સ્વરૂપનો વિચાર કરીએ. નિજજનનું કર્તવ્ય-સાધન- અને જ્ઞાતવ્ય-પ્રમેય-એ બેનું નિરૂપણ આચાર્યશ્રીએ અત્ર કર્યું છે. ઉપર દર્શાવેલી સાધના કરવાથી શું લક્ષ્ય છે તે આપશ્રી અત્ર જણાવે છે. ઉક્ત સાધનના આચરણમાં યાવદુપયોગી પ્રમેય જ આપશ્રી અત્ર ઉપદેશે છે. આપશ્રી પ્રથમ તો સેવા સદા કરવી એમ ઉપદેશે છે; અને તે સેવા પણ કૃષ્ણની જ. કૃષ્ણશબ્દથી આચાર્યશ્રી જે મૂલ વસ્તુ-પુરુષોત્તમ પરબ્રહ્મ-તેનું જ કથન કરે છે. સેવા પણ ઉત્તમોત્તમની, અન્યની નહિ. કૃષ્ણનું જ પરમ સેવ્યત્વ આપશ્રીને અભીષ્ટ છે, તેથી 'પરબ્રહ્મ તો કૃષ્ણ જ છે' એટલું જ નિજજનોને ઉપદેશી દે છે. નિજજનોએ તો આચાર્યશ્રીના શબ્દ ઉપર અવલંબીને કૃષ્ણનું જ પરબ્રહ્મત્વ-પુરુષોત્તમત્વ-સ્વીકારીને તેની જ સેવા કરવી. આચાર્યશ્રીના મતે કૃષ્ણ વિના અન્ય લોકાદિ વા જીવાદિની સેવા કરવા જવાની વૃત્તિ થાય તો સેવામાર્ગની ઉત્કૃષ્ટતામાં ન્યૂનતા આવે છે. આ જ આશયથી શ્રીહરિરાયચરણ પણ ઉપદેશે છે કે ભજનમાં પ્રતિબંધ સંપાદન કરીને વૃથા-લોકાનુરોધ લોકની અનુવૃત્તિ-અનુસરણ-પુષ્ટિમાર્ગીઓએ ન કરવું. કૃષ્ણનું પુરુષોત્તમત્વ આદિ શાસ્ત્ર પ્રમાણોથી આપશ્રી અત્ર સિદ્ધ કરતા નથી, કૃષ્ણનું શાસ્ત્રસિદ્ધ પુરુષોત્તમત્વ જેવું છે તેવું શ્રીપુરુષોત્તમજીએ સ્વકૃત પ્રકાશમાં દર્શાવ્યું છે. અને શાસ્ત્રદ્વારા કૃષ્ણની પુરુષોત્તમતા જાણવાની ઇચ્છાવાલાઓએ તત્પ્રકાશ અને તદનુવાદ ગુર્જરભાષામાં અત્ર મુદ્રિત છે તે જોવા. તથાપિ નિજજનોને કૃષ્ણનું પરબ્રહ્મત્વ તો આપશ્રીને બોધવું જ છે, અને તે આપશ્રી ગંગાજીના દૃષ્ટાન્તથી અત્યન્ત સરલ રીતે બોધે છે. પ્રથમ તો ગંગાજીના દૃષ્ટાન્તથી કૃષ્ણના ત્રણ સ્વરૂપનો બોધ કરે છે. જેમ ગંગાજીના પ્રવાહ તીર્થ અને દેવી એમ ત્રણ સ્વરૂપ છે, તેમ કૃષ્ણના જગત્, અક્ષર, અને પુરુષોત્તમ એમ ત્રણ સ્વરૂપ છે. જેમ પ્રવાહ આધિભૌતિક રૂપ ગંગાજીનું છે, તેમ જગત્ એ પરબ્રહ્મનું આધિભૌતિકરૂપ છે; તીર્થરૂપ એ ગંગાજીનું આધ્યાત્મિક રૂપ છે, તેમ અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમ કૃષ્ણનું આધ્યાત્મિક સ્વરૂપ છે. જેમ ગંગાદેવી ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ છે તેમ કૃષ્ણ-પુરુષોત્તમ એ આધિદૈવિક રૂપ છે. તાત્પર્ય કે જેમ પ્રવાહ, શક્તા-તીર્થ અને દેવી એ ત્રણે સ્વરૂપ એક જ ગંગાજીના હોવાથી અભિન્ન છે, તેમ પુરુષોત્તમ-અક્ષર-અને જગત્ એ ત્રણે સ્વરૂપ એક જ કૃષ્ણના હોવાથી અભિન્ન છે. આ પ્રકારે કૃષ્ણના ત્રણ સ્વરૂપ દૃષ્ટાન્તથી બોધીને જગત્-આધિભૌતિકના સંબન્ધમાં જે વિવિધ મત પ્રચલિત છે તે પણ દર્શાવ્યા છે. માયાવાદીઓ જગત્‌ને માયિક, સાંખ્યો એને સગુણ, નૈયાયિકાદિ એને કાર્ય, અને મીમાંસકાદિ એને સ્વતંત્ર માને છે. આપશ્રીને શ્રૌત મત સંમત છે, તેથી **'तदात्मानं स्वयमकुरुत, स एतावान् आस'** ઇત્યાદિ શ્રુતિબલથી જગત્ એ બ્રહ્મનો એક પ્રકાર જ છે એમ જણાવે છે. જગત્ એ આત્મસૃષ્ટિ આત્મકૃતિ છે; અને ભગવન્નિષ્ટ ભગવદીયોને જગત્‌ની પરમ નિર્દોષતા સ્ફુરે છે. ભગવન્નિષ્ઠ નિર્ગુણ છે, તેથી જગદ્ પણ તેને નિર્દોષ ભાસે છે. પરન્તુ સગુણોપાસક પ્રાવાહિક જીવો આ આધિભૌતિક સ્વરૂપને બ્રહ્મભાવની દૃષ્ટિથી જોઈ શકતા નથી. તેમને તો આ જગત્ ત્રિગુણાત્મક લાગે છે. ગંગાજીના દૃષ્ટાન્તથી આ તાત્પર્ય સ્ફુટ થતું ન હોવાથી આચાર્યશ્રી વિશેષ જગત્‌ના

સંબન્ધમાં કહે છે. આ ત્રિગુણાત્મક જગત્‌ના નિયામક સગુણ દેવતાઓ છે. રાજસ જીવોન નિયામક બ્રહ્માજી છે, તામસોના શિવજી અને સાત્વિકોના વિષ્ણુ છે. જ્યારે ભગવદીયો પ્રભુનિષ્ઠના તો નિયામક તદાત્મરૂપ શ્રીકૃષ્ણ છે. સાત્ત્વિક રાજસ તામસ જીવોનો કામચાર સગુ દેવતાઓથી છે, જ્યારે નિર્ગુણ ભગવદીયોનો કામચાર નિર્ગુણ શ્રીકૃષ્ણથી થાય છે. આચાર્યશ્રીન તાત્પર્ય કેવલ ભગવન્નિષ્ઠ હોવાથી જ યોગિશ્રીગોપેશ્વરજી ષોડશગ્રન્થમાં પ્રતિપાદિત સિદ્ધાન્તન નિર્ગુણ અને મુખ્ય કહે છે. આ પ્રકારે ભગવદીયોનું જગત્ પણ નિર્ગુણ અને નિર્દુષ્ટ છે, અ તદન્તર્ગત ભગવત્સેવાપરિકર પણ નિર્ગુણ અને નિર્દુષ્ટ છે એ બોધ કરવાને આપશ્રીએ બ્રહ્મવા દ્વારા કૃષ્ણમાં બુદ્ધિના વિધાન કરવાનો ઉપદેશ કર્યો છે.

આ પ્રકારે કૃષ્ણની ઉત્તમોત્તમતા દર્શાવી તેનું પરમ સેવ્યત્વ અને જગત્ એ બ્રહ્મરૂ છે એમ જણાવી તેનું નિર્ગુણત્વ અને નિર્દુષ્ટત્વ ઉપદેશીને જીવનું સ્વરૂપ પણ ઉપદેશે છે. જે જગત્‌નું સ્વરૂપ સેવાપરિકરની નિર્ગુણતા અને નિર્દુષ્ટતા બોધવાને ઉપદેશ્યું, તેમ જીવનું સ્વરૂ બોધીને તેનું સહજ દાસત્વ અને કૃષ્ણસેવા જ તેનું કર્તવ્ય એક જ છે એમ બોધ્યું છે. જીવો અક્ષરાત્મક છે. આ અક્ષર ભગવાન્‌નું આધ્યાત્મિક સ્વરૂપ છે. ભગવદ્ધામરૂપ પણ એ જ છે ભગવાન્‌ના ચરણરૂપ પણ એ જ છે. ગણિતાનન્દ પણ તે જ છે. ચરણમાં સ્થિતિ દાસ કરે. શેષ સંકર્ષણરૂપે પ્રભુદાસ્ય કરનાર મુખ્ય સેવક જીવ તે જ છે. આ રીતે જીવનું ચરણ શ્રિતત્વ દર્શાવીને તેનું ગર્ભદાસત્વ ઉપદેશ્યું છે. ગણિત આનન્દને ઓળંગીને અગણિત નિરવ આનન્દ પ્રાપ્ત કરવાને અક્ષરાતીત કૃષ્ણની સેવા જ એનું કર્તવ્ય છે એમ આચાર્યશ્રીનો આશ છે. અક્ષર એ ભગવાન્‌નું આધ્યાત્મિક સ્વરૂપ છે. તેથી તે જેમ નિર્દુષ્ટ છે, તેમ તજ્જાત જીવો પણ ભગવદંશ હોવાથી વસ્તુતઃ નિર્દુષ્ટ છે; અને નિર્દુષ્ટ હોવાથી પ્રભુસેવા કરવાને યોગ્ય છે જીવનું અંશત્વ, અવિદ્યાથી સંસારીપણું, ઉપાધિનાશ થતાં ભગવદનુભવ પણ ભગવત્સેવાર્થે ઉપદેશ્યો છે. આ પ્રકારે કૃષ્ણ, અક્ષર, જીવ, અને જગત્ એ સર્વનું યથાર્થ સ્વરૂપ બોધીને કૃષ્ણની તત્સેવાની, તત્સેવાપરિકરની, તત્સેવકની–ઇત્યાદિ સર્વની નિર્ગુણતા નિર્દુષ્ટતા અને આત્મનિષ્ઠતા–ભગવન્નિષ્ઠતા–આચાર્યચરણ ઉપદેશી નિજજનોને બોધ કરે છે કે સદા સર્વદા આત્મરૂ શ્રીગોપીજનના ભાવસમુદ્રના તરંગોમાં વિહરતા શ્રીકૃષ્ણ–પરમ નિર્દુષ્ટ–કમનીયને–નિરવધિ–આનન્દ રૂપને જ સેવજો. એની જ સેવા તમારું પરમ કર્તવ્ય છે. કૃષ્ણસેવા વિના અન્ય સ્ફુરવું એ ભગવદ્ભાવનું વિનાશક છે. બ્રહ્મવાદ સેવામાર્ગમાં અનુભવસાક્ષિક છે. તાત્પર્ય કે તદ્દાસદાસોએ તો સર્વ ત્યજીને શ્રીકૃષ્ણની જ સેવા કર્યા કરવી; અન્ય લૌકિક વૈદિકની ચિન્તા રાખવી નહિ અપેક્ષિત હશે તો તે પણ સ્વયંસમર્થ પ્રભુ સિદ્ધ કરશે. આવા સુન્દર આચાર્યશ્રીના ઉપદેશ અક્ષરશઃ અનુસરવાની જેને રુચિ પણ ન થાય તે તો હીનભાગ્ય જ કહેવાય. પરમ ભાગ્યવા તો શ્રીકૃષ્ણની જ સેવા સદા સર્વદા કરશે. ભગવન્નિષ્ઠ આચાર્યશ્રીના નિર્ગુણ સેવકોની આ સિવાય અન્યમતિ હોવાનો સંભવ જ નથી. **श्रीकृष्णार्पणमस्तु ।**

[illegible]

દેવતાઓ છે. રાજસ જીવોન
છે. જ્યારે ભગવદીયો પ્રભુનિ
મસ જીવોનો કામચાર સગુ
ણથી થાય છે. આચાર્યશ્રીન
થમાં પ્રતિપાદિત સિદ્ધાન્તમ
નિર્ગુણ અને નિર્દુષ્ટ છે, અ
કરવાને આપશ્રીએ બ્રહ્મવાદ

ત્વ અને જગત્ એ બ્રહ્મરૂ
સ્વરૂપ પણ ઉપદેશે છે. જે
ઉપદેશ્યું, તેમ જીવનું સ્વરૂ
જ છે એમ બોધ્યું છે. જીવ
ગવદ્ધામરૂપ પણ એ જ છે
. ચરણમાં સ્થિતિ દાસ જ
છે. આ રીતે જીવનું ચરણ
ઓળંગીને અગણિત નિરવધિ
છે એમ આચાર્યશ્રીનો આશ
નિર્દુષ્ટ છે, તેમ તજ્જાત જીવ
પ્રભુસેવા કરવાને યોગ્ય છે
ભવ પણ ભગવત્સેવાર્થે ઉપ
યથાર્થ સ્વરૂપ બોધીને કૃષ્ણની
તા નિર્દુષ્ટતા અને આત્મ
છે કે સદા સર્વદા આત્મરૂ
–કમનીયને–નિરવધિ–આનન્દ
સેવા વિના અન્ય સ્ફુરવું એ
. તાત્પર્ય કે તદ્દાસદાસોએ
ત્રૈદિકની ચિન્તા રાખવી નહિ
ન્દર આચાર્યશ્રીના ઉપદેશ
જ કહેવાય. પરમ ભાગ્યવા
શ્રીના નિર્ગુણ સેવકોની આ

मुद्रितपुस्तकानि ।

१	सेवाफलम् । द्वादशविवरणसमेतम् ।	रु. १- ०-०
२	निरोधलक्षणम् । षड्विवरणसमेतम् ।	रु. १- ०-०
३	संन्यासनिर्णयः । अष्टविवरणसमेतः ।	रु. १- ०-०
४	जलभेदः । चतुर्विवरणसमेतः । पञ्चपद्यानि । विवरणद्वयसमेतानि । सेवाफलम् । विवरणत्रयम् ।	रु. १- ०-०
५	श्रीपुरुषोत्तमनामसहस्रम् । नामचन्द्रिकायुतम् ।	रु. ०-१०-०
६	तैत्तिरीयोपनिषद्भाष्यम् । जयगोपालभट्टकृतम् ।	रु. १- ०-०
७	शृङ्गाररसमण्डनम् । श्रीविट्ठलेश्वरप्रकटितम् ।	रु. २- ८-०
८	श्रीमधुराष्टकम् । षड्विवरणसमेतम् ।	अमूल्यम् ।
९	प्रेमामृतम् । श्रीविट्ठलेश्वरकृतविवृतिसमेतम् । परिवृढाष्टकम् । श्रीगोपेश्वरकृतटीकासमेतम् ।	रु. ०- ८-०
१०	वेदान्ताधिकरणमाला । श्रीमत्पुरुषोत्तमप्रणीता ।	रु. १- ०-०
११	भक्तिवर्धिनी । चतुर्दशटीकासमेता ।	रु. २- ०-०
१२	त्रिविधनामावली । टीकासमेता ।	रु. १- ४-०
१३	श्रीमती टिप्पणी । श्रीमद्विट्ठलेश्वरप्रणीता ।	रु. २- ०-०
१४	रासपञ्चाध्यायीप्रकाशः ।	रु. १- ०-०
१५	सिद्धान्तमुक्तावली ।	रु. १- ०-०
16	Discuss how far S'aṅkaracharya truly represents the view of the author of the Brahma Sûtras. (Zala Vedanta prize Essay).	Rs. 1-0-0

प्रापणस्थानम्—

१. **चुनीलाल बुकसेलर,** बडामंदिर भूलेश्वर, मुंबई.
२. **नडीयाद पुष्टिमार्गीय पुस्तकालयः,** नडीयाद.
३. **पंडित मुख्याजी गोकुलदासजी,**
श्रीविट्ठलनाथ पाठशाला, कोटा, राजपुताना.
४. **पंडित गट्टूलालजीनी पाठशाला,** केथिड्रलस्ट्रीट भूलेश्वर, मुंबई.

Printed by Ramchandra Yesu Shedge, at the 'Nirnaya-sagar' Press,
23, Kolbhat Lane, Bombay.

Published by Mulachandra Tulsidas Telivala B. A., LL. B., Vakil, High Court,
Khakkar Buildings, C. P. Tank Road, Girgaon, Bombay.

[illegible]

[illegible] (G. B. S. B.)

નડીઆદના શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયદ્વારા
પ્રકાશિત ગ્રંથમાળા

ગ્રંથરત્ન ૮

श्रीमद्वल्लभाचार्य विरचिता

सिद्धान्तमुक्तावली.

પ્રાચીન સંસ્કૃત ટીકાઓના આધારે
શુદ્ધ ગુજરાતી ભાષામાં.

છપાવી પ્રકટ કરનાર,
શ્રીમોહનદાસ પીતાંબરદાસ શાહ.
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી,
અને
શ્રીવલ્લીયગ્રંથપ્રકાશકફંડના વ્યવસ્થાપક.
નડીઆદ.

વલ્લભાબ્દ ૪૩૩ સંવત ૧૯૬૭

અમદાવાદ—શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ન્યોછાવર સાડાપાંચ આના.

દેશાઇ પુરૂષોત્તમદાસ ગરબડદાસ
બહાદરપુર (G. B. S. R.)

श्रीकृष्णायनमः

श्रीमद्वल्लभाचार्य विरचिता

सिद्धान्तमुक्तावली.

* * *

શ્રીમદાચાર્યજીએ બાલબોધ ગ્રંથ પછી સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રંથ રચ્યો છે જેની વિવૃત્તિ શ્રીમદ્વિઠ્ઠલનાથજીએ કરી છે એ બંને ઉપર ગોસ્વામિશ્રીપુરૂષોત્તમજી મહારાજે પ્રકાશનામક ટીકા કરી છે અને વિવૃત્તિ ઉપર શ્રીકલ્યાણરાયજી મહારાજે ટિપ્પણી કરી છે અને એ શિવાય ગોસ્વામિ શ્રીગોકુળનાથજી, લાલૂભટજી વિગેરેની ટીકાઓ તથા ટિપ્પણ છે તે સર્વનો આશય લઇ મુખ્ય શ્રીગુસાંઈજી તથા પુરૂષોત્તમજીનો આશય રાખીને ટીકા લખવામાં આવે છે.

શ્રીગુસાંઇજી પ્રથમ મંગળાચરણ કરે છે. મંગળાચરણ ગ્રંથારંભ કરવામાં કરવું એ પ્રણાલિકા છે.

प्रणम्यंपितृपादाब्जपरागमनुरागतः
कृपयाविशदीकुर्मस्तद्वाङ्मुक्ताफलावलीम् ॥१॥

અર્થ—શ્રીવિઠ્ઠલેશપ્રભુ પ્રથમ પિતાના ચરણસરોજના પરાગને પ્રણામ કરે છે તેથી એમ નિશ્ચય થાય છે કે ભક્તિમાર્ગમાં દીનતા વગર બીજુ કાંઈ મુખ્ય સાધન નથી. એ પિત ચરણની કૃપાથી આ ગ્રંથનું વિવેચન કરૂંછું. એમ કહેવાથી કૃપાજ સાધન છે.

શ્રીમદાચાર્યચરણ મંગળાચરણપૂર્વક સિદ્ધ ંભ કરે છે.

ર પછી જે [illegible] જે [illegible]
।। ૧ [illegible] સિદ્ધાંત [illegible] માં [illegible]

मू—नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम्
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥१॥

सान्वयपदार्थः हरिं (પોતાનું સ્મરણ કરનારાઓના દુઃખને
ારા) હરિ–ભગવાનને **नत्वा** નમસ્કાર કરીને **स्वसिद्धान्त**
नेश्चयं પોતાના સિદ્ધાંતના વિશેષ નિશ્ચયને (હું) **प्रवक्ष्यामि**
છું **कृष्णसेवा** **શ્રીકૃષ્ણ (શ્રીપુરૂષોત્તમ)** ની સેવા **सदा** નિરંતર
र्या અવશ્ય કરવી (તે ત્રણ પ્રકારની સેવામાં જે) **मानसी**
ાનસી સેવા **सा** તે **परा** ફલરૂપ **मता** માનેલી છે.

શબ્દાર્થ—**શ્રીહરિને** નમન કરીને સ્વસિદ્ધાન્તનો નિશ્ચય સ્પષ્ટ કરીને કહું છું. શ્રીકૃષ્ણની સેવા અવશ્ય સર્વદા કરવી (અને સેવામાં) માનસીસેવા ઉત્તમ છે.

ટીકા—**શ્રીહરિને** નમન કરીને એ વાકયમાં હરિપદ શબ્દનું તેનું તાત્પર્ય એ છે કે પ્રભુ સર્વદુઃખના હરતા છે તેથી પ્રથમ આ ગ્રંથ બનાવવામાં જે વિઘ્ન આવે તેનો નાશ કરે (હરે) અને મંગલાચરણ કરવાનો મતલબ પણ તેજ છે. વિઘ્નવિઘાતને વાસ્તે કરેલું મંગલ શિષ્ય શિક્ષાર્થ ગ્રંથકાર આરંભમાં લખે છે.

નમન કરવામાં પ્રયોજન એ છે જે ભગવાન્‌ને ભજવામાં નમન વિના બીજું કાંઇપણ સાધન નથી. ભક્તિમાર્ગમાં દીનતા એજ સાધન છે આ હેતુથીજ શ્રીવલ્લભાચાર્ય પ્રાયઃ સર્વ ગ્રંથોન આરંભમાં નમસ્કારવાચક પદ ધરે છે આ વિષયપર વધારે ખુલાં

नमोभगवते तस्मै.

આ શ્લોકના નિબંધમાં તથા આવરણભંગમાં જોવો. દીનતા આ
પંપ્રદાયમાં સાધન ગણેલી છે તે તો બાલબોધના શ્લોક ૧૯ ના
ખ્યાનમાં સારી રીતે લખવામાં આવ્યું છે હવે "સ્વસિદ્ધાન્તનો
રીતે નિશ્ચય કરીને કહું છું" આનો અભિપ્રાય ે કે જે
ાન્તમુક્તાવલીમાં

ायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा"

આ શ્લોક આવશે આમાં બ્રહ્મનું વર્ણન છે અને તેનો પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાંત છે તો તે બાબતના શાસ્ત્રાર્થમાં સંદેહ ઉત્પન્ન થાય છે તે દૂર કરવા વેદોક્ત સ્વસિદ્ધાંતનો નિશ્ચય કરી શ્રીવલ્લભાચાર્ય કહે છે;

અને શાસ્ત્રાર્થ શબ્દનોઅર્થ—પૂર્વકાંડ અને ઉત્તરકાંડ એ બન્ને મળી શાસ્ત્ર, અથવા વેદાર્થનિશ્ચય કરાવનારા વેદાંતવાક્ય તે શાસ્ત્ર કહેવાય. તેનો અર્થ તે પ્રયોજન અથવા તાત્પર્ય એ બન્ને બાબતના સંદેહ દૂર કરવા સારી રીતે નિર્ણય કરે છે, અર્થાત્ વેદના પ્રયોજનમાં થતા સંદેહને દૂર કરવા અને વેદના તાત્પર્યમાં થતા સંદેહને દૂર કરવા જે પોતાનો સિદ્ધાંત છે તે કહે છે. સ્વસિદ્ધાંત કે તેજ વેદ પ્રતિપાદિત છે.

આમાં પ્રમાણ શ્રીમદ્ભાગવત સ્કંધ દ્વિતીય અને અધ્યાય ૨ લોક ૩૪

"भगवान् ब्रह्म कात्स्न्येंन त्रिरन्वीक्ष्य मनीषया ।
तदध्यवस्यत्कूटस्थो रतिरात्मन्यतो भवेत्" ॥३४॥

અર્થ—બ્રહ્માએ વેદને ત્રણ વાર સારી રીતે તપાસ્યા અને નિશ્ચય કર્યો જે જેથી ભગવાન્માં પ્રેમ થાય તેજ છે. પ્રેમ ભક્તિ વિના ઉત્પન્ન થતો નથી માટે સિદ્ધાંત છે. આ ઉપરથી એ દૃઢનિશ્ચય થયો તે વેદ પ્રતિપાદત છે અને તેમજ શ્રીભાગવત યાય ૧૪

"वदंति कृष्ण ! श्रेयांसि बहूनि ब्रह्मवादिनः ।
तेषां विकल्पप्राधान्यमुताहो एकमुख्यता ॥ १ ॥
भवतोदाहृतः स्वामिन् ! भक्तियोगोनपेक्षितः ।
निरस्य सर्वतः संगं येन त्वय्याविशेन्मनः ॥ २ ॥

અર્થ—ઉદ્ધવજી ભગવાનને પ્રશ્ન કરે છે કે—હે શ્રીકૃષ્ણ ! બ્રહ્મવાદિઓ કલ્યાણનાં સાધનો ઘણાં કહે છે; એઓનું વિકલ્પે કરી પ્રધાનપણું છે કે એકની મુખ્યતા છે ? ૧

અને વળી આપે તો ભક્તિનો ઉપદેશ કર્યો છે જેમાં બીજા સાધનની કાંઈ જરૂર રહેતી નથી, અને જે ભક્તિથી સર્વનો સંગ છોડીને મન આપમાંજ પ્રવેશ કરે છે. ૨

ભાવાર્થઃ—હે શ્રીકૃષ્ણ ! વેદને જાણનારા ઋષિજન કલ્યાણનાં સાધન અનેક કહે છે. કોઇ ધર્મ એજ સાધન છે એમ કહે છે. અને કોઈ કીર્તિ એજ સાધન છે એમ કહે છે. ઈત્યાદિ અનેકમત કહે છે. જે મત બાલબોધના પ્રારંભમાં દેખાડવામાં આવ્યા છે. અને અહીં પણ કેટલાએક પક્ષ દેખાડવામાં આવશે તો તેઓમાં મુખ્યતા કોની ? અને ગૌણતા કોની ? અથવા મરજીમાં આવે તેની મુખ્યતા સમજવી કે કેમ ?

આ ઉદ્ધવજીનો પ્રશ્ન છે. આ પ્રશ્ન ઉત્પન્ન થવાનું
એ કે આપે તો અન્ય સાધનની અપેક્ષા વિના ભક્તિયોગનો
દેશ કર્યો છે. જેથી સર્વ સંગ છોડી આપમાં ચિત્ત ચોટ્યું
અર્થાત્ સાધન પણ ભક્તિ અને ફળ પણ ભક્તિ એ અ
મત છે. તો પહેલાં કહેલા મતોની શી વ્યવસ્થા
સવિસ્તર ઉત્તર આપ્યો છે. તે એવી રીતે કે—

धर्ममेके यशश्चान्ये कामं सत्यं शमं दमम
अन्ये वदंति स्वार्थं वा ऐश्वर्यं त्यागभो
केचिद्यज्ञतपोदानं व्रतानि नियमान्यमा

અર્થ—કોઇ ધર્મ એજ સુખનું સાધન એમ સમજે છે. કોઇ કલ્યાણનું કારણ કીર્તિ કહે છે. કોઈ કામનેજ કલ્યાણ માને છે. કોઈ સત્ય, શમ, અને દમ એ નિશ્રેયસનાં હેતુ છે એમ ગણે છે. અને કેટલાએક સ્વાર્થ દ્રવ્ય એજ પરમ પુરુષાર્થ છે એમ સમજી બેઠા છે. અને કેટલાક લોકાયતિકમતાવલંબી લોકો મ-

દેશાઈ પુરૂષોત્તમદાસ ગરબડદાસ
બહાદરપુર (G. B. S. R.)

નમાનતી મોજમજામાં મસ્ત થઈ ફરવું એજ કર્ત્તવ્ય છે એમ જાણી રહેલા છે. અને કેટલાક યજ્ઞ, તપ, દાન, વ્રતાદિને પોતપોતાના કલ્યાણમાં કારણ કલ્પે છે. એ પ્રકારના અનેક મત છે. તેઓમાં પ્રમાણ વચનો છે. પરંતુ ગ્રંથ વિસ્તારના ભયથી અહીં નથી લખ્યાં. આ સઘળા મતોનુ ફળ ઘણું સાધારણ છે.

“आद्यंतवंत एवैषां लोकाः कर्म विनिर्मिताः ।
दुःखोदर्का स्तमोनिष्ठाः क्षुद्रानंदाः शुचार्पिताः ॥११॥

અર્થ—એઓના જે પ્રાપ્ય લોક તે આદિ અંત વાળા છે; અને પરિણામમાં દુઃખને ઉત્પન્ન કરનારા છે. અંતમાં મોહ દેનારા છે; તેઓમાં આનંદ પણ ઘણો થોડોજ રહે છે. ભોગ વખતે પણ શોકાદિ રહે છે; એટલે એ મતોમાં ઘણું સારૂં ફળ પણ નહી કહેવામાં આવ્યું માટે ભક્તિમાર્ગ ઉત્તમ છે, તેથી તેનું ફળ ત્યાંજ લખે છે.

मय्यर्पितात्मनः सभ्य निरपेक्षस्य सर्वतः ।
मयात्मनः सुखं यत्तत्कुतस्तद्विषयात्मनाम् ॥ १२ ॥

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે; હે સભ્ય જે ચારે તરફથી અપેક્ષા રહિત છે, અને જેઓએ મારામાંજ પોતાના જીવાત્માને અર્પણ કર્યો છે, તેવા ભક્તોને મારા સંબંધથી જે સુખ થાય છે તે વિષય વાસનામાં વળગેલાઓને ક્યાંથીજ હોય.

આ ઉપરથી નિઃસંદેહ સિદ્ધ થાય છે, કે ભક્તિ એ ઉત્તમ છે.

“सर्वं खल्विदं ब्रह्म”

અર્થ—આ સઘળું બ્રહ્મ છે. આ શ્રુતિ પણ તેજ બાબતને દૃઢ કરે છે. માટે જે સ્વસિદ્ધાંત છે તે વેદ પ્રતિપાદિત છે.

વેદ પ્રતિપાદિત સ્વસિદ્ધાંત કયો છે? તેનો ઉત્તર શ્લોકના ઉત્તરાર્દ્ધથી આપે છે. “શ્રીકૃષ્ણની સેવા સદા અવશ્ય કરવી” આ સ્વસિદ્ધાંત છે. આ વાક્યમાં શ્રીકૃષ્ણ એ ફલાત્મક નામ કહેવાથી

સેવા કરવી એજ સ્વતઃ પુરુષાર્થ છે. એટલે સેવા એ બીજા પુરુષાર્થનું સાધન નથી કિન્તુ સેવા એજ પરમ પુરુષાર્થ છે; તેથી તેજ કરવી.

ટિપ્પણમાં કહે છે જે, સેવામાં સ્વતઃ પુરૂષાર્થતા છે. કેમ કે સાક્ષાત્સુખ હેતુ છે. જેમ કામ અને મોક્ષ એ સ્વતઃ પુરૂષાર્થ છે. અને ધર્મ અને અર્થ એ સ્વતઃ પુરૂષાર્થ નથી કારણ કે કામ અને મોક્ષદ્વારા સુખ હેતુ છે. જૈમિનિ મુનિનો આ સિદ્ધાંત છે જે,

पुंप्रीतिहेतुर्हि पुरुषार्थः

પુરૂષની પ્રીતિનો હેતુ જે તેજ પુરૂષાર્થ છે. અને પ્રીતિ સદા સુખમાં હોય છે. પ્રાણિમાત્રનો આ સાધારણ સ્વભાવ છે જે સુખમાં પ્રીતિ રાખે છે. તો સુખનો જે હેતુ તે પુરૂષાર્થ છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે જે શ્રીકૃષ્ણ એ ફલરૂપ છે. તો તેનું નામ તે ફલાત્મક નામ છે. કારણ કે પરબ્રહ્મ છે, તેમાં પ્રમાણ—

“कृषि र्भूवाचकः शब्दो णश्चनिर्वृतिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥

અર્થ—કૃષ+ણ આ બે શબ્દ મળીને કૃષ્ણ એ શબ્દ બન્યો છે તો કૃષ આનો અર્થ સત્ છે અને ણ નો અર્થ આનંદ છે તો સદ્+આનંદ એ મળીને સદાનંદ એ પરબ્રહ્મ છે કૃષ્ણ એ શબ્દથી કહેવાય છે અને આવી પણ શ્રુતિ છે.

पापकर्षणो

અર્થ—પાપને ઉખેડી નાખે અને પછે ઉદ્ધાર કરે તે પણ કૃષ્ણમાં ઘટે છે. આ પણ શ્રુતિ પ્રમાણ ભૂત છે. વળી કહ્યું છે કે,

“ब्रह्मविदाप्नोति परम्”

અર્થ—જે બ્રહ્મને જાણે છે, તે પરમાનંદને પામે છે, તો તે પણશ્રીકૃષ્ણમાંજ ઘટે છે. અને છાંદોગ્યઉપનિષદ્માં ભૂમ

વિદ્યાના પ્રકરણમાં જે નિત્યસુખ, અને અનંતસુખપણું એ બ્રહ્મધર્મ છે. તે શ્રીકૃષ્ણમાં ઘટે છે. અને એજ સવિસ્તર

आनंदमयोऽभ्यासात् अ. १ पाद १ सूत्र १२

આ સૂત્રના અણુભાષ્યમાં પ્રતિપાદિત છે તેથી પરમફલ એ શ્રીકૃષ્ણ છે. અને તેની સેવા એ સ્વસિદ્ધાંત છે શ્રીભાગવતસ્કંધ ૩ અધ્યાય ૨૯ શ્લોક ૧૨

“सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णंति विना मत्सेवनं जनाः ॥ ११ ॥
स एव भक्तियोगाख्य आत्यंतिक उदाहृतः”

અર્થ—શ્રીકપિલદેવનો અને દેવહૂતિનો સંવાદ છે. કપિલમુનિ મુખ્યભક્તિનું લક્ષણ કહે છે. સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, અને સારૂપ્ય, અને સાયુજ્ય. ભગવદ્‌ભક્તને ભગવાન આપે તો પણ લેતા નથી માત્ર સેવનજ માગે છે; અને આજ મુખ્ય ભક્તિ છે.

ભાવાર્થ—ભગવાનના જે ઉત્તમ ભક્ત છે. તેઓને ઉપર લખેલા ચાર પ્રકારના મોક્ષની ઇચ્છા રહેતી નથી. કદાચિત્ ભગવાન્ પ્રસન્ન થઇને, સાલોક્ય આપે એટલે વૈકુંઠમાં વાસ આપે તો તેનો પણ સ્વીકાર કરતા નથી. અને કદાચિત સાર્ષ્ટિ આપે. એટલે પોતાના જેવું ઐશ્વર્ય આપે તો તેનો પણ આદર કરતા નથી. અને કદાચ સામીપ્ય આપે, એટલે સદા પાસે રહેવા આપે તો પણ તેથી મનમાં કૃતાર્થ ગણતા નથી. કદાચિત્ બહુ પ્રસન્ન થઇ ને, સારૂપ્ય આપે એટલે પોતાના જેવું ચતુર્ભુજાદિ રૂપ આપે તો પણ લેતા નથી. અને કદાચિત્ એકત્વ આપે એટલે એક પણું જે સાયુજ્ય પણ આપે તો તેને પણ મુખ્યફળ માની લેતા નથી. મુખ્યફળ તો ભગવત્સેવાનેજ માને છે. અને સેવા વિના બીજા કોઈ પદાર્થની ઇચ્છા રાખતા નથી. કહ્યું છે કેઃ—

“नेच्छंति सेवया पूर्णाः”

અર્થ,—ભગવત્સેવાથી પરિપૂર્ણ થયેલા ભક્તજન, બીજું કાંઈપણ ઇચ્છતા નથી; તેમજ

"मधुद्विट् सेवानुरक्त मनसामभवोपि फल्गुः"

અર્થ—ભગવાનની સેવામાંજ જેઓનું મન લાગી રહ્યું છે. તેઓને મોક્ષ પણ કાંઈ મોટો પદાર્થ નથી. તેઓના મનમાં તો સેવા એજ મોટો પદાર્થ છે. ઇત્યાદિ વચનોથી એ સિદ્ધ થાય છે, જે સેવા કરવી એજ સ્વસિદ્ધાંત છે.

આ શ્લોકમાં ભક્તિ પદ ન મૂક્યું અને શ્રીમહાચાર્યચરણે સેવા પદ મૂક્યું તેનું તાત્પર્ય શ્રીવિઠ્ઠલેશ પ્રભુ લખે છે.

સેવા એ સેવકનો ધર્મ છે. માટે સર્વ જીવોએ એ કરવી જોઈએ; કારણ કે જીવ એ ઇશ્વરના સેવક છે- કારણ કે જેટલા જીવ છે. તે સહજ દાસ છે તો સેવા સર્વને કરવી જોઈએ.

શ્રીગોકુલનાથજી ટિપ્પણીમાં લખે છે જે આસુર શિવાય દૈવજીવને સેવામાં અધિકાર છે. ગીતાજીમાં કહ્યું છે કે,

आसुरीं योनिमापन्ना मूढा जन्मानि जन्मानि ।
मामप्राप्यैव कौंतेय ततो यांत्यधमां गतिम् ॥

અર્થ—આસુરી યોનિને પ્રાપ્ત થયેલા મૂઢ જીવ દરેક જન્માં મને (ભગવાનને) નહીં પામીને અધોગતિને પામે છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે જે, આસુરને અધિકાર નથી, કારણ કે તે ભગવાન્‌ને પ્રાપ્તજ નથી. જો દાસ હોય તો સ્વામીને જરૂર પહોંચવા જોઈએ- લોકમાં પણ જે જેનો સેવક અથવા દાસ હોય તે તેને જરૂર પોહોચશે.

શ્રીપુરૂષોત્તમજી એ વાતથી કાંઇક જુદો મત જણાવે છે, સેવામાં સર્વ જીવને અધિકાર છે, અને તે સર્વ દાસ છે સાધારણ દાસભાવતો એક તરફ રહ્યો પણ ગર્ભથીજ દાસ છે. તે સપ્રમાણ લખે છે દેહવિશિષ્ટ ચેતનની જીવ એવી સંજ્ઞા છે એ.

ચેતનની જીવ એવી સંજ્ઞા નથી તેમાં
સ્કંધ ૪ અધ્યાય ૨૯ શ્લોક ૭૪

“एवं पंचविधं लिंगं त्रिवृत्त षोडश विर
एष चेतनया युक्तो जीव इत्यभिधीयते

પ્રાચીનબર્હિષ્ રાજાને નારદજી કહે છે. પાંચ
૨ સ્પર્શ, ૩ રૂપ ૪ રસ, અને ૫ ગંધ. ત્રણ
રજ અને ૩ તમ, અને સોળ વિકાર એ સઘળ
લિંગ દેહ કહેવાય છે. (સોળ વિકારનાં નામો પાંચ મ
૨ પાણી ૩ પવન ૪ તેજ અને ૫ આકાશ;
અને પાંચ જ્ઞાનેંદ્રય, જે કે ૧ શ્રોત્ર ૨ ત્વચા ૩
જીભ, અને પાંચ કર્મેન્દ્રિય. ૧ હાથ ૨ પગ ૩
ગુદા એ સઘળાં મળીને પંદર અને એક મ
કાર,) આની લિંગદેહ એવી પણ સંજ્ઞા છે; તો
દ્રિ સઘળો સમુદાય મળે ત્યારે જીવ કહેવાય
થી પેદા થયા છે. માટે ગર્ભદાસ છે. આ બાબત
ગવદ્ગીતા અધ્યાય ૧૪ શ્લોક ૪

“सर्वयोनिषु कौंतेय मुर्तयः संभवंति याः ।
तासां ब्रह्ममह्द्योनि रहं बीजप्रदः पिता ॥ ४८ ॥

અર્થ––હે અર્જુન ! દેવ, દાનવ, પિતૃ, મનુષ્ય, પશુ, પ
બાદિ સર્વ જાતિમાં જે જે મૂર્તિ દેખાય છે તેઓનું કારણ હુ
રૂં (ભગવાન્ છે) અને બીજ દેનારો સર્વપ્રાણિનો પિતા હું
(ભગવાન્ છે) આ ઉપરથી એ સિદ્ધ થયું જે બ્રહ્મે જગ-
ને રચ્યું છે. માટે પિતા છે પોષણ કરનાર પણ તેજ છે. તેની
કરવી એ ધર્મજ છે. અને ગર્ભથી દાસભાવ પણ સિદ્ધ
હવે તે પર વિચાર કરવો જોઇએ ને આસુરને અધિકાર નથી
તે વાત હવે સંભવતી નથી. કારણ કે સર્વના પિતા છે તો
તેની સેવા કરવાને સર્વનો અધિકાર છે અને પહેલા પ્રમાણનો
શ્લોક આપ્યો હતો જે

निमापन्ना मूढा जन्मनि जन्मनि ।
कौंतेय ततो यांत्यधमां गतिम् ॥

કહ્યું જે આસુર અધોગતિને પામે છે. કા
લે જે પોતાનો દાસ ધર્મ છે તે પ્રમાણે ચાલ
માં પડે છે. એથી કાંઈ એમ સિદ્ધ થતું નથી
કારજ નથી, પ્રત્યુત અધિકાર છે. એમાં પ્રમાણ
સપ્તમસ્કંધ અધ્યાય ૭ શ્લોક

“देवोऽसुरो मनुष्यो वा”

વ, અસુર અથવા મનુષ્ય એ સર્વે ભક્તિમાં અધિ-
ટે શ્રીવિઠ્ઠલેશ પ્રભુ આજ્ઞા કરે છે જે કર્મમાં કાલ
કે જે આ સમયમાં આ કર્મ કરવું અને તે
જ તે ફળ દેનારૂં થાય અને અભ્યુદયકારી થા
થી આ તો ‘સદા અવશ્ય કરવી જોઇએ’ એ
એ જે તેમ ન કરે તો પ્રત્યવાયી થાય એટલે
, આ વિષયમાં પ્રમાણ શ્રીકલ્યાણરાયજી કૃત
રાણનો શ્લોક આપે છે કે,

‘स कर्ता सर्वधर्माणां भक्तो यस्तव केशव ।
स कर्ता सर्वपापानां यो न भक्तस्तवाऽच्युत ॥

અર્થ—હે કેશવ, તમારો જે ભક્ત છે તે સર્વ ધર્મ
રનાર છે. અને જે તમારો ભક્ત નથી તે સર્વ પાપનો કરનાર છે.

ભાવાર્થ—જે ભગવાનને શરણ જાય છે તે સર્વ ધર્મ કરનાર છે અને જે શરણાદિ કરતો નથી તે સર્વ પાપનો કરના છે સારાંશ કે તે અપરાધી બને છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે કે ભગવત્સેવા ન તો તેને પાતક લાગે અને એનો પરિણામ એ કે ભક્તિમાર્ગ વિખુટો પડે માટે જીવે દાસભાવ સમજીને અથવા ભગવાનની સેવા એ એક સ્વતંત્ર પુરૂષાર્થ છે તેમ સમજીને સદા અવશ્ય કરવી જોઇએ.

હવે સેવા એ એવો પદાર્થ છે કે સ્વામીને સંતોષ કરનાર શરીરાદિની મહેનત રૂપ છે; જેમકે રાજસેવા, ગુરૂસેવા તો તે સદા કરી શકાયજ નહી કારણ કે સ્વકીય કર્મો પણ કરવાં જોઇએ તે આ સેવામાં પણ તેમ છે કે કેમ ? આ પ્રશ્નનો ઉત્તર શ્રીગુસાંઇજી વિવૃતિમાં લખે છે.

સેવા બે પ્રકારની છે ૧ ફળરૂપ સેવા ૨ અને સાધનરૂપ સેવા, તેઓમાં માનસી સેવા ફલરૂપ છે એટલે શ્રેષ્ઠ છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે કે સેવા બે પ્રકારની ેક બાહ્ય સેવા અને બીજી આભ્યંતરી સેવા, તેમાંની આભ્યંતરી વા એજ માનસીસેવા કહેવાય છે અને તે બાહ્યસેવાનું ફલ તેથી શ્રેષ્ઠ ગણાયલી છે; અને બાહેરની સેવા છે તે માનસી વાનું સાધન છે અને તેમાં અવાંતરફલ પણ થઈ જાય છે અને સદા વી જોઇએ આ વિષય ઉત્તરમીમાંસા અધ્યાય ૪ પાદ ૧ સૂત્ર ૧.

आवृत्तिरसकृदुपदेशात्

અર્થ—ઇશ્વર પ્રાપ્તિના સાધનની આવૃત્તિ કરવી જોઇએ રણ કે શ્રુતિમાં પણ વારંવાર ઉપદેશ દીધેલો દેખાય છે જેમકે દોગ્યઉપનિષદ્‌માં શ્વેતકેતુના ઉપાખ્યાનમાં

'ऐतदात्म्यंमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो"

આવી રીતે જડ જીવનું બ્રહ્માત્મપણું નવવાર ઉપદિષ્ટ છે, થી એમ જણાય છે કે ઇશ્વર પ્રાપ્તિના સાધનનો વારંવાર ઉપ- ાગ લેવો જોઇએ. જો એકવાર ઉપદેશથીજ કાર્ય સિદ્ધ થતું ય તો વારંવાર ઉપદેશનો કાંઈ પણ ઉપયોગ ન હતો પણ મ નથી પ્રથમના ઉપદેશથી અંતઃકરણના દોષ દૂર થાય છે; ને સધળાની પછીનો ઉપદેશ એ જ્ઞાન સાધક છે, એમ માનવું જોઇએ. કારણ કે એમાં સ્મૃતિ પ્રમાણ છે. એમ સૂત્રકાર ભગવાન બાદરાયણ મુનિ કહે છે.

लिंगाच्च

અર્થ—શ્રુતિનું અનુમાન સ્મૃતિથી થાય છે, માટે સ્મૃતિ એ લિંગ કહેવાય, જેથી અનુમાન થાય તે લિંગ કહેવાય જેમ ધૂમથી અગ્નિનું અનુમાન થાય છે. આ ન્યાયશાસ્ત્રનો વિષય છે તો પ્રકૃતમાં સ્મૃતિ એ શ્રુતિનું અનુમાન કરાવે છે. આ બાબત સ્મૃતિમાં છે જે પ્રથમ શ્રવણાદિથી અંતઃકરણના દોષ દૂર થાય છે અને ત્યાર પછી ભગવદ્દર્શનાદિ થાય તે સ્મૃતિ--

यथा यथात्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथा श्रवणाभिधानैः ।
तथा तथा पश्यति तत्त्व सूक्ष्मम् । चक्षुर्यथैवांजनसंप्रयुक्तम् ॥

અર્થ—ભગવાનનાં કીર્તન સાંભળવાથી તથા કરવાથી અ તઃકરણના દોષ દૂર થાય છે. અને જેમ જેમ દોષ દૂર થાય તેમ તેમ તત્વ દેખાય છે. અર્થાત ભગવદ્દર્શનાદિક થાય છે, તે દૃષ્ટાંત જેમ આંખમાં ઝાંખ આવી ગઈ હોય તો સૂક્ષ્મ પદા દેખાતો નથી અને જ્યારે કોઈ સારા અંજનનો મ્હાવરો કરે ત્યા કાંઈ કાંઈ દેખાય છે તેમ પ્રકૃતમાં પણ છે તો એક વારથી અ ખની ઝાંપ દૂર થતી નથી તેમ આખા જન્મમાં એકવાર ભ વત્સેવા કરવાથી તેમાં કહ્યું સઘળું ફળ નથી મળતું, શ્રુતિમાં ભ ભગવત્પ્રાપ્તિમાં શ્રવણ, મનન અને નિદૃધ્યાસ એ સાધન છે અ ફલ દર્શનાદિ છે.

आत्मावारे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदृध्यासितव्यः ॥

અર્થ—આત્માનું શ્રવણ કરવું તે પછી મનન કરવું અ પછે દૃઢ નિશ્ચય કરવો, તેમ થવાથી દર્શન થવું આ ફળ છે. ફલ પ્રાપ્તિમાં શ્રવણ કીર્તન સ્મરણાદિ સાધન છે, ફળ મલ્યા પ સાધનની કાંઈ જરૂર દેખાતી નથી, એ શંકા આવે છે. એને ઉત્તર જે કેવળ સાધનજ હોય તો તેમ કરવાની જરૂર છે; પણ તેમ નથી અહીં શ્રવણાદિ સાધન અને ફળ બન્ને છે. માટે સદ કરવાં જોઇએ કારણ કે,

आत्मावारे द्रष्टव्यः श्रोतव्यो मंतव्य इत्यादि

આ શ્રુતિમાં ક્રમ એવો છે કે આત્માનું દર્શન કરવું શ્રવણ મનન કરવું ઇત્યાદિ. તો પહેલે દર્શન થવાનો સંભવ નથી. દર્શનથી પહેલા શ્રવણ મનનાદિ લખવાની જરૂર છે, અને દર્શન પછી તો લખવાની કાંઈ આવશ્યક્તા નથી. પણ ત્યાર પછી શ્રવણુ મનનાદકનો ઉપદેશ શ્રુતિ કરે છે; તેથી એ સિદ્ધ થાય છે, કે શ્રવણાદિક કેવળ સાધનજ નથી કિંતુ ફળ રૂપ છે જેમ જ્ઞાનમાર્ગમાં આત્માનું પરોક્ષજ્ઞાન પણ અવાંતર ફળમાં ગણેલું . તેમ ભક્તિમાર્ગમાં પણ પરમ ફલરૂપ ભક્તિને સમાન ાહ્યસેવા પણ અવાંતર ફળરૂપ છે. માટે તે પણ સદા કરવી ઇએ; આજ હેતુથી ભગવાન સૂત્રકાર વ્યાસમુનિ એ બ્રહ્મમીંસાના ફલાધ્યાયમાં (એટલે ચોથા અધ્યાયમા) આ સઘળો ચાર કર્યો છે. (આ સૂત્રનો અર્થ અણુભાષ્યાનુસારી છે.)

આ ઉપરથી એ તો સિદ્ધ થયું જે બાહ્ય સેવા પણ સદા વશ્ય કરવી જોઇએ અને એ પણ અવાંતર ફળ રૂપ છે કેવળ ાધનજ નથી.

બ્રહ્મમીમાંસામાં ભક્તિમાર્ગ પ્રચાર કરનાર ભગવાન બાદાયણ મુનિ એ સહકાર્યંતરાધિકરણમાં વિચાર કરેલો છે. તેના અણુભાષ્યનો આ સાર લેવામાં આવ્યો છે.

બ્રહ્મ સાધનથી પ્રાપ્ત થાય છે કે નથી થતું ? કેટલીક શ્રુતિ હ્મ સાધનથી પ્રાપ્ત થતું નથી એમ નિષેધ કરે છે. અને કેટલીક તિ સાધન જણાવે છે તો તત્ત્વનિર્ણય જાણવો જોઇએ; જેમકે,

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ॥
यमेवैषवृणुते तेन लभ्यः

અર્થ—આ આત્મા વેદના અર્થાદિક કરવાથી મળતો નથી. અને બુદ્ધિના વ્યાપારથી મળતો નથી, તેમ બહુ શ્રવણ કરવાથી ળતો નથી, પણ પરમાત્મા જેનું વરણ કરે તેને મળે છે. એટલે કેવળ જીવના ઉદ્યમથી મળતો નથી. પરંતુ એમની ઇ-

ઇચ્છાથી જેનો સ્વીકાર કરી લીએ 'જે આ મારો છે' તેને મ
છે. આ શ્રુતિમાં વરણ શિવાય કાંઇ પણ સાધન નથી કહ્યું અ
વરણમાં ઇશ્વરની ઇચ્છા કારણ છે, તો બીજા સાધનનો નિષેધ છે
અને આ શ્રુતિ સાધન સૂચવે છે.

"तस्मादेवंविच्छांतोदांतः उपरतस्तितिक्षुः
श्रद्धावित्तो भूत्वात्मन्येवात्मानं पश्येत्"

અર્થ—તેથી આ રીતે જાણતો શાંત થઇને અને ઇંદ્રિય
મન કરનારો બનીને સર્વમાં વિરાગશાલી થઇ શ્રદ્ધા રૂપ દ
વાળો બની આત્મામાંજ આત્માને જુવે. આ સઘળાં સાધન કો
વાય છે. હવે આ બન્ને બાબતમાં કોનો સ્વીકાર અને કો
અસ્વીકાર કરવો, અર્થાત્ ઇશ્વર પ્રાપ્તિમાં સાધન કરવામાં આદ
કરવો કે અનાદર? એ સંશય ઉત્પન્ન થયો તેનો ઉત્તર—સાધન
પ્રકારનો આદર કરવો. નહીં તો તે પ્રતિપાદન કરનારી શ્રુ
વ્યર્થ થાય.

सहकार्यंतरविधिः पक्षेण तृतीयं तद्वतो विध्यादिवत् ॥

अध्याय ३ पाद ४ सूत्र ९

અર્થ—સહકારી નામ સાધન અંતર બાજુ બીજા સાધ
નની જરૂર છે એટલે મર્યાદામાર્ગમાં બીજાં સાધન કરવાની જરૂર
છે અને પુષ્ટિમાર્ગમાં વરણ શિવાય બીજાં સાધનની જરૂર ન
અને બીજાં પણ સાધન ૩ પ્રકારનાં છે. ૧ કાયિક, ૨ વાચિ
૩ માનસિક તેમાં ઇશ્વર વિષયમાં માનસિક સાધન મુખ્ય છ
કારણ કે—

"मनसैवाप्तव्यम्

આ શ્રુતિ કહે છે જે ઇશ્વરને મનથી મળવું, એટલે મળ
વામાં સાધન મન છે. અને આ તૃતીય ઉત્તમ છે અથવા
મુખ્ય છે. તે પણ ક્યાં સુધી તો જ્યાં સુધી સ્નેહ નથી
થયો ત્યાં સુધી. જ્યારે પરમ કૃપાલુ, ભગવાન્‌માં પ્રેમ થયો ત્યારે

પણ વિધિ આદિની પેઠે છે એટલે અર્થવાદ સમાન છે. તેની ઇ જરૂર નથી દેખાતી. જેમ પિતામાં પુત્રનો સ્વાભાવિક સ્નેહ તો તે પિતાની સેવામાં તત્પર રહેશે તેને પ્રેરણા કરવાનું નથી. અથવા અર્થવાદ કરી દેખાડવાનું કામ નથી. જે પિતા ઇશ્વર છે. અને એમની સેવાથી આ ફલ થાય છે ઇત્યાદિ કહેવાની જરૂર રહેતી નથી. તે સ્વતઃ તે કાર્યમાં પ્રથમથીજ ત્ત રહે છે. ઇહાં પણ તેમ સમજવું; ઇશ્વરમાં દૃઢ પ્રેમ થયા ી સેવાદિકના ઉપદેશનો ઉપયોગ નથી. કારણ માનસીનો ઉ-શ વાણીથી કરી શકાતો નથી તત્પ્રવણચિત્ત થયા પછી તેમાં તઃ પ્રવૃત્તિ બનીજ રહે છે.

આ ઉપરથી એતો સારી રીતે સિદ્ધ થયું જે ઇશ્વર પ્રા-માં માનસ સેવા મુખ્ય છે. તેથી શ્રીવલ્લભાચાર્ય ચરણે માનસી ને મુખ્ય માની છે.

અને વિવૃત્તિમાં શ્રીવિઠ્ઠલેશપ્રભુ માનસી જેને સિદ્ધ થઈ છે ઉદાહરણ દે છે. માનસી સેવા વ્રજભક્તને સિદ્ધ થઈ છે. શ્રીકૃષ્ણે પણ ઉદ્ધવજીને દૃષ્ટાંત દઈને કહ્યું છે.

तानाविदन्मय्यनुषंगबद्धधियः स्वमात्मान मदस्तथेदम् ॥

ભા. ૧૧—૧૨—૧૨

અર્થ—તે વ્રજભક્ત ગોપીજન જેઓની બુદ્ધિ મારામાંજ સકત રહેલી છે, જેકે પોતાના દેહને કે બીજા કોઇ પદાર્થને ી જાણતાં હતાં.

ભાવાર્થ—જેઓની ચિત્તવૃત્તિ મારામાંજ ચોંટી રહેલી છે ર્થાત્ એકતાન થએલી છે. તે પોતાના દેહને તથા પતિ પુત્ર ને જે કે અહંતા અને મમતાનાં સ્થાન છે તેઓને અને લોકને તથા પરલોક જાણતાં ન હતાં કારણકે જાણવાનું મુખ્ય ન મન છે, તોતે ભગવાન્માંજ આસકત છે એટલે ભગવાન્ ા બીજા પદાર્થનું ગ્રહણ કરતું નથી. જ્યાં જુવે છે, ત્યાં ગવત્સાક્ષાત્કારજ થાય છે. આ ઉત્તમ સેવા છે,

શ્રીપુરૂષોત્તમજીએ પણ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે આ પ્રક પ્રભુને પણ પ્રીતિપાત્ર છે કારણ કે,

“अथैतं परमं गुह्यं शृण्वंतो यदुनंदन”
सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखा ॥

भा० ११ अ. ११ श्लो ४

અર્થ—ભગવાન ઉદ્ધવને કહેછે જે તું સાંભળે છે તે પઃ ગુહ્ય છે, અને ગોપન કરી રાખવાનું છે; એટલે અધિકારી વિ જેને તેને કહેવાનું નથી; તોપણ તું મારો ભક્ત છે અને મિત્ર માટે કહું છું. એ પ્રકારે કહીને આ ભક્તિનોજ ઉપદેશ દીધો તે પણ માનસીને ઉત્તમ સૂચવી તેથી એમ સિદ્ધ થાય છે જે ભગ નને પણ આજ પ્રકાર પ્રીતિ પાત્ર છે જો તેમ ન હોત તો તેને ઉપદેશ કેમ દે તે?

હવે એ પ્રકારની સેવા સદા અવશ્ય કરવી જોઇએ એતો પ્રતિપાદિત છે. સાધન સેવાનો સદા અભ્યાસ રાખવો જેથી નસી સેવા સિદ્ધ થાય, સાધન રૂપ સેવા વિના ફલ રૂપ સેવા ઉત્પત્તિનો સંભવ નથી તેથી બન્ને કરવી જોઇએ.

ટિપ્પણમાં એમ અભિપ્રાય છે કે વ્રજભક્ત ભગવાન વિ બીજું કાંઇ જાણતાં ન હતાં તેથી એમ જાણવામાં આવે છે, બીજા કોઇને નહીં જાણતાં માત્ર ભગવાનનોજ આશ્રય ક રહેવું એ ફલ છે એમ સમજી બેઠાં હતાં તે સાધનરૂપ સે સિદ્ધ થયા પછી થાય છે.

શ્રીગોકુલનાથજી ટીકામાં લખે છે કે વ્રજભક્તને જે પ્રકાર માનસી સેવા સિદ્ધ થઈ તે પ્રકારની જ્યારે સિદ્ધ થાય ત્યારેજ રૂપ ગણવામાં આવે છે.

આધુનિક કેટલાએક લોકો કહે છે જે, કેવલ માનસી સેવા કરવી જોઇએ સાધનરૂપ બાહ્ય સેવાની કાંઈ જરૂર નથી. તો તેમની ભૂલ છે; કારણ કે સાધન શિવાય સાધ્ય થવાની રીતિ ન

વિના માનસીસેવા સિદ્ધ થાયજ નહિં. વધારે ઉત્થા· રવાની કાંઈ જરૂર નથી.

શ્લોકનો સારાંશ એજ સિદ્ધ થયો જે શ્રીકૃષ્ણની સા· પ અને ફલરૂપ સેવા સદા અવશ્ય કરવી જોઈએ (તેઓમાં) માનસીસેવા શ્રેષ્ઠ છે. ૧

પહેલા શ્લોકમાં આ બાબત તો સિદ્ધ થઈ ચુકી છે જે વ માત્રનો એજ ધર્મ છે કે શ્રીકૃષ્ણની સેવા સદા કરવી. અને તે સેવા બે પ્રકારની છે. એક તો સાધનસેવા અને બીજી ફળ પ સેવા આ બન્નેમાં ફલરૂપ સેવા ઉત્તમ છે. અને ફળરૂપ સેવા તે માનસીસેવા કેહેવાય, હવે માનસીસેવાનું શું લક્ષણ ? ને સાધનરૂપ સેવા તે કઇ? આ પ્રશ્નનો અવસર છે; માટે ભક્તિ ર્ગકમલદિવાકર શ્રીવલ્લભાચાર્ય માનસીસેવાનું લક્ષણ કહે છે.

मलम्—चेतस्तत्प्रवणं सेवा

सान्वयपदार्थः—**तत्प्रवणं** તે (કૃષ્ણ)માં એકતાન **चेतः** (ચિત્ત થવું) તે **सेवा** માનસીસેવા (કહેલી છે.)

શબ્દાર્થ—તેમાં (શ્રીકૃષ્ણમાં) ચિત્તનું પરોવાઈ રહેવું તે મા· સીસેવા કહેવાય.

ભાવાર્થ—તે શ્રીકૃષ્ણમાંજ ચિત્ત પ્રવણ રહે તે માનસી ા. આ વાક્યમાં જે પ્રવણ શબ્દ છે તેના સંસ્કૃતમાં અનેક ર્થ છે. અમરકોશમાં

“प्रवणं क्रमनिम्नोर्व्यां प्रव्हे नातु चतुष्पथे”

અર્થ—જે જમીન ક્રમથી નીચી હોય તેનું નામ પ્રવણ તથા મેલા પદાર્થનું નામ પ્રવણ, અને ચૌટાનું નામ પણ પ્રવણ. તેમ શાંતરમાં

“प्रवणस्तु क्षणे प्रव्हे क्रमनिम्ने चतुष्पथे ॥ आयत्ते च

અર્થ—ક્ષણ, નમેલ, ક્રમથી નમેલ, ચહુટો, (ચકલો) અને

આધીન (તાબેદાર) આ અર્થોમાં પ્રવણ શબ્દ વપરા માં ભગવાનને નમેલું મન, અને પછી તેને તાબે થયુ સેવા રૂપ છે. વળી અહિં એક શંકા થાય છે કે નમવું, ઇત્યાદિ ધર્મ પૃથ્વીથી ઉત્પન્ન થયેલા પદાર્થના છે. મન નથી તે શંકાનું સમાધાન શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે મન અન્નમય છે. એમ વેદમાં કહ્યું છે.

તો અન્ન પૃથ્વીથી ઉત્પન્ન થાય છે તેથી મન પણ પાર્થિ કહેવાય. તે માટે તે ધર્મ ઘટે છે.

ભગવાનમાં મન એવું તો એકતાન થઇ જાય, કે જેને શીવાય કાંઈ પણ ખબર પડે નહીં; જેમ કે,

तानाविदन्मय्यनुषंगबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ॥

અર્થ—તે વ્રજભક્ત ગોપીજન જેઓની બુદ્ધિ મારામાં આસકત રહેલી છે જે કે પોતાના દેહને કે બીજા કોઈ પદાથ જાણતાં નહતાં. જ્યારે આવી દશા થાય ત્યારે જાણવું કે તેનું ચિ પરોવાઈ રહે છે. જેને પોતાના દેહનું પણ અનુસંધાન ન અને જેને પોતાના સગા સોઇનું પણ ભાન નથી અને વધારે શું પણ આ લોકનું અને પરલોકનું ભાન નથી. સારાંશ કે તેઓ ચિત્ત ભગવાન શિવાય કોઈનું પણ ગ્રહણ કરતું નથી. એવી જ્યા ચિત્તની દશા થાય ત્યારે માનસીસેવા કહેવાય, જેમ સમાધિ ભગવાનમાં ચિત્તનો લય થાય છે અને જે દેહાદિકની દશા વામાં આવે છે; તેમ આ સેવામાં પણ જાણવું.

આજકાલના કેટલાએક ઉપદેશકપણાનો ફાંકો રાખનારા પદેશકો માનસીસેવાનો ઉપદેશ દીયે છે, અને ઉત્તમતા પણ તાવે છે. અને કાયિક, સેવાને હલકી પાયરીમાં ગણે છે; પણ આ બાબતથી વાકેફ નથી હોતા જે કાયિક સેવા કરી કરી પૂ અભ્યાસ થાય ત્યારે માનસી સેવાનો અધિકાર છે; પહેલે તો કાયિ તો પૂરી આવડતી નથી. અને કરો શરૂ માનસી; આમ થવાથી અ જાણ લોકોને વિટંબણામાં નાખી હેરાન કરે છે. વળી માનસી

વાની સાથે આ પણ ઉપદેશ કરે છે કે ઇશ્વર નિરાકાર છે તેથી નિરાકારનું ધ્યાન કરવું આ કેટલી ભૂલભરેલી વાત છે, નિરાકારનું અને ધ્યાન કરવું આવા અનુભવ વિરૂદ્ધ, શાસ્ત્ર બાધિત ઉપદેશથી આ ાર્ય દેશની જે દિલગીરી ભરેલી દશા દેખવામાં આવે છે તેના તુ તેજ લોકો છે. આ બાબત વધારે લખવાની અહિંયા જરૂર નથી. આ ઉપરથી એ સિદ્ધ થાય છે જે માનસીસેવા કરવાની જ્યારે યોગ્યતા થાય ત્યારે કરવી અને તે પહેલાં તો સાધન સેવા કરવી જોઇએ તે આગળ લખવામાં આવશે.

યોજનામાં આ બાબત પર એટલું વધારે લખે છે શ્રીકૃષ્ણ ને અધીન જે ચિત્ત તેજ માનસીસેવા અને તેજ ઉત્તમ કહેવાય છે. જો કે આ શ્લોકમાં મનવાચક ચેતઃ શબ્દ મૂકયો છે; તોપણ મન એજ ભક્તિ ન કહેવાય પણ મનની વૃત્તિ લેવી જોઇએ. તેજ શ્રીમદ્ભાગવત તૃતીયસ્કંધ અધ્યાય ૨૫ શ્લોક ૩૨–૩૩

देवानां गुणलिंगानामानुश्राविककर्मणाम् ।
सत्त्वएवैकमनसो वृत्तिः स्वाभाविकी तु या ॥ ३२ ॥
अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ॥ ३३ ॥

અર્થ—જે પુરૂષનું મન એક રીતિનું હોય એટલે સંકલ્પ ેવકલ્પાત્મક ન હોય, સંકલ્પાવકલ્પાત્મક મન તે આસુર કહેય, અને સ્વભાવસિદ્ધ એક જાતનું મન હોય તે દૈવ કહેવાય ટલે મન બે પ્રકારનું છે. આ બાબત શ્રીસુબોધિનીમાં આ લોકોની વિવૃત્તિમાં છે. એવા પુરૂષોની ઇંદ્રિયોની વૃત્તિ, જ્યારે ગવાનમાં નિષ્કામ રહે ારે તે ઉત્તમ ભક્તિ કહેવાય. જે દ્રિયો ણ વૈદિક ધર્મમાંજ તત્પર હોય તે દૈવરૂપ અને બીજા ૨રૂપ ઇંદ્રિય હોય છે. એ વિષયનો પણ ખુલાસો ત્યાંની સુ· જાણવો પ્રકૃતમાં એ સિદ્ધ થયું જે ઇંદ્રિયોની વૃત્તિ ી નિષ્કામ જ્યારે કેવલ ભગવાન્માંજ રહે ત્યારે ઉત્તમ થવા સેવા કહેવાય. સેવા અને ભક્તિ એ બન્ને એક

પદાર્થ છે. કારણ જે ભજન, ભક્તિ, અને સેવન, સેવા એ શ
શબ્દોમાં કાંઇ પણ ભેદ નથી તો ચિત્તવૃતિ ભગવાન્‌માં એકતા
થાય તેજ માનસીસેવા કહેવાય.

આથર્વણ ઉપનિષદ્‌માં કહ્યું છે કે,

“भक्तिरस्य भजनं तदिहामुत्रोपाधिनैराश्येन मनः कल्पनम्”

અર્થ—આ પરબ્રહ્મની જે ભક્તિ તેજ ભજન, તે એવું થ
જોઈએ જે આ લોકના પદાર્થમાં અથવા પરલોકના પદાર્થમ
બીલકૂલ આશા ન હોવાથી મનની તેવી કલ્પના તે ભક્તિ કહેવાય. આમાં પણ મનની કલ્પના તેજ ભક્તિ કહેવામાં આવી છે
તેમજ ભક્તિમીમાંસામાં પણ તેવી રીતે લક્ષણ કર્યું છે. જે

“सा परानुरक्तिरीश्वरे”

અર્થ—(ભક્તિ મીમાંસાનું આ બીજું સૂત્ર છે) ઈશ્વરમ
જે અનુરાગ તે પરાભક્તિ કહેવાય.

ભાવાર્થ—અનુરાગ એટલે પ્રીતિ, ઇશ્વરમાં જે પ્રીતિ
ભક્તિ કહેવાય. હવે પ્રીતિ અને દ્વેષ એ મનનાજ ધર્મ
અને મન ધર્મી છે તો ધર્મ અને ધર્મીનો અહિં અભેદ માન
છે. આ સઘળા વચનોથી એજ નક્કી થાય છે જે, ચિત્તની વૃ
શ્રીકૃષ્ણમાં પરોવાઈ જાય એજ સેવા અથવા ભક્તિ કહેવાય એ
પહેલાં પણ કહી દીધું છે. તેમાં પ્રમાણ—

भज सेवा

ભજ ધાતુ સેવામાં પ્રવર્તે છે. આવું વ્યાકરણમાં કહ્યું છે
ભજન ભક્તિ સેવા સેવન વગેરે સર્વ શબ્દ એકાર્થવાચક
અને આજ હેતુથી ગ્રંથકાર પણ તેવોજ પ્રયોગ કરે છે.

दीयमानं न गृह्णंति विनामत्सेवनं जनाः ।
स एव भक्तियोगाख्य आत्यंतिक उदाहृतः ॥

અર્થ—પહેલે કહ્યો છે. આમાં માત્ર એજ દર્શાવવાનું

સેવા વિના ભગવદ્ભકત કાંઈ પણ લેતા નથી. આજ ઉત્તમ ભક્તિ કહેવાય આ બે વાકયનો ભાવાર્થ સારી રીતે તપાસીએ છઈએ તો સેવા અને ભકિત એકજ છે એમ વિનાપ્રયત્ન સિદ્ધ ાય છે.

હવે આ જે માનસીસેવા ફળરૂપ ઉત્તમ ગણેલી છે. તેની સિદ્ધિને વાસ્તે બે સાધનરૂપ સેવા છે.

मूलम्—तत्सिद्धयै तनुवित्तजा ॥

सान्वयपदार्थः—(અને) **तत्सिद्ध्यै** તે (માનસીસેવા)ની સિ-ને વાસ્તે **तनुवित्तजा** તનુજા અને વિત્તજા સેવા (સાધનરૂપ ાનેલી છે.)

અર્થ—માનસી સેવાની સિદ્ધિ વાસ્તે તનુજા અને વિત્તજા ાધનરૂપ છે) તનુજા પોતાના શરીરથી કરી હોય તે, અને વિ- દ્રવ્યદ્વારા કરી હોય તે.

ભાવાર્થ—માનસી સેવાની સિદ્ધિમાં સાધન આ બન્ને સેવા છે એક તો પોતાના શરીરથી સઘળી સેવા કરવી તે તનુજા અને સેવામાં જે દ્રવ્યનો ઉપયોગ થાય એટલે દ્રવ્ય સેવાના ઉપયોગમાં ગે અને તે દ્રવ્યથી જે સેવા બને તે વિત્તજા.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુ સ્પષ્ટ લખે છે; જે દ્રવ્ય દઈને નોકરની સે કરાવવી. અને પોતે પણ કરવી. ત્યારે તે દ્રવ્યદ્વારા કરાવી તે ત્તજા કહેવાય ને જે પોતાના શરીરથી કરી તે તનુજા કહેવાય.

બન્ને સેવામાં સારી રીતે તપાસીએ તો તનુજા સેવા ઉત્તમ છે અને માનસી સેવામાં સાક્ષાત્સાધન થઈ ડે છે. વિત્તજા સાક્ષાત્સાધન નથી થતી; પણ કાયિકસેવા દ્વારા ાધન છે તનુજા અને કાયિક એ એક પદાર્થના નામ છે. આ પરથી એ સૂચવવાનું છે જે ભગવદર્થ પોતાનું સર્વસ્વ નિવેદન રી દીધા પછી, અર્થાત્ દ્રવ્યાદિનો વિનિયોગ કરી દઈને પોતાના

દેહનો પણ વિનિયોગ સેવામાં કરવો તેમ થવાથી પ્રભુમાં પ્રે
અને પ્રેમ થયા પછી માનસીસેવા સિદ્ધ થાય છે. કેવળ દ્રવ્ય
રકમ એક જુદી કાઢી મંદીર બનાવી દેવું, અને તેમાં નોકર વગે
રાખી દેવા તે પછે ચાહે તેમ કરો તે ખાતે પોતાને ખબ
કાઢવાની પણ જરૂર નહી, એવી વિત્તજા સેવા સાધન ન કહેવાય
પોતાથી બનતી કાયિક સેવા કરતાં, વધારે બાકીની સેવામાં
દ્રવ્યનો પણ ઉપયોગ ભગવદર્થ કરવો તેમાં પણ બીજાં કાં
કારણ ન હોવાં જોઇએ.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે, જે તનુજા અથવા કાયિ
સેવામાં દેહનો ઉપયોગ છે, તો કેવળ ઇંદ્રિયોના વ્યાપાર શિવાય
દેહ સેવા કરી શકેજ નહી એ તો પ્રત્યક્ષ છે. તેથી ઇંદ્રિય વ્યાપા
રની જરૂર છે. શ્રોત્રથી ભગવદ્‌ગુણ સાંભળવા, આંખોવતી પ્રભુનું
દર્શન કરવું ઇત્યાદી યથાયોગ્ય સર્વ ઇંદ્રિયો, સાક્ષાત્ અથવા પ
રંપરા સંબંધથી પ્રભુ પરિચર્યામાં પૂર્ણ પ્રયત્નથી પરાયણ રહેવાં
જોઇએ.

શ્રીમદ્‌ભાગવત એકાદશસ્કંધમાં અધ્યાય ૧૯ શ્લોક ૧૯

भक्तियोगःपुरैवोक्तःप्रीयमाणाय तेऽनघ ।
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥ १९ ॥

અર્થ–(ઉદ્ધવજીનો અને શ્રીકૃષ્ણનો સંવાદ છે) ભગવ
ઉદ્ધવજીને કહે છે કે હે ઉદ્ધવ ! ભક્તિયોગમાં પ્રીતિ રાખનાર
મેં પ્રથમ ભક્તિયોગ કહ્યો છે; તો પણ ફરીથી મારી (ભગવાન
ભક્તિનું પરમ કારણ કહીશ. એટલે ફળભક્તિનું સાધન છે
કહીશ એમ પ્રતિજ્ઞા કરીને કહે છે.

श्रद्धाऽमृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् ॥ इत्यादिना
एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनां ।
मयि संजायते भक्तिः कोन्येऽर्थो स्याऽवाशिष्यते ॥२४॥ इत्यन्तं

અર્થ—મારી (શ્રીકૃષ્ણની) કથામાં શ્રદ્ધા અને સદા મારા

નું ગાન કરવું. ભગવાન્‌ને દંડવત્પ્રણામ કરવા, અને ભકતોનો ાર અધિક કરવો. અને ભગવદ્‌ભજનમાં વિરોધ લાવનાર દ્રવ્યનો ત્યાગ કરવો, સેવામાં વિરોધિ, પોતાના સુખના સાધનનો ને સુખનો પણ પરિત્યાગ કરવો ઇત્યાદિ, સઘળું યથાસ્થિત કરે રપછી આત્માનું અર્પણ (નિવેદન) કરી દીએ, ત્યારે ફળભકિત દ્ધ થાય. તો આ ઉપર લખ્યા તે સઘળા પ્રકાર સાધનના છે. સાધનમાં શરીરેંદ્રિયોનો વ્યાપાર સારી રીતે કહેવામાં આવ્યો ને જ્યારે ફળભકિત સિદ્ધ થાય ત્યારે પણ પ્રીતિપૂર્વક આ માં- પ્રકાર થાય જ છે. પહેલે સાધારણ રીતિથી કરવામાં આવે છે.

આ ઉપરથી વળી એક શંકા થઈ જે દક્ષિણા દઇને બ્રા- દ્વારા યજ્ઞાદિક કરાવ્યાથી જેમ યજમાનને તે યજ્ઞનું ફળ છે; તેમ સેવામાં પણ પગાર આપી નોકરો વડે સઘળું કાર્ય તો તેનું પણ ફળ માલીકને મળવું જોઇએ? હા! આ બા- બરાબર છે, પણ આ વિષે પ્રથમ આટલો વિચાર કરવાની છે જે યજ્ઞ કરવો એ વેદની પ્રેરણા છે; બ્રાહ્મણો વરાવવા ણુ સકલ હિતકારી વેદની પ્રેરણા છે. અને યજમાને કર્મનું ાળવવા બ્રાહ્મણોને દક્ષિણા દેવી એ પણ તેની જ પ્રેરણા છે, ફળ બરાબર મળે છે; તેમ આ સેવા બાબતમાં ભગવાન્‌ની વી પ્રેરણા જોવામાં આવતી નથી; જે નોકર ચાકરદ્વારા સેવા ઘળી કરાવી લેવી અને તેનું ફળ માનસીસેવા સિદ્ધ થાય. આ પરથી એમ કહેવા ધારેલું નથી, જે નોકર રાખ્યા વગર સઘળી વા પોતે જાતે કરવી અને પ્રભુને પરિશ્રમ દેવો, પણ આજ વાનો પ્રયત્ન છે જે પોતે પણ અવશ્ય સાથે સેવા કરવી એ પોતે તો મોજ મજામાં મસ્ત થઇ આમના તેમના રખડ- ં દિવસ ગુજાર્યા કરે તે અનુચિત કહેવાય, અને એમ કર- ા માનસી સેવામાં એ સાધન નથી થઈ શકતી. કોઇનો આવો અભિપ્રાય રહે છે કે વિત્તજા સેવા એ પણ કહેવાય કે દ્ર- ખરચ કરી પ્રભુને સારૂ અનેક પદાર્થ લેવા અને અંગીકાર

ાથી પ્રભુમાં પ્રે
ે. કેવળ દ્રવ્ય
તેમાં નોકર વગે
ે પોતાને ખબ
સાધન ન કહેવાય
ાકીની સેવામાં
પણ બીજાં કાં
ુજા અથવા કાયિક
ા વ્યાપાર શિવાય
થી ઇંદ્રિય વ્યાપા
આંખોવતી પ્રભુનું
ાક્ષાત્ અથવા પ
થી પરાયણ રહેવું

૧૯ શ્લોક ૧૯
।
मृ ॥ १९ ॥
ાદ છે) ભગવ
ીતિ રાખનાર
મારી (ભગવાન્
ાનું સાધન છે

इत्यादिना

ति ॥२४॥ इत्यन्तं
ા અને સદા મારા

કરાવવા. આ પણ અભિપ્રાયને પ્રાયઃ સહૃદય લોકો હૃદયમાં અ વકાશ દેશે. આ પ્રકારે તનુજા અને યથાશકિત વિત્તજા કરવી જોઇએ તેથી એને માનસી સેવા સિદ્ધ થાય છે. સારાંશ કે કાંઇ પણ કામના અને કપટ શિવાય પોતાનું સર્વસ્વ પ્રભુને નિવેદન કરીને પોતાના શરીરનો પણ વિનિયોગ સેવામાંજ કરે; ત્યારે તેને પ્રભુમાં પ્રેમનો ઉદય થાય, અને જે પહેલાં સાધન સમજ સેવા થતી હુતી તેજ ફળ ભાવને પામી કૃતાર્થતા સૂચવતી વ્રજ જન સમાન માનસીસેવા સિદ્ધ થાય છે.

માનસીસેવાની સાધનભૂત તનુજા અને વિત્તજા સેવા છે તે તનુજા સેવામાં અને વિત્તજા સેવામાં અનેક પ્રમાણ વચનો છે તે માંહેલાં થોડાં અહિં લખવામાં આવે છે.

“गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ॥

અર્થ—ભગવન્મંદિરમાં સેવા કરવી તે કપટ વિના દાસની પેઠે,

आदरः परिचर्यायां

અર્થ—પ્રભુની સેવામાં આદર રાખવો.

“ श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ॥
अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥

અર્થ—પ્રભુના પરમ પવિત્ર ચરિત્ર સાંભળવાં, જેથી કર્ણનાં કૃતાર્થતા અને પછી તેનો અનુવાદ કરવો ને કીર્તન કરવાં, જેથી જીભનો ઉપયોગ અને ત્યાર પછી સ્મરણ કરવું, એટલે તે ચરિત્રોનું મનમાં યાદ આવવું જેથી મનની મુખ્ય મોહોટા આ પ્રમાણે સર્વ ઇંદ્રિયોનો ઉપયોગ પ્રભુમાં કરવો તે પછી સેવન એટલે ચરણ પરિચર્યા અને તે પછી શ્રીઅંગની સેવા, પછી દંડવત્પ્રણામ કરવા ઇત્યાદિ નવ પ્રકારની ભકિત છે અને ઉત્તરોત્તર હેતુ છે આ બાબત પર બાલબોધના શ્લોક ૧૮ ના

ાખ્યાનમાં લખ્યું છે તેથી પોતાની જિજ્ઞાસા સફળ કરશો. આ
માણે—

“करौ हरेर्मंदिरमार्जनादिषु”

અર્થ—ભગવન્મંદિરના માર્જન આદિ સેવનમાં હાથનો ઉપ-
ગ લેવો જોઇએ.

“शावौ करौ नो कुरुतः सपर्या
हरेर्लसत्कांचनकंकणैर्वा” ॥२२॥

અર્થ–તે હાથ અચેતન સમજવા જે ભગવાનની સેવા ન કરે
ચિત કનકનાં કડાં પહેર્યાં હોય તો પણ શું ?

“करौ च तत्कर्मकरौ मनश्च”

અર્થ—કરોનું આ કામ છે કે શ્રીકૃષ્ણનાં કૃત્ય કરનાર થવું
દિ અનેક વચન કાયિક સાધન સેવાના વિષયમાં છે. અહિં
રે લખવાથી ગ્રંથનું લંબાણ થઈ પડે છે.

આ જેવી રીતે તનુજા સેવાને વાસ્તે વચનો લખવામાં આ-
તેમ વિત્તજા સેવાની બાબતમાં પણ છે. તે માહેલું એક
દાખલ કરવામાં આવે છે.

“सर्वलाभोपहरणम्”

અર્થ—પોતાને જે મળે તે સઘળું પ્રભુને અર્પણ કરવું.

ભાવાર્થ—જે કાંઈ પોતાના પૂર્ણ પરિશ્રમ વડે પેદા કર્યું
સઘળું પ્રભુને અર્પણ કરવું. આતો સિદ્ધ છે. કારણ કે
તો આત્માનું અર્પણ કર્યું તો ત્યાર પછી શું બાકી રહ્યું. આ
સેવાથી પ્રભુને પ્રસન્ન કરવા જોઇએ, જેથી પોતાની કૃતા
થાય; કહ્યું છે કે—

“तज्जन्म तानि कर्माणि तदायुस्तन्मनो वचः ।
नृणां येन हि विश्वात्मा सेव्यते हरिरीश्वरः ॥

ર્થ—પ્રાણીનો તેજ જન્મ સફળ કે જેથી પ્રભુની સેવા

બને, મનુષ્યનાં તેજ કૃત્યો વખાણ લાયક કે જેઓનો ઉપયોગ સેવામાં થયો હોય, મનુષ્યનુ તેજ આયુષ્ય ગણતીમાં લેવું જોઇએ કે જેમાં પ્રભુની સેવા કરી હોય, મનુષ્યનું તેજ મન કૃતાર્થ કે જે વડે પ્રભુની સેવા કરી હોય, જે કે સેવા મુખ્ય ગણી મનુષ્યનું તેજ બોલવું શ્રેષ્ઠ કે જેથી પ્રભુના ચરિત્રનાં કીર્ત થયાં હોય. આ શ્લોકમાં કાયિક, વાચિક, અને માનસિક એ ત્ર પ્રકારની સેવા આવી; આ પ્રમાણે પ્રમાણ વચનો જો એકઠાં ક હોય તો અનેક છે. આથી એ તો સ્પષ્ટ વિના શ્રમ સિદ્ધ થ છે જે, તનુજા અને વિત્તજા, સાધનરૂપસેવા ફળરૂપ માન સિદ્ધ કરવા સારૂ અવશ્ય કરવી જોઇએ.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં આ વિષયમાં શ્રીમદાચાર્યચ પ્રણીત નિબંધનો સંબંધ લખે છે. નિબંધના ત્રણ પ્રકરણ પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણ, અને બીજું સર્વનિર્ણય પ્રકરણ, ત્રીજું શ્રીભાગવતાર્થ પ્રકરણ છે તેમાંના બીજા પ્રકરણમાં

‘विशिष्टरूपं वेदार्थ’ ઇહાંથી
‘एतन्मार्ग द्वयं प्रोक्त’ અહીં સુધી

ભક્તિમાર્ગનું સવિસ્તર વર્ણન કર્યું છે. એટલે ભક્તિમાર્ગમાં માણ પ્રમેય સાધન અને ફળ આ બાબતનો વિચાર કર્યા ૨૧૭ શ્લોકથી ૨૫૩ સુધી એજ વિષય છે. એ સઘળો ગ્રંથ ષાંતરની સાથે અહીં લેવામાં આવે તો બહુજ વિસ્તાર થઈ પ તેથી ત્યાંનો સારાંશ દાખલ કર્યો છે.

विशिष्टरूपं वेदार्थः फलं प्रेम च साधनम् ॥२१७।
तत्साधनं च नवविधा भक्ति स्तत्प्रतिपादिका ॥

અર્થ—ભક્તિમાર્ગમાં જે પ્રમેય છે તે વિશિષ્ટરૂપ છે. ટલે વેદના બે કાંડ છે. એક ક્રિયાકાંડ અને બીજો જ્ઞાનકાંડ. બન્ને જે બ્રહ્મનાં એકેક અંશનું વર્ણન કરે છે. તે બ્રહ્મ પ્રમેય છે, ફળ છે, તેમ તેનો પ્રેમ છે તેજ સાધનભૂત છે.

થવામાં સાધનભૂત નવ પ્રકારની ભક્તિ છે તે એકે ૧ શ્રવણ
ર્તન ૩ સ્મરણ ૫ પાદસેવન ૫ પૂજન ૬ નમન ૭ દાસ્ય-
૮ સખ્ય ૯ આત્મનિવેદન. આ નવધાભક્તિ પ્રેમલક્ષણા
ક્તિના સાધનરૂપ છે. આ ભક્તિ સાધન છે અને તેથી પર-
મા પ્રાપ્ત થાય છે. આમાં પ્રમાણ શ્રીમદ્ભગવદ્ ગીતા છે કારણ
તે ફળ વાકય છે. ફળરૂપ શ્રીકૃષ્ણનાં વાકય છે અને એ વાકય
ણાં સંક્ષેપથી કહ્યાં છે તેનો વિસ્તાર શ્રીમદ્ભાગવતમાં છે. શ્રી
તામાં તથા શ્રીભાગવતમાં ભક્તિનોજ ઉત્કર્ષ છે. આ વિષય
ર આવરણભંગમાં સારી રીતે સિદ્ધ કરવામાં આવ્યું છે. માટે
બે પ્રમાણ છે. આ ઉપરથી બીજાં બે પ્રમાણ તો સમજી
વાં જે કે વેદ અને વ્યાસસૂત્ર સર્વ મળીને ચાર પ્રમાણ છે—

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ॥
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ नि० शा० ५

અર્થ—વેદ, શ્રીકૃષ્ણનાં વાકય (ગીતાજી) અને વ્યાસસૂત્ર
તર મીમાંસા) વેદવ્યાસની સમાધિભાષા (શ્રીભાગવત)
મુખ્ય ચાર પ્રમાણ છે આનાથી અવિરૂદ્ધ જેટલું તે છે સ-
પણ પ્રમાણ છે.

આ ઉપરથી ભક્તિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ
મ છે તેથી આ માર્ગનો સર્વમાર્ગ કરતાં ઉત્કર્ષ છે. આજ
ી સર્વ માર્ગ કરતાં આ ભક્તિમાર્ગ ઉત્તમ છે બીજા માર્ગમા
ભય હમેશાં જાગતો રહે છે; જેમકે યોગાદિની સિદ્ધિના
માં સપડાઇને અયોગ્ય કાર્ય કરવામાં કમ્મર કસે તો તેથી
માર્ગમાં જાય છે. આ બાબતમાં અનેક ઉદાહરણ છે
પણ યાગાદિ કરતાં કરતાં ભૂલથી કાંઇનું કાંઈ
ને છે. વધારે શું લખવું; તામસ દેવની ઉપાસના
બતમાં ભૂલે કે તરત તમાચો લાગે છે, અને
હાલ થાય છે. તેમ આ માર્ગમાં નથી આ મા-

ર્ગના પ્રવર્ત્તક અને આ માર્ગનું ફળ અને પ્રમેય ભગવાન્
તો કદાચીત્ અપરાધ બને તો પણ ભગવાન મોચક છે. ભ
વાન્‌ના વચનાનુસાર ચાલનારને તેજ છોડાવનાર છે પરંતુ ભ
વાને ઉપદેશ દીધેલો છે તેમજ ચાલવું જોઇએ. તેમાં કાંઇ ક
હોય તો તેનો પરીણામ ઉપર લખ્યો તેવો ન થાય ઇત્યાદિ

આ બાબતમાં એક શંકા થવાનો અવસર છે. જે આ
ર્ગમાં ભગવાન્ મોચક છે તેથી આ માર્ગ ઉત્તમ છે તો
વેદાદિમાર્ગ પ્રમાણે ચાલશે તેને ભગવાન્ નહી છોડાવશે ?
છોડાવનાર ભગવાન્ છે તો આ ભક્તિમાર્ગની સઘળા માર્ગે
મોટાઈ શાની ? ઉત્તર—આજકાલ કલિકાલના મહિમાથી વેદા
વર્ણાશ્રમ ધર્મો બરાબર સચવાતા નથી જો તેમ છે તેથી
થવાની આશા ક્યાંથી ? બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ વર્ણ, અને બ્રહ્મ
ર્યાદિ આશ્રમ યથાસ્થિત થવા જોઇએ ને શ્રુતિ સ્મૃતિ પ્રતિપા
ધર્માચરણ થવું જોઇએ તે તો થતું નથી તો તેથી અપૂર્વની સિ
ક્યાંથી ? એવી રીતે વર્ણાશ્રમ ધર્માચરણમાં ક્ષીણશક્તિ ક
મનુષ્યોને જોઈ, પરમકારુણિક ભગવાને આ ભક્તિમાર્ગનો
દેશ દીધો છે. તેથી આની મોટાઈ માનવામાં આવે છે; આ
ક્તિમાર્ગમાં શ્રદ્ધાપૂર્વક પ્રવેશ કરવાથી કૃતાર્થતા થાય છે; કા
શ્રુતિ સ્મૃતિથી પ્રતિપાદિત આચરણ આ માર્ગમાં માન્ય કરવા
આવ્યાં છે, અને જે પ્રમેય છે તે પણ શ્રુતિ સ્મૃતિથી પ્રતિ
દિત છે. ઇત્યાદિ કહીને આ ભક્તિમાર્ગનો સેવાપ્રકાર સારી
કહેલો છે અને સેવ્યનો નિર્ણય પણ કર્યો છે, તેમ અધિકાર
વિચાર કરવામાં આવ્યો છે.

આ પ્રકારે નિબંધમાં તથા વિવરણમાં તથા આ રણભ
સિદ્ધ કરવામાં આવ્યું છે જે ફળભકિત અને સાધનરૂપ છે.
ભેદ છે. સાધનભકિતની જે પરકાષ્ટા તે ફળભકિત જ્ઞાનકાંડ.
માર્ગનું ફળ શ્રીકૃષ્ણમાં માનસી સેવા સિદ્ધ થાય તે બ્રહ્મ
પ્રેમલક્ષણા ભકિત છે. નિબંધ શાસ્ત્રાર્થપ્રકરણમાં ભૂત છે.

आदि मू
અર્થ—આ
ની ઇચ્છાથી,
ખેલા સિદ્ધાંત
નનો પરસ્પર
ી છે પરંતુ
છે જે મુખ્ય
ને છે અને જે
ખે છે. મુખ્ય
જો કાંઈ ઇચ્
ટિપ્પણમાં
ર લખે છે જે
એ, અને તેમ
તાત્પર્ય એ
ી જોઈએ એ
ાદિનો સેવા
અને ભોગ
નસી સિદ્ધ થ
તક કરાવવાથી
ાશકિત કરવા
ી અવશ્ય કર
શ્રમ દેવો ન
સેવા હિસા
स्नेहाद्राग
गृहस्थान
यदास्याद
જે ભગ

आदि मूर्तिः कृष्णएव सेव्यः सायुज्यकाम्यया ॥

અર્થ---આદિમૂર્તિ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ સાયુ-
યની ઇચ્છાથી, આમાં તો ફળ સાયુજ્ય કહ્યું છે અને આ ઉપર
ખેલા સિદ્ધાંતમાં ફળ પ્રેમલક્ષણા ભક્તિ કહી તો આ બન્ને
ચનનો પરસ્પર વિરોધ દેખાય છે તેનુ કેમ? એ વિરોધ ઉપ-
થી છે પરંતુ વિચાર કરતાં વિરોધ નથી એ લેખ અધિકારી
ર છે જે મુખ્ય આધકારી છે તે તો પ્રેમલક્ષણાનેજ મુખ્ય
ને છે અને જે મુખ્ય અધિકારી નથી તે સાયુજ્યની ઇચ્છા
ખે છે. મુખ્ય અધિકારી હોય છે તે તો માત્ર સેવા શિવાય
જુ કાંઈ ઇચ્છતાજ નથી એ તો પૂર્વ પ્રતિપાદિત છે.

ટિપ્પણમાં પ્રકાશના સમાન વ્યાખ્યાન છે. આ અંશ વ-
રે લખે છે જે તનુજા અને વિત્તજા આ બન્ને એક કર્તૃક જો-
એ, અને તેમ થવાથી માનસીને સિદ્ધ કરી આપે છે. એ લખ-
તાત્પર્ય એ કે, તનુજા અને વિત્તજા આ બન્ને એક માણસે
જોઈએ એટલે જે પોતાના શરીરેથી સેવા કરે છે તેજ
દિનો સેવા સામગ્રીમાં ઉપયોગ લિયે કેવલ શરીરથીજ સેવા
અને ભોગ ધરતી વખતે તો હેં હેં (કૃપણતા કરે) તોપણ
નસી સિદ્ધ થતી નથી અને કોરાં દ્રવ્યજ દઇને બધું કામ પારકે
તક કરાવવાથી પણ માનસીસેવા સિદ્ધ થતી નથી, પણ બન્ને
શકિત કરવાથી થાય છે. પોતાથી શરીરે જેટલી બનીશકે તે-
ી અવશ્ય કરવી; અને બધી હુંજ કરીશ એ દુરાગ્રહથી પ્રભુને
શ્રમ દેવો નહિ, જેટલી ન બને તે બીજા દ્વારા કરાવવી.
સેવા હિસાબે અથવા નોકરીને હિસાબે પરંતુ પોતાથી બને
स्नेहाद्राग તન તથા વિત્તજા કરવી, માત્ર શુદ્ધ ભાવથી જે સેવન
गृहस्थान શુદ્ધ ભાવથી તનુજા અને તેમજ વિત્તજા જે કરે
પ માનસી સેવા પ્રાપ્ત થાય છે.
यदास्याद् શજી ટીકામાં લખે છે જે આ ઠેકાણે શંકા થાય
જે ભગ ભકતોનો તેવો અધિકાર નથી જે તેઓને સેવા

માનસી સિદ્ધ થાય, તો તેના સાધનભૂત તનુજા અને વિત્ત પણ શો ઉપયોગ ? જો સાધ્ય સિદ્ધ થવાનો અધિકાર હો સાધનમાં મથન કરવું ઉચિત છે. પણ જે બાબતનો જેને ધિકાર નથી તે બાબતને વાસ્તે તેણે માથાપચી કરવી એ ણ માનનું કામ નથી, માટે સાધનરૂપ સેવાનો પણ આ સમય જેનો ઉત્તર—જો કે, હાલના લોકોનો તેવો અધિકાર નથી તેમણે સાધન સેવા ભકિતમાર્ગ પ્રવર્ત્તકાચાર્યચરણે બતાવ્યા ક૨વી તેમ કરતે કરતે અધિકાર પણ સિદ્ધ થઇ જશે; પૂર્વોકત અનુસાર ફળ પણ મળશે.

પંડિતવર શ્રીપુરૂષોત્તમજી પણ પૂર્વ પ્રતિપાદિતને અનુ કહે છે. જો કે આજકાલના લોકને તેવી માનસી સેવા થવાને અધિકાર નથી. તોપણ તનુજા અને વિત્તજા આ બ સેવા આચાર્યચરણોકત પ્રકારથી કર્યા જવી; તેમ કરવાથી પ્રત્યવા દૂર થાય અને અધિકાર મળવામાં સહાયતા મળે. આજ સારી રીતે શ્રીવિઠ્ઠલેશ પ્રભુએ ભક્તિહંસનામના ગ્રંથમાં સમ સમયમાં લખેલો છે. ત્યાં પણ આજ સિદ્ધ કરેલું છે. કે સ્નેહ ઉત્પન્ન નથી થયેલો તેણે [illegible] ભક્તિ કરવી; કારણ તેને પણ કરતે કરતે સ્નેહ થાશેજ; જેમકે કોઈ બ્રાહ્મણનો બાલ છે જેને જનોઈ થયાથી સંધ્યાવંદનાદિનો અધિકાર છે પ તેને સંધ્યાનો પ્રકાર આવડતો નથી અને સંધ્યાવંદન કર શું ફળ થાય છે. તે પણ ખબર નથી; તોપણ પિત્રાદિ ગુરુજ ઉપદેશથી જેમ કહે તેમ કરે તો ન કરવાના પ્રત્યવાયનો પરિ થાય છે, અને થોડા વખતમાં કર્મમાર્ગીયપણું પણ સિદ્ધ છે; તેમજ ભકિતમાર્ગમાં પણ જેઓની ભક્તિનો પ્રકાર નથી અને ભકિતનું શું ફળ છે તે પણ ખબર નથ સોએ પણ તન્માર્ગપ્રવર્ત્તકાચાર્યે બતાવેલા પ્ર સેવા કરવી તેમ કરતે કરતે પ્રત્યવાય દૂર થશે ઉત્પન્ન થશે અને ઉત્તમ ભકિતનો અધિકાર પ

રંતુ સાધન સેવા કરવાથીજ થાય અને તે શિવાય સર્વથા ાયજ નહી.

સાધનસેવા કરનારને પણ માનસી સેવા એતો ફળ છેજ રંતુ આગમચ બીજું ફળ પણ મળે છે. તે શ્રીમદાચાર્યચરણ ાજ્ઞા કરે છે.

मूलम्—ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥

सान्वयपदार्थः—**ततः** તે (તનુજા વિત્તજા સેવા) થી **संसारदुःखस्य** (અહંતા મમતાત્મક) સંસારના દુઃખની **निवृत्तिः** શાંતિ (અને) **ह्मबोधनं** બ્રહ્મનું જ્ઞાન (એ બે અવાંતર ફલ થાય છે.)

શબ્દાર્થ—તેથી (તનુજા વિત્તજા સેવા કરવાથી) સંસાર અહંતા મમતાત્મક) ના દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મનો બોધ એ બે અવાંતર ફલ) થાય.

ભાવાર્થ—જે સાધારણ રીતે સાધન સેવા કરતો હોય, ને હજુ માનસી સિદ્ધ ન થઇ હોય, તેને અવાંતર ફળ પણ છે. તે એકે, તે સેવાથી સંસારનું દુઃખ અળગું જાય છે. તા અને મમતા એજ સંસાર છે એ હું માફ અને ઓના ધર્મ, હુંપણું અને મારાપણું સંસાર છે એટલે જ્ઞાન છે અને દુઃખ દેનારૂં છે. આ પ્રપંચ એ કાંઇ સંસાર જાણવો કારણ કે પ્રપંચ તો બ્રહ્માત્મા છે આ વિષય ત્રીજા હું લંબાણથી લખવામાં આવશે. અહંતામમતાત્મક સંસા- વૃત્તિ જે થાય તે અનિષ્ટની નિવૃત્તિ કહેવાય, કારણ કે અ- નિષ્ટ પદાર્થ છે તેની નિવૃત્તિ થઇ, તો ફળ મળવાની થઇ જયાંસુધી અજ્ઞાન હોય છે ત્યાંસુધી ફળ મળવું

स्नेहाद्रागा

गृहस्थानां પંડિત શ્રીપુરૂષોત્તમજી લખે છે જે અહંતા

यदास्याद् નિવૃત્તિ થવી એ સાધારણ સાધન સેવા કરનાર

જે ભગવર ફળ છે. કારણ મુખ્યફળ તો માનસી સેવા

જા અને વિત્ત
અધિકાર હોય
ાબતનો જેને
ી કરવી એ
આ સમય
ધિકાર નથી
ણે બતાવ્યાગમ
થઇ જશે;
પાદિતને અનુ
ાસી સેવા
તજા આ બ
કરવાથી પ્રત્યવા
ો. આજ
ગ્રંથમાં સમ
હ્યું છે. કે
કરવી; કારણ
ાહ્મણનો બાલ
કાર છે પ
ાવંદન કર
ાદિ ગુરુજ
ાયનો પરિ
ણ સિદ્ધ
પ્રકાર
ૂપ છે.
નકાંડ.
ે બ્રહ્મ
ા છે.

છે, અને કદાચ તે પણ અણજાણ હોવાથી કોઇ વખતે સાધનમાં ભૂલ કરે તો તેથી તેની શી દશા થાય ? આ શંકા અવસર મેળવે છે. ઉત્તર—સાધનમાં ભૂલ કરે તો પણ તેની દુર્ગતિ થવાનો સંભવ નથી, એમ શ્રીકૃષ્ણ શ્રીમદ્ભગવદ્ગીતામાં અધ્યાય ૬ શ્લોક ૪૦ માં કહે છે કે—

नहि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ ४० ॥

અર્થ—હે અર્જુન, કોઈ કલ્યાણ કરનાર દુષ્ટ ગતિને પામતો નથી.

ભાવાર્થ—જે કોઈ કલ્યાણનાં કાર્ય કરવામાં કમ્મર કસીને તેમાં પ્રવૃત્ત થાય છે તેને નરકાદિની યાતના હોતીજ નથી. તો ભગવદ્ભકિતમાં પ્રવૃત્ત થયેલા ભકતની ભૂલ થઈ તો દુર્ગતિનો સંભવ ક્યાંથી ?

શ્રીકલ્યાણરાયજી કહે છે જે, તેની નિવૃત્તિ એવી રીતે વિવૃતિમાં કહ્યું છે સંસારની નિવૃતિ સમજવી.

યોજનામાં લાલુભટજી લખે છે જે, શ્રુતિમાં તો બ્રહ્મને જે જાણે છે તે પર સુખને પામે છે. તો બ્રહ્મજ્ઞાનને બ્રહ્મ પ્રાપ્તિ સાધન કહ્યું છે તેમાં પ્રમાણ—

“ब्रह्मविदाप्नोति परम्”

અર્થ—જે બ્રહ્મવિદ્ બ્રહ્મને જાણે તે પરમાનંદ પા અહીં સાધન જ્ઞાન દેખાય છે માટે જ્ઞાન મેળવવા યત્ન જોઈએ તો તે જ્ઞાન વેદાંતના શ્રવણથી મનનથી અને સથી થાય છે, અર્થાત્ જેમાં ગુરૂના લક્ષણ સઘળાં ઝળકી રહ્યાં હોય, તેવા ગુરૂ પાસે પણ ઘણા વ માનુસાર વેદાંત શ્રવણ કરે ત્યારપછી બ્રહ્મજ્ઞાન અહિં ભક્તિમાર્ગમાં એમ કહેવામાં આવ્યું જે સેવા કરવી, તો સદા સેવા કરતાં વેદાંત શ્રવણ અવકાશ રહ્યો નહીં તો તેને બ્રહ્મજ્ઞાન કેમ થાય

પરિ
સદ્ધ
પ્રકાર
ષ્ટરૂપ છે.
જ્ઞાનકાંડ.
તે બ્રહ્મ
ભૂત છે.

થયા વિના આ
માનંદ મળે ન
પ્રશ્નનો ઉત્તર—
થી સંસારની
એ અજ્ઞાનથી
વૃત્તિ થાયજ
નો આગળ લા
ટિપ્પણમ
નિવૃત્તિ થાય છે
રનાર. જ્યાં સુધી
થવાનો સંભવ
આ અનિ
જોઇએ તે કહે

ભાવાર્થ—
હ્મનું જ્ઞાન થવુ
હેલા પરમભક્ત
ણુ એ સ્વાભાવિ
તિ છે તે થાય
ક શ્રીપુરૂષોત્ત
ગ હોય છે. તે
રે થવાની રી
ર કર્યો છે—

स्नेहाद्रागविना
गृहस्थानांबाध
यदास्याद्व्यस

જે ભગવાન

દેશાઈ પુરુષોત્તમ
બહાદરપુર (

થયા વિના આ અસાર સંસારની નિવૃત્તિ થાય નહિ, અને પરમાનંદ મળે નહિ, તો આ સઘળો પ્રયાસ ફોગટ ગણાય. આ પ્રશ્નનો ઉત્તર—શ્રીકૃષ્ણની તનુજા અને વિત્તજા આ બન્ને સેવાથી સંસારની નિવૃત્તિ થાય છે. જે કે અજ્ઞાનનું કાર્ય છે. સંસાર એ અજ્ઞાનથી ઉત્પન્ન થયો છે, જો જ્ઞાન થાય તો અજ્ઞાનની નિવૃત્તિ થાયજ અને બ્રહ્મનું જ્ઞાન પણ થાય, આમાં પ્રમાણ વચનો આગળ લખવામાં આવશે.

ટિપ્પણમાં લખે છે સાધન સેવાઓથી અનિષ્ટ સંસારની નિવૃત્તિ થાય છે; અનિષ્ટ કેમ? તો કહે છે કે ફળનો પ્રતિબંધ કરનાર. જ્યાં સુધી અહંતા મમતા રહી આવે ત્યાં સુધી બ્રહ્મબોધ થવાનો સંભવ નથી.

આ અનિષ્ટની નિવૃત્તિ તો કહી પરંતુ ઇષ્ટની પ્રાપ્તિ કહેવી જોઇએ તે કહે છે.

ब्रह्मबोधनम्

ભાવાર્થ—પોતાના આત્મામાં અથવા આ પ્રપંચમાં અક્ષર બ્રહ્મનું જ્ઞાન થવું એ ઇષ્ટ પ્રાપ્તિ છે જો કે ભગવત્સેવામાં લાગી રહેલા પરમભક્તને આ બન્ને પદાર્થની ઈચ્છા નથી હોતી તો પણ એ સ્વાભાવિક રીતે અનિષ્ટ નિવૃત્તિ અને ઇષ્ટ પ્રાપ્તિ થવાની રીતિ છે તે થાય છે.

[illegible]ક શ્રીપુરુષોત્તમજી પ્રકાશમાં લખે છે જે ભગવત્સેવામાં ત-[illegible]ગ હોય છે. તેને સંસાર નિવૃત્તિ થવાની અને ત્યાર પછી ઇષ્ટ [illegible]રે થવાની રીતિ વિષે શ્રીમદાચાર્યચરણે ભક્તિવર્ધિની ગ્રંથમાં જાહેર કર્યો છે—

स्नेहाद्रागविनाशः स्यादासक्त्यास्याद्गृहारुचिः ।
गृहस्थानांबाधकत्वमनात्मत्वं च भासते ॥ ४ ॥
यदास्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैवहि ।

જે ભગવાન્‌ની સેવામાંજ તત્પર છે તેને થોડા વખતમાં

ભગવાનમાં સ્નેહ થાય છે, અને ત્યાર પછી તેમાંજ આસક્તિ થાય છે, અને છેવટ તેમાંજ વ્યસન થાય છે, અને વ્યસન થયું કે તેની કૃતાર્થતા થઈ. હવે જ્યારે ભગવાનમાં સ્નેહ થયો ત્યારે તેને ઘરની માયા છૂટે છે, અને જ્યારે ભગવાનમાં આસક્તિ થાય છે, ત્યારે ઘરમાં અકલામણ (અરૂચિ) આવે છે. ત્યાર પછી જ્યારે વ્યસન થઈ જાય ત્યારે તો એ કૃતાર્થજ કહેવાય આજ ભક્તિનો ક્રમ છે અને અંદરના ફળો પણ આ પ્રકારેથી મળે છે અને ત્યાર પછી મુખ્ય ફળ પણ યોગ્યતાનુસારે મળે છે.

લાલૂભટજી યોજનામાં લખે છે કે તનુજા અને વિત્તજા સેવા કરનારને સંસારદુઃખની નિવૃત્તિ અને બ્રહ્મનું જ્ઞાન થાય છે સંસારનું દુઃખ એ અજ્ઞાનનું કાર્ય છે. તો અજ્ઞાનના નાશથી તે પણ નષ્ટ થાય છે, અને બ્રહ્મજ્ઞાન થાય છે. આ બન્ને મુખ્ય ફળના પેટાનાં ફળ છે. આમાં પ્રમાણ—

मां च यो व्यभिचारेण भक्तियोगेन सेवते ॥
सगुणान्समतीत्यैतान् ब्रह्मभूताय कल्पते

(ભગવાન કહે છે, જે કોઇ મારી સેવા કરે છે તે પ્રેમ ગુણોને અતિક્રમણ કરી નિર્ગુણબ્રહ્મપણાને પામે છે).

આજ બાબતમાં બીજું પ્રમાણ—

इत्यच्युतांघ्रि भजतोनुवृत्त्या भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।२,

શ્રીમદ્ભગવાન્‌ના ચરણને દાસભાવથી ભજનાર જનજ ગવાન્‌માં ભક્તિ, સંસારમાં વિરક્તિ (વૈરાગ્ય) અને બ્રહ્મનુંપરિ થાય છે.

આ ઉપરથી સહેલથી સિદ્ધ થાય છે જે, મુખ્ય ફળ પહેલાં સંસારની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન આ બેય અવાંતર ફળો મળે છે.

ટિપ્પણમાં કહે છે કે સંસારની નિવૃત્તિ તે અનિષ્ટ નિવૃત્તિ તે તો કબૂલ કરીએ છીએ, પરંતુ ઈષ્ટપ્રાપ્તિમાં બ્રહ્મજ્ઞાન તે શું અને કયા

પ્રકારનું—? આ પ્રશ્નનો ઉત્તર વિવૃતિના અનુવાદ કરતી વખતે પણ દીધો છે. તો પણ ટુંકામાં અહીં દર્શાવવામાં આવે છે—

પોતાના આત્મામાં અથવા પ્રપંચમાં બ્રહ્મજ્ઞાન એટલે અક્ષરબ્રહ્માત્મકની સમજણ. અક્ષરબ્રહ્મ એ પુરૂષોત્તમનું અધિષ્ઠાન છે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ આ ગ્રંથમાંજ આવનાર છે માટે અહીં લખ્યું નથી. અક્ષરબ્રહ્મ પુરૂષોત્તમનું અધિષ્ઠાન છે તે બાબત ઉત્તરમીમાંસાના તૃતીયાધ્યાયના ત્રીજા પાદમાં સારી રીતે વેદવ્યાસે દર્શાવી છે. વળી શંકા ઉઠે છે જે, ભગવત્સેવા જ્ઞાનમાં હેતુ હોય તો તે સ્વતઃ પુરૂષાર્થ નહિ કહેવાય? ઉત્તર—પ્રથમ કહ્યું કે બ્રહ્મજ્ઞાન તે આ સેવાનું મુખ્ય ફળ નથી ખેમ લખતે લખતે કલમની ટોચ પણ બૂઠી થઈ ગઈ તો પણ ંકા કરનારને શરમ આવતી નથી; અથવા યોગ્ય છે શંકા કરારને શરમ કયાંજ હોય?

वादी भद्रं न पश्यति

(વાદ કરનાર સારી વાત નજરમાં લાવેજ નહીં) તો ઠીક સેવાનું મુખ્યફળ તો પ્રેમલક્ષણાસેવાજ છે અને અવાંતર ા આ પણ થાય છે. તે સેવા કરવાથીજ થાય તેમ નથી પરંતુ ણક આત્મસમર્પણ થતેજ થાય છે શ્રવણ દર્શનાદિક બ્રહ્મજ્ઞાન છી ઉત્તમ પ્રકારના બને છે શ્રવણ દર્શન, અને સ્નેહ એ ત્રણ ોકઠા મળવાથી શ્રવણભક્તિ સિદ્ધ બને છે તો બ્રહ્મના જ્ઞાન ગર સ્નેહ કેમાં બંધાય? બ્રહ્મના જ્ઞાન વગર કોનું દર્શન રે? બ્રહ્મજ્ઞાન વગર કોનું સ્મરણ કરે? એજ વિચાર કરતાં કહે ક્તિઓમાં બ્રહ્મજ્ઞાન હોય છે. માટે તે મુખ્ય ફળ ન કાય—નારદપંચરાત્રમાં ભકિતનું આ લક્ષણ કરવામાં આવ્યું છે જે (ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થયા પછી સજ્જડ, સહુથી અધિક જે સ્નેહ તેજ ભકિત) તો મુખ્ય, મહામહિમનો મહિમા જાણ્યા પછી ભકિત કહેવાય.

આ શ્લોકનો ટુંકામાં સારાંશ કે કરૂણા વરૂણાલય (સાગર)

શ્રીકૃષ્ણમાં ચિત્તનું પરોવાઈ રહેવું તે માનસી સેવા અને માનસી સેવાની સાધનરૂપ તનુજા, અને વિત્તજા સેવા છે. મા પહેલે તેનો અભ્યાસ કરવો. સાધન સેવાનું મુખ્ય ફળતો માનસી સેવા છે, અને અવાંતર બીજું પણ ફળ થાય છે તે એ કે હુગેહાદિમાં અહંતા અને મમતા છૂટે; અને પોતામાં તથા આ પ્રપંચમાં અક્ષરબ્રહ્મનો બોધ થાય. ॥૨॥

मूलम्—परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत् ॥
द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥३

સાન્વયપદાર્થઃ—हि જે હેતુ માટે (શ્રુતિ સ્મૃતિ વગેરેમ શ્રીકૃષ્ણનેજ પૂર્ણાનંદ કહેલા છે માટે) परं પર ब्रह्म બ્રહ્મ तु તે कृष्णः કૃષ્ણ (છે અને) सच्चिदानंदकं સત્ ચિત્ અને આનં જેમાં થોડાક છે અર્થાત્ જેનો આનંદ ગણી શકાય છે એવું બૃહ અક્ષર બ્રહ્મ (છે અને) तत् તે (અક્ષરબ્રહ્મ) हि નિશ્ચયે કરી एकं એક सर्वं સર્વ જગતરૂપ (અને એક) तस्मात् તે (જગ રૂપ)થી विलक्षणं બીજું (જ્ઞાની લોકોને ઉપાસના કરવા યો એમ) द्विरूपं બે રૂપવાળું (માનેલું છે.)

શબ્દાર્થ—જે હેતુ માટે શ્રુતિસ્મૃતિ વિગેરેમાં શ્રીકૃષ્ણને પૂર્ણાનંદ કહેલા છે માટે પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણજ છે અને ચિત્ અને આનંદ જેમાં થોડાક છે અર્થાત્ જેનો આનંદ ગ શકાય છે એવું અક્ષરબ્રહ્મ છે અને અક્ષરબ્રહ્મ તે નિશ્ચય રીતે એક સર્વ જગત્‌રૂપ અને એક તેથી વિલક્ષણ એટલે જ્ઞા લોકોને ઉપાસના કરવા યોગ્ય એમ બે રૂપવાળું માનેલું છે.

વિવેચન—પહેલે કહ્યું જે સાધનસેવા કરવાથી અ મમતાત્મક સંસાર સંબંધી દુઃખ અળગું જાય, અને પોતામા આત્મામાં અથવા આ પ્રપંચમાં અક્ષરબ્રહ્માત્મકપણું જાણવા આવે; અહિં આ શંકા ઉપજે છે, જે અક્ષરબ્રહ્મ એજ પરબ્ર કે કેમ ?

ઉત્તર--ના પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે તેજ શ્રીમદાચાર્ય નિ· ય કરે છે,

'परं ब्रह्मतु कृष्णोहि'

અર્થ—પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે.

ભાવાર્થ—એટલે જીવ અથવા અક્ષર તે પરબ્રહ્મ ન જા· વા પરબ્રહ્મ તો તેજ શ્રીકૃષ્ણ જેને યશોદાજીએ લાડ લડાવ્યાં છે. એ સૂચવવા શ્રીકૃષ્ણ એ મૂલ નામ કહ્યું છે. કૃષ્ણ આ શા· દમાંથી પણ એવો અર્થ થઈ શકે છે જેમ કે—

कृषिर्भूवाचकः शब्दोणश्च निर्वृतिवाचकः ।
तयोरैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते ॥ (શ્રુતિ)

(અર્થ—કૃષ આ ભૂવાચક છે. અને ણ એ આનંદવાચક સદ્ અને આનંદ મળીને સદાનંદ અને સચ્ચિદાનંદ પણ હેવાય તેજ પરબ્રહ્મ છે જે કે કૃષ્ણ પદવાચ્ય છે.)

આ ગોપાલતાપિની ઉપનિષદ્ની ટીકામાં શ્રુતિ છે. ગોપાલ પિનીના પ્રારંભની તો આ શ્રુતિ છે—

ॐ सच्चिदानंदरूपाय कृष्णायाऽक्लिष्टकर्मणे ।
नमोवेदांतवेद्याय गुरवे बुद्धिसाक्षिणे ॥ १ ॥

આનો અર્થ કરતી વખતે શ્રીનારાયણ પંડિતે કૃષિર્ભૂવાચક હિં તિ લખી છે. અને તેમ પંડિતવર શ્રીવિશ્વેશ્વરે પણ આર્થિક કમાત્ર કીધો છે પરંતુ કંઠરવથી તે શ્રુતિ લખી નથી આ લતાપિનીના બે ભાગ છે પૂર્વભાગ તથા ઉત્તરભાગ, આની ટીકા છે એક તો શ્રીનારાયણકૃત, તથા બીજી શ્રીવિશ્વેશ્વરકૃત ત્રીજી શ્રીજીવગોસ્વામિકૃત આનું નામ આથર્વણોપનિષદ છે આમાં શ્રીકૃષ્ણની ભક્તિના પ્રકારો છે આ ઉપરથી એ સિદ્ધ થાય છે જે શ્રીકૃષ્ણ તેજ પરબ્રહ્મ કહેવાય અને તેજ [illegible]પાલ તાપિની ઉપનિષદ્માં—

गोपवेशमब्भ्राभं तरुणं कल्पद्रुमाश्रितम् ॥ १२ ॥

ગોપવેશને ધારણ કરે છે અબ્ભ્રાભ છે, અબ જલને ભર
રાખનાર જે સમુદ્ર તેના જેવા છે એટલે સમુદ્રના જેવા શ્યામ
છે. અથવા સમુદ્ર સમાન અપાર છે અથવા જલને ધારણ કરનાર
અભ્ર મેઘ તેના જેવા શ્યામ છે અને તરૂણ છે એટલે જરા
દોષ રહિત છે અથવા નવયૌવનશાલી છે કલ્પદ્રુમ એટલે વેદ
કારણ કે જે મનોરથ હોય તે દેનાર વેદ છે; તે વેદોએ જેને
આશ્રય કીધો છે અર્થાત્ વેદ પ્રતિપાદ્ય, એવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ
છે. ઉપનિષદ્‌માં આવો ઇતિહાસ છે જે સનકાદિમુનિમંડલ
બ્રહ્માની પાસે ગઈ અને તેણે પુછયું જે, પરમ દેવ કોણ
કોનાથી મોત પણ ડરે ? કોને જાણવાથી આ સઘળું જાણવામ
આવે ? કોણે આ સઘળું ઉત્પન્ન કીધું છે ? ઇત્યાદિ પ્રશ્નોનાં
ઉત્તરમાં શ્રીકૃષ્ણ એ પરમદેવ છે ઇત્યાદિ કહી આ શ્રીકૃષ્ણ
સ્વરૂપ દર્શાવ્યું ત્યાંની શ્રતિ છે એ પ્રકારે અનેક શ્રુતિ છે. તે
ઉપનિષદ્‌માં–

गोपवेशोमे पुरुषः पुरस्तादाविर्बभूव ॥ पू. २७

(બ્રહ્મા સનકાદિકને કહે છે કે મેં સ્તુતિ કરી ત્યારે યો
નિદ્રાથી ભગવાન્ ઉઠયા અને ગોપના વેશમાં પરબ્રહ્મ પ્રકટ થ
આ શ્રુતિઓ ઉપરથી ખુલ્લું સિદ્ધ થાય છે, જે પરબ્રહ્મ કૃષ્ણ
છે. તેમ આ બાબતમાં બીજા પણ પ્રમાણ–

'कृष्णस्तु भगवान् स्वयम्'

(કૃષ્ણ એ પૂર્ણપુરૂષોત્તમ છે,) અને વધારે શું એ
પાલતાપિની ઉપનિષદ્‌ના નામથી સિદ્ધ થાય છે. જે ગોપા
શ્રીકૃષ્ણ તેજ પરબ્રહ્મ છે, તેમ બીજી શ્રુતિમાં પણ છે જે અક્ષ
થકી પર, જીવાત્માથી પર તે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે.

પુરૂષોત્તમ અક્ષરથી જુદા છે એ તો નિર્વિવાદ છે કારણ
ભગવદ્ગીતામાં અધ્યાય ૧૫ શ્લોક ૧૭-૧૮

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रय माविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ १७ ॥

यस्मात्क्षरमतीतोऽहं अक्षरादपिचोत्तमः।
अतोस्मिलोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ १८ ॥

અર્થ—ઉત્તમ પુરૂષ બીજા છે. જે ક્ષર. અને અક્ષર એથી જુદા છે. જેને પરમાત્મા કહે છે. જે ત્રણ લોકમાં વ્યાપી ભરણ ાષણ કરે છે અવિનાશી છે અને સઘળાને શાસન કરનાર છે ૧૭ ાા પહેલા કહ્યા સ્વભાવથી, ક્ષર અને અક્ષરથી જુદા અને એઓથી ઉત્તમ; માટે લોકમાં (સ્મૃતિમાં) અને વેદમાં પુરૂષો- ।મ આ નામથી પ્રસિદ્ધ છું (છે).

ભાવાર્થ—પૂર્વશ્લોકમાં કહ્યું જે લોકમાં બે પુરૂષ પ્રસિદ્ધ . જે કે એક ક્ષર અને બીજો અક્ષર છે. તેઓમાં ક્ષર એ સર્વ તમાત્ર જડવર્ગ—અને અક્ષર એ ચેતન જીવ, જે કે કૂટસ્થ કહેવાય છે. આ બેયથી જુદા પુરૂષોત્તમ છે. જેઓને પરમાત્મા કે છે. વેદમાં પણ પુરૂષોત્તમ ઉત્તમ પુરૂષ પરબ્રહ્મ એવો વ્યવ- એમનોજ છે જેમકે શ્રુતિમાં—–

રં ज्योति रूपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते सउत्तमः पुरुषः'

(જે કે પર તેજ છે પોતાની મેળે પોતાના સ્વરૂપ જે ટ કરે છે અને પછે પાછું તિરોધાન કરે છે, તે ઉત્તમ પુરૂષ કહેવાય) આ શ્રુતિ શ્રીકૃષ્ણનું વર્ણન કરે છે. શ્રીરામાનુજ વિર- ત ગીતાભાષ્ય **परंब्रह्म परंधाम** આના વ્યાખ્યાનમાં તથા .मात्क्षरमतीतोहं શ્લોકના વ્યાખ્યાનમાં વ્યવહૃત છે અને શ્રી ષોત્તમજીએ પણ પ્રકાશમાં પ્રકાશિત કરેલું છે. તેમજ—–

परं ब्रह्म परंधाम पवित्रं परमं भवान्

અર્થ—(હે ભગવન્! અદ્વિતીય આપમાં આ ભ્રમ છે રણાભાવ આ ભ્રમ છે. આથી તો જગતની અસત્યતા મળે છે. મ ણુ એવું અસત્યતા માનવી જોઇએ. ઉત્તર—જગતની અથવા પ્રપંચ દાર્થ મિ અસત્યતા નથી પણ એતો સંસારની અસત્યતા જણાવે લ જે હે ભગવન્ ? આપ સર્વમાં એકજ છો સઘળુ શુદ્ધાદ્વૈત નો જ્ઞાન તોપણ અજ્ઞાનિઓને આ ભ્રમ રહ્યો આવે છે જે ' આ લાજ્ઞાન અને મારૂં ' આ જે અહંતા મમતાપર પર્યાય માયારૂ વા એ સંસાર છે તેનો ભ્રમ રહ્યો આવે છે, અને આ અસત્ય છે અ અજ્ઞાન છે. આ પર વધારે વિવેચન સિદ્ધાંત ગ્રંથમાં કરેલું લાએ એક આ પણ પ્રવાહ ચાલે છે કે આ ભ્રમ અનાદિ ચાલ નનાર આવે છે. આ પણ વિચાર કરવા જેવું છે કારણ કે તે ણ કે શકતું નથી. ભ્રમ પદાર્થ છે તે જ્ઞાનમાં સમાયેલો છે. એ ાત જ્ઞાનત્વમાં વ્યાપ્ય છે, એને સઘળાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. મતિ નિયમ છે. કાંઇ અનાદિ જ્ઞાન નથી. અને જ્ઞાન સઘળાંને ઉત્પ જો થવાનો રીવાજ છે. તો પછી ભ્રમ અનાદિ છે, આજ ભ્રમ એ નહિં ? આ પણ કોટી છે કે શ્રીમદ્દભાગવતમાં કહે છે કે ાય

' बंधोऽस्याविद्यया नादिः ' ત

અર્થ—(આ જીવને અવિદ્યાએ કરી અનાદિ બંધ છે) (શ્લોક ઉપરથી સાફ સિદ્ધ થાય છે જે બંધ અનાદિ છે. સમાધ અવિદ્યાએ કરીને બંધ છે એમ કહેવામાં અવિદ્યા એ બં કારણ છે. કારણનો આ નિયમ છે કે જેનું કારણ જે હેય ઉત્પત્તિ વધારે ઉપયોગ આવે તો ઉત્પત્તિ તો આ ઉપરથી દેખાય છે માટે અનાદિપણુ કયાં રહ્યું? પરંતુ શ્લોકમાંજ અ એમ કહ્યું છે તેનો નર્વાહ આમ કરવો જોઇએ, કે જેમ પટાદિ સાદિ છે તેમ આ સાદિ નથી કિંતુ ઘણા સમયથી છે જેમ દેવતાઓને અમર કહે છે. અને એ અમરપદે કરી ણનો નિષેધ સૂચવાય છે. વસ્તુગત્યા તો પ્રલયમાં નાશ થા

ોપણ મનુષ્યાદિથી વધારે જીવે છે. અમરપદે કરી સર્વથા
આ ભ્રમ છે રણાભાવ જણાવાતો નથી માટે આ બંધનમાં અનાદિપણું
મળે છે. મણુ એવુંજ જાણવું. બીજું પણ 'જ્ઞાને કરી જેનો બાધ થાય તે
અથવા પ્રપંચ દાર્થ મિથ્યા' આ કહેવું પણ બરાબર નથી ઘટતું, કારણ કે
ત્યતઃ જણાવે ૂલ જે અજ્ઞાન છે તે ઉત્પન્ન થયું નથી કારણ કે મૂલ છે
ણુ શુદ્ધાદ્વૈત ો જ્ઞાને કરી બાધ કેમ થઇ શકે ? અને આપના મતમાં
છે જે 'આ ૂલાજ્ઞાનને તો અનાદિ માનેલું છે. આ પ્રમાણે અનેક વિચાર
પર્યાય માયારૂ વા બેસે તો થઇ શકે છે.

ા અસત્ય છે આ સઘળી ઉપર લખી યોજનાનો સારાંશ આ છે જે—
ગ્રંથમાં કરેલું ાએક વાદી આ જગત્‌ને માયિક કહે છે એટલે માયા પ્રધાન
મ અનાદિ ચાલ નનારા માયિક છે એમ કહે છે, તે પર લાલૂભટજીનું બોલવું
કારણ કે તે બ કે માયિક જગત્ છે તેમ કહી શકાતું નથી; કારણ કે આ
સમાયેલો છે. એ ગત્ બ્રહ્માત્મક છે. તે વિષે શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, સૂત્ર સઘળાં
ઉત્પન્ન થાય છે. મતિ ભરે છે. ત્યારપછી એ પણ શંકા કરવામાં આવી હતી
ાન સઘળાંને ઉત્પ જો જગત્ બ્રહ્માત્મક છે. તો નાશ અને ઉત્પત્તિ ન થવાં
દે છે, આજ ભ્રમ એ કારણ કે જેનો નાશ થાય અને ઉત્પત્તિ થાય તે અસત્ય
ાવતમાં કહે છે કે ાય જેના ઉત્તરમાં લખવામાં આવ્યું છે કે નાશ અને ઉ-
' ત એને આવિર્ભાવ અને તિરોભાવ કહીયે છીએ. આવિર્ભાવ
અનાદિ બંધ છે) તિરોભાવ જેનો હોય તે અનિત્ય અને અસત્ય ન કહેવાય.
ંધ અનાદિ છે. સમા હવે બ્રહ્માત્મક કહેવામાં પણ કાંઈ હાણ નથી વળી વાદી
અવિદ્યા એ બંધી વાચારંભણ શ્રુતિનો ઉપન્યાસ કર્યો અને વ્યાસચરણે
ંનું કારણ જે હેય જે અર્થ કર્યો છે તે પણ લખવામાં આવ્યો. આ શ્રુતિના
તે તો આ ઉપરથી ાસથી એ સૂચવે છે કે વિકારભૂત આ જે જગત્ છે તે
પરંતુ શ્લોકમાંજ અ છે એતો વાણીના આધારથી રહે છે એટલે વાચનિક છે
ા જોઇએ, કે જેમ ર્થી તો ફક્ત સત્ય માટીજ છે. આના ઉત્તરમાં બ્રહ્મ
કિંતુ ઘણા સમયથી ાના ૨-૧-૧૪ સૂત્રનો સિદ્ધાંત લખવામાં આવ્યો કે.
ને એ અમરપદે કરી ણ શબ્દથી, અને ઇતિ શબ્દથી, અને નામધેય શબ્દથી
ા પ્રલયમાં નાશ થા સિદ્ધ થાય છે. કે પ્રપંચ બ્રહ્મથી જૂદો નથી વાચારંભણ

શ્રુતિ કાર્યકારણનો અભેદ સિદ્ધ કરે છે. માટીરૂપ કારણ ઘડા, કોડિયા વિગેરે કાર્યથી ભિન્ન નથી. આ વિષયપર પ્રથમ લખ્યું છે. તેથી જાણવું ત્યારપછી જગત્ માયિક છે એમ કહેનારનેજ પૂછવું કે શું જગત અસત્ય છે અને ભાસે છે, કે જેમ છીપમાં રૂપું એમ પણ કહી શકાતું નથી કારણ કે છીપ જ્યારે આંખનો વિષય થાશે ત્યારે તેમાં રૂપાની ભ્રાંતિ થાશે, તેમ અહિં બ્રહ્મમાં ભ્રાંતિ કેમ થાય? બ્રહ્મ આંખનો વિષય નથી એમ 'પરાંચિખાનિ' ઇત્યાદિ શ્રુતિઓ કહે છે જે ઇંદ્રિયોથી અગોચર છે. તેથી ભ્રમ સંભાવના પણ નથી થઇ શકતી; મ થવામાં સરખાવટ કારણ છે. વિના સદૃશપણે ભ્રમ થાય નહિ; તો બ્રહ્મમાં અને પ્રપંચમાં વાદીના મતમાં કયા અંશથી સદૃશપણું છે? જો સચ્ચિદાનંદાંશથી સમાનતા છે તો પછે મિથ્યા છે. અને ભ્રમ છે એ સઘળું બોલવુંજ વ્યર્થ છે. જો મિથ્યાપણાથી સાદૃશ્ય છે એમ કહે તો પછે અવાધ આવી રહ્યો. જ્યારે બ્રહ્મ મિથ્યા છે ત્યારે રહ્યું શું? માટે આ કોટી પર કાંઈ જવાબ સર નથી અથવા આ કોટી ન કબૂલ કરતાં આ બાબતપરજ વિચાર કરતા હોય, જે સરખાવટ વિના ભ્રમ થાય છે, કે અહિ જેમ આ આકાશ કાળું છે, અહી નથી સદૃશતા અને નથી આકાશ આંખનો કે નાકનો વિષય તેમ બ્રહ્મમાં આ જગ ભ્રમ થાય છે. અને નથી સદૃશતા, અને નથી આંખ વિગેરેનો વિષય, આ કોટીપર ધ્યાન દઈએ તો જેવી ધારીએ તેવી મજબૂત નથી કારણ કે આમાં બ્રહ્મનું અને આકાશનું દૃષ્ટાંતજ મળતું નથી કારણ કે આકાશ મનોગોચર છે, અને વ્યવહારનો વિષય છે. બ્રહ્મ નથી મનોગોચર અને નથી વ્યવહારનો વિષય; તેથી બ્રહ્મમાં જગત્નો ભ્રમ છે એ વાત મનાતી નથી. વળી આ પણ સંદેહ થાય છે કે આરોપ માનીએ તો શી અડચણ કારણ કે આરોપમાં સામાન્ય જ્ઞાનનુંજ કામ છે. વિશેષ જ્ઞાનનું કામ નથી. તે નિર્વિશેષ બ્રહ્મમાં જગતનો આરોપ છે કાંઇ

જગત્ છે નહિં. આ પણ કોટી વગરપગની છે માટે વધારે ચાલે તેમ નથી. યદ્યપિ આરોપમાં વિશેષ જ્ઞાનનું કામ નથી તે ખરૂં પણ સામાન્ય જ્ઞાન તો જોઇએ વાદીના મનમાં નિર્વિશેષ બ્રહ્મમાં જ્ઞાનનો અભાવજ માનેલ છે. માટે એ કેમ કબૂલ કરાય ? કોઇનું એ પણ કહેવું છે, કે નિષેધને આગેવાન કરીને જે જ્ઞાન છે તે સામાન્ય જ્ઞાન છે જેમકે બ્રહ્મમાં અમુક છે તો ના અમુક છે તો ના. એમ કરતે કરતે જે બાકી બચે તે બ્રહ્મ. તો સામાન્ય જ્ઞાન થશે ત્યાં વિશેષ જ્ઞાનનું કામ નથી. માટે હવે આરોપ થઈ શકશે, અને જગત્ છે એમ જણાશે. આ વાત પણ હસીકાઢવા જેવી છે કારણ કે આવી રીતે જે સાધારણ જ્ઞાન થવું તે શાસ્ત્રના પ્રયાસપૂર્વક અભ્યાસથી અને તે પણ કોઈ વિદ્વાનને; મૂર્ખને કાંઈ તેવું જ્ઞાન હોતું નથી માટે મૂર્ખને આ જગત્ છે એવું ભાન ન થવું જોઇએ. કારણ કે વાદીએ જે સાધારણ જ્ઞાનનું લક્ષણ કહ્યું છે, તત્પ્રકારક સાધારણ જ્ઞાન મૂર્ખને હોતું નથી એ તો કાળા અક્ષરને કીડી મંકોડી સમજનાર હોય છે. અને જો જ્ઞાન હોય તો પછે મૂર્ખપણાની પદવી કેમ ભોગવે ? એટલે એ વાત પર લક્ષ દઈએ છીએ તો તેમ છે. કારણ કે આ જગત્ છે આટલું ભાન તેઓને છે સામાન્ય જ્ઞાન સર્વને હોય છે. જેમ બાલકને તેમ ખબર બરાબર નથી કે આકાશમાં રૂપ નથી તેથી એમ કહેશે કે ‘ આ કાંઈ કાળું છે ’ તેના મનમાં આકાશ કહેવાનું છે, તેમ નિર્વિશેષબ્રહ્મમાં પણ ભ્રમ સંભાવના થઇ શકે છે હવે આ પર પણ લગાર વિચાર કરશું તો અહિં પણ જ્ઞાન કાંઇક રહે છે. ‘આ કાંઇક કાળું છે’ એ વાકયમાં કાંઇક પણ આકાશનું જ્ઞાન બન્યું રહ્યુંજ તો ? એટલે અધિષ્ઠાનનું સાધારણ જ્ઞાન રહ્યું સર્વથા જ્ઞાનનો અભાવ નથી તેમ બ્રહ્મમાં કેમ ઘટે ? તેમાં તો જ્ઞાનનો અભાવ માની બેઠા છે કદાચ એમ કહે કે બીલકૂલ અધિષ્ઠાનરૂપ આકાશનું બાલકને ભાન નથી અને કહે છે કે આ કાળું છે, હવે કેમ ? બહુજ

સારૂં. આકાશનો કાંઇ પણ સંબંધ નથી અને જો એને આકાશનું જ્ઞાન છે તો એ ભ્રમજ કહેવાય નહી એ તો પ્રમા ઠરી હવે શું કહો છો? માટે વધારે વાદાવાદી કરવામાં શું સાર છે? આમ તો માનવુંજ જોઇએ જે અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન ભ્રમનું અથવા આરોપનું કારણ થાય છે. કદાચિત્ આમ કહેવા તૈયાર હોય છે. અસ્તિ રૂપથી જ્ઞાન છે બ્રહ્મનું, તો બ્રહ્મનું અજ્ઞાન નથી પણ ઘટ છે, પટ છે, એમ જ્ઞાન છે તો ઘટની અસ્તિરૂપથી સત્તા છે કાંઈ નિર્વિશેષ બ્રહ્મની તે સત્તા મનાય તેમ નથી વળી આ જગત્‌ને જોનાર ઇશ્વરને પણ ભ્રાંત જાણવો જોઇએ કારણ કે છીપમાં રૂપુ જે જુવે છે માટે આ જગત્‌ને તે તો ભ્રાંતજ હોવો જોઇએ, જોનાર પણ ભમી ગયેલ ઠર્યો અને હવે વધારે શું કહેવું જોઇએ. બ્રહ્મ મીમાંસામાં વ્યાસાચાર્ય પણ એમ કહે છે આ જગત્ સ્વપ્ન જેવું નથી આ જગત્ ઝાંઝવાના જળ જેવું નથી આ વાંઝણીના છોકરા જેવું નથી આ જગત્ અમાવાસ્યાના ચંદ્ર જેવું નથી વધારે શું કહેવું, અસત્ય પ્રતિપાદક કોઈ કોઈ દૃષ્ટાંત આવ્યું નથી; માટે આપણે એવી રીતે માનવામાં હાંસલ શું છે? તે જણાતું નથી? ભગવાન પણ ગીતાજીમાં અસત્ય માનનારને નાસ્તિક કહે છે તો શું નાસ્તિકનો ખિતાબ લેવો છે? તેમ કહીએ જો જગત્ મિથ્યા તો જગતમાં જેટલાં જ્ઞાન છે તે પણ મિથ્યા સમજવાં જોઇએ. જો છેલ્લી વૃત્તિને માનો તો તેનું સવિસ્તર સ્વરૂપ પાછળમાં લખવામાં આવ્યું છે તેથી તે પણ નથી કહી શકાતું, બ્રહ્મનું સ્વરૂપભૂત જ્ઞાન થાય છે, અને તે જ્ઞાન આ સંસારનો નાશ કરે છે; તેમ માને તે નિર્વિશેષવાદમાં આક્ત અને જો બ્રહ્મ જગત્‌નો નાશ કરે તો બધાનો મોક્ષ થવો જોઇએ અને જો બધાયનો મોક્ષ થાય છે એમ માને તો મોક્ષનાં સાધન જે મનનાદિ વિધિ છે તે વિધિ વ્યર્થ થાય, અને તેનો ઉપદેશ કરનારાં વેદવચનો સઘળાં વ્યર્થ જાય, માટે તેમ માનતાં વિચારવું જોઇએ. બ્રહ્મ વ્યાપક છે, એ પણ સિદ્ધ કરવું

મુશ્કેલ છે, કેમકે વ્યાપ્ય સિદ્ધ થયા વિના વ્યાપક સિદ્ધ થાય નહિ, જો વ્યાપ્ય પદાર્થજ કાંઈ નહિ અથવા અજ્ઞાનથી કલ્પિત છે તો વ્યાપક પણ તેમજ, આમ કદાચ સ્વીકારે તો પણ આંટી છે કારણ કે શ્રુતિમાં કહે છે જે બ્રહ્મ વ્યાપક છે, તો શ્રુતિને પ્રમાણ માન્યાવગર ચાલેજ નહી અને જગતને અસત્ય માને તો જગતમાં રહેલી શ્રુતિઓ પણ અસત્ય સમજવી જોઇએ, વ્યવહારમાંજ પ્રમાણ માને તો પરમાર્થથી બ્રહ્મ નિર્વિશેષ નિરાકાર, અજ્ઞેય, આદિ જે કહેવું તે અપાર્થ થશે. જગત્ સદસદ્વિલક્ષણ છે, આ કહેવું પણ સાધારણ છે આ બાબતમાં ઉપર બહોળું લખી આવવાથી, અહિં પિષ્ટપેષણનું કામ નથી. આ ઉપરથી કેટલાએક સંદેહ થયા તે સઘળા લખ્યા છે, અને એ લખવા તાત્પર્ય એ છે જે માયિક છે એમ કહેવું નથી બની શકતું. ઉપસંહાર કરવામાં આવે છે કારણ કે આ વિષયનો પાર આવે તેમ નથી, આ વિષય કાંઈ સાધારણ નથી અને આ બાબત પર ગ્રંથો પણ ઘણા લખાતા આવ્યા છે અને લખાય છે. જેઓની જેટલી બુદ્ધિ તે તેટલું સમજી શકે. આકાશમાં ગરૂડ પણ ઉડે છે, અને મચ્છર પણ ઉડે છે. પરંતુ આકાશનો પાર કોઈ પામતું નથી તેમ આ બ્રહ્મનો વિષય અગાધ છે તેથી આનો પણ પાર આવે તેમ નથી. આ વ્યાખ્યાન માયિક પદનું છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે, કે આ શ્લોકમાં જે કહ્યું કે વાદી અનેક પ્રકારે કહે છે તો શ્રુતિ તો સઘળાને માનનીય છે; પણ શ્રુતિનું તાત્પર્ય તેઓને પ્રકારાંતરથી ભાસ્યું જેથી મત ભેદ થયો છે. તે જણાવવાને વિવૃતિમાં શ્રીવિઠ્ઠલનાથજી તે તે મત પ્રવર્ત્તકોના નામથી કહે છે. માયા ઉપાદાનથી આ જગત બન્યું છે એમ માયાવાદી કહે છે, આ વિષય ઉપર તો ઘણું લખવામાં આવ્યું છે. હવે સગુણ અને ગુણોનું કાર્ય આ જગત્ છે એમ સાંખ્ય શાસ્ત્રકારનું મત છે. સાંખ્યશાસ્ત્રનું મત બાલબોધના ૬—૭ શ્લોકના વ્યાખ્યાનમાં ઘણું વિષદ કરી

દેખાડવામાં આવ્યું છે માટે અહિં ફરી લખવાની જરૂર જણાતી નથી. આ જગત્ કાર્ય છે, અને ઈશ્વર તે આનું કારણ છે કારણમાંથી કાર્યની ઉત્પત્તિ થાય છે ને ઈશ્વરથી આ જગત ઉત્પન્ન થાય છે. એમ વૈશેષિક દર્શનકારનું મત છે. કોઇ પ્રસંગે આ મતનું સ્વરૂપ બતાવવામાં આવશે. પૂર્વમીમાંસા શાસ્ત્ર કારનું આવું મત છે કે આ જગત્ સ્વતંત્ર છે, અને આવું જગત્ કોઈ વખતે હતું નહિં આ મીમાંસક લોકો કર્મપ્રધાન વાદિ છે. આ સઘળાં આસ્તિક દર્શન કહ્યાં અને જેટલા નાસ્તિ દર્શન છે તે વેદબાહ્ય છે. તો વેદબાહ્ય મતોનું સ્વમત સ્થાપન કરવાથી ખંડન થઈ જાય છે. માટે પ્રથક્ લખવાની કાંઈ આવ શ્યકતા નથી વેદબાહ્ય બૌદ્ધ ચાર પ્રકારનાં છે માધ્યમિક, વૈ ભાષિક, સૌત્રાંતિક, અને બીજા આર્હત મતવાળા અને ત્રીજા ચાર્વાક જેનું બીજું નામ લોકાયતિક છે, અને વામમત શાક્ત આદિ અનેક મતમતાંતર છે, તે સઘળાનું નિરાકરણ શ્રુતિઓથી કર્યું છે માટે અહિં શાને લખવું જોઇએ ? શ્રુતિના અર્થને પ્રકાશ કરનાર ભાષ્યમાં સારી રીતે વિસ્તારથી નિરાકરણ કર્યું છે માટે દ્વિતીયાધ્યાયના અણુભાષ્યના પ્રકાશથી જાણવું જોઇએ.

શ્રી ગોકુલનાથજી કહે છે જે સ્વમત નિરૂપણથી તે નિરાકરણ થઇ જશે કારણ કે સ્વમત શ્રુતિ પ્રતિપાદિતજ છે શ્રીકલ્યાણરાયજીનું કહેવું લાલુભટજીના અને શ્રીપુરૂષોત્તમના કહે વાથી અધિક અને અપૂર્વ નથી તેથી જુદો અનુવાદ કર્યો નથ ટિપ્પણમાં કાંઇ વિશેષ લખવામાં આવ્યું નથી માટે અનુવા કર્યો નથી.

આ ચોથા શ્લોકનો સારાંશ એ છે જે પુર્વ શ્લોકમાં સ્વ સિદ્ધાંત કહેવામાં આવ્યો હતો જે પરબ્રહ્મ શ્રી [illegible] છે. અને અક્ષરબ્રહ્મ પ્રપંચરુપ છે; વ્યાપક છે. એ સઘળું કહ્યું આ શ્લોકમાં વાદીના મતો કહેવામાં આવ્યાં જે પ્રપંચરૂપે કરી અક્ષરબ્રહ્મ પ્રકટ્યા છે તેને વાદી અનેક પ્રકારથી વદે છે. કેટલાએક માયાના

દેસાઇ પુરુષોત્તમદાસ ગટભાઇ
[illegible] R.

ઉપાદાનથી સરજ્યું છે, માટે માયિક છે. એમ કહે છે (માયાવાદી) કેટલાએક કહે છે, જે ગુણોનું કાર્ય છે (સાંખ્ય) વળી કેટલાએક કહે છે જે દ્વયણુકાદિ ક્રમેથી કાર્ય છે તે ઈશ્વર કાર્ય છે (વૈશેષિક) કેટલાએક કહે છે જે આ સ્વતંત્ર ચમત્કારિક છે (ભીમાંસક) એ શિવાય નાસ્તિકો વામ શાક્ત વગેરે અનેક પ્રકારથી માને છે પણ મત બતલાવાનો એજ હેતુ છે કે સ્વમત અંતઃકરણમાં થાય, તેમજ સ્વમતનું પ્રતિપાદન કરવાથી આર્થિક પરમતનું નિરાકરણ પણ થઇ જાય; માટે બીજા મતો દેખાડવામાં આવ્યા

આ વિષય એવો ગહન છે. અને વિસ્તૃત છે. કે જેટલુ લખીએ તે થોડુ પણ વાંચનારને રસ ન ઉપજે માટે જલદી ઉપસંહાર કર્યો છે શ્રીમન્મહાપ્રભુજીનાં ગ્રંથ એવા તો ગંભીર છે કે જેમ વિચાર કરવામાં આવે તેમ અભિપ્રાય ખુલતો જાય માટે આપ સર્વેને મારી એ વિનંતિ છે, કે દરરોજ પાઠ કરતી વેળાયે અર્થ ઉપર વિચાર કરતા જાજો જેથી પાઠનું અધિક ફળ થાય. ॥ ૪ ॥

પૂર્વ શ્લોકનું વ્યાખ્યાન થોડું વિસ્તારવાળું છે. તેથી હવે કમાં કરવામાં આવશે. બીજા મતોને પૃથક્ જણાવી ખંડન કરવાની જરૂર નથી, અને જો તેઓનું નિરાકરણ જાણવું હોય તો પણ સ્વમત જાણવાથી બીજાનું નિરાકરણ સિદ્ધજ છે માટે સ્વસિદ્ધાંત હવે લખવામાં આવે છે.

मूलम्–तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ॥

સાન્વયપદાર્થઃ—तत् તે (અક્ષરબ્રહ્મ) एव જ एत त्प्रकारेण એ (જગતની) રીતે કરીને भवति થાય છે इति એ રીતનો श्रुतेः વેદનો मतं મત (છે)

દર્થ—તેજ અક્ષરબ્રહ્મ આ પ્રપંચાત્મક (જગતરૂપ) છે
ાનો મત છે.

ાર્થ—તેજ બ્રહ્મ આ પ્રપંચાત્મક છે એમ બૃહદારણ્યક
ી જણાય છે જેમકે—

ાની જરૂર
આનું કારણ
આ જગત
કોઇ પ્રસંગે
માંસા શાસ્ત્ર
અને આવું
કર્મપ્રધાન
ાલા નાસ્તિક
મત સ્થાપન
કાંઈ આવ
ધ્યમિક, વૈ
અને ત્રીજા
મત શાકત
ુ શ્રુતિઓથી
ના અર્થનો
કરણ કર્યું છે.
જોઇએ.

રૂપણથી તેનું
પાદિતજ છે.
ત્તમના કહે-
દ કર્યો નથી
ટે અનુવાદ

શ્લોકમાં સ્વ-
છે. અને
આ શ્લોકમાં
અક્ષરબ્રહ્મ
એક માયાના

"सहैतावानास"

અર્થ—તે આ સઘળા સાથે થયા.

ભાવાર્થ—આ સઘળું અક્ષર બ્રહ્માત્મક છે એમ આ શ્રુ સિદ્ધ કરી બતાવે છે. તેમજ બીજી પણ શ્રુતિ—

"सर्वं खल्विदं ब्रह्म"

અર્થ—આ સઘળું બ્રહ્મ છે, એટલે અક્ષર બ્રહ્માત્મક બીજી પણ શ્રુતિ

"तज्जलान्"

અર્થ—તે બ્રહ્મથી આ પ્રપંચ ઉત્પન્ન થયો છે. તેમાં પાછો લીન થાય છે અને તેજ આની રક્ષા કરે છે.

ભાવાર્થ—આ પ્રપંચને ઉત્પન્ન કરનાર અને ફરી લી કરનાર અને પાલન કરનાર તેજ બ્રહ્મ છે. માટે આ પ્રપંચ પ નિત્ય છે. આ વિષય પહેલાં લખવામાં આવ્યું છે માટે અ વધારે લખવાની જરૂર નથી.

પ્રકાશમાં શ્રીપુરૂષોત્તમજી પણ આ ઉપર લખી તે શ્રુ એ લખીને મુંડકની પણ શ્રુતિ લખે છે. જેમકે—

"यथा प्रदीप्तात्पावकाद्विस्फुलिंगाः सहस्रशः प्रभवंते सरूपाः
तथा अक्षराद्विविधाः सौम्यभावाः प्रवर्तंते तत्र चैवापि यंति ॥ इ

અર્થ—જેમ પ્રદીપ્ત અગ્નિના અંગારમાંથી હજારો તણ નિકળે છે અને તે સઘળા સરૂપ હોય છે તેમજ અક્ષર બ્રહ્મ થી પણ અનેક પ્રકારના ભાવો નિકળે છે અને અંતે તેમાંજ મળે

આ પ્રમાણે અનેક શ્રુતિઓથી સિદ્ધ થાય છે જે પ્રપંચ આકારમાં અક્ષર બ્રહ્મજ થયા છે. જેમ નૃસિંહોત્તરતાપિનીમાં પણ પહેલાં લખેલી શ્રુતિ લખ્યા પછી ઉપસંહાર કરતી વેળાએ પરમાત્માનેજ જગતના કારણ કહેલા છે માટે શ્રુતિઓનો પરસ્પર આ વિરોધ છે. એમ ન સમજવું.

શ્રીગોકુલનાથજી લખે છે કે સ્વમતના નિરૂપણથી પરમતનું નિરાકરણ થાય છે, કારણ કે સ્વમત શ્રુતિપ્રતિપાદિત છે હવે જે અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ કહ્યાં તેનેજ દૃષ્ટાંત દઈ દૃઢ કરી દેખાડે છે.

મૂલમ્—દ્વિરૂપં चापि गंगावत्ज्ञेयं साजलरूपिणी ॥५॥

સાન્વયપદાર્થઃ—च અને द्विरूपं (એક જગત્રૂપ અને તેથી બીજું પોતે અક્ષરરૂપ એમ) બે રૂપ વાળું (અક્ષરબ્રહ્મ) अपि પણ गंगावत् ગંગાજીની પેઠે ज्ञेयं જાણવું (જેમ) सा તે (શ્રી ગંગાજી એક) जलरूपिणी જલરૂપી (આધિ ભૌતિકી)

શબ્દાર્થ—પ્રપંચરૂપ અને તદ્‌ભિન્નરૂપ એ બે પ્રકારથી અક્ષરબ્રહ્મના પણ બે રૂપ છે એમ જાણવું, તેમાં દૃષ્ટાંત આપે છે જેમ ગંગા જળરૂપિણી છે, અને તદ્‌ભિન્ન રૂપવતી પણ છે.

ભાવાર્થ—તે એકજ અક્ષરબ્રહ્મના બે રૂપ છે. એક તો પ્રપંચાત્મક અને બીજું પ્રપંચથી ભિન્ન જ્ઞાનીઓની ગતિરૂપ એ મળીને બે રૂપ. આમાં દૃષ્ટાંત દેવામાં આવે છે જેમ શ્રીગંગાજી એક તો જળ રૂપિણી અને બીજાં તીર્થરૂપિણી. એ મળીને બે રૂપ છે.

વધારે વિચાર કરી જોતાં શ્રીગંગાજીનાં ત્રણ રૂપ છે તેમ પણ કહી શકાય છે તે શ્લોકમાં લખવામાં આવશે.

શ્રીગંગાજીનું એક તો આધિભૌતક રૂપ જે કે જલ રૂપ છે. જેની વૃષ્ટિથી વૃદ્ધિ દેખાય છે, અને વધારે તાપથી હ્રાસ દેખાય છે જે જલ સર્વ વ્યવહારમાં કામ આવે છે તે શ્રીગંગા- ધિભૌતિક રૂપ કહેવાય છે. ॥૫॥

માણે પાંચમા શ્લોકમાં ગંગાજીનું પ્રથમ સ્વરૂપ ખાવ્યું. હવે આ છઠ્ઠા શ્લોકમાં તેનું બીજું જે આ- રૂપ છે તે દેખાડવામાં આવે છે.

मूलम्—माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा।
मर्यादामार्गविधिना तथा ब्रह्माऽपि बुद्धयताम्॥

सान्वयपदार्थः—माहात्म्यसंयुता (પોતાનાં) માહાત્મ્યે કરી સંયુક્ત એવાં (તીર્થરૂપી કે જે) **मर्यादामार्गविधिना** મર્યાદા માર્ગની રીતે **सेवतां** (સ્નાન, દાન, પૂજન વગેરે કરીને) સેવા કરનારાં **नृणां** મનુષ્યોને **भुक्ति मुक्तिदा** ભોગ અને મોક્ષરૂપ (ફલને) આપનારાં છે **तथा** તેમ **ब्रह्म** અક્ષરબ્રહ્મ **अपि** પ **बुद्धयतां** જાણવું.

અર્થ—મર્યાદા માર્ગના પ્રકારથી સેવા કરનાર મનુષ્યોને જે માહાત્મ્ય યુક્ત છે ને ભોગ મોક્ષ આપનાર છે તે (તે તીર્થરૂપ) આધ્યાત્મિકી જાણવાં જોઈએ, તેમ અક્ષર બ્રહ્મ પણ જાણવા

ભાવાર્થ—જે ગંગાજીનાં ત્રણ રૂપ કહ્યાં છે તેમાંનું પ્રથમ રૂપ જે આધિભૌતિક તે તો પૂર્વ શ્લોકમાં કહ્યું, હવે આમાં આધ્યાત્મિકનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તો આધ્યાત્મિક તેજ રૂપ જાણવું કે જે તીર્થરૂપ છે. એટલે જેમાં સ્નાન પૂજા મર્યાદા માર્ગની પદ્ધતિથી વિધિ પૂર્વક કરવાથી શાસ્ત્રોક્ત ધર્મ સિ થાય છે. જો કે પ્રવાહમાં જે જળ છે તે, અને એક ઘડામાં જળ ભરેલું છે તેમાં જળપણાથી તો કાંઈ વધારે ઓછું દેખાતું નથી તો પણ જે માહાત્મ્ય પ્રવાહનું છે તે માહાત્મ્ય ઘડામાં રાખે ગંગાજળનું નથી. એટલે પ્રવાહમાં સ્નાન કરવાથી જે ભોગ મોક્ષરૂપ ફળ મળે છે, તેજ ફળ સો બસો ગાઉ પર ગંગાજળથી નાહાવાથ મળે નહિં; મળે છે એમ કોઈ સ્મૃતિ સાક્ષી દેતી નથી એ શ્રીપુરૂષોત્તમજી લખે છે. પ્રવાહમાં જે જળ છે અને બા જે ભેદ છે તેજ શ્રીગંગાજીનું રૂપાંતર છે. તેમજ પ્રપંચ અને પ્રપંચથી ભિન્ન એ અક્ષરબ્રહ્મનાં બેય રૂપ જાણવાં જોઈએ. જેમ ગંગાજીના આધિભૌતિકરૂપમાં વૃદ્ધિહ્રાસ છે. તેમ પ્રપંચમાં પણ છે, જેમ માહાત્મ્યયુક્તના સેવન કરવાથી ભોગ મોક્ષ મળે

છે જેમ બાહિર ઉદ્ધૃત કેવળ જળના સેવનથી ભોગ મોક્ષ નથી મળતો; તેમ કેવળ પ્રપંચની ધ્યાનાદિ ઉપાસનાથી મોક્ષ થતો નથી આ સઘળું દૃષ્ટાંતમાં પણ ઘટે છે. મૂળ શ્લોકમાં सेवतां એવો શબ્દ આવેલો છે. તે સેવૃ ધાતુથી શતૃ પ્રત્યય કરવાથી પ્રયોગ થયો છે આને વાસ્તે કોઇ એમ સમજે કે આ ધાતુ આત્મનેપદીજ છે માટે શાનચ્ પ્રત્યયજ થવો જોઇએ, તો તેને વાસ્તે એમ નિયમ છે જે અનુદાત્તેત્ માની આત્મનેપદ છે તે અનિત્ય છે, માટે પરસ્મૈપદ પણ બની શકે છે. અને આવા પ્રયોગ પણ આવે છે—

“ त्वां सेवतां सुरकृता बहवोऽन्तराया ”

આમાં પણ सेवतां એવો પ્રયોગ છે તેથી સેવતાં આ પ્રયોગ અસાધુ છે એમ કોઈએ શંકા રાખવી નહિં. આ શ્લોકની વ્યાખ્યાઓમાં ટીકાકારો વધારે લખતા નથી તેથી અનુવાદ કર્યો નથી ।। ૬ ।।

પાંચમા તથા છઠ્ઠા શ્લોકમાં ગંગાજીનું આધિભૌતિક તથા આધ્યાત્મિક સ્વરૂપ દેખાડયું હવે આ સાતમા શ્લોકમાં આધિદૈવિક સ્વરૂપ દેખાડવામાં આવે છે.

मूलम्—तत्रैव देवता मुर्तिर्भक्तया या दृश्यते क्वचित् ।।
गंगायां च विशेषे । प्रवाहाभेदबुद्धये ।।७।।

સાન્વયપદાર્થઃ—तत्र તે (બે રૂપવાળાં શ્રીગંગાજી) માં एव
या જે देवता દેવતારૂપી मूर्तिः મૂર્તિવાળાં (આધિદૈવિક ગં-
ા તે (આધિદૈવિકી મૂર્તિ) भक्त्या ભક્તિવડે गंगायां
માં च જ क्वचित् કોઈક વખતે (ભક્તિના ઉત્કર્ષની
ગંગાદ્વાર વગેરે કોઇક સ્થળમાં) विशेषेण વિશેષે
ની ઘણીક અધિકતાયે કરીને) प्रवाहाभेदबुद्धये
હમાં અભેદ બુદ્ધિવાળા (પુરૂષ)ને

અર્થ—તે (આધિભૌતિક અને આધ્યાત્મિકરૂપ ગંગાજી)માં દેવતારૂપ ગંગાજી છે. અને તે જ્યારે ભક્તિનો ઉત્કર્ષ થાય ત્યારે ક્યાંક દેખાય છે. દેવતારૂપ ગંગાજીમાં જેની ભક્તિ વધે છે. તેને પ્રવાહમાં દર્શન દીએ છે. કારણ કે પ્રવાહથી ગંગાજી અભિન્ન છે એમ એ (ભક્ત) ની બુદ્ધિ છે માટે.

ભાવાર્થ—શ્રીગંગાજીનું તૃતીય સ્વરૂપ જે આધિદૈવિક છે તેનું પ્રતિપાદન આ શ્લોકથી કરવામાં આવે છે. ગંગાજીનું આધિદૈવિકરૂપ આધિભૌતિક અને આધ્યાત્મિક ગંગાજીમાંજ રહે છે. જેમ જળમાં અને તીર્થમાં ભેદ દેખાડવામાં આવ્યો તેમ તીર્થરૂપથી ભિન્ન દેવતારૂપ દેખાડવું જોઇએ ત્યાં કહે છે કે મૂર્તિ દેખાય છે. આ જે મૂર્તિ દેખાય છે તે આધિદૈવિક ગંગાજીનું રૂપ છે. કદાચિત્ અહિં એવી શંકા ઉપજવા અવસર મળે છે, કે એ મૂર્તિ કોને દેખાય છે અને ક્યાં ક્યાં દેખાય છે. તેના ઉત્તરમાં કે ભક્તને દર્શન થાય છે. જ્યાં ભક્તિ વધે છે ત્યાં દર્શન થાય છે. અથવા ગંગાદ્વારાદિ સ્થલોમાં દર્શન થાય છે. આ જે દર્શન થાય છે તે ભક્તિથીજ થાય છે કાંઇ મર્યાદામાર્ગના પ્રકારથી ઉપાસના કરવાથી થતું નથી એ વાત સૂચવવાને મૂલ શ્લોકમાં ભક્તિ એ પદ મૂકવામાં આવ્યું છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે આધિદૈવિક ગંગાજીનું સ્વરૂપ છે એમાં પ્રમાણ શ્રીગુસાંઇજી આપે છે. એટલે વિવૃતિમાં કહ્યું છે જે **नत्र प्रमाणम्** તો તે પ્રમાણ શાબ્દ અને પ્રત્યક્ષ. પુરાણાદિકમાં કથા છે તેથી સિદ્ધ છે. જેમકે પુરાણાંતરમાં આવી પણ કથા છે કે ભગીરથ રાજાએ શ્રીગંગાજીને ભીષ્માદિના માતૃભાવથી બીરાજતાં જોયાં છે. બીજું ભગીરથને ગંગાજી પ્રસન્ન થયાં અને વરદાન આપ્યું ઇત્યાદિ કથા કેવલ આધિભૌતિકમાં અથવા આધ્યાત્મિકમાં ઘટેજ નહિ. તે આધિદૈવિક વિશિષ્ટમાં ઘટે છે. જેનું વર્ણન કરવામાં આવે છે કે શરત્કાલના ચંદ્રમા જેવાં શ્વેત છે જેના મુકુટમાં ચંદ્રકલા બાંધી છે. જેના ચાર ભુજ

અને તેમાં ક્રમથી કલશ, કમલ, વરમુદ્રા અને અભયમુદ્રા છે. તાં શ્વેત વસ્ત્ર છે, જેનું વાહન મકર છે, ઇત્યાદિ પ્રકાર જેનું વર્ણન કરવામાં આવે તે વિના આધિદૈવિકીમાં કેમ ઘટે ? પુરાણમાં તો ઘણાએ શ્રીગંગાજીની બાબતમાં ઇતિહાસ છે પરંતુ ગ્રંથ ગૌરવના ભયથી અહીં દેવામાં આવ્યાં નથી તેથી શબ્દ પ્રમાણ સિદ્ધ છે. હવે બીજું પ્રમાણ પ્રત્યક્ષ તે પણ કહેવામાં આવ્યું છે કારણ કે ભક્તિથી શ્રીગંગાજીની મૂર્તિનાં દર્શન થાય છે તો તે કેતો ગંગાદ્વારાદિ સ્થલમાં અથવા ગૃહાદિકમાં પણ થઈ શકે છે, આથી ચાક્ષુષ પ્રત્યક્ષ કહેવાયું શ્રીવલ્લભાચાર્યજીએ ભક્તિથી દેખાય છે એમ કહ્યું અને વિવૃતિમાં કહ્યું જે ભક્તિ વધે ત્યારે એટલે જ્યારે ભક્તિનો ઉદ્રેક થાય ત્યારે એમ કહ્યું એ યુક્ત છે. માટે **क्वचित्** પદનો બીજો પણ અર્થ કરવામાં આવ્યો છે કે ગૃહાદિકમાં પણ દર્શન થાય છે, હવે ગૃહાદિકમાં જે દર્શન થાય છે સઘળા ભક્તોને થાય કે કોઇનેજ ? જો સઘળાને થાય એમ કહે તો તેમ તો બનતું નથી કારણ કે જો સઘળા ભક્તને ઘરમાંજ ગંગાજીનાં દર્શન થયા કરે તો ત્યાં સુધી કોઈ જાય નહિ માટે શ્રીઆચાર્યજી મૂલ શ્લોકમાં આજ્ઞા કરે છે જે ત્યાં દેવતામૂર્તિ દેખાય છે એટલે આધિભૌતિકમાં અને આધ્યાત્મિકમાં દેખાય છે તે પણ બહુજ ભક્તિ વધે ત્યારે; અને તે પણ કોઇક ઠેકાણે એટલે ગંગાદ્વારાદિ સ્થલવિશેષમાં; આમ દેખાવામાં પ્રયોજન કહે છે કે ભક્તને વાસ્તે. જે ભક્ત સાધારણ મર્યાદા માર્ગથી ઉપાસના કરતો હોય તેને નહિ, પરંતુ ભક્તિ જેને સિદ્ધ થઈ ગઈ હોય તેને દર્શન દીએ છે. આ શ્લોકમાં "प्रवाहाभेद बुद्धये" આમ પદ છે આનો સરલ એવો પણ અર્થ થઈ શકે છે કે પ્રવાહનાં જે અભેદ બુદ્ધિ તેને સારૂં એટલે પ્રવાહ અને ગંગાજી એકજ છે આ બુદ્ધિને સારૂ દર્શન આપે છે. આવો અર્થ કરવો નહિં કારણ કે એ અર્થ બાધિત છે. અને સર્વ વ્યાખ્યાકારને સંમત નથી અને કાંઈ વિશેષ ચમત્કારિક નથી

તેથી આદૃત નથી. સાધારણ વિચાર કરીએ તો પણ એમ જણ
છે કે પ્રવાહમાં આધિદૈવિક ગંગાજીમાં ભેદબુદ્ધિ ભક્તની
થાય તે વાસ્તે ગંગાજી તેને દર્શન આપે છે, આ કહેવું ફ
વિચારથી છે માટે તેમ અર્થ નહિં કરવો. પ્રવાહમાં અને આધિ
દૈવિક શ્રીગંગાજીમાં જેને ભેદબુદ્ધિ નથી તેવા ભક્તજનને સા
દર્શન દીયે છે કારણ કે ભક્તવશ છે તેથી પ્રવાહના મધ્યમ
પ્રત્યક્ષ થાય છે.

ટિપ્પણમાં શ્રીવ્રજરાયજી લખે છે કે મૂલ શ્લોકમાં જે ક્વચિત
પદ મૂકવામાં આવ્યું છે તેના બે અર્થ થઇ શકે છે એક તો
કાલવાચક છે અને બીજું સ્થાનવાચક છે; કાલવાચકનો અર્થ તો
વિવૃતિમાં કર્યો છે કે જ્યારે ભક્તિનો ઉદ્રેક થાય ત્યારે પ્રવાહમાં
પ્રત્યક્ષ થાય છે અને સ્થાનવાચકનો અર્થ પણ કરવામાં આવ્યો
છે જે ગૃહાદિકમાં અથવા ગંગાદ્વારાદિ સ્થલવિશેષમાં પ્રત્યક્ષ
થાય છે; આ બન્ને અર્થ કરવામાં આવ્યા છે. પ્રત્યક્ષ થાય છે
તેનો અર્થ એમ કરવો કે છ પ્રકારનું પ્રત્યક્ષ છે તે માંહેલા પ્રકાર
યોગ્ય અને સંભવે તેટલા લેવા જોઈએ.

શ્રીગોકુલનાથજી લખે છે જે જેમ ગંગાજીનું આધિદૈવિકરૂપ
ભક્તિથી દેખાય છે, તેમજ પુરૂષોત્તમનું સ્વરૂપ પણ ભક્તિથીજ
દેખાય છે.

હવે શ્રીવિઠ્ઠલનાથજી વિવૃત્તિમાં ઉપસંહાર કરે છે. અને
જે ગંગાજીનું દૃષ્ટાંત દીધું છે તેને પ્રકૃતમાં મેળવે છે—

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે જે પ્રપંચમાંજ ભગવદાકાર અને ભગવદ્ભક્તનાં દર્શન થયા પછી ભગવાન્‌માં જ્યારે સ્નેહાતિશય થાય છે ત્યારે ભગવદ્ભેદબુદ્ધિને સારૂ ભગવાન્ પ્રકટ થાય છે. જેમ ગંગાજી આધિભૌતિકમાં અને આધ્યાત્મિકમાં આધિદૈવિક પ્રગટ થાય છે તેમજ અહીં પણ સમજવું; ત્યાં પ્ર

[illegible] બુદ્ધિ જેને છે તેને માટે અને અહીં ભગવાન્ [illegible] છે, એવી બુદ્ધિ જેની છે તેવા ભક્તને અર્થે [illegible] સર્વમય છે, એવી બુદ્ધિ [illegible] થાય છે.

[illegible] પ્રકાશમાં શ્રીપુરૂષોત્તમજી લખે છે કે ભૌતિકી જ ગંગાજીમાં [illegible] આધિદૈવિકનું પ્રાકટ્ય લખ્યું તેથી ભૌતિક જે ભગવદાકાર તેમાં [illegible] ને ભગવદ્ભક્તમાં તેમજ પ્રાકટ્ય થાય છે. એટલે ભગવદાવિર્ભાવ થાય છે.

ટિપ્પણમાં લખવામાં આવ્યું છે જેમ આધિભૌતિક ગંગાજીમાં આધિદૈવિક ગંગાજીનો આવિર્ભાવ થાય, કાંઈ આધિદૈવિક સરસ્વતીનો આવિર્ભાવ થતો નથી; કારણ કે જે વસ્તુમાં જે હોય તે વસ્તુમાં તેનો આવિર્ભાવ થવાની રીતિ છે. તો આ પ્રપંચમાં પણ ભગવાન્ બીરાજે છે માટે આવિર્ભાવ થાય છે. પ્રપંચમાં રહેલા ભગવદાકાર અને ભગવદ્ભક્ત તેઓમાં ભગવાનનો આવિર્ભાવ ક્યારે થાય કે જ્યારે ભગવાન્ સર્વમાં બીરાજે છે એવી અભેદ બુદ્ધિ થાય ત્યારે. જ્યાં સુધી અક્ષરબ્રહ્માત્મકનું જ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેવું દર્શનજ થવું દુર્લભ છે જ્યારે અભેદ બુદ્ધિ થાય ત્યારે ભગવાન્ પ્રકટ દર્શન દીએ છે.

શ્રીગોકુલનાથજી લખે છે જે ભગવદભેદબુદ્ધિને દર્શન દીએ એનો અર્થ એજ જે ભક્તને દર્શન દીએ છે.

શ્રીકલ્યાણરાયજી લખે છે જે ભગવાન્‌ના આકારમાં અને ભગવદ્ભક્તમાં ભગવાન્ છે એમ બુદ્ધિ રાખે છે તેને જ ભજનાદિનું ફળ પણ થાય છે. અને જેની ભેદ બુદ્ધિ છે તેને ફળ થતું નથી. પ્રત્યુત વ્યર્થ જ પ્રયાસ થાય છે. જે ભક્ત ભગવાન્‌ને જેવી રીતે ભજે તેને તેવી રીતે થાય છે. એટલે ભગવાન્‌ને જેવી રીતે ભજે તેવી રીતે ભગવાન્ તેને દર્શન દીએ છે તેમાં પ્રમાણ—

“ यथैवोपासते तथैव भवतीति ”

અર્થ—પહેલાં લખવામાં આવ્યો છે તેથી પુનઃ નથી લખ્યો

આ ઉપરથી એતો સ્પષ્ટ સિદ્ધ થાય છે જે ભગવાન્‌ની જેવી રીતે ભક્તિ કરે તેવી રીતે તેને ફળ મળે, પરંતુ જે એમજ સમજે કે આ ભગવાન્ નથી પરંતુ ભગવાન્‌ની પ્રતિમા છે. અર્થાત્ ભેદબુદ્ધિ અથવા સગુણભક્તિ કરે તો તેનો તે શ્રમ વ્યર્થ છે કારણ કે એતો ભસ્મ હોમ સરખું છે અતએવ શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં અધ્યાય ૨૯ શ્લોક ૨૨

यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् ॥
हित्वाऽर्चां भजते मौढ्याद् भस्मन्येव जुहोतिसः ॥२२॥

અર્થ—જે મને સર્વ ભૂતોમાં રહેલ આત્મા ઈશ્વરનો પરિત્યાગ કરી મૂઢપણાથી પ્રતિમાને ભજે છે તે ભસ્મમાંજ હોમ કરે છે.

ભાવાર્થ—આ શ્લોક કપિલ દેવહૂતિ પ્રતિ કહે છે. કે જે સર્વ ભૂતમાં તદ્ભૂત અને આત્મારૂપ અને અંતર્યામીરૂપ ઈશ્વરને છોડી દઇને એટલે સંઘાતમાં ત્રિપ્રકારથી રહેલ ઈશ્વરને છોડી દઇને જે પોતાના મૂઢપણાથી પ્રતિમાને ભજે છે તે ભસ્મમાંજ હોમ કરે છે તે બરાબર છે અર્થાત્ વ્યર્થ છે. આ શ્લોકમાં સગુણ ભક્તિ અને ભેદ બુદ્ધિની નિંદા છે. કાંઈ સ્વતંત્ર ભગવન્માર્ગનો નિષેધ નથી જો તેમ હોય તો એકાદશસ્કંધમાં જે ભક્તિનો ઉપદેશ છે તે વ્યર્થ થાય. આ પ્રમાણે અને વિશેષથી વ્યાખ્યાન શ્રીસુબોધિનીમાં છે ત્યાં જોવું. અહીં ગ્રંથ ગૌરવના ભયથી લખ્યું નથી.

આ શ્લોકનો સારાંશ એ છે જે આધિદૈવિક શ્રીગંગાજી, આધિભૌતિક અને આધ્યાત્મિક ગંગાજીમાંજ બીરાજે છે. ~~અને~~ તે જ્યારે ભક્તિનો વધારો થાય છે ત્યારે તેનું દર્શન થાય છે તે પણ કોઇકને અને ક્યાંકજ થાય છે, અને તે પ્રવાહથી જેને અભેદ બુદ્ધિ છે તે ભક્તનેજ દર્શન થાય છે. તેથી આ શ્લોકમાં ગંગાજીનું આધિદૈવિકરૂપ બતાવ્યું અને તેમ આ પ્રપંચમાં

[illegible] અને ભગવદ્દભક્તમાંજ પુરૂષોત્તમ પ્રકટ થાય [illegible] પોતાની બુદ્ધિથી સમજી લેવું. ॥ ૭ ॥

[illegible] શ્લોકમાં આધદૈવિક ગંગાજીનું સ્વરૂપ કહ્યા પછી [illegible] વ્યવસ્થા કરવામાં આવે છે.

[illegible] प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले॥

સાન્વયપદાર્થઃ—प्रत्यक्षा પ્રત્યક્ષ—નજરે દૃશ્યતે દેખાય છે सर्वेषां બધાઓને न (પ્રત્યક્ષ દેખાતાં) નથી (તોપણ) तया તે (પરમભક્તને પ્રત્યક્ષ થનારાં દેવતારૂપ ગંગાજી) તેણે કરીને जले ગંગાજલમાં प्राकम्यं ઉત્તમ કામના વિષયપણું (શાસ્ત્રાદિકમાં નિષેધ ન હોય એવો સ્નાદિક બધો વ્યવહાર કરવો એમ) स्यात् (સિદ્ધ) થાય છે.

અર્થ—આધિદૈવિક એટલે દેવતારૂપ ગંગાજી સર્વને પ્રત્યક્ષ નથી. તોપણ [તેવા] ભક્તને પ્રત્યક્ષ થાય તેવા ગંગાજીના સ્થાનભૂત જલમાં દેવતારૂપનું બહુલપણું છે.

ભાવાર્થ—દેવતારૂપ ગંગાજી કાંઈ સર્વને પ્રત્યક્ષ થતાં નથી, તો તેવા ભક્તને શું કરવું જોઈએ ત્યારે તેની વ્યવસ્થા કહે છે કે જો ભકિત અતિશય વધે ત્યારે દર્શન થાય પરંતુ તે પહેલાં એમ તો સમજવાનું છે કે જે મારૂં અભિલષિત અને સર્વસ્વ છે તે આ જલમાંજ બીરાજે છે એટલે દેવતારૂપ ગંગાજી આ પ્રવાહમાં બિરાજે છે. તો તે જલમાં શાસ્ત્રાદિકથી અનિષિદ્ધ સકલ વ્યવહાર કરવા એટલે સ્નાનાદિક કરવું અને સર્વ સ્થાનમાં આધિદૈવિક ગંગાજી બીરાજે છે એમ અંતઃકરણમાં ભાવ રાખવો; જો કે આપણને તેવાં ગંગાજી પ્રત્યક્ષ થયાં નથી તો પણ ઉત્તમ અધિકારીને તો તેજ પ્રવાહમાં પ્રત્યક્ષ થાય છે, તો આપણની ઉપર પણ જ્યારે કૃપા કરશે ત્યારે તેમાંજ પ્રત્યક્ષ થઈ દર્શન દેશે. શ્રીપુરૂષોત્તમજી પણ એજ લખે છે. તેમ પ્રકૃતમાં ભગવાનના અધિષ્ઠાનભૂત આ પ્રપંચમાં પણ એવી રીતે ભાવ થાય છે. જેમ

દેવતારૂપ ગંગાજી સર્વને પ્રત્યક્ષ થતાં નથી તેમ ભગવાન્ સર્વને પ્રત્યક્ષ થતા નથી, જ્યારે ભક્તિ વધે છે ત્યારે ગંગાજી દર્શન થાય છે તેમ ભગવાનના પણ દર્શન થાય છે, ગંગાજીના દર્શન પ્રવાહમાં થાય છે તેમ ભગવાનના દર્શન પ્રપંચમાં થાય છે. જેને ગંગાજીના દર્શન નથી થયા તેવા ભક્તે અને જેને દર્શન થયા છે તેવાએ એમ સમજવું જોઇએ કે આ પ્રવાહમાં ગંગાજી બીરાજે છે માટે અનિષિદ્ધ સર્વ વ્યવહાર પ્રવાહમાં કરવા, તેમ ભગવદીયે પણ એમ સમજવું કે ભગવાન્ આ પ્રપંચમાં બિરાજે છે તો અનિષિદ્ધ સકલ વ્યવહાર પ્રપંચમાં કરવા તેથી દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક મળ્યા.

હવે ભક્તિથી ગંગાજીનાં દર્શન થયા પછી પણ પ્રવાહ દર્શનની વિશેષતા કહેવામાં આવે છે.

मूलम्—विहिताच्च फलात्तद्धि प्रतीत्याऽपि विशिष्यते॥

सान्वयपदार्थः—તેમજ **तत्** તે (શ્રીગંગાજીનું) જલ **हि** નિશ્ચયે કરીને **विहितात्** શાસ્ત્રમાં કહેલા **फलात्** ફલથી **च** અને **प्रतीत्या** '(મોટાઓના અંતઃકરણની) પ્રતીતિવડે **अपि** પણ **विशिष्यते** (બીજા જળ કરતાં) વિશેષ થાય છે.

અર્થ—શાસ્ત્રાદિમાં કહ્યું જે ફળ તેથી અને અંતઃકરણમાં પ્રતીતિએ અધિકપણું જણાય છે.

ભાવાર્થ—અત્યુત્કટ ભક્તિથી દેવતા રૂપ ગંગાજીનાં દર્શન થયા પછી પણ પ્રવાહ રૂપ જે ગંગાજી છે તેના દર્શનથી સ્વર્ગાદિકથી અને મોક્ષાદિથી હૃદયમાં વધારે સમજાય છે તેમજ અત્યુત્કટ ભક્તિ વડે બ્રહ્મના દર્શનથી સ્વર્ગાદિ સુખ ન્યૂન છે વધારે શું પણ જ્ઞાનીનું ફલ જે મોક્ષ તેથી પણ વધારે સુખની પ્રતીતિ થાય છે. આ પક્ષમાં કાંઇક અધ્યાહારાદિ કલેશ પડે છે, મધ્યે શ્રી વિઠ્ઠલેશજી પક્ષાંતરથી ગ્રંથની યોજના કરે છે. માટે વિવૃતિમાં **यद्वा** લખે છે તેમ સઘળી વિવૃતિની ટીકાઓમાં પણ વ્યાખ્યાનો

જૂદાં જૂદાં કરેલાં છે તેમાં બહુજ તફાવત નથી પણ જુજ ભેદ છે તે આ પ્રમાણે.

ભાવાર્થ—ગંગાજી સર્વને પ્રત્યક્ષ નથી તો જેઓને પ્રત્યક્ષ નથી તેવા ભક્તજનોએ પણ આમ તો સમજી રાખવું કે દેવતા રૂપ શ્રીગંગાજી આમાંજ બીરાજે છે માટે આ દેવતા રૂપ ગંગાજીનો આ જલમાં સંબંધ છે તો તે જલમાં પોતાની સારી કામના રાખવી એટલે શ્રદ્ધા પૂર્વક સ્નાનાદિ અનિષિદ્ધ વ્યવહારો કરવા અને એ પ્રમાણે કરવાથી મહાત્માઓના અંતઃકરણમાં જે જે ગંગાજલ દર્શન કરવાથી ફળ કહેલાં છે તેથી પણ વધારે જાણવામાં આવે છે અને જો તેમ છે તો બીજા જલથી આ જલ અધિક શ્રેષ્ઠ જાણવું જોઇએ, કારણ કે શ્રીગંગાજીનો આમાં સાક્ષાત્કાર થાય છે; તેમજ જેમને શ્રીભગવાન્નો સાક્ષાત્કાર થયો નથી તેવા ભક્તજનોએ શ્રદ્ધા પૂર્વક ભગવત્પ્રતિમાદિમાં ભજનાદિક કરવું અને એમ સમજવું કે ભગવત્સાક્ષાત્કાર આમાં થશે જેઓને ભગવત્સાક્ષાત્કાર થયો છે અર્થાત્ જેઓના અંતઃકરણમાં ભગવાન્ સંનિહિત છે, ભગવાન્ બિરાજે છે તેવા ભક્તજનો ઈતર મનુષ્યથી અથવા બીજા ભક્તથી શ્રેષ્ઠ છે. માટે શ્રીમદ્ભાગવતના એકાદશસ્કંધમાં એકાદશમા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે ‘મારા ચિન્હના અથવા મારા ભક્તજનના દર્શન સ્પર્શન અને અર્ચનથી ભક્તિ થાય છે’ એટલે ભક્તિના કારણમાં ગણાવ્યું છે, આ ઉપરથી પણ એજ જણાવ્યામાં આવ્યું છે ભગવત્પ્રતિમામાં અથવા ગુરુ આદિ મહાત્માઓમાં શ્રદ્ધા પૂર્વક અનિષિદ્ધ વ્યવહારો કરવાથી ભગવાન્ કૃપા કરી પ્રકટ દર્શન દેછે, અને તે દર્શન થવાથી જે આનંદ થાય છે તે જ્ઞાનીજનોના ફળ રૂપ જે મોક્ષ તેથી પણ અધિક છે. શ્રીપુરૂષોત્તમજી અને શ્રીકલ્યાણરાયજી અને શ્રીવ્રજરાયજી અને શ્રીગોકુલનાથજી આ વિષય પર વધારે અને અપૂર્વ લખતા નથી જેથી અનુવાદ કર્યો નથી બે પક્ષ તો સઘળાઓએ સ્વીકૃત છે. આ આઠમા શ્લોકનો સારાંશ જે—

શ્રીગંગાજીનાં જેઓને દર્શન થયાં છે તેવા ભકતોએ અને જેઓને શ્રીગંગાજીનાં દર્શન નથી થયાં તેઓએ શ્રીગંગાજી આ પ્રવાહમાં બીરાજે છે, એમ સમજીને શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રાબાધિત સકલેષ્ટ વ્યવહાર કરવા. આવા ભકતને સર્વત્ર ગંગાજીના દર્શનાનુભાવથી ગંગા દર્શન જન્ય જે ફળ શાસ્ત્રોકત છે તેથી વિશેષ દેખાય છે કારણ કે સર્વત્ર તે ભાવ રહે છે. તેમજ ભગવાન્‌ના વિષયમાં પણ સઘળી કોટિઓ પોતાની મેળે મેળવી લેવી. આ ગંગાજીનું તો કેવળ દૃષ્ટાંત દેવામાં આવે છે. અને વિષય તો ભગવાન્‌નો છે અને તે ભકિતમાર્ગીય છે. આપ લોકો આ વિષયને સાધારણ ના સમજતાં આ પર સારૂ લક્ષ આપશો કારણ કે શાસ્ત્રીય વિષય છે અને આજકાલ પ્રક્રિયા લોપાઈ ગઈ છે. ૮

છઠ્ઠા સાતમા અને આઠમા શ્લોકમાં જે ગંગાજીના દૃષ્ટાંતથી કેહેવામાં આવ્યું તે હવે દર્ષ્ટાંતિકની સાથે મેળાવે છે.

मूलम्—यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ॥
यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ॥९॥

सान्वयपदार्थः—**यथा** જેમ **जलं** (દેખાતું પ્રવાહરૂપી) જલ **तथा** તેમ **सर्वं** બધું જગત્ **यथा** જેમ **शक्ता** (પાપાદિક નિવૃત્ત કરવામાં) શકિતવાલાં (તીર્થરૂપ શ્રીગંગાજી) **तथा** તેમ **बृहत्** અક્ષરબ્રહ્મ (અને) **यथा** જેમ **देवी** દેવતારૂપી (આધિદૈવિકી શ્રીગંગાજી) **तथा** તેમ **कृष्णः** (સર્વજ્ઞ—સર્વ શકિતમાન્) શ્રીકૃષ્ણ (જાણવા હવે) **इह** આ સિદ્ધાન્ત વિષે **तत्र** તે (આધિદૈવિક વિચાર)માં **अपि** પણ **एतत्** એ (આગળ કહેવાનું) **उच्यते** કહીએ છીએ.

શબ્દાર્થ—જેમ દેખાતું પ્રવાહરૂપી જલ તેમ બધું જગત્, જેમ પાપાદિક નિવૃત્ત કરવામાં શક્તિવાલાં તીર્થરૂપ ગંગાજી તેમ અક્ષરબ્રહ્મ અને જેમ દેવતારૂપી આધિદૈવિકી શ્રીગંગાજી તેમ સર્વજ્ઞ-સર્વશક્તિમાન્ શ્રીકૃષ્ણ જાણવા. હવે આ સિદ્ધાન્ત વિષે

તે આધિદૈવિક વિચારમાં પણ એ આગળ કહેવાનું કહીએ છીએ. અથવા જગત્‌રૂપમાં પણ આગળ જે કહેવાનું છે તે કહિએ છીએ.

ભાવાર્થ--ગંગાજીનાં ત્રણ પ્રકારનાં સ્વરૂપ કહેવામાં આવ્યાં તે તો એક દૃષ્ટાંત છે. પરંતુ પ્રકૃતમાં તો બ્રહ્મનો વિષય છે માટે તે બ્રહ્મની સાથે મેલાવવાં જોઇએ એમ સમજી શ્રીમદાચાર્ય ચરણ નવમા શ્લોકમાં તેજ મેળવે છે. જેમ ગંગાજીનું આધિભૌતિક રૂપ જલ છે તેમ અહીં આ જે પ્રપંચ છે, તે બ્રહ્મનું આધિભૌતિક રૂપ છે. અને જેમ ગંગાજીનું આધ્યાત્મિક રૂપ તીર્થાત્મક છે. કે જે બીજા જળથી શ્રેષ્ઠ અને પાપ નિવારણાદિમાં સમર્થ છે. જેમાં સ્નાનાદિક કરવાથી શાસ્ત્રોકત પુણ્ય ફળ મળે છે તેમ આંહિ બૃહત્ છે. તેજ અક્ષરબ્રહ્મ કહેવાય છે. તે આધ્યાત્મિક છે અને જેમ મૂર્તિમતી દેવી એ આધિદૈવિક છે તેમ સર્વજ્ઞ સર્વ શકિતમાન્ સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ તે આધિદૈવિક છે. આ પ્રમાણે સમજી લેવું. હવે આધિભૌતિક જે ગંગાજીનું રૂપ જળ છે તે એકજ પ્રકારનું છે, અને અહીં એટલે આ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તમાં જે પ્રપંચ છે તેમાં કાંઈ વધારે કલ્પના કરવામાં આવી છે જે દશમા શ્લોકમાં આવશે ઇત્યાદ તારતમ્ય છે માટે શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે આ સિદ્ધાન્તમાં આ કાંઇ વધારે કહીએ છીએ.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં જે પૂર્વોકત છે તે પ્રમાણેજ કહે છે અને દૃષ્ટાન્તમાં અને દાર્ષ્ટાંતિકમાં વધારે અંશ મેળાવે છે જેમ કે—જેણે ગંગાજીનાં દર્શન કર્યાં છે એવા જે ભકતજન છે તે જેમ શ્રીગંગાજીનું આધિભૌતિક રૂપ જે જળ છે તેમાં ગંગાજીનું સ્થાન છે એમ સમજીને જે જળમાં અનિષિદ્ધ વ્યવહારો રે છે, અને તીર્થના દર્શનથી જેમ બીજા જળથી અધિકપણું ને માહાત્મ્ય બુદ્ધિ રાખે છે તેમ જે ભગવદ્દભકતને ભગવા- નું દર્શન થયું છે તેવા ભગવદ્દભકતને ભગવત્સ્વરૂપ અને ગુરૂ આદિથી આ સઘળા પ્રપંચમાં પ્રાણિમાત્રમાં ભગવદ્દભાવનું સ્ફુ-

રણુ થાય છે, અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનિયે માનેલા મોક્ષથી પણ અધિક ભાવ જે ભગવદ્ધામપણારૂપ અક્ષરજ્ઞાનાત્મક ફળ પણ થાય છે, અને જેને શ્રીગંગાજીનાં દર્શન થયાં નથી એવા શ્રદ્ધાલુ ભકતજનનો જેમ ગંગાજળવતી શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ વ્યવહાર અને તીર્થમાં બીજા જળથી આધિક્યનું જ્ઞાન ફળ જેમ ક્રમથી થાય છે, તેમજ જેને ભગવત્સાક્ષાત્કાર થયો નથી એવા શ્રદ્ધાળુ ભગવદ્‌ભકતે ભગવત્સ્વરૂપ જે પ્રતિમા આદિમાં શ્રદ્ધાપૂર્વક સેવાદિ વ્યવહાર અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનનું ફળ જે મોક્ષ તેથી અધિક જે ભગવદ્ધામનું પરોક્ષ જ્ઞાન તે થાય છે.

ટિપ્પણમાં શ્રીવ્રજરાયજી ચતુર્થચરણનો અર્થ કાંઈ ભિન્ન પ્રકારથી કરે છે તે અહિં લખ્યો છે. જો યુકત ભાસે તો ગ્રહણ કરજો—પહેલે એ સિદ્ધ કરી આવ્યા છીએ કે સેવા ત્રણ પ્રકારની છે. એક તનુજા બીજી વિત્તજા અને ત્રીજી માનસી આ ત્રણમાં જે માનસી છે તે ઉત્તમ છે અને ફળરૂપ છે અને પૂર્વોકત બે છે તે સાધનરૂપ છે. સાધનરૂપ સેવાથી આ બાબત સિદ્ધ થાય છે જે અહંતા મમતારૂપ સંસારની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન પોતાની મેળે સિદ્ધ થાય છે; તો આ પ્રમાણે સઘળું લખીને શા માટે જણાવવું જોઇએ ? તેના જવાબમાં પોતેજ લખે છે કે તે વાત ખરી છે પણ આ પ્રપંચમાં બ્રહ્માત્મકપણાથી જ્ઞાન આ જન્મમાં જોઇએ માટે તેનું પ્રતિપાદન કરવું જોઇએ માટે શ્રીમદાચાર્યચરણે ઉપપાદન કર્યું છે. જો આ જન્મમાં તેવું જ્ઞાન ન થાય તો સેવાનું ફળ ભોગ થાય અને ભોગ એ મોક્ષમાં અથવા મુખ્ય જે માનસી સેવા તેમાં પ્રતિબંધક છે એટલે અટકાવ કરનાર છે મોજ મજામાં મસ્ત થઈ ફરનારને માનસી સેવા કયાંથી હોય ? ભગવદ્‌ભાવની સ્પુરણા ન થઈ હોય તો સઘળું પોતાના સુખને માટેજ સમજવું, અથવા વિના ભાવથી કરેલું ભગવાન્ સ્વીકારેજ નહિ. ભગવાન્ રાજભોગ વગેરેના ભૂખ્યા નથી, પણ ભાવના ભુખ્યા છે. ભાવથી એક તુલસી દલ અર્પણ

કર્યું હોય તો તે પ્રસન્નતાપુર્વક પાયસ પ્રાય માને છે. અને વિના ભાવથી અર્પણ કર્યું હોય તો તે સ્વીકારતા નથી. અસ્તુ આ પ્રપંચ અપ્રકૃત જાણી છોડી દેવામાં આવે છે.

આ નવમા શ્લોકનો સારાંશ એ કે જેમ ગંગાજીના ત્રણ સ્વરૂપ બતાવ્યાં તેમ શ્રીભગવાન્નાં પણ બતાવવામાં આવ્યાં અને જે પ્રમાણે વ્યવહાર તદ્રૂપમાં ભક્તને થાય છે તેમ અહિં ભગવદ્ભકતના પણ વ્યવહાર સમજવા. ॥ ૯ ॥

નવમા શ્લોકમાં દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક મેલવ્યાં જેમકે ગંગાજીનું આધિભૌતિકરૂપ જલ છે આધ્યાત્મિક તીર્થરૂપ, અને આધિદૈવિકરૂપ સમજવા આ દૃષ્ટાંતમાં અને દાર્ષ્ટાંતિકમાં યોજના કરવામાં આવી.

હવે આ વિષયમાં કાંઇક વધારે કહેવું છે. એટલે જેમ ગંગાજીનું આધિભૌતિકરૂપ એક પ્રકારનું છે તેમ અહિં જગત્ એક પ્રકારનું જાણવું જોઇએ. પણ ત્રણ પ્રકારનું છે. એ વગેરે જણાવવાને શ્રીમદાચાર્ય આ દશમા શ્લોકમાં આજ્ઞા કરે છે—

मूलम्—जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ।
देवतारूपवत्प्रोक्ताः ब्रह्मणीत्थं हरिर्मतः ॥१०॥

सान्वयपदार्थः—**जगत्** જગત્ **तु** તો (જે હેતુ માટે) **त्रिविधं** (સત્વાદિક ત્રણ ગુણનાં કાર્યપણાયે કરીને) ત્રણ પ્રકારનું **प्रोक्तं** કહેલું છે **ततः** તે હેતુથી **ब्रह्म विष्णु शिवाः** બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણને **देवतारूपवत्** (ઉપાસ્ય) દેવતાની પેઠે **प्रोक्ताः** કહેલા છે **इत्थं** એ રીતે **ब्रह्मणि** અક્ષરબ્રહ્મ વિષે **हरिः** દુઃખ હરનારા (શ્રીભગવાન્ પુરૂષોત્તમ) **मतः** (આધિદૈવિકરૂપ)માનેલાછે.

અર્થ—જગત્ તો ત્રણ પ્રકારનું કહ્યું છે. અને એ (ત્રણ ું છે) માટે બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણ રૂપાનુસાર પણ કહ્યા છે. અને જે બ્રહ્મભાવ પામ્યો છે તેને ઉપાસના હરિજ મનાવેલા છે.

ભાવાર્થ—જગત્ તો ત્રણ પ્રકારનું એટલે ત્રિગુણાત્મક છે. અને ત્રણ સ્વભાવથી પ્રકટ છે.

પ્રકાશમાં લખ્યું છે કે જગત્ ત્રણ પ્રકારનું છે. એટલે ત્રિગુણાત્મક છે. એ ત્રણ ગુણો ભગવાનના છે અને ભગવાન્માંથીજ નિકળ્યા છે. માટે શ્રીમદ્ભાગવતના એકાદશસ્કંધના ૨૪ માં અધ્યાયના ૩ શ્લોકમાં કહ્યું છે કે ‘ પહેલે તો જ્ઞાનમયજ અર્થ હતો ’ એટલે નિર્ગુણ પરમાત્મા હતા અને પછે તેમણે ગુણોને ઉત્પન્ન કર્યા. તેમજ શ્રીભાગવતના દ્વિ૦ સ્કંધના અધ્યાય ૫ માં શ્લોક ૧૮ માં કહ્યું છે કે—

सत्वं रजस्तम इति निर्गुणस्य गुणास्त्रयः ।
स्थितिसर्गनिरोधेषुगृहीता मायया विभोः ॥

અર્થ—સત્વ, રજ, અને તમ એ નિર્ગુણ પરમાત્માના ગુણો છે. જગત્ કર્ત્તાના ત્રણ ગુણોનો માયાએ જગત્ની ઉત્પત્તિમાં સ્થિતિમાં અને પ્રલયમાં ઉપયોગ લીધો છે.

ભાવાર્થ—જેમ કરોળીયો જાળું કરવાસારૂં પહેલે લાળ કહાડે છે. અને પછે તેથી જાળું બાંધે છે તે અહિં ભગવાન્ પણ ત્રણ પ્રકારના જગત્ની સૃષ્ટિને વાસ્તે પહેલે ત્રણ ગુણોને પોતામાંથી ઉત્પન્ન કરે છે. ગુણરૂપ છે માટે ગુણ શબ્દથી વ્યવહાર છે. સદ્રૂપથી નિર્ગત જે ગુણ તે સત્વ કહેવાય, અને કેવલ ચિદ્રૂપથી નિર્ગત તેમ ક્રિયાશક્તિ પ્રધાન ને વળી સદાનંદનો અભાવ જેમાં તે રજોગુણ કહેવાય છે, અને આનંદાંશથી તમોગુણ ઉત્પન્ન કર્યો છે. તે સઘળા ભગવદ્રૂપ છે કારણ કે ભગવાનેજ ઉત્પન્ન કર્યા છે. ભગવાન્ તો નિર્ગુણ છે. એમ [illegible] ગુણો જગત્ની ઉત્પત્તિ, પાલન ને પ્રલયને સારૂ ઉપયોગમાં લીધા છે. ઉપયોગમાં પણ માયાયે કરીને લીધા છે. તો માયા એ કારણ છે માયા આ એક ભગવાન્ની શક્તિ છે, તે જગત્ને ઉત્પન્ન કરે છે. આ માયા મિથ્યા નથી કારણ કે ભગવાન્ના અંતઃકર-

ણમાંથી ઉત્પન્ન થઇ છે. સર્વ રૂપ ભગવાનના સંબંધથી સર્વ પ્રકૃતિરૂપ છે. માયાએ ગુણોને કાર્યાર્થ પ્રકટ કરેલા છે માટે જેમ પુત્ર માતાને વશ રહે છે તેમ ગુણો પણ માયાને વશ છે. આ ત્રણે ગુણોનું મૂલ તો શ્રીસચ્ચિદાનંદ ભગવાન્ છે. અને તેથી ત્રિગુણાત્મક આ જગત્ છે અને તે ત્રિસ્વભાવથી પ્રકટ જ છે. ગુણોનો સ્વભાવ ગીતાજીના ૧૪ અધ્યાયમાં પ્રસિદ્ધ છે. સર્વ ગુણોનો બંધકપણાનો સ્વભાવ છે. તે ગુણો જીવનું બંધન કરે છે. સત્વગુણ, રજોગુણ ને તમોગુણ શાથી શાથી જીવનું બંધન કરે છે ? તે ગીતાજીમાંજ લખવામાં આવ્યું છે. જેમકે--

तत्र सत्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ १८ ॥

અર્થ--સત્વ રજ તથા તમ એ ત્રણ ગુણોમાં જ જે ઉત્તમ ગુણ સત્વ છે તે નિર્મલ છે તેથી પ્રકાશક છે અને નિરોગનો હેતુ છે. તેથી સુખના સંગે કરી અને જ્ઞાનના સંગે કરી જીવને બાંધે છે, એટલે લૌકિક સુખમાં મગ્ન કરી લૈકિક વૈદિક ક્રિયામાં પુરૂષને પ્રવૃત્ત કરી તે તે સુખભોગ સાધન યોનિમાં જન્મ અપાવે છે, તેથી સત્વગુણનો પણ બંધકત્વ સ્વભાવ છે તેમ રજોગુણનો પણ તેવોજ સ્વભાવ છે—

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ॥ ७ ॥

અર્થ—હે અર્જુન ! રજોગુણને અનુરાગાત્મક જાણ અને તે તૃષ્ણાને અને આસંગને ઉત્પન્ન કરે છે જે પદાર્થ પ્રાપ્ત નથી થયો તેનો અભિલાષ એ તો તૃષ્ણા અને જે મળેલ છે તેમાં આસક્તિ તે આસંગ આ બન્નેને ઉત્પન્ન કરે છે, તે કર્મ કરાવીને જીવને બાંધે છે એટલે અપ્રાપ્ત પદાર્થની પાપ પુણ્યરૂપ કર્મ કરવાં પડે છે, અને તેનો સંગ માટે જીવને બંધ થાય છે. તેમ તમોગુણનો પણ બંધભાવ છે જેમકે—

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तं निबध्नाति भारत ॥ ८ ॥

અર્થ—હે અર્જુન ! તમોગુણની ઉત્પત્તિ અજ્ઞાનથી જાણ, તે સર્વ પ્રાણિને વિપર્યય જ્ઞાન કરે છે. એટલે મોહ કરે છે. અને પ્રમાદે કરી, આલસે કરી અને નિદ્રાએ કરી જીવને બાંધે છે. પ્રમાદ એ સમજવો જે કરવાનું કામ હોય તેમાં ભૂલ થાપ આપી ન કરવાના કામમાં પ્રવૃત્તિ. આલસ્ય એકે જે કરવાનું કામ છે તેનો આરંભ ન કરવાનો સ્વભાવ. અને નિદ્રા તે કે, જ્યારે પુરુષની ઇંદ્રિયોની પ્રવૃત્તિ શાંતિ કરી જે સકલ ઇંદ્રિયોની પ્રવૃત્તિની ઉપરાત થાય તે નિદ્રા. બાહિરની ઇંદ્રિયોની પ્રવૃત્તિ ઉપરતિ તે સ્વપ્ન અને મનની પણ પ્રવૃત્તિની ઉપરતિ છે તે સુષુપ્તિ, તેમજ યોગ શાસ્ત્રમાં પણ નિદ્રાનું લક્ષણ કહ્યું છે કે—

अभावप्रत्ययालंबना वृत्ति र्निद्रा ॥ पातंजल सू. १०

અર્થ—અભાવ જ્ઞાનનો આશ્રય કરીને જે વૃત્તિ તે નિદ્રા.

ભાવાર્થ—તમો ગુણની વૃદ્ધિ થાય છે જ્યારે અજ્ઞાન ઘણું વધી જાય છે તે વાસ્તે બધા પદાર્થનો અભાવ જણાય છે તેનો આશ્રય કરીને જે વૃત્તિ રહે છે તે નિદ્રા કહેવાય.

આ નિદ્રાથી પણ જીવને બંધ થાય છે એ પ્રમાણે ગુણોનો બંધકત્વસ્વભાવ છે તે સુપ્રસિદ્ધ છે. મૂલ શ્લોકમાં તુ શબ્દ મૂકવામાં આવ્યો છે તેનો એ અભિપ્રાય જે ગંગાજીનું આધિભૌતિક રૂપ જે જળ તેમાં કાંઈ ત્રણ પ્રકાર નથી હોતા, આ તો કેવળ જગત્માંજ છે જેમ જગત્ ત્રણ પ્રકારનું છે, તેમ તેના ઉપાસના કરવાના દેવતા પણ ત્રણ છે. એમ તે તે શાસ્ત્રમાં કહ્યા છે. દેવતા એ સ્ત્રી પ્રત્યયાંત શબ્દથી એ તાત્પર્ય પ્રકટ થાય છે કે એ પણ પરતંત્ર છે, તે પણ પુરાણપુરુષને અધીન છે. ત્યારે તે બ્રહ્મા વિષ્ણુ અને શિવને શાને વાસ્તે કર્યા ? એ પ્રશ્ન ઉપજે છે. તેના ઉત્તરમાં કહે છે કે એક એક ગુણને નિયમમાં રાખવા

બાહાદરપુર (G B S

સારૂ. સત્વગુણના નિયામક વિષ્ણુ છે. રજોગુણના નિયામક બ્રહ્મા છે. અને તમોગુણના નિયામક શિવ છે. વિષ્ણુને તથા બ્રહ્માને અને શિવને પુરૂષોત્તમેજ કર્યા છે, કારણકે પુરૂષોત્તમ સર્વ નિયામક છે, અને સ્વતંત્ર છે. બ્રહ્માદિક સ્વતંત્ર નથી. અને તે ગુણાભિમાની દેવોને કાલકૃત ભય રહ્યું આવે છે. ત્રિવિધ પુરાણોમાં પ્રકૃતિ પુરૂષ નિયામકપણાથી પણ બતાવેલા છે. તે ઉપરથી આમ સમજવું જે સર્વ નિયામક તો પુરૂષોત્તમજ છે; અને ગુણાભિમાની તો એક એક ગુણાનિયામક છે. કોઈ સ્થાનમાં સર્વ નિયામકપણાથી વર્ણન હોય તો અભેદ બુદ્ધિથી જાણવું, જેમ **દ્વાસુપર્ણૌ** શ્રુતિમાં જીવ અને ઇશ્વરનો ભેદ વર્ણવેલો છે અને કોઈ સ્થાનમાં **તદનુપ્રાવિશ્ય** ઇત્યાદિકમાં તેનોજ પ્રવેશ છે એમ કહ્યું છે અને કાર્યભેદથી ભેદ છે એમ જણાય છે, કલ્પભેદથી બેય વાત માનવી જોઈએ, તેમ અહીંઆં પણ સમજી લેવું આ વિષય શ્રી પુરૂષોત્તમજી કૃત પ્રકાશમાં જોવો.

હવે આ વિષયમાં યોજનામાં શું લખ્યું છે તે પર ધ્યાન દેવું જોઈએ, જગત્ ત્રણ પ્રકારનું છે. એટલે ત્રણ સ્વભાવથી પ્રકટ છે, એ અર્થ તો પૂર્વોક્ત પ્રમાણ છે અને બાકીમાં કાંઇક ભેદ છે, તે આ પ્રમાણે, આધિદૈવિકમાં ભેદ કહે છે—'બ્રહ્મા વિષ્ણુ શિવને દેવતા રૂપની પેઠે કહ્યા છે, આનો આ અભિપ્રાય કે જેમ ગંગાજી દેવતા રૂપ છે. અને તેની ભીષ્મનાં માતા વગેરે મૂર્તિ છે અને તે ગંગાજીના અંશભાવથીજ છે. તેમજ શ્રીપુરૂષોત્તમ સર્વના અંશી છે અને બ્રહ્માદિ તેના અંશભૂત છે. પુરાણાદિકમાં પણ વાત પ્રસિદ્ધ છે જે પુરૂષોત્તમના અંશભૂત બ્રહ્મા વિષ્ણુ અને શિવ છે. તેજ બ્રહ્માદિ અંશ છે, તે રાજાદિ સ્વભાવનો પ્રકાશ કરનાર છે, અને જગત્નો નિયમ કરે છે. એટલે ઉત્પત્યાદિ કાર્યમાં નિમેલ છે. આનો સ્પષ્ટ અર્થ એ જે એક એક ગુણના સ્વભાવને પ્રકાશ કરનાર અને જગત્ સંબંધિ એક એક કાર્યમાં નિમાયેલા બ્રહ્માદિક છે. જેમકે રાજસ સ્વભા-

વને પ્રકાશ કરનાર અને જગતની ઉત્પત્તિમાં નિમાયેલા બ્રહ્મા છે, સત્વ સ્વભાવને પ્રકાશ કરનાર અને જગત્‌ની રક્ષામાં નીમેલ વિષ્ણુ છે, અને તામસ સ્વભાવને પ્રકાશ કરનાર અને જગત્ના સંહારના કાર્યમાં નીમેલ શિવ છે. આ પ્રમાણે પુરૂષોત્તમના ત્રણે અંશ છે. અને પુરૂષોત્તમ તો નિરવધિઆનંદાત્મક ગુણાતીત નિર્ગુણ રસાત્મક લીલામાત્ર કરનાર છે. બ્રહ્માદિક શ્રીકૃષ્ણના અંશ છે. માટે આધિદૈવિક રૂપમાં ગણના કરે છે. શ્રીમદ્ ભાગવતના પ્રથમસ્કંધના બીજા અધ્યાયના ૨૩ મા શ્લોકમાં કહ્યું કે સત્વ, રજ, અને તમ એ પ્રકૃતિના ગુણ છે અને એ ગુણોથી યુક્ત જે પર પુરૂષ છે. તે આ જગત્‌ની રક્ષા ઉત્પત્તિ આદિ માટે વિષ્ણુ, બ્રહ્મા, હર આદિ નામોને ધારણ કરે છે. આ પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે જે એ કૃષ્ણના અંશ છે. તેમ એવું પણ વચન છે કે તારામાં મારામાં (ભગવાન્‌માં) અને શિવમાં કાં પણ ભેદ નથી, તેમજ બ્રહ્મવૈવર્તપુરાણમાં આ વાત ખુલ્લી જે બ્રહ્માદિ ત્રણ દેવો શ્રીકૃષ્ણના અંશ છે આજ હેતુથી શ્રીમદાચાર્યચરણે નિબંધમાં કહ્યું છે કે—

स एव हि जगत्कर्त्ता तथापि सगुणो न हि ।
गुणाभिमानिनो ये वै तदंशाः सगुणास्मृताः ॥
कर्त्ता स्वतंत्र एव स्यात् सगुणत्वे विरूध्यते ।

અર્થ—તેજ જગત્‌ને કરનાર છે પરંતુ સગુણ નથી. (ત્યા સગુણનું શું લક્ષણ એ જણાવે છે) જે ગુણોએ કરી અભિમબ્રહ્મ નિયો છે તે. તેના અંશ રૂપ બ્રહ્મા વગેરે દેવતા સગુણ છે ભેદ-તેઓને દેહ ઈંદ્રિયાદિમાં અભિમાન નથી. તોપણ ગુણોએ કભૂત અભિમાની છે એટલે ગુણાભિમાન તો છે, માટે સગુણ પણું જાણવું જે તે ગુણો છે તે જગતની ઉત્પત્તિ રક્ષા આદિમાં હેતુ છે. ગુણાભિમાન ન હોય તો જગતની ઉત્પત્તિ વગેરે કાર્ય કોણ કરે લોકમાં પણ જેને જે કાર્ય સોપેલું હોય તેને તે કાર્યની ફિક રહે. જો કોય પણ પ્રકારનું બ્હાનું ન હોય તો કાર્ય કોણ કરે

ટે પુરૂષોત્તમે પોતાના અંશ રૂપ ગુણાભિમાની બ્રહ્માદિકને જગદુત્પત્તિ વગેરે કાર્યમાં નિમેલા છે. ભગવાન્ તો સર્વાત્મા સર્વ નયંતા મૂલ કર્ત્તા છે એટલે એને ગુણોપાધિનું કામ નથી, જે ર્તા હોય છે તે સ્વતંત્ર હોય છે. એમનુ સગુણપણું કહે તો વિરૂદ્ધ દેખાય છે, જે મૂલ કર્ત્તા છે એ સ્વતંત્ર છે પાણિની પણ હે છે કે **स्वतंत्रः कर्त्ता** ક્રિયામાં જે સ્વતંત્ર પણાથી કહેવા ધારેલો અર્થ, તે કર્ત્તા કહેવાય. માટે શ્રીકૃષ્ણ સ્વતંત્ર છે. આ એક સાધારણ દૃષ્ટાંત છેકે કોઈ રાજાએ કોઇ કાર્ય કરવા કારભારીને ફરમાવ્યું ત્યારે તે પરતંત્ર છે માટે તેણે તે કાર્ય કર્યું; હવે કોઈ પછે કે રાજાએ એ કાર્ય કરવા કોની પ્રેરણાથી ફરમાવ્યું ? તેનો ઉત્તર એજ કે રાજા સ્વતંત્ર છે, તેથી પોતાની ઇચ્છા પ્રમાણે પ્રધાનને તેણે પ્રેરણા કરી. તેમ પરમાત્માના વિષયમાં પણ સમજવું, જ્યારે પરમાત્માને જગત્ કરવાની ઇચ્છા થઈ, ત્યારે ગુણાભિમાનિ પોતાના અંશભૂત બ્રહ્માદિકને આજ્ઞા કરી માટે ભગવાન્ સ્વતંત્ર છે. બ્રહ્માદિક પરતંત્ર છે આ વાત સિદ્ધ થઇ. હવે બ્રહ્માદિક ભગવાન્‌ના અંશ છે તે તો પૂર્વોક્ત વચનથી સિદ્ધ છે તો પણ નિબંધના બીજા પ્રકરણમાં પણ શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી છે.

अंतर्याम्यक्षरं कृष्णो ब्रह्मभेदा स्तथापरे ॥
स्वभावकर्मकालाश्च रुद्रो ब्रह्मा हरिस्तथा ॥

અર્થ—અંતર્યામી–અક્ષર–અને કૃષ્ણ એ ત્રણ પ્રકારથી પરબ્રહ્મ છે અક્ષરના ત્રણ ભેદ સ્વભાવ–કર્મ–કાલ–શ્રીકૃષ્ણના ત્રણ ભેદ–બ્રહ્મા–રૂદ્ર–અને વિષ્ણુ છે આ પ્રકરણમાં શ્રીકૃષ્ણના અંશ ભૂત છે એમ કહ્યું છે.

ગીતાજીમાં પણ આ વિષય પર આમ લખ્યું છે કે—

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोक्षर उच्यते ॥ १६ ॥

અર્થ—લોકમાં આ–બેજ ક્ષર અને અક્ષર (નામના) પુરૂષ

છે, સર્વ ભૂત (પ્રાણી માત્ર) ક્ષર કહેવાય છે, અને કૂટસ્થ
અક્ષર કહેવાય છે.

ભાવાર્થ—ભગવાન્ અર્જુનને કહે છે. આ લોકમાં ક્ષર અ
અક્ષર એ બેય પુરૂષજ છે, એમાં કોઇ સ્ત્રીપ્રકૃતિકનથી, તે માંહે
કોઇ એક કેવલ જડ પણ નથી. કેવલ જડને પુરૂષ કેમ કહી શકાય
આજ અર્થ જણાવવાને (एवच) આ–શબ્દ શ્લોકમાં કહ્યો છે
ક્ષર કોને કહેવો ? અને અક્ષર કોને કહેવો ? તેનાં લક્ષણ મૂળમાંજ
કહેવામાં આવ્યાં છે. સર્વ ભૂત તે ક્ષર કહેવાય, સર્વ શબ્દે કરી
બ્રહ્માથી તે તૃણ પર્યંત ભૂત (પ્રાણી માત્ર), ક્ષર કહેવાય, ક્ષરનો
યૌગિક અર્થ એ છે કે “ क्षरतीति क्षरः ” ખરે તે ક્ષર કહેવાય
એટલે “ जायते म्रियते ” ઇત્યાદિ વિકારવાન્ પદાર્થ ક્ષર કહેવાય
જો કે બ્રહ્માદિકમાં રહેલા જીવને ઉત્પન્ન થવું, મરણ પામવું, આદિ
વિકાર નથી; કારણ કે જીવ ભગવાન્નો અંશ છે, ગીતાજીમાંજ
ભગવાને કહ્યું છે જે “મારો અંશ જીવ લોકમાં ઘણા વખતથી
જીવ થયો છે,” ઉપનિષદ્‌માં પણ દૃષ્ટાંતથી કહ્યું કે જેમ પ્રદીપ્ત
અગ્નિમાંથી તણખા નીકળે છે તેમજ આત્મામાંથી જીવ ઉત્પન્ન
થયા છે. તે જીવ ભગવાનનો અંશ છે આ નિર્વિવાદ છે, તે જીવને વિકાર નથી હોતો, પરંતુ માયાની ઉપાધિથી આ પ્રવાહ
ચાલ્યો જાય છે. વસ્તુ ગત્યા નાશ કોઇનો થતો નથી કારણકે
જગત્‌સત્ય છે. અને થવું અને મરવું એ આવિર્ભાવ અને તિરોભાવ પદવાચ્ય છે. આવિર્ભાવ અને તિરોભાવ એ પરમાત્માની
શક્તિ છે. જે પદાર્થનો તિરોભાવ થયો હોય તે પદાર્થ મિથ્યા
છે, માયિક છે એમ નહિ કહી શકાય. માટે પ્રકૃતમાં બ્રહ્માથી લઇ
તૃણ પર્યંત સર્વ પદાર્થનો આવિર્ભાવ તિરોભાવ થાય છે. તેથી
ક્ષર છે. અને જે કૂટમાં રહે છે તે કૂટસ્થ કહેવાય તે અક્ષર કૂટ
એટલે મહદાદિ તત્વનો સમુદાય તેમાં રહે છે. જે મૂળભૂત છે, જે
ભગદ્ધામ છે, તે અક્ષર કહેવાય. કેટલાક વ્યાખ્યાકારો અક્ષરને
સમજે છે અને વ્યાખ્યાન પણ કરે છે કે માયાશક્તિરૂપ કારણ

ાધિ છે. પરંતુ તે કેમ બની શકે ? કારણ કે અક્ષરમાં પુરૂષોત્તમ બીરાજે છે, તો અક્ષર ભગવદ્ધામ છે, અને જ્ઞાનીયોને પ્રાપ્તિનું સ્થાન છે, તો શું જ્ઞાનિ લોકો માયાને પ્રાપ્ત થાય છે, એમ કાંઈ અર્થ કરી શકાશે ? ના નહીંજ કરી શકાય. અક્ષર એ અંતર્યામી રૂપ છે અને તે અવિનાશી છે. જીવાત્મા ક્ષર શબ્દ વાચ્ય છે, અને પરમાત્માના સદ્ અને ચિત્ એ બે અંશમય છે. અને અક્ષર અંતર્યામી છે અને **સચ્ચિદાનંદમય** છે. અક્ષર ગણિતાનંદ છે અને પુરૂષોત્તમ પૂર્ણ છે, અગણિતાનંદ છે. અક્ષરની પ્રાપ્તિ થયા પછી પણ પુરૂષોત્તમ પ્રાપ્તિ બાકી રહે છે. અને પુરૂષોત્તમની પ્રાપ્તિ પછી બાકી કાંઈ રહેતું નથી. આ વિષયક ભાગવત દશમ સ્કંધ ૨૯–૩૯ **वीक्ष्यालकाऽऽवृत मुखं** આ શ્લોકના વ્યાખ્યાનમાં શ્રીમદાચાર્યચરણે સુબોધિનીમાં વર્ણવેલું છે. આ ઉપરથી એ સિદ્ધ થયું જે ક્ષર જીવાત્મા અને અક્ષર તે ભગવદ્ધામ અંતર્યામી. હવે પુરૂષોત્તમનું પણ વર્ણન કર્યું છે—

उत्तमः पुरुषस्त्वन्य परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥

यस्मात्क्षरमतीतोहमक्षरादपि चोत्तमः ॥
अतोस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥

અર્થ—ઉત્તમ પુરૂષ તો અન્ય છે, જેને પરમાત્મા કહે છે, જે ત્રણ લોકમાં રહી સર્વનું ભરણ કરે છે, તે પોતે વિકૃતિ રહિત છે, અને સર્વને નિયમમાં રાખે છે.

ભાવાર્થ—જીવ–અને આત્મા આ વિલક્ષણ છે. જીવ સત્ અને ચિત્ આ બે અંશમાંથી થયો છે, અને અક્ષર સચ્ચિદાનંદમય છે, અને આ પુરૂષોત્તમ અગણિતાનંદ છે. હવે અહિં શંકા આવે છે જે અક્ષર અને પરમપુરૂષ આ બન્નેમાં શો તફાવત ? તેનો ઉત્તર—અક્ષર આત્મા છે અને આ પરમાત્મા છે. જેમ ગંગાજી અને ગંગાજીની અધિદેવતા છે તેમ અક્ષર અને

પુરૂષોત્તમ છે. અક્ષર એ પુરૂષોત્તમનું ધામ છે. જેમ આધિદૈવિક ગંગાજીનાં દર્શન ગંગાજીમાં થાય છે, તેમ પુરૂષોત્તમનાં દર્શન અક્ષરમાં થાય છે. બીજું પણ જે મુક્તનું પ્રાપ્તિ સ્થાન તે પણ અક્ષર કહેવાય છે, તેમ સાંખ્ય યોગથી જે સ્વરૂપાવસ્થાન રૂપ મુક્તિ વર્ણવેલી છે, તે દશાવાલાનું પણ અક્ષર શબ્દે કરી વર્ણન આવે છે. પુરૂષોત્તમ તો આથી વિલક્ષણ અદ્દભુત ઐશ્વર્યશાલી છે અને નિત્ય બદ્ધ મુક્તથી અન્ય જ છે. શ્રીભાગવત સ્કંધ એકાદશ અધ્યાય ૧૦ શ્લોક ૧

बद्धोमुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः

અર્થ—બદ્ધ અને મુક્ત એ જે મારી આખ્યા છે તે ગુણથી છે કાંઇ તત્વથી જોતાં બંધ મોક્ષ નથી.

ભાવાર્થ—ભગવાન્ ઉદ્ધવજીને કહે છે જે ક્ષર રૂપથી હું બદ્ધ છું અને અક્ષર રૂપથી એટલે આત્મા રૂપથી હું જ મુક્ત છું એ જે મારી વિશેષ વિવેચના છે તે સત્વ રજ તમોગુણથી છે અથવા ઇચ્છાથી છે એટલે ભગવાન્ એથી વિલક્ષણ છે ભગવાનનો બંધ અને મોક્ષ નથી એતો નિત્ય બદ્ધ મુક્ત સ્વભાવથી વિલક્ષણ છે. જે નિત્ય નિરવધિઆનંદાત્મક છે. પ્રકૃતમાં જોતાં ક્ષર, અક્ષર, અને પુરૂષોત્તમ એ આ બે શ્લોકોથી વર્ણવેલા છે. તેજ આ સિદ્ધાન્તમુક્તાવલીમાં શ્રીઆચાર્યજી એ परं ब्रह्मतु कृष्णो हि અહીંથી પ્રારંભી देवतारूपवत्प्रोक्ता અહીં સુધી પ્રપંચ, અક્ષર, અને શ્રીકૃષ્ણ કહ્યા છે. હવે એમાં અને આમાં પણ સર્વ સાધારણ શંકા આવવા અવસર મળે છે કે ગીતાજીમાં ક્ષર, અક્ષર અને પુરૂષોત્તમ એ ત્રણ જુદા જુદા કહેલા છે માટે એતો દ્વૈત થયું. એ કાંઈ શુદ્ધાદ્વૈત ન કહેવાય. આ શંકાનું સમાધાન એજ કે દ્વૈત તો છેજ નહીં કારણ કે સર્વનું ઉપાદાન કારણ પુરૂષોત્તમજ છે, અને જ્યારે જ્ઞાન થાય છે ત્યારે સર્વ બ્રહ્મ છે એવું ભાન થાય છે. માટે ગીતાજીમાં પણ કહ્યું છે કે—

बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति समहात्मा सुदुर्लभः ॥ (૭–૧૯)

અર્થ—અનેક જન્મના અંતે જ્ઞાનવાન્ ભગવત્ શરણ પ્રાપ્ત થાય છે. આવો ભક્ત પણ દુર્લભ છે અને તેમાં પણ સર્વ વાસુદેવ છે આવો જ્ઞાનવાન્ મહાત્મા સુદુર્લભ છે.

ભાવાર્થ—પૂર્વમાં ચાર પ્રકારના ભક્તો વિષયક કથન કરેલું છે તેમાં જ્ઞાનીની મોટાઇ કહી છે; કારણ કે માહાત્મ્યજ્ઞાન પૂર્વક જે ભગવાન્માં સ્નેહ છે તેજ ભક્તિપદવાચ્ય છે. અજ્ઞાની ભક્તથી જ્ઞાનીની ઉત્તમતા છેજ. હવે તે જ્ઞાન કેવા પ્રકારનું જોઇએ, ત્યાં કહે છે કે સર્વ બ્રહ્મ છે. આમાં ભેદ ન રાખે અને તે જ્ઞાન પણ ભગવદ્વિષયક હોય. આત્મજ્ઞાન તો કદાચિત એક જન્મમાં પણ પ્રાપ્ત થાય પરંતુ ભગવદ્જ્ઞાન તો અનેક જન્મે થાય છે. તે પણ ક્યારે કે જ્યારે શરણાગતિ થાય તે પછી પૂર્વ પૂર્વ જન્માર્જિત સુકૃતના સંચયથી ભગવન્ મહિમા જાણીને સેવાદિક કરે ત્યારે ભગવાન્ સંતુષ્ટ થઈ સ્વવિષયક સઘળું જ્ઞાન દીએ છે. તે એજ કે સર્વ વાસુદેવ છે એટલે કૃષ્ણ છે એવું અખંડ અદ્વૈતનું ભાન થાય છે. એજ બ્રહ્મ જ છે એમ જ્ઞાન થાય તેવો ભક્ત મહાત્મા ઘણો દુર્લભ છે શ્રીમદાચાર્યજીએ નિબન્ધમાં પણ કહ્યું છે. **अखंडाद्वैतभानेतु सर्वं ब्रह्मैव नान्यथा ॥** તેમ શ્રુતિઓ પણ કહે છે કે, '**सर्वं खल्विदं ब्रह्म**' આ સઘળું બ્રહ્મ છે. **ऐतदात्म्य मिदं सर्वं** ઇત્યાદિ અનેક શ્રુતિ સ્મૃતિથી આ તો સિદ્ધજ છે કે સર્વ બ્રહ્મ છે માટે દ્વૈત ન સમજવું હવે ટિપ્પણમાં આ શ્લોકનો અર્થ પૂર્વોક્ત પ્રમાણે છે કાંઇક તારતમ્ય છે તે આ પ્રમાણે—

આ શ્લોકમાં જે તુ શબ્દ છે તેનો એવો અર્થ થાય છે કે પૂર્વથી કાંઇક જૂદો પ્રકાર. આ જગત્ બ્રહ્માત્મક છે એમ જ્યારે જણાય છે ત્યારે ત્રિગુણાત્મક છે એમ ભાન નથી રહેતું અને એને નિયામક પણ પુરૂષોત્તમ વિના કોઈ બીજા દેવતા ભાસતા નથી અને જ્યારે જગત્ને ત્રિગુણાત્મક જાણે છે

તે વખતે તેને નિયમમાં રાખનાર બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણે છે એમ સમજાય છે.

શ્રીકલ્યાણરાયજી ટિપ્પણમાં લખે છે કે આ ત્રિગુણાત્મક જગત્‌ને નિયમમાં રાખવા બ્રહ્માદિક દેવ શ્રીપુરૂષોત્તમે જ રાજસાદિ ગુણોના અધિકારી કર્યા છે, સર્વના નિમાયક તો પુરૂષોત્તમ છે એમ નારદીય પુરાણમાં કહ્યું છે.

यस्याज्ञया जगत्सर्वं ब्रह्मा सृजाति नित्यशः ॥
विष्णुश्चपालको नित्य रुद्रः संहारक स्तथा ॥ १ ॥

અર્થ—જે પુરૂષોત્તમની આજ્ઞાથી બ્રહ્માજી આ સઘળા જગતને સૃજે છે. અને વિષ્ણુ પાલે છે અને રૂદ્ર નાશ કરે છે.

આ સઘળા દેવ કેવળ પ્રપંચાસક્તનાજ નિમાયક છે કાંઇ જ્ઞાનીના નિમાયક નથી આ વાત શ્લોકના ચતુર્થચરણથી જણાય છે.

ब्रह्मणीत्थं हरिर्मतः ॥ १ ॥

અર્થ—બ્રહ્મમાં (નિષ્ઠા છે જેની) તેવાના નિમાયક હરિ મનાયેલા છે.

ભાવાર્થ—બ્રહ્મા, વિષ્ણુ અને શિવ રાજસાદિ સ્વભાવવાળા પ્રાણીના નિમાયક છે એ બાબત પર પૂર્વમાં લખવામાં આવ્યું. હવે જે જ્ઞાની છે તેની વધારે વ્યવસ્થા લખે છે જે બ્રહ્મ નિષ્ઠ છે તેના નિયામક તો હરિ છે એના નિયામક કાંઇ બ્રહ્માદિક નથી; કારણ કે એ તો ગુણાતીત છે જેમ હરિ નિર્ગુણ છે તેમ તેને ભજનાર પણ નિર્ગુણ છે, એટલે ગુણ નિયામક જે બ્રહ્માદિ દેવ તેનુ નિયમન કેમ કરી શકે ? હરિ નિર્ગુણ છે એ શ્રીભાગવત સ્કંધ ૧૦ ઉત્તરાર્ધ ૩૯.—૫

हरिर्हि निर्गुणः साक्षात् पुरुषः प्रकृतेः परः ॥
स सर्वदृगुपद्रष्टा तं भजन्निर्गुणो भवेत्–५

અર્થ—હરિ, નિર્ગુણ છે અને પ્રકૃતિથી પર છે સર્વના અંતઃકરણમાં રહી જુવે છે તેને ભજે તે નિર્ગુણ થાય છે ઈત્યાદ અનેક વચન છે.

[illegible] જે ભક્ત ગુણાતીત છે અર્થાત્ મુક્ત છે તેનો નિયામક હરિ [illegible] બીજો કોણ હોય? ભગવાન્ તો સર્વ નિયામક છે એટલે [illegible] બ્રહ્માદિના પણ નિયામક છે, એવાં પણ વચનો છે કે સૂર્ય ચંદ્ર [illegible] પ્રેરણાથી પ્રકાશ કરે છે, વાયુ જેની બીકથી વાયે છે, એમ સર્વ નિયામક, છે અને બ્રહ્મનિષ્ટ થયેલા ભક્તના નિયામક પણ [illegible] છે. ગીતાજીમાં પણ કહે છે કે 'તેવા મારા ભકતોનું યોગ ક્ષેમ હું જ કરૂં છું' માટે તેવા ભક્તના નિયામક હરિજ છે.

આ દશમા શ્લોકનો સારાંશ—આ પ્રપંચ ત્રણ પ્રકારનો છે, એટલે ત્રણ ગુણોથી વ્યાપૃત છે તે ત્રિગુણાત્મક પ્રપંચને નિયમમાં રાખનાર દેવતા પણ ત્રણ છે તે બ્રહ્મા વિષ્ણુ અને શિવ અને જે ભક્તજન ગુણાતીત છે અને બ્રહ્મૈકરૂપ થયેલ છે તેના નિયામક હરિ છે. ૧૦

દશમા શ્લોકમાં જગત્નું ત્રિવિધપણું કહ્યું તથા જે ભગવદ્‌ભક્ત છે, તેના નિયામક હરિ છે એ પણ કહ્યું. હવે આ અગીઆરમાં શ્લોકમાં તે તે ગુણ સ્વભાવવાળા પ્રાણીને ધારેલાં કામ તે તે દેવોથી મળે છે. અને ભક્ત કામના ભગવાન્ પૂરે છે એજ શ્રીમદાચાર્ય આજ્ઞા કરે છે—

मूलम्—कामाचारस्तु लोकेस्मिन् ब्रह्मादिभ्यो नचान्यथा
परमानंदरूपेतु कृष्णे स्वात्मनि निश्चयः ॥११॥

सान्वयपदार्थः—**अस्मिन्** આ (ત્રણ તરેહના) **लोके** લોકમાં **कामचारः** (ઉપાસકોની) ઇચ્છાએ કરીને (તે તે લોક વિષેની) પ્રાપ્તિ અથવા ભોગ તે **तु** તો **ब्रह्मादिभ्यः** બ્રહ્માદિકથી **च** જ (થાય છે) **अन्यथा** બીજી રીતે (બ્રહ્માદિક વિના અથવા બ્રહ્માદિકની ઈચ્છા કરતાં બીજી રીતે) **न** નથી (સિદ્ધ થતો) **तु** અને **स्वात्मनि** પોતાના આત્માને સારૂ **परमानंद रूपे** નિત્ય અને નિરવધિ આનંદરૂપ **कृष्णे** શ્રીકૃષ્ણમાંજ **निश्चयः** બીજા ઘણા એક કામના સમુદાયથી જુદો પડેલ એવો પરમ આનંદરૂપ કામચાર સિદ્ધ થાયછે.

અર્થ—આ લોકમાં બ્રહ્માદિકથી કામ પ્રાપ્તિ થાય છે એટલે (તે તે સ્વભાવવાળાના નિયામક છે) બીજા પ્રકારથી નથી. ભક્ત જનોની મનોરથપૂર્ત તો પરમાનંદરૂપ શ્રીકૃષ્ણમાંજ સ્વાત્મપણાથી નિશ્ચય છે; માટે તેથી થાય છે અથવા ભક્તજનોના સ્નેહાતિશયથી અંતઃકરણમાં બિરાજતા પરમાનંદરૂપ શ્રીકૃષ્ણની પાસે સર્વ પ્રાર્થના કરી શકાય છે બ્રહ્માદિ દેવ લગી શાને જવું જોઇએ ?

ભાવાર્થ—પૂર્વ શ્લોકમાં કહ્યું જે બ્રહ્માદિક દેવો લોકના નિયામક છે તો ભગવદ્ભક્ત પણ લોકમાં છે તેના નિયામક બ્રહ્માદિક કેમ નથી ? તેના ઉત્તરમાં કે લોકમાં બ્રહ્માદિક દેવોથી તે તે સ્વભાવવાળા લોકને પોતાના ધારેલા કામની પ્રાપ્તિ તે થાય છે માટે તે નિયામક છે.

પ્રકાશમાં લખે છે કે બ્રહ્મનિષ્ટના નિયામક હરિ છે એમ પૂર્વ શ્લોકમાં લખ્યું તો તે કેમ બની શકે ? કારણકે જેમ આધિદૈવિકી ગંગાજી પોતાના બે સ્વરૂપ જે અધ્યાત્મ તથા અધિભૂત તેનોજ નિયમ કરે છે કાંઈ ભક્ત જનોનો નિયમ સ્વતઃ કરતાં નથી તેમ ભગવાન્ પણ પોતે પોતાના અધ્યાત્મ અને અધિભૂતનોજ નિયમ કરે પણ ભક્તને સ્વતઃ કાંઈ દઇ શકે નહી, જો એમ છે તો પછે સેવાનો ઉપદેશ શાને જોઈએ ? એ શંકાના સમાધાનથી શ્લોકનો અર્થ કહે છે. આ શ્લોકમાં જે तु શબ્દ છે તે શંકા દૂર કરવાને વાસ્તે છે, આ ત્રણ પ્રકારના ગુણવાળું જગત્ છે તેમાં અધિષ્ઠાતા જે બ્રહ્માદિક તેઓથી કામચાર છે એટલે તે તે દેવોની ઉપાસના કરનારને કામ ઈચ્છા અને ચાર પ્રાપ્તિ અથવા ભોગ તે તે દેવોથીજ થાય છે બ્રહ્માદિક શિવાય બીજા કોઇથી મનોરથ પૂર્તિ થતી નથી અથવા તે લોકોએ ધારેલા મનોરથથી વિરૂદ્ધ પ્રકારથી પણ થતું નથી; માટે તે તે દેવોનું ભજન તે કરે છે. આ સઘળો અર્થ પ્રકરણને અનુસરતો કરવો **स्वात्मनि** એટલે પોતાના આત્મા સારૂ તો પરમાનંદરૂપ શ્રીકૃષ્ણ

ભુમા પદવાચ્ય **છે** તેથીજ મનોરથ પ્રાપ્તિ છે આત્માવિષયક કામ પ્રાપ્તિ કાંઇ દેવથી થતી નથી તે તો લૌકિક સાવધિક ફળ દઇ શકે છે નિરવધિસુખ પ્રાપ્તિ તો પરમાનંદરૂપ પુરૂષોત્તમથી જ મળે છે. આ શ્લોકમાં ***स्वात्मनि** એ સપ્તમી વિભક્તિ છે તે ચતુર્થીના અર્થ સમાન અર્થવાળી છે. વિવૃતિમાં નિશ્ચય પદનો અર્થ કામચાર એમ શ્રીવિઠ્ઠલનાથજીએ કર્યો છે તે પ્રકાશમાં સિદ્ધ કરે છે. નિઃ **ચય** એવા બે શબ્દ મળીને **નિશ્ચય** એ શબ્દ તો નિઃ નો અર્થ કે નિકલ્યો. અને **ચય** નો અર્થ ઢગલો. સમુદાય જે સમુદાયમાંથી નિકલ્યો તે **નિશ્ચય** એટલે અનેક કામના સમુદાયમાંથી નિકલ્યો તે પરમાનંદ; જે સઘળા માણસ જન્મથી સુખ ઇચ્છે છે. તો તે પરમસુખ રૂપ તો પુરૂષોત્તમ છે માટે તેજ કામચાર **છે** એટલે પોતાના મનોરથની પ્રાપ્તિ છે. ભક્તના મનોરથપૂરક પરમાત્મા છે. કાંઈ બ્રહ્માદિ ગુણપ્રધાન ગુણલિંગ દેવો નથી.

યોજનામાં લાલૂભટજી લખે છે કે આ ક્ષરરૂપ પ્રપંચમાં પ્રપંચ સંબંધિ ફલની ઇચ્છાથી (ઉપાસનાદિમાં) પ્રવૃત્ત થયા હોય, તેની મનોરથ પ્રાપ્તિ કૃષ્ણાંશભૂત બ્રહ્માદિ દેવોથી થાય છે. જેમ દૃષ્ટાંતમાં આધિદૈવિક ગંગાજીના અંશભૂત આધ્યાત્મિક અને આધિભૌતિક ગંગાજીથી લૌકિક વ્યવહાર થાય છે જે શંતનુના પ્રસંગમાં ભારતમાં સુપ્રસિદ્ધ છે તે વ્યવહાર કાંઇ

---

* 'निमि[illegible]ात्कर्मयोगे' નિમિત્તથી ફળથી સપ્તમી વિભક્તિ કરવામાં આવે જો [illegible] સંયોગ અથવા સમવાય સંબંધ હોય તો જેમ કે ઉદાહરણ

तषां नि

ोपिनं हंति दंतयो र्हंति कुंजरम् ।
ारीं हंति सीम्नि पुष्कलको हतः ॥

[illegible] (ચામડા) સારૂ દીપડાને મારે છે. દાંત સારૂ હાથીને માર ચમરી મૃગને મારે છે. અંડકોષ સારૂ ગંધ મૃગને મારે છે. અર્થ પ્રમાણે સપ્તમીનો અર્થ થયો છે તેમ પ્રકૃતમાં

સાક્ષાત્ આધિદૈવિક ગંગાજીથી થયો નથી અને તે ગંગાજી ભક્તિથી પ્રવાહમાં લભ્ય થાય છે તેમ પ્રકૃતમાં પણ સમજવું જોઇએ; લોકમાં ફળ પ્રાપ્તિ તે બ્રહ્માદિદેવોથી થાય છે. હવે શંકાનો સમય એ છે જે લોકમાંકામ પ્રાપ્તિ દેવોથી છે; એમ સિદ્ધ કરી ચુકયા તો ભક્તજનો પણ લોકમાંજ રહે છે તેની મનોરથ પ્રાપ્તિને વાસ્તે કેમ ? ઉત્તરમાં ઉત્તરાર્દ્ધ લખે છે કે. **परमानंदरूपे** આ સપ્તમ્યંત વિશેષણ લોકનું કરવું, પરમાનંદનો જ્યાં વ્યવહાર થાય છે તે લોકમાં તો એટલે લીલા યોગ્ય પ્રપંચમાં તો ભકતોના સ્વાત્મરૂપ શ્રીકૃષ્ણમાંજ મનનું સ્થૈર્ય છે. એટલે ભક્તજનોને આ દૃઢ વિશ્વાસ છે કે અમારા મનોરથ શ્રીકૃષ્ણ પૂરશે. અને તેજ પ્રમાણે થાય છે. કારણ કે ભક્તના મનોરથ પુરવા ભગવાને સ્વીકાર્યું છે. વિશેષ શું કહેવું આમ પણ વચનો છે કે ભગવાન્ ભક્તજનને આધીન છે. આમાંના કેટલાક વચન પ્રકૃતોપયોગી જાણી અહિં ટાંકયા છે.

ये भजंति तु मां भक्तया मयिते तेषु चाप्यहम् ॥

અર્થ—જે મને પરમ સ્નેહથી ભજે છે તે મારામાં છે અને હું તેમાં છું.

શ્રીભાગવત નવમસ્કંધ અધ્યાય ૪ અંબરીષ આખ્યાનમાં—

अहं भक्त पराधीनो ह्यस्वतंत्र इव द्विज ॥
साधुभिर्ग्रस्तहृदयो भक्तै र्भक्तजनःप्रियः [illegible] ॥
नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ॥ કામચાર છ
श्रियं चात्यंतिकीं विद्वन् येषां गति रहं परा ॥ ને ચાર

ये दाराऽगार पुत्राऽऽप्तान् प्राणान् वित्त मिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं स्तांस्त्यक्तुमुत्सहे ॥६५॥
मयि निर्बद्धहृदयाः साधवः समदर्शनाः ।
वशे कुर्वंति मां भक्तया सत्स्त्रियः सत्पतिं यथा ॥६६॥

मत्सेवया प्रतीतं च सालोक्यादि चतुष्टयम् ।
नेच्छंति सेवया पूर्णाः कुतोऽन्यत् कालविप्लुतम् ॥६७॥
साधवो हृदयं मह्यम् साधूनां हृदयं त्वहम् ।
मदन्यत्ते न जानंति नाऽहं तेभ्यो मनागपि ॥ ६८ ॥

અર્થ—સદ્ભકતોએ જેનું હૃદય રોકેલું છે, અને ભક્તજન જેને પ્રિય છે એવો હું (ભગવાન્) પરતંત્રની માફક ભક્તને આધીન છું જે. ભકતોની મારા શિવાય બીજી ઉત્કૃષ્ટ ગતિ નથી તેવા મારા સદ્ભકતો વિના આત્યંતિક લક્ષ્મીને હું ઇચ્છતો નથી. સ્ત્રી ઘર પુત્ર સ્વજન (કુટુંબ) પ્રાણ અને વિત્ત (દ્રવ્ય) તથા આ લોક અને પરલોકને ત્યાગ કરીને અર્થાત્ તદ્દાશક્તિ છોડીને જેઓ મારે શરણે આવેલા છે તેવા ભકતોનો ત્યાગ કરવા હું કેમ ઉત્સાહ કરૂં ? જેમ સત્પતિને પાતિવ્રત્યધર્મવતી સ્ત્રી વશ કરે; તેમ સર્વત્ર સમાનદર્શી અને મારે વિશે હૃદયને બાંધનાર ભકતો મને વશ કરે છે. મારી સેવાથી પૂર્તિ માનનારા ભકતો ભક્તિથી પ્રાપ્ત થતી સાલોકયાદિ મુક્તિની પણ ઇચ્છા નથી રાખતા; તો કાળે કરી જેનો નાશ થાય છે એવા ઐહિક પદાર્થને કેમ ઇચ્છે? સદ્ભકતો મારૂં હૃદય છે અને તેઓનું હૃદય હુંજ છું તેઓ મારા શિવાય બીજું કાંઇ જાણતા નથી હું પણ તેઓનાથી અંતર જરા પણ જાણતો નથી.

શ્રીગીતાજીમાં પણ અધ્યાય નવમામાં શ્લોક ૨૨

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ २२ ॥

અર્થ—અનન્ય ભક્ત છે જે મારૂં (પુરૂષોત્તમનુ) ચિંતવન કરતા પુષ્ટિમાર્ગના પ્રકારથી મને સેવે છે. નિત્ય અભિયોગવાલા તેઓના યોગ અને ક્ષેમ હું કરૂં છું.

ભાવાર્થ—ભગવાન્ અર્જુનને કહે છે કે જે અનન્ય ભક્ત છે અનન્ય એટલે બીજા દેવથી ફલની ઇચ્છા રૂપ ભાવના રહિત

જે ભક્તજન અર્થાત્ પુષ્ટિભક્તિ વાળા પુરુષોત્તમનું ચિંતન કરતાં પુષ્ટિમાર્ગમાં કહી સેવા કરે છે, તેવા જે નિત્ય સંબદ્ધ છે તેનો યોગ એટલે અપ્રાપ્ત જે સેવોપયોગી ધન ધાન્ય વસ્ત્રાલંકારાદિ તેની પ્રાપ્તિ હું કરૂં છું. એટલે કોઈને પ્રેરણા કરી હુંજ સંપાદન કરી લઉછું તે ખાતે તેવા ભગવદ્ભક્તને શ્રમ કરવો રહેતો નથી, અને ક્ષેમ એટલે પ્રાપ્ત વસ્તુનું સંરક્ષણ અથવા નિરવધિકલ્યાણ હું કરૂં છું.

'सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेंजसा'

અર્થ—મારો ભક્ત મારી ભક્તિના યોગથી સઘળું જલદી મેળવે છે. આ પણ વચન છે તેથી ભક્તિથી સર્વ મળે છે ભગવદ્ભક્તિ છે તે કલ્પતરૂ છે તેમ ગીતાજીમાં બીજાં પણ વચન છે જેમકે—

येतु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ १२—६

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न विचारात्पार्थ मय्यावेशितचेतसाम् । १२-७

અર્થ—જેઓ લૌકિક વૈદિક કર્મ મને સમર્પિને કેવલ મારે અધીન થઈ અન્ય ભાવના રહિત ભક્તિયોગે કરી શ્રવણ, કીર્ત્તન, સ્મરણાદિ કરતા મનેજ ભજે છે—તેનો આ મૃત્યુ રૂપ સંસાર સમુદ્રથી થોડા વખતમાં ઉદ્ધાર હું કરૂં છું. કારણ કે તેમણે મારામાં અંતઃકરણનો આવેશ કરી રાખ્યો છે એમને બીજું કાંઇ અવશિષ્ટ છેજ નહીં. કેવલ સેવા શિવાય કાંઇ કામનાનું બીજ પણ બાકી રહ્યું નથી. આવું પણ વચન છે કે—

'न मय्यावेशिताधियां कामः कामाय कल्पते'

મારામાં જેમણે બુદ્ધિનો આવેશ રાખ્યો છે તેમને કાંઇ કામ કામને વાસ્તે નથી કલ્પાતો, એટલે કાંઇ કામના બાકી રહેતી

નથી પરિપૂર્ણ મનોરથ છે. ઇત્યાદિ અનેક વાક્ય છે. આ ઉપરથી સાધારણભક્તિથી પુષ્ટિભક્તિનો વિશેષ જોવામાં આવે છે. પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહનો ભેદ જુદો બતાવેલો છે માટે વધારે લખવાની જરૂર નથી. જે પુષ્ટિભક્ત છે તેમના ચતુર્વિધ પુરૂષાર્થ સિદ્ધ કરવાનું ભગવાનેજ સ્વયં સ્વીકૃત છે. માટે બ્રહ્માદિક દેવની પ્રાર્થના તે લોકો કરતા નથી અને તે દેવો એની મનોરથ પૂર્ત્તિ કરી શકતા પણ નથી કારણ કે ભક્ત નિરૂપાધિક છે અને બ્રહ્માદિક સોપાધક છે.

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં વ્યાખ્યાન બીજા પક્ષથી કરે છે કારણ કે 'યૌગિક અર્થ કરતાં રૂઢીનો અર્થ બલવાન' છે તેથી નિશ્ચય શબ્દનો પહેલાં કામચાર એવો અર્થ કરી હવે નિશ્ચય શબ્દનો મૂલ જે અર્થ નિર્દ્ધાર રૂપ છે તેજ રાખી વ્યાખ્યાન કરે છે. આ પક્ષમાં સ્વાત્મમિ એ કૃષ્ણનું વિશેષણ છે. બીજો સઘળો અર્થ જે જે વિવૃત્તિના અનુવાદ વખતે કર્યો તેજ સમજી લેવો. ભગવાનજ કામચાર છે એ અર્થ પણ પહેલે કર્યો છે. પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ શ્રીકૃષ્ણજ છે. જેનો ઉદ્ધાર કરવા ભગવાન્ ધારે તેનો ઉદ્ધાર થાય છે. અને જેનો મનોરથ પૂર્ણ કરવા ધારે તેનો પૂર્ણ થાય છે કારણ કે તેમાં ભગવદિચ્છાહેતુ છે. આજ અભિપ્રાય વેદાંત સૂત્રમાં પણ છે.

संकल्पादेव च तच्छ्रुतेः अध्याय ४ पा. ४ सू ८

અર્થ--પુરૂષોત્તમના સંકલ્પથીજ ભજનાનંદાદિ મળે છે. કારણ કે તેવી શ્રાત છે.

ભાવાર્થ--પુરૂષોત્તમની પ્રાપ્તિ કોઇને થાય છે ને કોઇને થતી નથી તેમાં હેતુ શું કલ્પવો જોઇએ? આ જીજ્ઞાસાના ઉત્તરમાં એજ કે જે જીવને ભજનાનંદ દેવાને ભગવાન્ સંકલ્પ વિષય કરે છે તેને તે આનંદ મળે છે કાંઇ સર્વને ભજનાનંદ મળતો નથી. આમ પ્રમાણ શ્રુતિનું છે--

नायमात्मा प्रवचनेन लभ्यः नमेधया न बहुना श्रुतेन॥
यमेवैष वृणुते तेन लभ्यः।

અર્થ--આ આત્મા (પુરૂષોત્તમ) પ્રવચનથી મળતા નથી, આ પરમાત્મા યોગાદિ ધારણા કરવાથી મળતા નથી અથવા બહુ શ્રુતથી મળતા નથી. શ્રુત છ પ્રકારનું છે. અથવા કોરા શ્રવણ કરવાથી જ મળતા નથી પરંતુ તેને મળે છે કે જેને પોતે પોતાના કરી માને છે.

ભાવાર્થ--પુરૂષોત્તમ કાંઈ ઇતર સાધનસાધ્ય નથી પ્રવચનાદિ સાધન પુરૂષોત્તમ પ્રાપ્તિમાં કુંઠિત છે આહીં તો પ્રાપ્તિમાં મુખ્ય સાધન વરણ છે ભગવાન્ જેનો અંગિકાર કરવા ધારે છે તેનો અંગીકાર થાય છે તેથી સાધન બીજું કોઇ ઉપયોગી થઈ પડતું નથી. અને અનેક કોટિ બ્રહ્માંડ નાયકને કઇ વાતે આપણે રીઝાવીએ, સર્વશક્તિ, સર્વેશાન, સર્વજ્ઞ, પરમાત્મા, પૂર્ણાનંદને કોઇ સાંસારિક પદાર્થની અપેક્ષા છેજ નહિં અને લૌકિક પદાર્થનો ઉપયોગ થાયજ નહિં માત્ર ભાવથી વશ થાય છે; જો દૃઢ ભક્તિ છે તો વશ થાય છે અને જે મનોરથ હોય તે પૂર્ણ કરવા તેજ સમર્થ છે. પરતુ એ અનન્ય ભક્તને વાસ્તે વ્યવસ્થા છે. નવમા સ્કંધમાં કહ્યા પ્રમાણે જેણે સર્વસ્વ નિવેદન કરી દીધું હોય અને એકાદશસ્કંધમાં વર્ણવેલી દશાને પહોચ્યો હોય તેને વાસ્તે છે ભક્તિમાર્ગકમલભાસ્કર શ્રીવેદવ્યાસજી પણ આ અર્થ સૂત્રમાં ગુંથે છે.

अनन्याधिपतिः

અર્થ--અનન્યોના અધિપતિ પુરૂષોત્તમ છે.

ભાવાર્થ--પુષ્ટિમાર્ગીય ભક્તજનો આમ દૃઢ સમજે કે અમારે તો સાધન, અને ફળ ભગવાન્ વિના બીજું કોઇ નથી તેથી તે અનન્ય કહેવાય અને અનન્યોના અધિપતિ પુરૂષોત્તમ છે એટલે તેઓના અંતઃકરણમાં સદા પ્રભુ બીરાજે છે, અને સકલ મનોરથ પૂરણ પ્રભુ કરે છે. અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે આમ પણ શ્રુતિ છે કે---

‘ सर्वस्य वशी सर्वस्येशानः ’

અર્થ—સર્વને નિયમમાં રાખનાર છે અને સર્વના અધિપતિ છે. તો કેવળ ભક્તિમાર્ગીય જનોનાજ અધિપતિ છે એમ કેમ કહેવાય ? ઉત્તર—એ વાત સત્ય છે પરંતુ ભક્તિમાર્ગીય જન શિવાયનું અધિપતિપણું પોતાની વિભૂતિથી કરે છે માટેજ કહ્યું છે—

‘ मदन्यत्ते न जानंति नाहंतेभ्यो मनागपि ’

‘મારાથી બીજું કાંઈ તે ભક્ત જાણતા નથી અને હું તેનાથી ઉપરાંત બીજું કાંઈ વધારે ધારતો નથી. જો પૂર્વોક્ત પ્રકારેજ હોય તો સર્વજ્ઞ સર્વશક્તિમાન શ્રીકૃષ્ણ આવી કેમ આજ્ઞા કરે ? તેથી આમ સિદ્ધ થાય છે કે ભક્તિમાર્ગ કેવળ અનુગ્રહૈકસાધ્ય છે; માત્ર વિશ્વાસ જોઈએ. આ હેતુથી અહીં સેવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

શ્રીકલ્યાણરાયજી લખે છે તે પૂર્વોક્તાનુસારીજ છે તેઓ એક આવો હેતુ લખે છે કે ભક્તજનના મનોરથ પણ અસાધારણ હોય છે તે પૂર્ણ કરવાની દેવોમાં શક્તિ પણ ક્યાં છે ? અને એને નિયમમાં રાખવા યમ પણ ના કહે છે જેમ કે—

ते देवसिद्धपरिगीतपवित्रगाथा ।
ये साधवः समदृशो भगवत्प्रपन्नाः ॥
तान्नोपसीदत हरेर्गदयाभिगुप्तान्
नैषां वयं न च वयः प्रभवाम दंडे भा. ६—३—२७

અર્થ—યમરાજ પોતાના દૂતને કહે છે—દેવ અને સિદ્ધ
એ જેઓની પવિત્ર કથા ગાઈ છે અને જેઓ ભગવાન્
રણ ગયા છે તે સાધુ જન છે. હરિની ગદાથી જેઓની
રફથી રક્ષા થઈ રહી છે તેઓની પાસે તમો (દૂતો) ન જાઓ;
ણ કે એઓને દંડ દેવામાં અમે તથા કાળ પણ સમર્થ નથી.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે તેવા ભક્તને યમાદિદેવ
નિયમમાં રાખવા સમર્થ નથી. આ વાક્ય ઉપરથી સાર એ
લેવો જોઇએ કે તેમાં કહેલાં લક્ષણ વાળા ભક્તજનને વાસ્તે
નિયમ છે. સર્વત્ર સમાન દૃષ્ટિથી જોવું એ બહુજ પરિપકવ
માં થાય છે. બ્રહ્મભાવ થવો એ કાંઈ સહજ નથી મોઢેથી
દીધું તેથી શું થયું ? તે પ્રમાણે વર્તવું જોઇએ.

આ અગિયારમા શ્લોકનો સારાંશ એ છે જે—આ
માં અધિષ્ઠાતા બ્રહ્માદિ દેવોથી તે તે દેવોની ઉપાસના
જનોને મનોરથ પ્રાપ્તિ થાય છે માટેજ દ્વિતીય સ્કંધમાં શ્રી
દેવે તે તે કામના પરત્વે ઉપાસના કહેલી છે, તથા ગીતા
પણ કહ્યું છે કે યજ્ઞે કરી દેવતાને પ્રસન્ન કરો અને પ્રસન્ન
દેવ તમોને જોઇતું દેશે. તેમજ જે દેવને યજે છે તે દેવને
થાય છે આદિ કહ્યું છે. પરંતુ ભગવદ્દભકતને વાસ્તે એ
નથી. ભગવદ્દભકત તો પુરૂષોત્તમનુંજ ભજન કરે છે અને
આ લોક અને પરલોક સંબન્ધી સઘળા મનોરથ પરમાનંદ
કૃષ્ણજ પૂરા કરે છે. મુચકુંદાદિક પર પ્રસન્ન થયેલા
મોક્ષ દેવાને વાસ્તે નાજ કહી હતી. એટલે ભગવાન્
સકલ મનોરથ પૂરક કોણ છે ? કોઈ નથી એમ ભગવદ્દભ
નિશ્ચય વિશ્વાસ છે. ભગવાનના ભકતને કોઈ કામ સારૂ
આશ્રય કરવાની જરૂર નથી, અને દેવતાંતરના ભકતને યથા
દેવાને અધિકાર આપ્યો છે, અને ભગવાન્ તો પરમાનંદ
માટે તેઓની પાસે પ્રાર્થના કરવામાં પણ કોઈ પ્રકારનો
રહેતો નથી અથવા પ્રાર્થનાનું પણ શું કામ છે, અંતઃ
બીરાજે છે માટે સઘળું જાણે છે કે આ વખતે આ
અપેક્ષા છે. તો વિના પ્રાર્થના પણ કામના પૂર્ણ કરે છે.

એકાદશ શ્લોકમાં કહ્યું કે ભગવદ્દભક્તના મનોરથ
પૂરે છે. અને બીજા જીવના મનોરથ ભગવદંશભૂત બ્રહ્માદિ
પણ તે તે દેવદ્વારા ભગવાને પૂર્યા એમજ

ારણકે અંશી પરમાત્મા છે. તેમ ગીતાજીમાં કહ્યું છે કે 'મેંજ નોરથોની પૂર્તિ કરી છે' ભગવાન વિના ફલ દેવાની બીજાની શકિત નથી. તેમ એ પણ સિદ્ધ થયું છે, કે શ્રીકૃષ્ણ છે તે પરબ્રહ્મ પુરૂષોત્તમ છે. અને અંતર્યામી વિષ્ણુ અક્ષર છે. અને પ્રપંચ ક્ષર છે. તો સર્વોત્તમ જે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તેમની ભકિત રવી. એ આ બારમા શ્લોકના પૂર્વાર્દ્ધમાં કહેવામાં આવશે અને ઉત્તરાર્દ્ધમાં જીવ સ્વરૂપ કહેવાશે.

લમ્—अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ॥

सान्वयपदार्थः—(ભકિતમાર્ગમાં તો સર્વને નિયમમાં રાખનાર શ્રીકૃષ્ણજ છે, अतः એ હેતુ માટે तु પુનઃ ब्रह्मवादेन (બ ં બ્રહ્મજ છે એ રીતે શ્રીભાગવત ગીતા અને વ્યાસસૂત્રમાં કહેલા) હ્મવાદે કરીને कृष्णे (પરબ્રહ્મ) શ્રીકૃષ્ણમાં बुद्धिः અંતઃકરણ ર્ધ यताम् વિશેષે કરીને ધારણ કરવું.

અર્થ—આથી બ્રહ્મવાદે કરી શ્રીકૃષ્ણમાં બુદ્ધિ સારી ીતે રાખો.

ભાવાર્થ—અગીઆર શ્લોક સુધી જે કહ્યું તેનું ફળ અને ામેય કહે છે કે આ સઘળું પૂર્વમાં પ્રતિપાદન કરી દીધું તેથી ાકાર છે. આ પ્રકારના સિદ્ધાંતથી શ્રીકૃષ્ણમાં જ અંતઃકરણ સ્થિર રી રાખો. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એતો બહુત્ર પ્રતિપાદિત છે શ્રીશુકવજીએ દામોદર લીલામાં પણ પરબ્રહ્મપણાથી વર્ણન કર્યું છે.

न चांतर्न बहिर्यस्य न पूर्वं नापि चापरं ।
पूर्वापरं बहिश्चांतर्जगतो हि जगच्च यः । ભા. ૧૦–૯–૧૩

અર્થ—જેની અંદર કાંઇ નથી અને જેની બાહિર કાંઈ તેમ પૂર્વ અને પશ્ચિમપણું પણ નથી. પૂર્વ પશ્ચિમ. અને દર અને બાહિર આં સઘળા ભાવ જગતને છે આ તો સ્વયં ગત્ છે માટે કેમ બાંધી શકાય?

ભાવાર્થ—શ્રીશુકદેવજી, ભગવાન્ ન બંધાય તેમાં આશ્ચર્ય

નહિં એમ જણાવતા યુક્તિ જણાવે છે. ભગવાનનું બંધન બેય પ્રકારેથી નથી થઈ શકતું એક તો ભગવાનના સ્વરૂપનો વિચાર અને બંધનના સાધનપર વિચાર કરવાથી પણ બંધન થઈ શકતું નથી. તેમાં પહેલે ભગવાનના સ્વરૂપનો વિચાર કરે છે હવે બંધનથી બે કામ થાય છે એક તો બાહિર જવાનો નિરોધ અને બીજું અંદર તાપ. તે તેને થાય કે જેને બાહિર અને અંદર એ બે ભાવ હોય. ભગવાન્ તો પૂર્ણ છે, અને વ્યાપી રહ્યા છે એટલે કોનાથી ભગવાન અંદર કહેવાય ? અથવા સર્વની અંદર તેજ રેહેનાર છે માટે તેની અંદર તો કોઇ નથી જો તેની અંદર કોણ ? તેની અંદર કોણ ? એમ પક્ષ કર્યા કરીએ તો અનવસ્થા નામનો દોષ આવે છે. માટે સર્વની અંદર નિરંતર અંતર્યામી સ્વરૂપે ભગવાન્ બીરાજે છે. સર્વંતર્યામી તો તેજ છે માટે તેની અંદર નથી, તેમ ભગવાનથી બાહિર પણ કોઇ નથી, કારણ કે ભગવાન્ સર્વવ્યાપક છે. જો કે આકાશ સર્વથી બાહિર જોવામાં આવે છે પરંતુ એ આકાશ પણ ભગવાનમાંજ રહે છે; આ બે બાબતથી અંતઃકરણમાં ખેદ અને બાહિર આવરણ ભગવાનને નથી એ સૂચવવામાં આવ્યું. આ બંધન એ વેષ્ટનાત્મક છે. તે નિરવયવ અને ન નિરૂપણ થાય તેવા અને પોતાની મેળે ભાસતા અને જાણનાર અને જાણવા જોગ પણાથી રહિત એવા પરબ્રહ્મને પૂર્વ દિશાપણું અને પશ્ચિમ દિશાપણું કેમ ઘટે તેમજ દક્ષિણ અને ઉત્તર વિભાગ પણું સમજી લેવું, તેથી સ્વરૂપથી અને દિશાના વિભાગથી મનાતા અંદર અને બાહિર, પૂર્વ અને પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર આદિ ધર્મો ભગવાનમાં નથી; તે સંબન્ધની સંભાવના પણ ન કરવી જોઇએ. આતો ભગવાનના સ્વરૂપ જોતે વિચાર કરવામાં આવ્યો. હવે સાધનના સ્વરૂપનો વિચાર કરવો બાકી છે માટે શ્લોકનું ઉત્તરાર્દ્ધ કહેવામાં આવ્યું. બંધનનાં સાધન તો દોરડી આદિ પ્રસિદ્ધ છે તો તે દોરડાના પૂર્વ ભાગમાં તથા પર ભાગમાં ભગવાન્ છેજ તો, જ્યારે સર્વમાં છે તો દોરડામાં શાને નથી ? હિરણ્યકશ્યપુના આ

ધ્યાનમાં. ક્યાં છે ? આ પ્રશ્નના જ[illegible]બમાં પરમભક્ત પ્રહ્‌લાદજીએ સર્વમાં છે, આજ જવાબ આપ્યો છે અને ભગવાન્ સ્તંભમાંથી પ્રાદુર્ભૂત છે. તેમ સર્વ પદાર્થો ભગવાન્‌માં છે એમાં પણ સ્વયં યશોદાજી પ્રમાણ ભૂત છે કારણ કે મૃત્સ્નાભક્ષણ પ્રસંગમાં તથા તૃણાવર્તના પ્રસંગમાં સંપૂર્ણ બ્રહ્માંડ મુખારવિંદમાં શ્રીયશોદાજીએ જોયું છેજ! માટે સર્વની બાહિર પણ ભગવાન્ છે કારણ કે વ્યાપક છે અને સર્વની અંદર પણ ભગવાન્ બીરાજે છે કારણ કે સર્વાંતર્યામી છે. તેમ મૂલ શ્લોકમાં च કહેવામાં આવ્યો છે. તેથી સ્વરૂપ પણ છે. આ સઘળું જગતના સંબંધમાં છે; કારણ કે ઉત્પન્ન થાય છે અને જાય છે—जायते गच्छति च जगत् તેથી જગત્ કહેવાય છે જો પૂર્વ ભાવ ન હોય તો થાય કેમ ? અને પરભાવ ન હોય તો જગત્ જાય ક્યાં ? ભગવાન્ તેની બાહિર ન હોય તો જગત્ જાતાં જાય તો ? અને જો જગત્‌ની અંદર ભગવાન્ ન હોય તો સપ્રતીતિ સિદ્ધ ન થાય માટે અંતઃસ્થિત ભગવાન્‌ના ધર્મથી જ તો જગદ્ધર્મ છે. વધારે શું જગત્ છે તે પણ ભગવાન્ છે સચ્ચિદાનંદરૂપ પણાથી જો ભગવાન્ જ છે તો કોઈ પોતાના આત્માથી બંધાય નહિં અને જો પોતાની મેળે જ બંધાય તો બાંધનારનો શ્રમ વ્યર્થ છે અને જગન્મય સર્વને પોતાની આજ્ઞામાં રાખે તો પોતાના બંધને સારૂ કેમ જગત્‌ને આજ્ઞા આપે ? આમ વિચાર કરતાં કોઇ પણ પ્રકારેથી બંધન નથી સંભવતું આ સઘળો શ્લોકનો અર્થ છે. કાંઈ વિસ્તાર થયો છે પણ દીર્ઘ વિચારવાળાને તો સાર મળશેજ. આમાં શ્રીકૃષ્ણનું પૂર્ણ પુરૂષોત્તમ પણાથી વર્ણન સુપ્રસિદ્ધ કરવામાં આવ્યું તેમ સ્તુતિ ભાગમાં પરબ્રહ્મના ગુણોથી જ વર્ણન છે. તેથી ભકિતમાર્ગમાં બ્રહ્મવાદ અનુભવસાક્ષિક છે. એમ નિરૂપણ કરવામાં આવ્યું અને મૂલ શ્લોકમાં अस्तु આ બે શબ્દમાં જે तु શબ્દ છે તેથી નિરાકાર વાદની વ્યાવૃત્તિ કરી.

પ્રકાશમાં શ્રીપુરૂષોત્તમજી અનુવાદ કરે છે કે પૂર્વોકત પ્ર

કારથી સઘળું બ્રહ્મ જ છે એમ શ્રીગીતાજી શ્રીભાગવત અને બ્રહ્મસૂત્રથી શ્રુતિ સિદ્ધાંતના સ્થાપને કરી પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં અંતઃકરણ રાખો.

યોજનામાં લાલૂભટજી લખે છે કે--આ પ્રકારે સાધારણ ફળ મળવાની વ્યવસ્થા કહી તેમાં પણ સાધારણ જીવોને ફળ શ્રીકૃષ્ણના અંશ ભૂત બ્રહ્માદિ દેવદ્વારા શ્રીકૃષ્ણ આપે છે અને પુષ્ટિમાર્ગીય જીવોને ફળ શ્રીકૃષ્ણ સ્વયં આપે છે એ વ્યવસ્થા કરવામાં આવી તો સઘળાને ફળ દેનાર શ્રીકૃષ્ણ જ થયા. તથા સઘળા શ્રીકૃષ્ણાત્મક છે અને શ્રીકૃષ્ણને આધીન છે. આ બ્રહ્મવાદે શ્રીકૃષ્ણમાંજ ફળ દેનાર પણાની બુદ્ધિ રાખવી જોઇએ. તેમ બ્રહ્મસૂત્રમાં પણ ફલ પ્રદ પણું ભગવાન્નું વર્ણવેલું છે જેમકે—

फलमत उपपत्तेः ३—२—३८

અર્થ—ઇશ્વરથી ફળ મળે છે ઉપપત્તિ હેતુથી.

ભાવાર્થ—ઇશ્વરથી ફળ મળે છે આ સિદ્ધ કરવા વ્યાસ ચરણ ફલોપપત્યધિકરણ નામના ૧૧ માં અધિકરણમાં આરંભ કરે છે. ઇશ્વરથીજ ઐહિક અને પારલૌકિક ફળ મળે છે કારણ કે ફળની ઉપપત્તિ ઇશ્વરથી છે. સર્વને વશ કરનાર સર્વના નિયંતા ઇશ્વર છે શ્રુતિમાં પણ રહ્યું છે.

सर्वस्य वशी सर्वस्येशानः

અર્થ—સર્વને વશમાં રાખનાર અને સર્વના શાસન કરનાર ઇશ્વર છે માટે ઇશ્વરજ ફળ આપે છે, કર્મ સચિવ દેવતા આપતા નથી કારણ કે સર્વના માલિક તો પુરૂષોત્તમ છે. બીજાની વસ્તુ બીજાને આપવા અધિકાર નથી, જેની જે વસ્તુ છે તે આપી શકે છે ને ભગવદિચ્છા શિવાય કોઇથી અપાય નહીં. આ જે ફળ કામનાથી ભજે છે તે મધ્યમાધિકારિ જાણવા. કારણ કે ઉત્તમાધિકારીને તો ભગવાન્ એજ ફળ છે કે ભજવામાં બીજો હેતુ રહેતો નથી; તે અહેતુકી ભક્તિ કરે છે માટે

દેશાઈ પુરુષોત્તમદાસ ગ [illegible]
બહાદરપુર (G. B. S. R.)

ઉત્તમાધિકારી છે. આ સૂત્રથી એ સિદ્ધ થયું જે ફળ પ્રાપ્તિ ભગવાન્‌થી થાય છે આ અધિકરણપાદ સમાપ્તિ સુધી છે પણ ગ્રંથ ગૌરવના ભયથી ત્રણ સૂત્ર બીજાં નથી લખ્યાં તેમ ગીતાજીમાં પણ એજ લખવામાં આવ્યું છે કે ભગવાન્‌થી ફળ પ્રાપ્તિ થાય છે. કદાચિત્ ઇતર દેવની ઉપાસના કરવાથી તે તે દેવ દ્વારા ફળ મળે છે પણ તે ભગવાનેજ દીધેલાં, દેનાર ભગવાન વિના બીજો કોણ છે ? જેમ કે—

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्यतस्याऽचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ ७ २१

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ॥
लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ॥२३॥

અર્થ—જે જે ભકત જે જે ભગવાન્‌ના શરીર ભૂત દેવને શ્રદ્ધાએ કરી પૂજવા ઇચ્છે છે તે તે ભકતની તે તે દેવમાં શ્રદ્ધાને હું કરૂં છું તે ભકત તે શ્રદ્ધા યુકત, તે દેવનું આરાધન કરે છે. ત્યાર પછી તે દેવોથી મનોભિલષિત કામને મેળવે છે જે કે મેંજ દીધેલાં છે.

ભાવાર્થ--જે જે ભકત ભગવાન્‌ના અંગભૂત જે દેવનું શ્રદ્ધા પૂર્વક પૂજન કરવા ઇચ્છે છે તેની શ્રદ્ધા. ભગવાન્‌જ તેમાં કરાવી દે છે. કારણ કે તેમાં ભગવાન્ બીરાજે છે. તો એક પ્રકારથી ભગવાનનુંજ પૂજન કરવા ઇચ્છે છે. ભગવાન્‌નું તેને જ્ઞાન નથી પરંતુ ભગવાન્‌ને તો જ્ઞાન છે. જે આ દેવતાંતરમાં હું રહ્યો છું પૈને શ્રદ્ધા પૂર્વક ભજવા ઇચ્છે છે. ત્યાર પછી તેવી રીતે તેના આરાધનથી તેને કામની પ્રાપ્તિ પણ થાય છે, કારણ કે ભગવાનેજ તે દ્વારા અભિલષિત પદાર્થ દીધેલા છે સર્વમાં અંતર્યામી બિરાજે છે આતો વાત સુપ્રસિદ્ધ છે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં પાંચમા અધ્યાયના સપ્તમ બ્રાહ્મણમાં અંતર્યામીનું નિરૂપણ છે.

यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अंतर पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवी अंतरो यमयत्येष त आत्मांतर्याम्यमृत। इति

અર્થ—જે પૃથિવીમાં રહે છે પૃથિવીથી જુદો છે પૃથિવી જેને જાણુતી નથી જેનું પૃથિવી શરીર છે જે પૃથિવીને અંદર નિયમમાં રાખે છે તે આત્મા અંતર્યામિ અમૃત જાણવા તેમજ—

य आदित्ये तिष्ठन् यमादित्यो न वेद यस्यादित्यः शरीरं। इत्यादि

(જે આદિત્યમાં રહે છે જેને આદિત્ય જાણુતા નથી જેનું આદિત્ય શરીર છે જે આદિત્યને નિયમમાં રાખે છે) ઇત્યદિ વચનોથી સિદ્ધ છે જે સર્વમાં અંતર્યામી રહે છે, તો દેવદ્વાર. તેજ પરમાત્મા ફળ દે છે. પરંતુ અજ્ઞાની અને કામમાં લોભાયેલા કાંઈ વિવેચન જાણુતા નથી. ભગવાનને ભજવાથી સર્વ કામના પૂરી થાય છે અને તે દેવોને ભજવાથી યથાધિકાર ફલ મળે છે. તેમ તે ફલ સાવધિક મળે છે અને ભગવાનના ભજનથી નિરવધિ સુખશેવધિ મળે છે. મૂલ છોડી શાખા સેચન કોણુ કરવા જાય ? તેમ આંહી પણુ કાંઈ દુ:ખ સંભિન્ન સુખ નથી અને ત્યાં તો દુઃખની સાથે સુખ લેશ પણુ છે ઈત્યાદિ અનેક પ્રકારનો વિવેક દેવતાંતરના ભજનમાં રોધ કરે છે. અને ભગવાનના ભજનમાં પ્રેરણા કરે છે બ્રહ્મવાદે કરી શ્રીકૃષ્ણુમાં ચિત્ત સ્થિર કરી સ્થાપવું.

શ્રીકલ્યાણુરાયજી લખે છે કે—આ કારણુથી બ્રહ્મવાદે શ્રીકૃષ્ણુમાં બુદ્ધિનો નિવેશ કરવો. બ્રહ્મવાદનો પ્રકાર આ પ્રમાણે ખાવ્યો છે.

શ્રીકૃષ્ણુ મૂલભુત પુરૂષોત્તમ છે. અને અક્ષર એ એમનું સ્થાન છે અને પ્રપંચ સમુદ્રતરંગની સમાન અક્ષરથી થયો છે અને શ્રીકૃષ્ણુની ઈચ્છાથી સઘળું થાય છે સર્વના પ્રેરક તે ઇત્યાદિ પ્રકારથી કૃષ્ણુમાં બુદ્ધિ રાખવી.

આ અર્દ્ધ શ્લોકનો સારાંશ જે—સર્વને ફલ દેનાર તેઓ છે વતાના પણુ દેવ તે છે, અને અક્ષરમાં ને ક્ષરમાં રહેનાર પણુ

તે છે. સર્વ બ્રહ્મમય છે. સચ્ચિદાનંદાત્મક છે આ સઘળાના મૂલભુત પરમાનંદ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે. પણ તેમાં બુદ્ધિ દઢ રાખવી. એટલે શ્રીકૃષ્ણનોજ આશ્રય રાખવો.

मूलम्—आत्मनि ब्रह्मरूपेहि
(तु) छिद्रा व्योम्नीव चेतनाः ॥ १२॥

સાન્વયપદાર્થઃ—आत्मनि આત્માના વિષયમાં (કહેવાય છે) हि કારણ જે (નિબંધ, શ્રુતિ, સ્મૃતિ અને વ્યાસસૂત્ર વગેરેમાં જીવોને બ્રહ્મરૂપ, અંશ, અણુ અને ચૈતન્ય જેમાં મુખ્ય છે એવા કહેલા છે માટે) **ब्रह्मरूपे** (બ્રહ્મના અંશપણાથી) બ્રહ્મરૂપ આત્મામાં (જીવમાં) **व्योम्नि** આકાશમાં **इव** જેમ (ચારણી વગેરે ઉપાધિએ ઉત્પન્ન કરેલાં) **छिद्राः** છિદ્રો (જોવામાં આવે છે તેમ) **चेतनाः** બુદ્ધિઓ (છે) તે જીવોને સંસારિપણું ઉત્પન્ન કરી આપે છે.

અર્થ--આત્માના વિષયમાં કહે છે. બ્રહ્મના અંશપણાથી બ્રહ્માત્મક જે આત્મા તેમાં જે ચેતના (બુદ્ધિઓ) તે જીવોને સંસારીપણું ઉત્પાદન કરી આપે છે.

હવે જેને પૂર્વોક્ત સાધનનો અધિકાર નથી તેને કયા પ્રકાર ી અને કઇ ફલસિદ્ધિ થાય તે લખવામાં આવે છે. પહેલાં સઘળો સાધન પ્રકાર તથા પ્રમેય અને ફળનો નિર્ણય કર્યો, પરંતુ તેના સર્વે અધિકારી નથી તેથી બીજો પ્રકાર લખવા પ્રારંભ કરે છે. તે શ્રીવિઠ્ઠલેશજીએ વિવૃત્તિમાં પ્રકરણના આરંભમાં अथ શબ્દનો ઉપન્યાસ કર્યો છે. અને શ્રીમદાચાર્યચરણે પ્રકરણ ભેદને વાસ્તે हि અથવા तु શબ્દ શ્લોકમાં ધર્યો છે. અહિં हि અથવા तु આમ લખવાનો હેતુ એજ કે ઉત્તરાર્દ્ધના બેય પાઠ છે કોઇ પુસ્તકમાં हि છે અને કોઈ પુસ્તકમાં तु છે તે પ્રકાશમાં પુરૂષોત્તમજીએ બેય પાઠને સ્વીકાર્યા છે માટે અહીં તેમ લખવામાં આવ્યું છે હવે આ અર્દ્ધ કારિકાનો અર્થ—

શ્રીમદ્‌ભાગવતના ચતુર્થ સ્કંધના પુરંજનના આખ્યાનમાં કહ્યું છે કે—

बुद्धिं तु प्रमदां विद्यान्ममाहमिति यत् कृतम् ॥ ભા. ૪-૨૯-૫

અર્થ—બુદ્ધિને સ્ત્રી સમજવી જેથી હું અને મારૂં થાય છે માટે જીવને સંસારીપણું બુદ્ધિથી થાય છે. હવે જીવસ્વરૂપવિવૃતિમાં લખે છે કે—

જીવો આણુ છે અને અક્ષરાત્મક છે પરંતુ અવિદ્યાના અંતરાયથી અક્ષરાત્મકપણું નથી જાણતા, અને એને જ્ઞાન નથી તેથીજ તેને સંસાર આવી વળગે છે. આજ અવિદ્યાનુ ઉપાધિપણું છે, કાંઈ અવિદ્યા જીવને ઉત્પન્નં કરતી નથી. જીવો અણુ છે, એટલે બહુજ સૂક્ષ્મ છે એ દૃઢ કરવા દૃષ્ટાંત આપ્યુ છે કે જે આકાશમાં ઉપાધિથી એટલે ચારણી વગેરેથીજ છિદ્રાદિક દેખાય છે તેમ જીવમાં જે ક્ષુદ્રપણું આદિ દેખાય છે તે બ્રહ્મધર્મ નથી પણ ઉપાધિથી જણાય છે.

પ્રકાશમાં શ્રીપુરૂષોત્તમજી ખુલાસો કરે છે તેમાં નિબંધમાં જે જીવ સ્વરૂપ લખ્યું છે તે લખે છે.

'तदिच्छामात्रतस्तस्माद् ब्रह्मभूतांशचेतनाः'

અર્થ—તે બ્રહ્મની કેવળ ઇચ્છાથી બ્રહ્મથી પ્રકટ થયા તેનુ સ્વરૂપ કહે છે બ્રહ્મભૂત-અંશ-ચેતના જીવ જાણવા. જીવો બ્રહ્મત છે કાંઈ યોગ બલેથી આવિર્ભાવ કર્યા નથી અને અંશ છે; સાકાર છે સૂક્ષ્મ પરિચ્છેદ જેનો છે અને ચેતના એટલે ચિત્ જેમાં પ્રધાન છે અર્થાત્ ચિત્ એજ સ્વરૂપ અને ધર્મ જેનો છે એવા જીવો છે.

આ પ્રમાણે જીવનુ સ્વરૂપ નિબંધમાં કહ્યું છે, તથા વેદમાં પણ જીવનું આણુ પણુ કહ્યું છે. આ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ની શ્રુતિ છે.--

आराग्रमात्रोह्यवरोपि दृष्टः

અર્થ—આર—શાળનો અગ્રભાગ, જેવડો બીજો પણ દીઠો એટલે આત્માના ગુણથી અતિ સૂક્ષ્મ જીવ પણ હૃદયમાં છે તેમ ગીતાજીમાં પણ સાતમા અધ્યાયમાં—

'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः'

(અર્થ—આ લોકમાં મારોજ અંશ જીવ થયો છે) તો જીવ અંશ છે એમ સિદ્ધ છે તેમ વ્યાસસૂત્રમાં પણ લખે છે કે **अंशो नाना व्यपदेशात् इत्यादि.** આ સૂત્રનો અર્થ પહેલાં લખવામાં આવ્યો છે; આ વગેરે અનેક પ્રમાણથી એ જીવો બ્રહ્મના અંશ છે એમ સિદ્ધ થાય છે. તેમજ અણુ છે એટલે બહુજ સૂક્ષ્મ છે મુંડક ઉપનિષદ્‌માં—

' एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन्प्राणः पंचधा संविवेश '

(આ જીવાત્મા અણુ છે તે ચિત્તે કરી જાણવો, જે જીવાત્મામાં પ્રાણ પાંચ પ્રકારથી રહેલ છે) તેમજ વ્યાસસૂત્ર અધ્યાય ૨—પાદ ૩–૨૧ માં પણ એજ સૂક્ષ્મપણું વર્ણવેલું છે.

'नाणुरतच्छ्रुते रिति चेन्नेतराधिकारात्'

અર્થ--જીવ અણુ નથી કારણ કે તેની શ્રુતિ નથી એમ સંદેહ થાતો હોય તો તેમ નહિં, તે શ્રુતિમાં બ્રહ્મનો અધિકાર છે તેથી જીવ અણુજ છે.

ભાવાર્થ–જીવ અણુ છે તે સિદ્ધ કરી બતાવે છે—વાદીની શંકા છે કે જીવ અણુ નથી કારણ કે શ્રુતિમાં આમ લખે છે—

'सवाएष महानज आत्मायोऽयं विज्ञानमयः'

(તેજ આ મોટા અજન્મા આત્મા છે કે જે વિજ્ઞાનમય છે) આથી એમ જણાય છે કે વ્યાપક છે તેના સમાધાનમાં વ્યાસચરણ આજ્ઞા કરે છે કે એ શ્રુતિ બ્રહ્મપર લાગુ પડે છે, કારણ કે એ બ્રહ્મપ્રકરણની શ્રુતિ છે તેથી જીવપર લાગુ પડતી નથી; માટે જીવતો અણુજ છે એમ સિદ્ધ થયું. જેના પ્રકરણમાં જે શ્રુતિ ભણાઈ હોય તે પર તે શ્રુતિ લાગુ પડે છે માટે આ બ્રહ્મપર લાગુ પડે છે. તે જીવ અણુજ છે શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં આવી પણ શ્રુતિ છે કે—

बालाग्रशतभागस्य शतधा कल्पितस्यतु ॥ भागो जीवः स विज्ञेय।

અર્થ—વાળના અગ્રના સો કટકા કર્યા પછી તે માહેલા એક કકડાના ફરી સો ભાગ કરીએ એવો સૂક્ષ્મ જીવ છે. અર્થાત્ અતિ સૂક્ષ્મ છે. તેમ દેહમાં પ્રવેશ કરવો અને નીકળી જવું વગેરે ક્રિયા કાંઇ વ્યાપકની હોયજ નહિં તેથી પણ સિદ્ધ થાય છે કે જીવ અણુ છે. જીવનું આવવું જવું બનતું નથી એમ કહીયે તો વેદની શ્રુતિનો વિરોધ થાય છે; કારણ કે વેદમાં જીવની ઉત્ક્રાંતિનો પ્રકાર કહ્યો છે તે કેમ સંભવે ? તેથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જીવ અણુ છે. તેમ બ્રહ્મના અંશો છે એ પણ નિર્વિવાદ છે. ત્યારે બ્રહ્માત્મકપણાને કેમ જાણતા નથી ? એ સંદેહ ઉત્પન્ન થાય છે તેના ઉત્તરમાં એ કે અવિદ્યાએ કરી જાણતા નથી અવિદ્યારૂપ પડદો આડો આવ્યો છે તેથી બ્રહ્માત્મકપણું નથી જાણતા તેથી સંસારમાં ફસાઇ રહ્યા છે. શ્રીભાગવતમાં કહ્યું છે કે—

एकस्यैव ममांशस्य जीवस्यैव महामते ।
बंधोऽस्याऽविद्ययाऽनादिः’ स्कं. ११–अ ११–श्लो ५

અર્થ—બ્રહ્મનો અંશભૂત જે જીવ તેને અવિદ્યા એ અનાદિ બંધ છે, આ વચન ઉપરથી જણાય છે કે બ્રહ્મની બંધક શક્તિએ કરી જીવનો બંધ છે તે વાત વેદમાં પણ કહી છે. **न तं विदाथ इत्यादि** શ્રુતિમાં અંતરાય ભૂત અવિદ્યાથી જીવ પોતાનું સ્વરૂપ જે બ્રહ્માત્મક છે તે જાણી શકતા નથી. તેથી સંસાર જે હું અને મારૂં એ જાળ આવી ઘેરે છે. સંસારમાં ફસાવવામાં અવિદ્યા કારણ છે માટે અવિદ્યા એ ઉપાધિ છે. કાંઇ અવિદ્યાના બનાવેલ જીવો નથી. જીવો તો બ્રહ્મના ચિત્પ્રધાન સૂક્ષ્મ પરિચ્છિન્ન અંશો છે કાંઈ દોષરૂપ અવિદ્યાના આભાસરૂપ જીવ કે અવિદ્યામાં બ્રહ્મનો પ્રતિબિંબ એ જીવ છે તેમ નથી. જો આભાસ પક્ષનો સ્વીકાર કરે તો જીવને અબ્રહ્મપણાનો પ્રસંગ આવે તેમ પ્રતિબિંબ પક્ષનો સ્વીકાર કરે તો પણ બ્રહ્મ સ્વરૂપ જીવમાં અબ્રહ્મપણુ પ્રાપ્ત થાય માટે તેમ ન જાણવું.

આ સર્વ સવિસ્તર વિદ્વન્મંડન વગેરે ગ્રંથોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. હવે અણુપણાને જણાવનાર દૃષ્ટાંતની વ્યાખ્યા કરે છે. **છિદ્રા વ્યોમ્નીવ ચેતના:”** આકાશમાં ચારણી પ્રભૃતિ ઉપાધિયે કરી **છિદ્ર** ના જેવો અવાસ્તવ ધર્મ જેમ દેખાય છે તેમજ બ્રહ્મરૂપ આત્મામાં (જીવમાં) અવિદ્યા ઉપાધિથી ક્ષુદ્રત્વ, દુ:ખીપણું, અત્યંત ભિન્નપણું વગેરે અવાસ્તવ ધર્મો દેખાય છે કાંઈ અસંગત્વાદિ બ્રહ્મ ધર્મ દેખાતા નથી. તે અવિદ્યાની ઉપાધિથી. જો પંચપર્વા અવિદ્યાનો નાશ થાય તો સંસાર પછી રહે નહિં, સંસારરૂપ ફાંસી નાખનાર અવિદ્યા છે. હવે અહિં કોઇને સંદેહ ઉપજે કે જો જીવનું અણુપણું સૂચવવું જ હતું તો આકાશનો દૃષ્ટાંત શાને દેવો જોઈએ ? તેમાં તો અગ્નિ અને વિસ્ફુલિંગ (તણખા)નો દૃષ્ટાંત દેવો હતો. તેનો ઉત્તર–અગ્નિ–અને તણખાના દૃષ્ટાંતમાં સૂક્ષ્મપણું તો આવે પણ તેની સાથે જે બ્રહ્મધર્મનું તિરોધાન થવું છે તે કેવી રીતે સમજમાં આવે, તથા જે અસત્ય ધર્મ દેખાય છે તે વાસ્તવ નથી એ પણ કેમ સમજાવામાં આવે ? માટે આ દૃષ્ટાંત દેવામાં અવ્યો છે. તણખામાં તો પ્રકાશકત્વ દાહકત્વ, રહ્યું આવે છે અને આંહી તો જીવમાં બ્રહ્મધર્મથી વિરૂદ્ધ ધર્મ ઉપાધિયે કરી જોવામાં આવે છે તે યથાર્થ કેમ સમજાઈ શકાય ? માટે તે દૃષ્ટાંત દીધો છે.

યોજનામાં લાલૂભટજી જે લખે છે. તેનો પણ સૂક્ષ્મ અનુવાદ કરવામાં આવે છે. છિદ્ર શબ્દના બે અર્થ, એક તો છિદ્ર એટલે વિવર અને બીજો અર્થ છિદ્ર એટલે દોષ થાય છે, એ બેય અર્થ લેવામાં આવ્યા છે. ચેતના એટલે બુદ્ધિ કહેવાય છે. હવે જેમ વ્યોમમાં (આકાશમાં) મિથ્યાભૂત પદાર્થનું ગ્રહણ છિદ્રવાળી બુદ્ધિ કરે છે. અર્થાત્ આકાશમાં કાંઈ છિદ્ર નથી પરંતુ છિદ્રવાળી બુદ્ધિયો આકાશમાં છિદ્ર છે એમ સમજી જાય છે. તેમ બ્રહ્મરૂપ જીવમાં પણ મિથ્યા ભૂત સંસારિ (વાદી) દોષને જુવે છે. સંસાર છે તે મિથ્યા છે આ સિદ્ધાન્ત છે. જીવ એતો બ્રહ્મનો અંશ

છે પણ અહંતા મમતાદિ રૂપ જે સંસાર છે તે તો મિથ્યા છે અને અવિદ્યા કલ્પિત છે તેથી જીવનું સંસારિપણું પણ ઔપાધિક સમજવું જોઇએ. પૂર્વમાં એ પણ કહી આવ્યા છીએ કે શ્રીકૃષ્ણની સેવાથી જીવને સંસાર રહેતો નથી; માટે એ તો અવાસ્તવ ધર્મ છે. નિબંધમાં પણ કહ્યું છે કે સંસાર મિથ્યા છે અને પ્રપંચ સત્ય છે. પ્રપંચ અને સંસારમાં ભેદ છે. પ્રપંચ એટલે વિસ્તારવાળુ સર્વ જગત્ તે સત્ય છે કારણ કે બ્રહ્મ રૂપ છે અને અહંતા મમતા રૂપ જે સંસાર છે તે મિથ્યા છે. હવે જીવ સ્વરૂપ તો પ્રભુ ચરણે વિવૃતિમાં લખ્યું છે---કે જીવો અણુ છે ચિત્પ્રધાન બ્રહ્મ ભૂત અંશ છે, સાકાર છે, સૂક્ષ્મ પરિચ્છેદવાળા છે. તે વિષયમાં અહીં ફરી લખવાની જરૂર જણાતી નથી પણ જે જીવનું સ્વરૂપ અણુ લખ્યું છે તે ખાતે કાંઇક લખવા વિચાર છે એટલે પ્રતિબિંબવાદનું સૂક્ષ્મ રીતે ખંડન થાય છે.

હવે એવી એક શંકા ઉપજે છે કે જે જીવનું અણુ પણું સ્વીકાર્યું છે તે કેમ બની શકે? કારણ કે અનાદિ અવિદ્યામાં બ્રહ્મનો પ્રતિબિંબ તે જીવ છે એ બહુવાદી સંમત છે, તેના ઉત્તરમાં એકે તેમ બની શકે નહિં કારણ કે રૂપ રહિત બ્રહ્મનો પ્રતિબિંબ ઘટે નહીં પ્રતિબિંબ રૂપવત્ પદાર્થનો જ હોય છે જે પ્રતિબિંબવાદી છે તે બ્રહ્મને નીરૂપ કહે છે અને નિરાકાર કહે છે તો તે વાત કેમ બની શકે? તેમજ અવિદ્યામાં પ્રતિબિંબ ત જીવ તો અવિદ્યા એ કાંઇ શુદ્ધ પદાર્થ નથી એતો મલિન પદાર્થ છે તેમાં પ્રતિબિંબ પડે પણ કેમ? ને જો તેમ પડવાની રીતિ હોય તો લાકડાના સ્તંભમાં વાયુનો પ્રતિબિંબ પડવો જોઇએ; અવિદ્યાના સ્થાનાપન્ન તો સ્તંભ છે અને રૂપ રહિત બ્રહ્મ સમાન વાયુ છે તેનો તો પ્રતિબિંબ પડતો દેખાતો નથી; ત્યારે નીરૂપ બ્રહ્મનો પ્રતિબિંબ કેમ મનાય; તે વાદીને વિચાર કરવાનું છે. રૂપ રહિતનો પ્રતિબંબ નહિં એતો ઠીક પણ કોરા રૂપનો પ્રતિબંબ થાય કે નહીં? જો થાય છે તો રૂપનો નિરૂપ છે. કારણ

રૂપનું રૂપ હોય નહીં. ન્યાયશાસ્ત્રનો આતો સિદ્ધાંત છે કે ગુણમાં ગુણનો સ્વીકાર નહિં. જેમ નીરૂપ રૂપનો પ્રતિબિંબ પડે છે તેમ રૂપ રહિત બ્રહ્મનો પણ પ્રતિબિંબ કાં નહિં પડે? આ શંકા આવી તેના ઉત્તરમાં કે રૂપવાન્ ઘટાદિ પદાર્થનો પ્રતિબિંબ પડે છે ને ઘટાદિમાં રહેલાં રૂપનો પણ પ્રતિબિંબ પડે છે પણ કોરા રૂપનો પ્રતિબિંબ તો પડતોજ નથી. તેમ આશ્રય વિના રૂપ રહેતું નથી એમ સર્વ તંત્ર સિદ્ધાંત છે. રૂપજ તો શું પણ ગુણ ગુણી વિના રહેજ નહીં. તો રૂપ એ પણ એક ગુણ છે તેથી આશ્રય વિના રૂપની ઉપલબ્ધિ થતી નથી. વળી દર્પણાદિમાં બિંબિત જે ઘટ તેમાં રહેલ રૂપનો પણ પ્રતિબિંબ દેખાય છે તેમ પહેલાં બ્રહ્મનો પ્રતિબિંબ અને ત્યાર પછી નીરૂપ રૂપનો જેમ પ્રતિબિંબ, તેમ નીરૂપ પરમાત્મા પણ ચક્ષુર્ગાહ્ય છે એમ માનવું પડશે એ કંઈ વાદીમાનતા નથી. વળી શંકાને અવસર મળે છે કે નીરૂપ જે આકાશ તેનો પ્રતિબિંબ પડે છે અને તેમાં કાલિમા દેખાય છે તેમ રૂપરહિત બ્રહ્મનો પણ પ્રતિબિંબ પડે છે એમ માનવું જોઈએ. ઉત્તર–જે આકાશનો પ્રતિબિંબ પડતો નથી પણ જલાદિમાં જે કાંઈ દેખાય છે તે ઔપાધિક રૂપ છે ઔપાધિક રૂપને અને આકાશને કાંઇ પણ સબંધ નથી, તો આકાશનો પ્રતિબંબ એમ કહી પણ શકાય નહિં, જો તેમ માને તો આ આકાશ કાલું છે એમ જણાય છે તેથી આકાશ ચક્ષુર્ગાહ્ય છે એમ માનવું પડશે, તો પછે બ્રહ્મ પણ ચાક્ષુષ છે એમ સ્વીકારવામાં પણ આનાકાની નહિ થાય અને એ સ્વીકારશો તો સ્વમત વિરૂદ્ધ છે, કારણ કે આપના મતમાં બ્રહ્મ ચાક્ષુષ નથી તેનો તેવો સ્વીકાર કેમ કરાય? વળી એક શંકા જન્મલીયે છે કે કલ્પિત પવાળા જે બ્રહ્મ જેથી જગજ્જન્માદિ થાય છે. તે કોઈ વખતે ચાક્ષુષ પણ થાય છે માટે પ્રતિબિંબમાં શું હાન છે? ઉત્તરમાં કે જે સોપાધિક બ્રહ્મ છે તેમાં માયિક રૂપનો સ્વીકાર તમારા મતમાં છે, પણ શુદ્ધબ્રહ્મમાં તો તે માયિક રૂપ આદિનો સ્વી-

કાર નથી અને પ્રતિબિંબ એ તો શુદ્ધનો છે એમ માનો છો તે કેમજ ઘટે ? જો માયિક બ્રહ્મનો પ્રતિબિંબ જીવ એમ હોય તો કહી શકાય છે, તેમ તો નથી કહેતા શુદ્ધનો પ્રતિબિંબ કહો છો. માટે તે કેમ બની શકે ? વળી આવી શંકા આવે છે કે જપાકુસુમ (જાસુંદના પુલ) ની લાલાસ દ્રવ્ય છોડી ફટિકમણિમાં દેખાય છે. જો તેમ ન હોય તો કાચ વગેરેમાં જેમ મુખનો પ્રતિબિંબ પડે તો તેમાં બીજું મુખ દેખાય છે, તેમ ફટિકમણિમાં કાંઇ જપાકુસુમ બીજું દેખાતું નથી પણ કોરી લાલાશની ઝાંઇ પડે છે, તેથી આ ઠેકાણે એમ જણાય છે કે રૂપ રહિતનો પણ પ્રતિબિંબ પડે છે. તો નીરૂપ બ્રહ્મનો પણ પ્રતિબિંબ પડે છે એમ માનવું જોઇએ ? આ શંકાના ઉત્તરમાં રૂપ માત્રનોજ પ્રતિબિંબ, એમ છતે રૂપવાળું જે જપાકુસુમાદિ એને અન્વય વ્યતિરેકે કરી કારણ માનવું જોઇએ, કે રૂપવાળા જપાકુસુમાદિ વિના કોરી લાલાશનો પ્રતિબિંબ ફટિકમણિમાં પડે છે તેમતો બનતું જ નથી એમ સર્વ ઠેકાણે સમજી લેવું. રૂપવાળા વિના કોરા રૂપનો પ્રતિબિંબ કોઇ ઠેકાણે પડતો નથી. માટે પ્રતિબિંબ પડવામાં રૂપવાળા પદાર્થની સઘળે ઠેકાણે કારણતા સમજવી જોઇએ. બ્રહ્મતો નીરૂપ છે માટે તેનો પ્રતિબિંબ ઘટે નહિં, એટલે બ્રહ્મનો અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવ, આ પક્ષ પ્રમાણ પદવીને આરૂઢ થતો નથી આ સઘળાનો સાર શ્રીઆચાર્યચરણે અર્ધકારિકામાં આજ્ઞા કરેલો છે.

'न प्रतिस्फुरणं रूपरहितस्य कदाचन'

અર્થ—રૂપ રહિતનો પ્રતિબિંબ કોઇ દીવસ બને નહિં. તેથી વાયુનો પ્રતિબિંબ પડતો નથી. ત્યારે રૂપવાન્ પદાર્થ દર્પણાદિમાં ધર્મ રૂપે કરી પ્રતિફળે છે. રૂપવાન્ જપકુસુમાદિ ફટિકમાં અરૂણ ગુણે કરી પ્રતિફળે છે. એમ બન્ને પ્રકારથી રૂપવાળા પદાર્થનો જ પ્રતિફળનો સંભવ છે માટે નીરૂપ બ્રહ્મનો પ્રતિબિંબ યુક્તિથી સિદ્ધ થતો નથી. આ સાધારણ રીતે પ્રતિબિંબ વાદ ઉપર કોટી કરવામાં આવી છે.

હવે આ અર્ધશ્લોકનો સાર લખવામાં આવે છે. આમા જીવનું સ્વરૂપ વર્ણવેલું છે–જીવ અણુ છે. અને ચિત્પ્રધાન બ્રહ્મનો અંશ છે અને ફેલાતું ચૈતન્ય એ ગુણ છે એવો જીવ છે, તેને અવિદ્યાએ કરીને બંધ થાય છે. અને વિદ્યાયે કરી મોક્ષ થાય છે. પંચનદિ ગોવર્દ્ધનલાલાજીના રચેલા વેદાંતચિંતામણિ નામના ગ્રંથમાં જીવનું સ્વરૂપ કહ્યું છે તેની કારિકા—

सच्चिन्मात्र श्चित्प्रधानो ब्रह्मस्त्वांशो हृदि स्थितः ॥
विसर्प्यचैतन्यगुणोऽणुर्जीवोऽविद्ययासितः ॥१२॥

અર્થ—સત્ અને ચિત્વાળો તેમાં પણ ચિત્ પ્રધાન મુખ્ય જેમાં, તેવો અને બ્રહ્મભૂત અને બ્રહ્મનો અંશ અને પ્રાણિ માત્રના હૃદયમાં રહેનાર તથા જેનો ચૈતન્ય રૂપ ગુણ સઘળા શરીરમાં ફેલે છે. તે અને અણું, અને અવિદ્યાયે બંધાઈ રહેલો જીવ જાણવો.

ભાવાર્થ—પરબ્રહ્મ સચ્ચિદાનંદ છે ને તેના સદ્ અંશથી જડ સરજાયું અને સચ્ચિત્ તેમાં ચિત્પ્રધાન આ અંશથી જીવ અને સચ્ચિદાનંદ તેમાં આનંદ પ્રધાન અંતર્યામી જાણવા જોઇએ. જીવ એ પણ બ્રહ્મનો અંશ છે એ ગીતાજીમાં અને વ્યાસ સૂત્રમાં કહ્યું છે, તે ઉપર લખી આવ્યા છઇએ, તેમ તે જીવ ક્યાં રહે છે? એ શંકાના ઉત્તરમાં કે હૃદયમાં રહે છે. તેમાં પ્રમાણ ભત શ્રુતિ सएष आत्मा हृदि તે આ આત્મા હૃદયમાં રહે છે. વ્યાસ સૂત્ર અ૦ ૨ પા૦ ૨ સૂ૦ ૨૪ સૂત્રમાં લખે છે કે હૃદયમાં રહે છે. તો સંપૂર્ણ શરીરમાં કેમ ભાસે છે, તેના ઉત્તરમાં કે એનામાં ચૈતન્ય ગુણ છે તેથી સંપૂર્ણ શરીરમાં ચૈતન્ય ફેલી રહે છે. જેમ ઘરના એક ખુણામાં દીવો રાખ્યો હોય તોપણ સંપૂર્ણ ઘરમાં અજવાળું પડે; તેમ આ જીવ પણ હૃદયમાં રહે છે તોપણ આખા શરીરમાં તેનું ચૈતન્ય ફેલી જાય છે. તેમ બીજું પણ દૃષ્ટાંત લાગુ પડે છે જેમ કસ્તૂરી એક ઠેકાણે હોય છે તોપણ તેનો સુગંધ ઘણા ભાગમાં ફેલે છે તેમ જીવ હૃદયમાં રહે છે. પણ એનો ચૈતન્ય ગુણ આખા દેહમાં ફેલે છે.

આ વિષય વ્યાસજીએ અ૦ ૨ પાદ ૩ સૂત્ર ૨૫ તથા૨૬ સૂત્રમાં કહ્યો છે. ગ્રંથ વિસ્તારના ભયથી સૂત્ર સૂત્રાર્થ નથી લખ્યો. તેમ જીવ અણુ છે એ પણ પહેલાં સવિસ્તર લખ્યું છે. અને બંધ અવિદ્યાના કારણથી છે. અવિદ્યા એ પાંચ પર્વાત્મિકા છે તેથી જીવને સંસારીપણું આવી નડે છે, એ માટે અવિદ્યા એ ઉપાધિ માનેલી છે. શાંકર અને તાર્કિક જીવ એક છે એમ માને છે તેના મતમાં એકની મુક્તિ થયાથી સર્વ મુક્તિ અને એકનો બંધ થાય તો પછે મુક્તિ પણ નહી, માટે બંધ અને મોક્ષ તેના મતમાં યુક્તિથી સિદ્ધ થતા નથી. વળી આવી શ્રુતિ છે કે એક જીવ તો પોતાના પુણ્યે કરી સ્વર્ગમાં જાય છે, અને બીજો જીવ વળી પોતાના પાપથી નરકમાં જાય છે એ શ્રુતિ કેમ ઘટે ? માટે જીવ અનેક છે તેથી શ્રુતિમાં સર્વે જીવા ઇત્યાદિ કહ્યું છે કે જો જીવ એકજ હોય તો બહુવચન કેમ ઉપજે માટે જીવો અનેક છે એ તો નિઃસંદેહ સમજવું જોઇએ. જીવ એ બ્રહ્મનો અંશ છે પરંતુ અવિદ્યાની ઉપાધિથી સંસાર આવી વળગ્યો છે, અને તેથી ફસાયો છે. સંક્ષેપથી આ જીવ સ્વરૂપ કહેવામાં આવ્યું છે વિસ્તારથી તો વિદ્વન્મંડનમાં નિબંધ અણુભાષ્યાદિ ગ્રંથોમાં લખવામાં આવ્યું છે જિજ્ઞાસુએ ત્યાં જોવું. (૧૨)

પૂર્વ શ્લોકાર્દ્ધમાં જીવનું સ્વરૂપ કહ્યું અને અવિદ્યાથી તેનો બંધ પણ કહ્યો હવે મોક્ષનો પ્રકાર કહે છે—

मूलम्—उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ॥
गंगातीरस्थितोयद्वद्देवतां तत्र पश्यति॥१२॥
तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन्ज्ञानी प्रपश्यति

સાન્વયપદાર્થઃ—**યદ્વત્** જેમ **ગંગાતીર સ્થિતઃ** ને પ્રકારે ગંગાજીના કિનારામાં રહેલો (તેનો ભક્ત) **તત્ર** તે (આધિભૌતિક નીરૂપ બ્રહ્મરૂપ પ્રવાહ)માં **દેવતાં** આધિદૈવિકરૂપી (મુર્તિમતી) ગંગાજીને છે. મા સાધારણ **પશ્યતિ** દેખે છે. **તથા** તેમ **ઉપાધિનાશે** (અવિદ્યારૂપ) ઉપાધિના નાશ થાય (અને

પછી) ब्रह्मात्मत्वावबोधने (બધાં જગતૂને) બ્રહ્માત્મકપણાએ કરી જાણવું તે રૂપી विज्ञाने વિશેષ જ્ઞાન સિદ્ધ થાય ત્યારે ज्ञानी (બ્રહ્મને જાણનાર) જ્ઞાનીપુરૂષ स्वस्मिन् પોતાને વિષે (ભકિતવડે) परं પર ब्रह्म બ્રહ્મ એવા कृष्णं કૃષ્ણને प्रपश्यति ઉત્તમ રીતે જુવે છે.

અર્થ—ઉપાધનાશ થયે બ્રહ્માત્મપણાનો બોધ રૂપ અનુભવ થયે પુરૂષોત્તમના આવિર્ભાવની યોગ્યતા થાય છે, અને જ્યારે યોગ્યતા થાય છે ત્યારે પોતાના આત્મામાંજ જ્ઞાની પરબ્રહ્મ શ્રી કૃષ્ણને સારી રીતે જુવે છે. જેમ ગંગાજીના તીર ઉપર રહેલો ભક્ત ગંગાના પ્રવાહમાં આધિદૈવિકી ગંગાજીનાં દર્શન કરે તેમ.

ભાવાર્થ–આ દોઢ શ્લોકનો સાથે સંબંધ છે તેની સાથેજ અર્થ કીધો છે હવે પહેલાં જીવનું રૂપ કહ્યું તો તે અણુ છે અને ચિત્પ્રધાન બ્રહ્મના અંશ છે અને અનેક છે તથા અવિદ્યારૂપ ઉપાધિથી સંસારમાં બંધાઈ રહેલ છે. ઇત્યાદિ કહ્યું તેનો મોક્ષનો પ્રકાર કહે છે—તે જીવોમાંથી જે જીવનો પ્રભુ ઉદ્ધાર કરવા ઇચ્છા કરે તે જીવને તેવા પ્રકારના ગુરૂના ઉપદેશથી અવિદ્યા નામની જે ઉપાધિ છે તેનો નાશ થાય એટલે આત્મજ્ઞાનને અટકાવનારી અવિદ્યા છે તેના કાર્ય નાશથી આત્મજ્ઞાન થાય છે.

યોજનામાં પણ એજ કહ્યું છે કે ભગવાન્ અને જીવ એ બેય વચ્ચે અવિદ્યા એ પડદા સમાન છે તો જ્યારે પડદાનો નાશ થાય ત્યારે જીવ ભગવાન્નું દર્શન કરે એટલે ભગવાન્નું વિજ્ઞાન થાય છે. વિજ્ઞાન એટલે વિશેષે કરી જ્ઞાન સમજવું, વિશેષતા એકે સર્વાત્મા ભગવાન્ છે અથવા સર્વથી જુદુ સ્વરૂપ છે, એવું જ્ઞાન થયે જીવનું બ્રહ્માત્મકપણાથી જ્ઞાન થાય; તેમ પોતાનો પણ બોધ તેજ પ્રકારથી થાય ત્યારે બ્રહ્મજ્ઞાન થયું સમજવું, કાંઈપણ કોરા જીવનું જ્ઞાન થાય તેથી બ્રહ્મજ્ઞાન નહિં સમજવું એટલે જીવ બ્રહ્મ છે તેથી બ્રહ્મજ્ઞાન નહિં પણ સર્વ પ્રપંચ બ્રહ્માત્મક છે આ જે જ્ઞાન તે બ્રહ્મજ્ઞાન; આ પણ એક ફલરૂપ છે.

यस्मिन्विदित सर्वं विदितं भवति इति

(જેને જાણ્યે છતે સર્વ જણાય છે) એમ છતે અવિદ્યાનો નાશ થયે બ્રહ્મસ્વરૂપ જ્ઞાન અને બ્રહ્મ સ્વરૂપજ્ઞાન થયે સર્વ પદાર્થનું જ્ઞાન એ સર્વમાં પોતાનુ પણ જ્ઞાન થાય છે કે નિર્વિકાર અક્ષર ભાસે છે એટલે " ब्रह्म विद ब्रह्मैव भवतीति " જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મજ થઈ જાય છે. એટલે અક્ષરાત્મકપણ સિદ્ધ થઇ જાય છે. તેને 'तद्धामपरमं मम' ગીતાજીમાં કહે છે કે તે મારૂ પરમધામ છે, જ્યારે ભગવદ્ધામપણુ સિદ્ધ થયું, ત્યાં શ્રીકૃષ્ણ સદા વિરાજે છે, તેનાં દર્શન થાય છે. માટેજ તો જ્ઞાની ભક્તનો આ ક્રમ છે આવી રીતે દર્શનાદિક થાય છે તેમાં દૃષ્ટાંતનો ઉપન્યાસ કરે છે જેમ જે ગંગાજીના તીર ઉપર રહેતો હોય અને જ્યારે તેની ભક્તિ વધે ત્યારે તેને પ્રવાહમાં બિરાજતાં આધિદૈવિકી ગંગાજીનાં દર્શન થાય છે; તેમાં પણ જ્ઞાની પોતામાં પ્રકૃષ્ટ રીતે જુવે છે એ વિદિત કરવા પ્ર શબ્દ મૂકવામાં આવ્યો છે. જ્ઞાની ભક્ત પણ બહુજ પાસે રહેનાર જે અક્ષરાત્મક સ્વરૂપ તેનાં દર્શન કરે છે, અને બીજા ભક્ત કરતાં જ્ઞાનીનો મહિમા વધારે છે, ગીતાજીમાં પણ ભગવાને આજ્ઞા કરી છે કે ' મને ચાર પ્રકારના ભજે છે ' આ પ્રકરણમાં જ્ઞાનીની પ્રશંસા વધારે કરી છે જ્ઞાની એ તો મારો આત્માજ છે, તે શ્રીમદાચાર્યચરણે પણ નિબંધમાં આજ્ઞા કરી છે કે—

ज्ञानीचेद्भजते कृष्णं तस्मान्नास्त्यधिकः परः

અર્થ—જ્ઞાની જો શ્રીકૃષ્ણને ભજે તો તેનાથી બીજો અધિક ભક્ત નથી કારણ કે એ ભક્તિ યથાસ્થિત કરી શકે. જેને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય અને પોતાના સ્વરૂપનુ પણ ભાન ન હોય તે સારી રીતે કેમ ભજી શકે.

ગોકુલનાથજી લખે છે કે—પહેલી અર્દ્ધકારિકામાં જીવ સ્વરૂપ કહ્યાં ને જીવોમાં મર્યાદા, અને પુષ્ટિ એ બેયનો સ્વીકાર તો

છે. તો તેમાં ફળ પણ જુદાં જુદાં મળે છે, કાંઇ મર્યાદા માર્ગમાં રહેલા જીવને અને પુષ્ટિમાર્ગમાં રહેલા જીવને એક પ્રકારથીજ ભગવાન્ ફળ આપતા નથી; પણ જુદે જુદે પ્રકારે ફળ આપે છે. તે પ્રકાર અહિં દેખાડવામાં આવે છે, વિવૃતિમાં તેષા મધ્યે ઇહાંથી આરંભ થતા અને જ્ઞેયં સુધી જે વ્યવસ્થા કહેવામાં આવી છે તે કેવળ મર્યાદામાર્ગીય ભક્તિની તથા મર્યાદા પુષ્ટિમાર્ગીય ભક્તની છે કેવળ પુષ્ટિમાર્ગીય ભક્તની નથી. કારણ કે તેવા ભક્તને બ્રહ્મનાસ્વરૂપ બોધનરૂપ વિજ્ઞાનની જરૂર રહે છે. પુષ્ટિમાર્ગમાં તેની જરૂર નથી.

ટિપ્પણમાં લખવામાં આવ્યું છે કે જીવોનો જે પ્રકારથી ઉદ્ધાર કરવાને ઇચ્છે એટલે ત્રણ માર્ગમાંથી કોઇ પણ માર્ગે કરી સંસારથી મુક્ત કરવા ધારે તો પહેલાં તો અવિદ્યાનો નાશ થાય છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ આ ત્રણે માર્ગમાંથી કોઇમાં સારો પ્રવેશ થાય અને પ્રભુને ઉદ્ધાર કરવાની ઇચ્છા હોય, તો પહેલે અવિદ્યાનો નાશ અને પછી વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. ત્યારે લીલા વિશિષ્ટ પુરૂષોત્તમનાં દર્શન થાય છે. જ્યારે પુરૂષોત્તમનાં દર્શન થયાં એટલે તેને કોઇ પ્રકારની અપેક્ષા રહેતી નથી, ભજનોપયોગી જે પદાર્થ જોઇએ તે તો પ્રભુજ મેળવી દીયે છે તેથી કોઇ પદાર્થને લીધે એને દુઃખ રહેતું નથી.

આ સાર્દ્ધ શ્લોકનો સાથે સંબંધ છે માટે સાથે વ્યાખ્યાન કર્યું છે. પહેલાં જીવનું સ્વરૂપ તથા સંસારનો બંધ વર્ણવ્યો હવે તેની મુક્તિનો પ્રકાર કહેવામાં આવે છે. જ્યારે પ્રભુની ઇચ્છા થાય કે અમુક જીવને ઉદ્ધારવો ત્યારે જીવનો ઉદ્ધાર થાય છે, કાંઇ જીવ સ્વતંત્ર નથી કે પોતાની મરજીથી આ સંસારના પાશલામાંથી છૂટે, પણ જ્યારે સર્વ નિયામકની ઇચ્છાથી તેવા આચરણ કરે તો છૂટે છે. છૂટવાનો હોય ત્યારે કોઇપણ વૈદિક-

માર્ગમાં તેનો અભિનિવેશ થાય છે, તેમાં પણ કર્મ અને જ્ઞાન માર્ગમાં ક્લેશ વધારે રહે છે એ સહેલો માર્ગ નથી પણ જેવો અધિકારી જીવ હોય તે તેવો તેને માર્ગ વહાલો લાગે. ભગવદ્ભક્ત હોય તો ભક્તિમાં ચિત્ત ચોટે. જ્યારે ચિત્તની ભગવાન્માં આસક્તિ થાય ત્યારે ધારે તે થાય છે, જો ગુરૂના ઉપદેશથી ભગવાન્નું જ્ઞાન થાય છે તો આ સંસારની ઉપાધિ છૂટે છે; એટલે અવિદ્યાનો નાશ થાય છે; એ અવિદ્યા પાંચપર્વાત્મિકા છે વેદાંત ચિંતામણિમાં લખ્યું છે કે—

स्वरूपाऽज्ञानमेकंहि पर्वदेहेंद्रियासवः ।
अंतःकरणमेषांहि चतुर्द्धाऽध्यास उच्यते।।प्र-७-श्लो २३
पंचपर्वात्वविद्येयं यद्बद्धो याति संसृतिम्

અર્થ—આ અવિદ્યાનાં પાંચ પર્વ છે એક તો સ્વરૂપનું અજ્ઞાન, બીજું પર્વ દેહાધ્યાસ, ત્રીજું ઇંદ્રિયાધ્યાસ, ચોથું પ્રાણાધ્યાસ, અને પાંચમું અંતઃકરણાધ્યાસ છે. આ પ્રમાણે પાંચ પર્વની અવિદ્યા છે. જેના બંધથી જીવને સંસાર ભોગવવો પડે છે એ ઉપાધિ છે. જ્યારે ઉપાધિનો નાશ થાય છે અને બ્રહ્મનું જ્ઞાન થાય છે ત્યારે તેને અક્ષરમાં પુરૂષોત્તમનાં દર્શન થાય છે. તેમાં દૃષ્ટાંત આપે છે, જેમ શ્રીગંગાજીના કિનારા ઉપર રહેતો હોય અને ભક્તિ કરતો હોય તેવા ભક્તિમાનને ગંગાજીના પ્રવાહમાં આધિદૈવિકી મૂર્ત્તિનાં દર્શન થાય છે, તેમ અહિં પણ જ્યારે અક્ષરનું જ્ઞાન થઇ જાય છે, અને એ એમ સમજે છે કે આ પ્રપંચ અક્ષરાત્મક છે, અને અક્ષર એ પુરૂષોત્તમનું ધામ છે તેમાં લીલા વિશિષ્ટ પુરૂષોત્તમ બિરાજે છે, તેનો સાક્ષાત્કાર થાય છે, અને તેથી એને કોઇ પણ પ્રકારની અપેક્ષા રહેતી નથી તેથી કાંઈ દુઃખ પણ રહેતું નથી. ॥ ૧૩ ॥

હવે જે જ્ઞાની ભજે છે તેની વ્યવસ્થા કરી પણ સંસારી ભજે તેની શીવ્યવસ્થા છે તે લખવામાં આવે છે—

मूलम्-संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥१४॥
अपेक्षितजलादीनामभावा त्तत्रदुःखभाक् ।

સાન્વયપદાર્થઃ—संसारी સંસાર જેને વિદ્યમાન છે એવો यः જે (ભકત) भजते (ભગવાનને) ભજે છે सः તે तु તો यथा જેમ दूरस्थः (શ્રીગંગાજીથી) દૂર દેશમાં રહેલો (શ્રીગંગાજીનો ભકત) अपेक्षित जलादीना (પોતાને સ્નાનાદિકનેસારૂ) ઇચ્છિત જલ અને આધિદૈવિકી શ્રીગંગાજીનું દર્શન તે अभावात् નહિં મળવાથી तत्र ત્યાં (દુઃખી થાય છે) तथा તેમ (પોતાને ઇચ્છિત એવું શ્રીભગવાન્‌નું દર્શન વગેરે નહિ હોવાથી) दुःखभाक् દુઃખ ભોગવનારો (થાય છે)

અર્થ—જે ભક્ત પ્રપંચમાં આસક્ત છતે ગુરૂના ઉપદેશથી ભગવાનને ભજે છે. તે જેમ દૂર દેશાંતરમાં રહી ગંગાજીને ભજે તેમ જાણવો તેમાં તે ગંગાજલાદિકની અપેક્ષાથી દુઃખી થાય છે,

ભાવાર્થ—પહેલાં જ્ઞાની ભક્તની હાલત લખી, હવે સંસારી ભક્તની કહે છે; જેનો અહંતામમતારૂપ સંસાર દૂર થયો નથી. અને એમ સમજે છે કે ભગવાન્‌નું ભજન કરવાથી સંસાર નિવૃત્ત થાય છે. તેમ જાણીનેજ ભજતો હોય તો તેને ભગવાન્‌ના દર્શનાદિકમાં કલેશ પડે છે, તેનું લક્ષણ યોજનામાં લખે છે. સંસારી ભગવાન્‌ને જોવા ઇચ્છા કરે છે પણ અવિદ્યાના અંતરાયથી ભગવાન્‌નાં દર્શન થતાં નથી, તેથી તેને દર્શનમાં દુઃખ ઉપજે છે. આમાં દૃષ્ટાંત આપે છે, જેમ દૂર રહેનારો ગંગાજીનો ભક્ત છતે ગંગાજલની સ્નાનપાનાદિની અપેક્ષાથી દુઃખી થાય છે, કારણ કે દૂર છે એટલે જળ મળી શકતું નથી અને આધિદૈવિકીનાં દર્શન પણ થતાં નથી, તેથી તે વિના દુઃખી થાય છે તેમ ભક્તિમાર્ગમાં પણ ભગવાન્‌ના દર્શનની ઉત્કટ ઇચ્છાથી અને દર્શનના અભાવથી ઘણો ક્લેશ થાય છે; અહીં

અંતરાય અવિદ્યાનો છે, જેમ ગંગાજીના દૃષ્ટાંતમાં ઘણાક કોશ દૂર હોય તેને જલ વિના દુઃખ પડે છે તેમ અહીં અવિદ્યાથી ભગવાન્ દૂર છે તેથી દર્શનાદિક કાંઈપણ થઈ શકતું નથી તેથી દુઃખી થાય છે.

આ કારિકાનો સાર—પહેલી કારિકામાં જ્ઞાનીની વ્યવસ્થા કહી અને આ કારિકામાં સંસારી ભક્તિમાન્ જનની વ્યવસ્થા કહેવામાં આવી, કોઈ સંસારમાં આસક્ત હોય અને ગુરૂના ઉપદેશથીજ ભગવાન્‌ને ભજવા ધારે અને એમાં એમ સમજી રાખે કે જો ભગવાન્‌ને ભજીએ તો સંસાર દૂર થઇ જાય તેવા ભગવદ્ભક્તને દુઃખ થાય છે, એટલે ભગવાનના દર્શનમાં ઉત્કંઠા છતે તેને દર્શન થતાં નથી. તે ખાતે ચિંતા રહી આવે છે તેમાં દૃષ્ટાંત કે જેમ દૂર દેશાવરથી ગંગાજીને ભજે તો તેને જેમ જલાદિના અભાવથી દુઃખ ઉપજે છે, તેમ અહિં પણ સમજી લેવું. સેવામાં જે ઉપયોગી પદાર્થ છે તેની અપેક્ષા છતે તેને મળતા નથી તેથી દુઃખ રહે છે આ પ્રમાણે વ્યવસ્થા કહેવામાં આવી ॥ ૧૪ ॥

આ પ્રમાણે પૂર્વ કારિકામાં સંસારી ભક્તની વ્યવસ્થા કહી હવે પુષ્ટિભક્તની વ્યવસ્થા કહે છે.

मूलम्—तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥१५॥
आत्मानंदसमुद्रस्थं कृष्णमेव विचिंतयेत्॥

सान्वयपदार्थः—तस्मात् તે કારણ માટે श्रीकृष्णमार्गस्थ શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલો (પુરૂષ) सर्वं लोकतः બધા લોક (સંસાર) થી विमुक्तः વિશેષે કરીને મુકાયેલો (થઈને) आत्मानंदसमुद्रस्थं આત્માના આનંદરૂપી સમુદ્રમાં વિરાજમાન [illegible] કૃષ્ણને एव જ विचिंतयेत् વિશેષે કરીને ચિંતન કરે.

અર્થ—તેથી શ્રીકૃષ્ણના માર્ગમાં રહી સ[illegible]ટે નીર્વ સંસારથી છૂટો પડી આ [illegible]ષ્ણનીજ ભક્તિ કરે. ભગવદાનંદરૂપ સમુદ્રમાં વિહાર કરતો શ્રીકૃ છે.

દેશાઈ પુરુષોત્તમદાસ ગોપળદાસ
બહાદરપુર (G. B. S. R.)

ભાવાર્થ—પહેલે કહ્યું કે સંસારમાં આસક્તિ હોય અને ભગવાન્‌ને ભજે છે તો તેને ક્લેશ થાય છે, આનંદ આવતો નથી; પણ તે ભજન છોડતો નથી, કારણકે ભગવાન્ ભક્તિથી કૃત્ય કૃત્યનો અંગીકાર કરે છે, અને કોઇ કોઈ પ્રતિબંધથી કદાચિત્ અંગીકાર ન થયું હોય તોપણ કર્યું ભજન કોઈ દિવસે વ્યર્થ જાયજ નહિં તો જન્માતરમાં ફળ થાય છે, તોપણ તેજ જન્મમાં તો ફળ નથી મળતું; માટે તે માર્ગથી ભગવાન્‌ને ભજવા કરતાં સંસાર છોડીને શુદ્ધ પુષ્ટિમાર્ગીય થઈને ભગવાન્ ભજવા, જેથી આનંદ ઉપજે; કોઇ પ્રકારનાં દુઃખનો સંભવ પણ નહિં. શુદ્ધ ભક્તિથી જે પ્રકટ થયેલ નિરવધિઆનંદ તેમાં વિહાર કરતા શ્રીકૃષ્ણને માનસી સિદ્ધ કરવા ભજવા. પ્રકાશમાં यस्माद् એ હેતુ છે એમ જણાવે છે કે, જે ભગવદ્ભક્તની ઉપાધિ અળગી ગઈ હોય તે જ્ઞાની ભક્ત પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણને જુવે છે, અને જે ભક્ત સંસારી હોય અને ભગવાન્‌ને ભજે છે તો તેને અપેક્ષિત પદાર્થના અભાવથી દુઃખ થાય છે, માટે એ બેય હેતુથી શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્ત થઈને ભગવદ્ભજન કરવું.

આ શ્લોકનો સારાંશ—જો સંસારી ભક્તને દુઃખ થાય છે તો તેવી ભક્તિ કરતાં આ શુદ્ધ પુષ્ટિભક્તિમાં રહીને સંસાર એટલે અહંતા મમતા છોડી દઈને વ્રજસુંદરી વૃંદમાં વિનોદ કરનાર શ્રીકૃષ્ણનેજ ભજવા; તેમાં પણ પોતાને જે લીલા ઉપર વિશેષ પ્રેમ આવતો હોય તે લીલાનું સ્વરૂપ પધરાવી ભજવું ભગવાન્‌ની લીલા નિત્ય છે ભગવાન્ આનંદમય છે તો તેના ભક્તને પણ આનંદ મળે છે. ॥ ૧૫ ॥

लम्—लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा ॥१६॥
क्लिष्टोऽपि चेद्भजेत्कृष्णं लोको नश्यति सर्वथा ।

સાન્વયપદાર્થઃ—જે ભક્ત लोकार्थी લોક સંબંધી પદાર્થોનાં પ્રયોજનવાળો થઇને चेत् જો कृष्णं કૃષ્ણને भजेत् ભજે (તો)

सर्वथा બધી રીતે કરીને (લોકથીજ) **क्लिष्टः** કલેશવાળો (દુઃખી) **भवति** થાય છે (અને) **क्लिष्टः** કલેશવાળો છતાં **अपि** પણ **चेत्** જો (લોકથી વિરકત થઇને) **कृष्णं** કૃષ્ણને **भजेत्** ભજે (તો) **सर्वथा** બધી રીતે **लोकः** (અહંતા મમતાત્મક સંસાર) **नश्यति** નાશ પામેછે.

અર્થ--લોકાર્થી જો શ્રીકૃષ્ણનુ ભજન કરે તો તેને ક્‌લેશ થાય છે. અને જેને ક્‌લેશ થયો છે તે ભક્ત જો શ્રીકૃષ્ણને ભજે છે તો તેનો લોક નષ્ટ થાય છે.

ભાવાર્થ--આ અત્યંત જઘન્યાધિકારીની વ્યવસ્થા કહેવામાં આવે છે જે કોઇ ભક્ત લોકાર્થી હોય અને શ્રીકૃષ્ણને ભજે તો તેને ક્‌લેશ થાય છે, એમ કહેવાનો આ અભિપ્રાય છે કે લાભ પૂજાદિક નહિ ધારતાં ભક્તિ કરનાર જે ભક્ત તે લોકાર્થી કહેવાય છે, અથવા લૌકિક જે પદાર્થ છે તેના પ્રયોજનવાળો તે લોકાર્થી કહેવાય છે; અથવા પુત્ર કલત્ર મિત્રાદિકનો મતલબ જેને છે તે પણ લોકાર્થી કહેવાય છે. તેવો થઇને શ્રીકૃષ્ણને ભજે તો તેને ક્‌લેશ થાય છે, સેવામાં આનંદ ઉત્પન્ન થતો નથી કારણ કે ભજવામાં તેનું પ્રયોજન લોક છે કાંઈ નિર્ગુણ ભક્તિ નથી; ભગવાન્ તો નિર્ગુણ છે માટે નિર્ગુણ ભકિત કરે ત્યારે આનંદ ઉપજે, જો કદાચિત્ એમ સમજે કે હું સેવા કરીશ તો મને દ્રવ્ય મળશે તો તે ઉપાધિ ગણાય છે. અને દેવ દેખાડી દ્રવ્યાદિ ચાહે તો, અને તે દ્રવ્યથી પોતાનો નિર્વાહ કરે એ દ્રવ્યને દેવદ્રવ્ય ન સમજે તો, તે દેવલક કહેવાય એટલે એ બે પ્રકાર છોડીને જે લોકાર્થી હોય તેને પણ ક્‌લેશ થાય છે. તેમાં હેતુ એજ છે કે પોતે ધારેલ લૌકિક સુખ મળતું નથી માટે તેને ક્‌લેશ થાય છે.

પ્રકાશમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે તેને લાકિકસુખ કેમ મળતું નથી ? તેમાં કારણ તો શ્રીભગવતમાં દશમસ્કંધમાં–

'यस्यानुग्रहमिच्छामि हरिष्ये तद्धनं शनैः'

અર્થ--(જેની પર હું અનુગ્રહ કરૂં છું તેનું ધીરે ધીરે ણું ધન હરી લઉછું) તો તેને લૌકિક સુખ મળતું નથી ગવાન્ પ્રસન્ન થાય છે, ત્યારે લૌકિક દેતા નથી; પણ અલૌકિક ખ આપે છે. બાલબોધમાં પણ આ વિષય લખવામાં આવ્યો માટે વધારે લખવાની જરૂર નથી. તે ભકતની મૂઢતાથી ગવાન્ તેની ઉપેક્ષા કરે છે, પણ તેને દુરાગ્રહઆદિની ખબર થી રહેતી, તેથી સઘળા પ્રકારથી તેને ક્લેશ મળે છે. તેથી કાર્થી જે કૃષ્ણને ભજે તેને ક્લેશ મળે છે અને જેને લોકમાં વિરકિત આવી ગઇ હોય ત્યારપછી ભજે તો સંસારનો નાશ થઈ જાય છે. એટલે સંસારમાં અપમાન મળ્યાથી, અથવા પુત્ર મિત્ર કલત્રાદિકે દીધેલાં દુઃખથી, જે વિરકિત થયેલી તેથી જે ભગવાનને ભજે તો ફરી તેવા દુઃખનો સંભવ રહેતો નથી એટલે અહંતા મમતા એની રહેતી નથી, એટલે ઉપાધનો નાશ થયો એમ સમજવું જોઇએ.

વળી પોતાનુ તાત્પર્ય શ્રીપુરૂષોત્તમજી વિવૃતિમાં લખે છે કે **સંસારી યસ્તુ** આ શ્લોકની વ્યાખ્યામાં જે **તથાપિ** અહીંથી લઇને **શ્રેયં** ઇહાં સુધી જે લખવામાં આવ્યું છે તે પણ આ શ્લોકના અર્થનો ભાગ સમજવો જોઈએ. તેથી આ સિદ્ધ થાય છે; જે સંસારી ભકત ત્રણ પ્રકારના તેમાં એક તો સંસારની નિવૃત્તિની ઇચ્છા રાખનાર અને બીજો લોકાર્થી સેવાનો તે આગ્રહી અને ત્રીજો સેવામાં અનાગ્રહી એટલે સેવા થઇ તો ઠીક છે અને ન થઇ તો કાંઇ નહી, ઉદાસીન જેવો. આ ત્રણે પ્રકારના ભકત છે તે જઘન્યાધિકારી છે એટલે ઉત્તમાધિકારી કે મધ્યમાધિકારી નથી.

યોજનામાં લાલૂભટજી લખે છે કે જ્ઞાન વિનાનો જે ભક્ત તેને ભગવાન્ના દર્શન થતાં નથી, અને તેથી તેને દુઃખ પણ ય છે ત્યારે શું જ્ઞાન ન હોય તેણે ભગવાન્નું ભજન ન કરવું ? શંકાના ઉત્તરમાં લખવામાં આવે છે કે કેવળ ભજનથી પણ ના નિર્વાહ થાય છે લોક શબ્દનો અર્થ સંસાર કર્યો છે.

આ શ્લોકનો સાર—જે લૌકિક અર્થને સારૂ શ્રીકૃષ્ણને ભજે છે તેને દુઃખ થાય છે. અને સંસારથી દુઃખી થયેલો ભક્ત જો ભગવાન્‌ને ભજે છે તો સંસારનું દુઃખ દૂર થાય છે. (૧૬)

હવે મધ્યમાધિકારી પુષ્ટિમાર્ગી અને મર્યાદામાર્ગીની વ્યવસ્થા કહે છે—

मुलम्–ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत्पूजोत्सवादिषु ।।१७।।
मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवत तत्परः ।

सान्वयपदार्थः—**पुष्टिमार्गी** પુષ્ટિમાર્ગીય ભકત **ज्ञानाभावे** જ્ઞાનના અભાવમાં અર્થાત્ પોતાના સ્વરૂપનું અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નહિં હોય તો **श्रीभागवततत्परः** શ્રીભાગવતમાં સાવધાન થઇને **पूजोत्सवादिषु** (એકાદશ સ્કંધમાં શ્રીભગવાને ઉદ્ધવજીને કહેલી) પુજાનો પ્રવાહ અને પર્વાદિકમાં થતા ઉત્સવ વિગેરે જ્યાં ચાલુ હોય તેવા સ્થળોમાં **तिष्ठेत्** રહે (અને) **मर्यादास्थं** મર્યાદામાર્ગમાં રહેલો (ભકત) **तु** તો (જ્ઞાનના અભાવમાં શ્રીભાગવતમાં તત્પર થાને) **गंगायां** શ્રીગંગાજીમાં (રહે અને)

અર્થ—જ્ઞાન ન હોય તોપણ પુષ્ટિમાર્ગી ભક્ત શ્રીભાગવત પરાયણ થઇને પૂજા ઉત્સવાદિકમાં તૈયાર રહે, અને મર્યાદા માર્ગી હોય તો શ્રીભાગવતમાં તત્પર થઇને ગંગાજીમાં રહે.

ભાવાર્થ—મધ્યમાધિકારિની વ્યવસ્થા કહેવામાં આવે છે જેને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી તે ભક્ત, અને જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તે ભક્ત એટલે મધ્યમ પુષ્ટિ, અને મધ્યમ મર્યાદામાર્ગી એઓએ શું કરવું જોઇએ તેને વાસ્તે કહેવામાં આવે છે, તેવા ભકતે શ્રીભાગવતમાં પોતાની વૃત્તિ રાખવી અને જ્યાં ભગવાન્‌ના ઉત્સવાદિક થતા હોય અને જ્યાં પૂજા પ્રવાહ ચાલતો હોય ત્યાં રહેવું એ એકાદશ સ્કંધમાં અધ્યાય ૨૯ માં કહેવામાં આવેલું છે––

उद्धव उवाच —
सुदुस्तरामिमां मन्ये योगचर्यां मनात्मनः ॥
यथांजसा पुमान्सिद्धयेत्तन्मे ब्रूह्यंजसाऽच्युत ॥

श्रीभगवानुवाच—
हंत ते कथयिष्यामि मम धर्मान्सुमंगलान् ॥
याञ्छ्रद्धया चरन्मर्त्यो मृत्युं जयति दुर्जयम् ॥ ८ ॥

कुर्यात्सर्वाणि कर्माणि मदर्थं शनकैःस्मरन् ॥
मय्यर्पितमनाश्चित्तो मद्धर्मात्ममनोरतिः ॥ ९ ॥

देशान्पुण्यानाश्रयेत मद्भक्तैः साधुभिः श्रितान् ॥
देवासुरमनुष्येषु मद्भक्ताचरितानि च ॥ १० ॥

पृथक्सत्रेण वा मह्यं पर्वयात्रामहोत्सवान् ॥
कारयेद्गीतनृत्याद्यैर्महाराजविभूतिभिः ॥ ११ ॥

मामेव सर्वभूतेषु बहिरंतरपावृतम् ॥
ईक्षेतात्मनि चात्मानं यथा खममलाशयः ॥ १२ ॥

इति सर्वाणि भूतानि मद्भावेन महाद्युते ॥
सभाजयन्मन्यमानो ज्ञानं केवलमाश्रितः ॥ १३ ॥

ब्राह्मणे पुल्कसे स्तेने ब्रह्मण्येऽर्के स्फुलिंगके ॥
अक्रूरे क्रूरके चैव समदृक्पंडितोमतः ॥ १४ ॥

नरेष्वभीक्ष्णं मद्भावं पुंसो भावयतोचिरात् ॥
स्पर्धाऽसूयातिरस्काराः साहंकारा वियंति हि ॥ १५ ॥

विसृज्यं स्मयमानान् स्वान्दृशं व्रीडां च दैहिकम् ॥
प्रणमेद्दंडवद्भूमावाश्वचांडालगोखरम् ॥ १६ ॥

यावत्सर्वेषु भूतेषु मद्भावो नोपजायते ॥
तावदेवमुपासीत वाङ्मनः कायवृत्तिभिः ॥ १७ ॥

सर्वं ब्रह्मात्मकं तस्य विद्ययाऽत्ममनीषया ॥
परिपश्यन्नुपरमेत्सर्वतो मुक्तसंशयः ॥ १८ ॥
अयं हि सर्वकल्पानां सध्रीचीनो मतो मम ॥
मद्भावः सर्वभूतेषु मनोवाक्कायवृत्तिभिः ॥ १९ ॥
न ह्यंगोपक्रमे ध्वंसो मद्धर्मस्योद्धवाण्वपि ॥
मया व्यवसितः सम्यङ्निर्गुणत्वादनाशिषः ॥ २० ॥
यो यो मयि परे धर्मः कल्प्यते निष्फलाय चेत् ॥
तदायासो निरर्थः स्याद्भयादेरिव सत्तम ॥ २१ ॥
एषा बुद्धिमतां बुद्धिर्मनीषा च मनीषिणाम् ।
यत्सत्यमनृतेनेह मर्त्येनाप्नोति मा मृतम् ॥ २२ ॥

અર્થ---ઉદ્ધવજી ભગવાનને પૂછે છે કે હે શ્રીકૃષ્ણ ! આ જે યોગચર્યા છે તેની જેણે પોતે અજમાયશ નથી કરી તેને મહા કઠિન છે તેથી તેવો રસ્તો બતાવો કે જેથી વિના મહેનત પુરુષાર્થ સિદ્ધ થાય તે સુબોધ કહો આના ઉત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું જે-

ભગવાન ઉદ્ધવજીને કહે છે કે-સુખરૂપ મારા ધર્મને કહીશ જેને શ્રદ્ધાયે કરી મનુષ્ય આચરણ કરે તો બીજા ઉપાયથી ન જીતાતો મૃત્યુ આથી જીતાય છે (૮) ભગવદ્‌ભક્ત હોય તેણે શું કરવું તે અહીંથી શ્લોક ૧૩ કહ્યા છે તેમાં ભગવદીયના ધર્મોનો ઉપદેશ છે એ ઉપયોગી જાણી અહી ટાંકયા છે.-ભગવદીય જે જે કામ કરે તેમાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરતો ભગવાનને અર્થેજ કરે, ભકતે ભગવાનને મન, અને ચિત્ત સોપ્યાં છે અને તેથીજ ભગવદ્ધર્મમાં આત્મા ને મન પ્રસન્ન રહે છે (૯) પહેલે
તો પવિત્ર દેશનો આશ્રય કરે. ત્યારે પવિત્ર દેશનું ા અને
છે કે જે મારા ભક્તજન સાધુપુરૂષ જે દેશમાં રહે પૂજ્ય લક્ષણ કહે
દેવ, અસુર, અને મનુષ્ય, એ ત્રણેમાં જેજે મારા ાય છે. તે પછી
છે તેના તેના આચરણનો આશ્રય કરે (૧૦) બીજ ૩ ભક્ત થયા
મારે વાસ્તે

એકઠા થઈને
ધુમથી ગીત
અતરંગ ભા
અંતઃકરણમાં
એવો હું તેન
અંદર આવ
(૧૨) એ પ્ર
અને કેવળ
જોઇએ (૧
પ્રાણિનો સ
દેખાય તે
નહિં. જો
ત્રીજો ગુણ
સમાન દ
ચાર ઉદા
એક પ્રક
અને દા
દેનારમાં
અને તે
વળી શ
જુવે આ
(૧૪)
પ્રમાણે
અને
(૧૫)
ણં

એકઠા થઈને પર્વ, યાત્રા, મહોત્સવ કરાવવા તેમાં મોટી ધામધુમથી ગીત અને નૃત્ય કીર્ત્તન વગેરે કરાવવાં (૧૧) તેવા ભકતની અતરંગ ભાકત કહે છે—ભગવદ્ભકતે સર્વ ભૂત પ્રાણિમાત્રના અંતઃકરણમાં બીરાજતો અને પોતાના આત્મામાં બીરાજતો એવો હું તેનાં (ભગવાનના) દર્શન કરવાં (કારણકે તે બાહિર અને અંદર આવરણ વિના આપજ રહે છે જેમ આકાશ છે તેમ રહે છે) (૧૨) એ પ્રકારે સર્વ પ્રાણીનો ભગવાન્‌ના ભાવથી સત્કાર કરવો અને કેવળ જ્ઞાનનો આશ્રય કરી રહેનાર તે પાંડત જાણવો જોઇએ (૧૩) હવે આ શ્લોકમાં કહ્યું કે ભગવાનનો ભકત સઘળા પ્રાણિનો સત્કાર સમાન કરે તે પંડિત જાણવો તો કાંઈ ભેદ દેખાય તે સ્થાનમાં કેમ કરે; તેના ઉત્તરમાં કે તે ભેદ જોઇએજ નહિં. જો કે ભેદ ચાર પ્રકારથી છે, એક તો જાતિથી, બીજો કર્મથી, ત્રીજો ગુણથી અને ચોથો સ્વભાવથી ભેદ છે પરંતુ સઘળામાં સમાન દૃષ્ટિ હોય તે પંડિત કહેવાય. આ સૂચના માટે ભગવાન્ ચાર ઉદાહરણ આપે છે, બ્રાહ્મણમાં અને પુલ્કસમાં (પુલ્કસ એક પ્રકારનો ચંડાલ છે) આ જાતિનું ઉદાહરણ છે, ચોરમાં અને દાતારમાં (બ્રાહ્મણનું સઘળું ચોરનાર અને બ્રાહ્મણને ધન દેનારમાં) સમાન જુવે આ કર્મનું ઉદાહરણ છે, અગ્નિમાં અને તેના તણખામાં સમાન જુવે આ ગુણનું ઉદાહરણ છે અને વળી શાંતને અને ક્રૂરને એટલે દયાલુને અને ઘાતકીને સમાન જુવે આ સ્વભાવનું ઉદાહરણ એ ચાર ભેદ રહિતને પાંડત સમજવો. (૧૪) આમ કરવાથી ભકતને શું ફળ મળે છે, તે કહે છે કે આ પ્રમાણે કરવાથી એટલે સઘળામાં બ્રહ્મભાવ રાખવાથી સ્પર્ધા, ઇર્ષ્યા અને તિરસ્કાર એ સઘળા અહંકારની સાથે ૂચ કરી જાય છે. (૧૫) વળી પોતાની હાંસી કરનારને અને પોતાના મનમાં દેહ સંબંધિ વિચારને છોડી દઇને શ્વાન ચાંડાલ વગેરેને ભૂમીમાં ંડવત્પ્રણામ કરે કારણકે સર્વના અંતકરણમાં શ્રીકૃષ્ણ ર છે એમ સમજીને વળી પોતાના સગાસોઇ હાંસી

વગેરે કરે તોપણ તેને ન ગણકારતાં આવી રીતે ભગવદ્ભાવ રાખે (૧૬) જ્યાં સુધી સર્વભૂતમાં ભગદ્દભાવ ઉત્પન્ન નથી થયો ત્યાં સુધી વાણીથી મનથી અને કાયાથી ભગવાન્ની ઉપાસના કરવી. (૧૭) જ્યારે જ્ઞાનદૃષ્ટિથી અધ્યાત્મવિદ્યાએ કરી સર્વ વિશ્વને બ્રહ્માત્મક દેખે છે ત્યારે તેને કાંઈ કરવું પડતું નથી અને તેના સઘળા સંશય દૂર જાય છે. (૧૮) જેટલા ઉપાયો છે તેમાં આ સર્વથી ઉત્તમ ઉપાય એ છે કે જે સર્વભૂતમાં મનથી વાણીથી અને કાયથી ભગવાનનો ભાવ રાખવો (૧૯) હે ઉદ્ધવ! મારા નિષ્કામ ધર્મનો આરંભ કર્યા પછી કોઈ પણ રીતે તેનો નાશ થતો નથી કારણકે મેં આ સઘળો કહ્યો છે (૨૦) વળી કહે છે કે જે કાંઇ પણ કર્મ નિરર્થક હોય તે પણ જો મને અર્પણ કર્યું હોય તે ધર્મ સિદ્ધ કરે છે (૨૧) બુદ્ધિમાનની બુદ્ધિ અને ચતુરની ચાતુરી એજ કે આ દેહથી મને ભજી મોક્ષ સિદ્ધ કરી લેવો એ શિવાય બુદ્ધિ અને ચતુરાઇ કાંઇ કામની નથી. ૨૨

આ સંક્ષેપથી ભગવાને પોતાના ભકતના ધર્મ કહ્યા છે એ પ્રમાણે ચાલે અને સર્વમાં સમાન દૃષ્ટિ રાખે. એ પ્રમાણે પુષ્ટિમાર્ગીયની વ્યવસ્થા કહેવામાં આવી. હવે મર્યાદામાર્ગને વાસ્તે કહે છે કે, શ્રી ગંગાજીના સમીપ રહ્યા કરે અને શ્રીમદ્દભાગતમાં તત્પર રહે, વળી મનમાં આ પ્રમાણે સમજી રેહે કે શ્રીભગવચ્ચરણનો આને સંબંધ છે, આના આશ્રયથી પરીક્ષિત અને વિદુર એ વગેરેની મુકિત થઈ છે, એમ સમજવાથી તેને ઉપયોગી જ્ઞાનની પણ સંપત્તિ થઈ જાય છે. શ્રી પુરૂષોત્તમજી પ્રકાશમાં જે લખે છે તેનો આ અનુવાદ કરવામાં આવ્યો છે.

આ શ્લોકનો સાર જે મધ્યમ પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય એ બેયની વ્યવસ્થા કહેવામાં આવી. પુષ્ટિમાર્ગીએ
સ્વરૂપનું જ્ઞાન ન હોય તો તે શ્રીભાગવતમાં ના અને
ભગવન્મંદિરમાં રહે કે જ્યાં પૂજા પ્રવાહ સતનાં રહે પૂજા પ્રવાહ
અને મર્યાદામાર્ગીએ શ્રીભાગવતમાં તત્પ- મારા ધ્યાય ૨૯ માં
તીરપર રહેવું. (૧૭) (૧૦) બીજા

પૂર્વ શ્લોકમાં મર્યાદામાર્ગીયને રહેવાનું સ્થાન બતાવ્યું કે શ્રીગંગાજીની પાસે રહે તેમ પુષ્ટિમાર્ગીયને રહેવાનું સ્થાન બતાવવું જોઈએ ત્યારે કહે છે કે—

मूलम्—अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः॥१८॥

सान्वयपदार्थः—पुष्टिमार्गे શુદ્ધ પુષ્ટિમાર્ગમાં **अनुग्रहः** (પ્રભુનો) અનુગ્રહજ **नियामकः** નિયામક છે **इति** એવી **स्थितिः** પુષ્ટિમાર્ગની નિર્દોષ મર્યાદા છે તેથી સ્થાનનો નિયમ નથી.

શબ્દાર્થ—પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે, તેમાં રહેવાના દેશનો નિયમ નથી.

ભાવાર્થ—પુષ્ટિ ભકતને ક્યાં રહેવું ? એના ઉત્તરમાં કે પ્રભુ જે સ્થાનમાં અનુગ્રહ કરી રાખે ત્યાં રહેવું એમાં કોઈ દેશ નિયામક નથી.

યોજનામાં લાલૂભટજી પુષ્ટિમાર્ગનું સ્વરૂપ વર્ણવે છે. અને યોજના ગ્રંથ પણ પૂરો કરે છે—

પહેલાં કહેવામાં આવ્યું જે કેવળ ભકિતથી પણ ભગવદ્ ભકતજનનો નિર્વાહ થાય છે તે કેવી રીતે ત્યાં કહે છે કે પ્રમેય બલવડે કરી પણ નિર્વાહ થાય છે- **अनुग्रहः पुष्टिमार्गे इत्यादि** આ પુષ્ટિમાર્ગમાં ભગવાનનો અનુગ્રહ એજ નિયામક છે. પ્રમાણ વિરૂદ્ધ પદાર્થ પણ પ્રમેય બળથી સિદ્ધ કરી આપે છે. જેમકે-

नेमं विरिंचो न भवो न श्रीरप्यंगसंश्रया ।
प्रसादं लेभिरे गोपी यत्तत्प्राप विमुक्तिदात् ॥

श्रीभागवत १०-९-२०

અર્થ—બ્રહ્મા, મહાદેવ અને લક્ષ્મી આ ત્રણેને આ પ્રસાદ મળ્યો નથી કે જે પ્રસાદ શ્રીકૃષ્ણથી ગોપી [યશોદા]ને મળ્યો.

ભાવાર્થ—આ શ્લોક દશમસ્કંધમાં શ્રીદામોદરલીલામાં છે

ત્યાં આવી શંકા ઉત્પન્ન થઇ છે કે, આ પ્રમાણે પૂર્વમાં પણ ભગવાને કોઈને પ્રસાદ દીધો હશે તો આ પ્રસાદ કાંઇ નવો નહિં કહેવાય, એના ઉત્તરમાં શ્રીશુકાચાર્ય કહે છે કે, આ પ્રકારનો પ્રસાદ પૂર્વમાં પરેશથી કોઇને પ્રાપ્ત થયો નથી; જો પ્રસાદ મળે તો ભક્તને મળે ભક્ત વિના ઇતરને તો મળવાની રીતજ નહિં, તો ભક્તજનમાં આ ત્રણ ભક્ત મોટા, એક તો બ્રહ્મા બીજા મહાદેવ અને ત્રીજા લક્ષ્મીજી આ ત્રણની મોટાઈ દર્શાવવામાં આવે છે; બ્રહ્મા ભક્તજનોમાં મોટા છે, કારણ કે એક તો ભગવાનના પુત્ર અને વળી પ્રવૃત્તિ માર્ગમાં સર્વ ધર્મને પ્રવર્ત્તાવનાર છે, અને સર્વ જગતના હેતુભૂત છે. વળી મહાદેવ એ પૌત્ર છે પુત્ર કરતાં પણ પૌત્ર વધારે વહાલો હોય છે, ભગવાનના બ્રહ્મા પુત્ર અને તેમના પુત્ર મહાદેવ માટે ભગવાનના પૌત્ર થાય છે, અને તે નિવૃત્તિ ધર્મના પ્રવર્ત્તન કરનાર છે, વળી પ્રલય કરનાર છે, તથા ગુણાવતાર છે, અને ભગવાનને સારૂ સર્વ પરિત્યાગ કરી કૈલાસના શિખરપર તપ કરે છે. તેથી પણ અધિક મોટાં લક્ષ્મીજી જે ભગવાનનાં સ્ત્રી છે, બ્રહ્મના આનંદભૂત છે, ભગવાનના વક્ષસ્થલમાં બીરાજે છે, જગતને ઉત્પન્ન કરનારાં છે, અને સદા ભગવાનના ચરણારવિંદની સેવા કરે છે. આ પ્રમાણે આ ત્રણ પણ આ પ્રસાદને નથી પામ્યાં તો બીજો કોણ પામી શકે તેમ છે ? કોઇ પણ નહિ. તો તેમાં કાંઇ એ ત્રણમાં કોઇનો દોષ નથી એ ત્રણે ભગવાનના અંગનોજ આશ્રય કરે છે. જુવો લક્ષ્મીજી તો વક્ષસ્થલનો આશ્રય કરે છે, અને બ્રહ્માજી નાભિ કમળનો આશ્રય કરે છે, અને મહાદેવજી પણ ચરણ ચાકરી કરે છે આ પ્રમાણે તો તેમને સેવા છે; અને ગુણાવતાર પણ ત્રણે છે. તો એ ત્રણેને જે દુર્લભ હોય તે બીજાને કયાંથીજ મળે ? ત્યારે શંકા થાય છે કે એ કયો પ્રસાદ ? ત્યારે કહે છે કે જે પ્રસાદ ગોપીને મળ્યો તે પ્રસાદ કોઈને મળ્યો નથી. એટલે શ્રીયશોદાજીને જે શ્રીકૃષ્ણનો પ્રસાદ થયો તે કોઇને થયો નથી તે શું ? કે સર્વને સંસારથી મૂકાવનાર એ પણ ઉલૂખલે

દેશાઈ પુરુષોત્તમદાસ ગરબડદાસ
૧૪૯ બહાદરપુર (G. B. S. R.)

ગોપીના હાથથી બંધાયા. જે સર્વને છોડાવનાર હોય તે પોતે કેમ બંધાય ? તો પોતાની ભક્તવત્સલતા દર્શાવવા તે પણ સ્વીકાર્યું આ આશય શ્રીસુબોધિનીને અનુસાર છે.

પુષ્ટિથી ઉત્પન્ન થયેલો ભક્તિમાર્ગ તે પુષ્ટિમાર્ગ સમજવો પુષ્ટિ એટલે ભગવાનનો અનુગ્રહ—

पोषणं तदनुग्रहः

અર્થ—ભગવાન્નો અનુગ્રહ તે પોષણ-પુષ્ટિ જાણવી. પુષ્ટિથી જે ભક્તિ તે પુષ્ટિભક્તિ આ વિષયપર વધારે "પુષ્ટિ પ્રવાહ મર્યાદા" નામના ગ્રંથમાં લખાયું છે. ભગવાન્નો જે અનુગ્રહ કહેવામાં આવ્યો તે એક ભગવાન્નો ધર્મ છે, તે એવો છે કે સર્વ લૌકિક અને અલૌકિક ઉત્તમ ફલને દેનાર છે, જેને ભગવાનનો અનુગ્રહ થાય તેને આ લોક સબંધિ અથવા ભગવત્સંબંધ જે ઉત્તમ ફળની ઈચ્છા રહે તે ભગવાન્ પોતે સંપાદન કરી આપે છે. એ સાધારણ અનુગ્રહનું સ્વરૂપ કહેવામાં આવ્યું. વિશેષ અનુગ્રહનું સ્વરૂપ એવું છે કે તે ભગવત્સ્વરૂપ એજ ફળ જેમાં છે તે-આ અનુગ્રહ કોઈ કોઈ ભક્તના ઉપર થાય છે કાંઇ સર્વના ઉપર થતો નથી. પુષ્ટિમાર્ગમાં તો વિશેષ અનુગ્રહ લેવો, કારણ કે સાધારણથી તો માત્ર લૌકિક ફળ સિદ્ધિ થાય છે, અને વિશેષથી અલૌકિક ફળ સિદ્ધ થાય છે. આ વિષય પુષ્ટિસ્કંધમાં એટલે શ્રીભાગવતના ષષ્ઠ સ્કંધમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. ઇંદ્રાદિકની ઉપર ભગવાન્નો સાધારણ અનુગ્રહ હતો તેથી તેઓને પોતાની ઈચ્છા પ્રમાણે ફલ સિદ્ધ થયું. તેમ દૈત્ય ઉપર પણ સાધારણ અનુગ્રહ હતો તેથી તેઓની ઇચ્છા પ્રમાણે તેને પણ ફળસિદ્ધિ થઇ; તેથી એમ જણાય છે કે સાધારણ અનુગ્રહથી લૌકિક ફળ મળે છે. શ્રીમદાચાર્યજીએ ભાગવતાર્થ નિબંધમાં કહ્યું છે કે—

एवमिंद्रे महापुष्टिः सर्वबाधा निरूपिता ।
सर्व बाधकरूपाहि दैत्येपुष्टिरथोच्यते ॥

ભાવાર્થ—એ પ્રમાણે દૈવ પ્રકરણમાં સર્વ કાર્ય સિદ્ધિ રૂપ અનુગ્રહ કહ્યો, અને દૈત્ય પ્રકરણમાં કાલ કર્મ સ્વભાવાદિ બાધક અનુગ્રહરૂપ પુષ્ટિ કહેવામાં આવે છે. નામ પ્રકરણમાં કર્મબાધિકા પુષ્ટિ અને રૂપપ્રકરણમાં હર્યશ્વાદિકને કર્મબાધિકા પુષ્ટિ અને વૃત્રાસુરને સ્વભાવબાધિકા પુષ્ટિ અને વાયુને કાલ કર્મ અને સ્વભાવ એ ત્રણે બાધકા પુષ્ટિ છે. આ પ્રમાણે સાધારણ પુષ્ટિનુ સ્વરૂપ કહેવામાં આવ્યું. વિશેષ અનુગ્રહરૂપ પુષ્ટિ તો નવમસ્કંધમાં સૂર્ય સોમવંશીયરાજાના ચરિત્ર વર્ણન કરવાથી મર્યાદા અને પુષ્ટિ કહેવામાં આવી છે. પુષ્ટિથી ઉત્પન્ન થયેલી ભક્તિ તે પુષ્ટિભક્તિ કહેવાય, માટે શ્રીગુસાંઈજીએ ભક્તિહેતુ નામના ગ્રંથના મંગલાચરણમાં આ શ્લોક કહ્યો છે, તેથી ભગવાનના સ્વરૂપથી વ્યતિરિક્ત કોઇ પદાર્થની ઇચ્છા જેમાં ન રહે એવી જે ભક્તિ તે પુષ્ટિભક્તિ કહેવાય છે. જે નિષ્કામ મર્યાદાભક્તિ છે તેમાં તો મોક્ષની પણ ઇચ્છા રહે છે માટે તે પુષ્ટિ ન કહેવાય, અને મોક્ષ છે તે ભગવત્સ્વરૂપાત્મક છે એમ પણ કહી શકાતું નથી, કારણ કે વૃત્રાસુરના પ્રકરણમાં વૃત્રાસુરે ભગવાનને એમ પ્રાર્થના કરી છે કે હું યોગ સિદ્ધિની ઈચ્છા કરતો નથી અને હું મોક્ષ પણ ચાહતો નથી કેવળ આપને ચાહું છું' તો આમ કહેવાથી સ્પષ્ટ જણાય છે કે મોક્ષ એ કાંઇ ભગવત્સ્વરૂપાત્મક નથી. માટેજ પુષ્ટિમાર્ગીય ભક્ત એની કામના કરતા નથી. આ વિષય ઉપર વધારે જોવું હોય તો શ્રીભાગવત દશમસ્કંધ અધ્યાય ૨૧ શ્લોક ૭ નાં તથા તેજ સ્કંધના અધ્યાય ૨૯ શ્લોક ૩૯ નાં સુબોધિનીમાં જોવું. તેમજ મોક્ષ કામના પણ કામનામાંજ ગણવી જોઈએ. તેથીજ પુષ્ટિમાર્ગીય તપ્તમુદ્રા ધારણ નથી કરતા, કારણ કે તેના વચનમાં 'હરિ સાથે સાયુજ્ય મુકિતની કામના હોય તો તપ્તમુદ્રાનુ ધારણ કરવું' એમ કહ્યું છે. આ વચન નિબંધમાં લખવામાં આવ્યું છે આથી એ સિદ્ધ થયું જે પુષ્ટિમાર્ગના ભકત ભગવત્સ્વરૂપાતિરિકત કાંઇપણ ઇચ્છતા નથી.

આનો સાર એ છે જે—જેમ મર્યાદામાર્ગીય ભકતને રહેવાને વાસ્તે સ્થાન કહેવામાં આવ્યું છે જે શ્રીભાગવતમાં તત્પર થઈને શ્રીગંગાજીના તીરપર રહે તેમ પુષ્ટિમાર્ગીય ભકતે ક્યાં રહેવું? આના ઉત્તરમાં કહેવામાં આવ્યું જે પુષ્ટિમાર્ગમાં કાંઈ સ્થાનને વાસ્તે વધારે આગ્રહ નથી, જ્યાં ભગવાનનો અનુગ્રહ થાય ત્યાંજ રહેવું, અને એકાદશસ્કંધમાં આમ પણ કહેવામાં આવ્યું છે કે જ્યાં અનેક ભગવદીયનો સમાગમ થતો હોય, જ્યાં ભગવાન બીરાજ્યા હોય જે પુણ્યદેશ હોય એ વગેરે પહેલા પ્રકાશના અનુવાદમાં સઘળું લખવામાં આવ્યું છે માટે ફરી લખવાની જરૂર નથી. આ પ્રમાણે મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીયની સ્થિતિ કહેવામાં આવી.

પૂર્વ શ્લોકમાં મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય ભકતની સ્થિતિ કહેવામાં આવી. હવે આ શ્લોકમાં પુષ્ટિમિશ્ર મર્યાદામાર્ગીયને શું ફળ તથા જ્ઞાનમાર્ગથી ભકિતમાર્ગ ઉત્તમ છે તે સિદ્ધ કરવામાં આવશે.

मूलम्—उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ॥

सान्वयपदार्थः—**उभयोः** બન્ને (જ્ઞાની અને ભક્ત)ને **क्रमेण** ક્રમે કરીને (પ્રથમ પુષ્ટિમાર્ગમાં લઈને) **एव** જ **तु** પુનઃ ફરીથી **पूर्वोक्ता** આગળ કહેલી (માનસી સેવા) **एव** જ **फलिष्यति** સિદ્ધ થશે.

શબ્દાર્થ—મર્યાદામાર્ગમાં રહેલો જ્ઞાની તથા ભકિતમાન એ બન્નેની ઉપર જો ભગવાન અનુગ્રહ કરે છે તો તેને પુષ્ટિમાર્ગમાં પહોચાડે છે અને પછે પહેલાં કહેવામાં આવી જે માનસી ભકિત તે આપે છે. અને જો મર્યાદામાર્ગમાંથીજ અંગીકાર કરી લે છે તો મુકિતજ આપે છે ભકિત આપતા નથી.

ભાવાર્થ—જે પુષ્ટિમિશ્ર મર્યાદામાર્ગીય હોય તેને તો માનસી સિદ્ધ થઈ જાય છે અને જો મર્યાદામાર્ગીયજ ભકિતમાન હોય અથવા જ્ઞાની હોય તો તેને ભગવાન મુકિત આપે છે. પુષ્ટિભકિત આપતા નથી.

પ્રકાશમાં શ્રીપુરૂષોત્તમજી લખે છે કે મર્યાદામાર્ગસ્થને પણ પુષ્ટિમાર્ગમાં પ્રાપ્ત કરીને પછી માનસી સિદ્ધ કરાવી દે છે, એટલે પહેલે ભગવાન્‌માં ચિત્ત પરોવાઇ રહે, તે પછી તનુજા અને વિત્તજા તેનાથી કરાવે અને પછે માનસી આપે છે. તેથી જે ફળ થાય છે તે સર્વથી શ્રેષ્ઠ છે, અને જો મર્યાદા માર્ગમાંથી ભગવાન્ અનુગ્રહ કરવા ધારે છે તો તેને મુકિત આપે છે પણ ભકિતયોગ આપતા નથી.

શ્રીગોકુલનાથજી લખે છે કે જો પુષ્ટિમાર્ગીય ભક્તને તથા મર્યદામાર્ગીય ભક્તને એક સરખું ફળ થતું હોય તો પછી માર્ગ ભેદ કરવાનું શું કામ ? અને તેમ જુદી જુદી રીતે અંગીકાર કરવામાં પણ શું પ્રયોજન ? તેથી મૂલનો સાધારણ અર્થ જોઇએ છીએ તો એમજ જણાય છે કે બન્નેની પહેલે કહેવામાં આવી તે ભક્તિ સિદ્ધ થાય છે, માટે તેનો અર્થ વિવૃતિમાં કહેવામાં આવ્યો છે તે પ્રમાણે જોઇએ કે મર્યાદામાર્ગી એક તો જ્ઞાની અને બીજો ભક્તિવાળો એ બન્નેની ઉપર જો ભગવાન્ અનુગ્રહ કરે છે તો તે બન્ને ને પહેલે તો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવે છે, અને જે મર્યાદામાર્ગનો અંશ છે તેને દૂર કરે છે; પછી તે પુષ્ટિમાર્ગને અનુસરી ભગવાન્‌ની સેવા કરે છે તો પછી તેને પુષ્ટિમાર્ગીય ફળ મળે છે. અને ભગવાન્‌ની તેમજ ઇચ્છા થાય છે કે મર્યાદામાર્ગમાંથી તેનો અનુગ્રહ કરી લેવો તો તે બન્નેની મુક્તિ કરે છે તેને પોતાની ભક્તિ દેતા નથી.

ટિપ્પણમાં લખવામાં આવ્યું છે કે ટીકામાં (વિવૃતિમાં) જે **मर्यादास्थो** આમ લખવામાં આવ્યું તે જ્ઞાની અને ભક્તને વાસ્તે છે. તે બન્ને મર્યાદામિશ્ર પુષ્ટિભક્ત જાણવા, તેમાં જ્ઞાનીનું એ લક્ષણ છે કે બ્રહ્મજ્ઞાને કરી પર પ્રાપ્તિ જેને થઇ હોય તે અને બ્રહ્મજ્ઞાન વિના પણ જેને પર પ્રાપ્તિ થઇ હોય તે ભક્ત જાણવો. આ પ્રમાણે બન્ને લક્ષણ કહેવામાં આવ્યા છે, તેની ઉપર જો ભગવાન્ અનુગ્રહ કરે છે તો તેના અંતઃકરણમાં જેટલો

મર્યાદાનો અંશ છે તેમાં પુષ્ટિનો અંશ મેળવીને એટલે પુષ્ટિમાર્ગમાં સામેલ કરે છે, પુષ્ટિ છે તે ભગવાનની યોજનાથી થાય છે તે કોઇ પુરૂષ પ્રયત્નથી થતી નથી.

આ અર્ધ શ્લોકનો સાર—જે મર્યાદામાર્ગીય ભક્ત છે જે જ્ઞાન અને ભક્તિપ્રધાન છે. તે બન્નેને જો ભગવાન્ અનુગ્રહ કરે તો તેને પુષ્ટિમાર્ગમાં દાખલ કરે છે, અને પછી પુષ્ટિમાર્ગીય જે અનુગ્રહ છે તે કરે છે; અને તેવો અધિકારી ન હોય તો તેને મુક્તિ આપે છે પરંતુ ભક્તિ આપતા નથી. મુક્તિ કરતાં ભક્તિમાં વધારે આનંદ છે એ તો સુપ્રસિદ્ધ છે.

આ પ્રમાણે અર્ધ શ્લોકનું વ્યાખ્યાન થયું હવે જ્ઞાનથી પુષ્ટિમાર્ગ અધિક છે એ પ્રતિપાદન કરે છે.

मुलम्—ज्ञानाधिकोः भक्तिमार्ग एवं तस्मान्निरूपितः।१९।।

सान्वयपदार्थः—एवं એ પ્રકારે (આગળ કહેલા સિદ્ધાન્તની રીતે અથવા જ્ઞાનમાર્ગથી અક્ષરની પ્રાપ્તિ છે અને ભક્તિમાર્ગથી શ્રીપુરૂષોત્તમની પ્રાપ્તિ થાય છે એ રીતે) **भक्तिमार्गः** ભક્તિમાર્ગ **ज्ञानाधिकः** જ્ઞાનમાર્ગથી અધિક (ઉત્તમ) છે **तस्मात्** તે કારણ માટે (ગંગાજીના દૃષ્ટાંતે કરીને) **निरूपितः** (વિવેચન પૂર્વક) નિરૂપણ કરેલો છે.

અર્થ—જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ અધિક છે માટે આ ગ્રંથમાં ભક્તિમાર્ગનું વિવેચન પૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું છે,

ભાવાર્થ—હાલ લોકો આમ કહે છે કે જ્ઞાન એ ભક્તિનું પણ ફળ છે, અને જ્ઞાનનું ફળ મુક્તિ છે. તો પછી જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ કેમ અધિક કહેવાય? આનો ઉત્તર—આ જે એ લોકોનું કહેવું છે તે પક્કા પાયાપર નથી, કારણ કે તે માર્ગમાં જે જ્ઞાન છે તેનું સ્વરૂપ એ છે કે બ્રહ્મ અને આત્મા આનું એકપણું છે. એમ જાણવું. અને તે બ્રહ્મ અક્ષરાત્મક અને તદાત્મકપણાથી સર્વનું ભાન છે. તોપણ પુરૂષોત્તમ સંબંધ તો ઘણો દૂરજ રહે

છે, કારણકે પુરૂષોત્તમ તો અક્ષરથી અલગા છે. માટેંજ શ્રી ગીતાજીના બારમા અધ્યાયમાં અર્જુને પુરૂષોત્તમ અને અક્ષરના ભજનનું તારતમ્ય ભગવાનને પૂછ્યું તેમાં ભગવાને પોતાના ભજનમાં અધિકતા બતાવી છે—

अर्जुन उवाच--

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

અર્થ—અર્જુન કહે છે--એ પ્રમાણે સદા તમારી સેવા કરનાર અને જે અવ્યકત અક્ષરની ઉપાસના કરનાર એ બન્ને ભકતજનોમાં ઉત્તમ કોણ ?

श्रीभगवानुवाच--

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ २ ॥

અર્થ—ભગવાન કહે છે—મારામાં (પુરૂષોત્તમમાં) પ્રેમથી મન પરોવીને ઉત્તમ શ્રદ્ધાથી જે સેવા કરે છે તેઓને હું ઘણા યોગ્ય માનું છું. ॥ ૨ ॥

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ ३ ॥
संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥४॥

અર્થ—(શ્લોકમાં શબ્દ પક્ષાંતર જણાવે છે) જે ભકત અક્ષરની ઉપાસના કરે છે તે અક્ષરનેજ પામે છે. અક્ષરનું તથા ભકતનું સ્વરૂપ કહે છે કે જેનું શબ્દથી વર્ણન નથી થતું, તેમ પ્રકટ નથી તેમ સર્વ સ્થાનમાં વ્યાપી છે, જેનું ચિત્તથી ચિંતવન પણ થતું નથી જે ચલ નથી અને વૃદ્ધિ આદિ વિકાર જેને નથી તે કૂટસ્થ—અક્ષર છે. સારી રીતે સઘળી ઇંદ્રિયને

નિયમમાં રાખી સર્વત્ર સમાનબુદ્ધિવાળા અને સર્વપ્રાણિના હિતને ચાહનાર ભકત હોવા જોઇએ. તે અક્ષરને પહોંચે છે.

क्लेशोधिकतरस्तेषांमव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

જે ભકત અક્ષરની ઉપાસના કરે છે તેને ઘણોજ ક્લેશ સહન કરવો પડે છે. તેનું કારણ એ છે જે પહેલા શ્લોકમાં જે વિશેષણ અક્ષરનાં દેવામાં આવ્યાં છે તથા જણાય છે; અવ્યકત જે ગતિ છે તે દુઃખરૂપ છે તે શરીરવાળાને ભોગવવી પડે છે.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ६ ॥

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ७ ॥

અર્થ--જે ભકત સઘળાં કર્મ મને સોંપીને મારે આધીન થઇ મારૂં ધ્યાન કરતાં મારીજ સેવા કરે છે તેઓનો આ સંસાર સાગરથી થોડા વખતમાં ઉદ્ધાર હું કરનાર છઉં. કારણ કે તેઓનું ચિત્ત મારામાંજ આવિષ્ટ હોય છે.

ભાવાર્થ—આ બન્ને શ્લોકમાં ભક્તિમાર્ગનોજ ઉત્કર્ષ દેખાડયો તેમાં પણ પુરૂષોત્તમની ભક્તિનો કહેવામાં આવ્યો છે. શ્રીપુરૂષોત્તમની સેવા કરનારને ક્લેશ સહન કરવો પડતો નથી અને અક્ષરની ઉપાસના કરનારને સહન કરવો પડે છે એ તેમાં વિશેષ છે

શ્રીપુરૂષોત્તમજી પ્રકાશમાં લખે છે કે જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ ઉત્કૃષ્ટ છે એ તો શ્રીકૃષ્ણના વચનામૃતથીજ સિદ્ધ થયું. જો જ્ઞાનમાર્ગથી પુષ્ટિમાર્ગ ઉત્તમ ન હોય તો ભગવાન્ પોતે સ્વમુખથી પહેલે કહેવામાં આવ્યું તે પ્રમાણે આજ્ઞા કેમ કરે ? તેથી એ સિદ્ધ થાય છે કે ભક્તિમાર્ગ ઉત્તમ છે. આ બન્નેમાં વિચાર કરીએ તો જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મની અહંગ્રહથી ઉપાસના

છે અને સર્વબ્રહ્મ છે તેમ ઉપાસના છે. એટલે अहंब्रह्मास्मि કે सर्वं ब्रह्म આ રીતથી ઉપાસના કરે છે. તે કરતાં ભક્તિમાર્ગમાં તે આધિક્ય સ્પષ્ટ છે, કારણ કે તેમાં પુરૂષોત્તમ વિષયક ઉપાસના છે, જ્ઞાનથી અધિક ભક્તિમાર્ગ છે માટે આ સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રંથમાં ગંગાજીના દૃષ્ટાંતથી સારી રીતે આચાર્યચરણે વિવેચન કર્યું છે.—

હવે આ ગંગાજીના દૃષ્ટાંતમાં પણ વિચાર કરીએ તો જ્ઞાનથી ભક્તિ અધિક સ્પષ્ટ જાણવામાં આવે છે ગંગાજીમાં પણ ક્ષર અક્ષરને પુરૂષોત્તમનું તારતમ્ય જોવામાં આવે છે. જે ગંગાજી આધિદૈવિકી દેવી છે તે કાંઇ તીર્થાત્મિકા કે જલાત્મિકાજ ન જાણવી, પણ જલમાં તીર્થ બુદ્ધિ રાખી જ્ઞાની થાય છે, અને પછી જલ તીર્થથી જે અલગાં ગંગાદેવી છે તેનાં દર્શનાદિથી ભક્ત ગણાય છે. ભક્તિએ કરી જેને ગંગાદેવીનાં દર્શન થયાં છે તે કોરા જ્ઞાનીથી તો અધિકજ છે એતો નિર્વિવાદ છે; આ પ્રમાણેજ ભકિતમાર્ગમાં પણ જે ક્ષર અક્ષરના જ્ઞાનમાંજ ડુબી રહ્યા છે તે કરતાં પુરૂષોત્તમને જાણીને સર્વભાવથી જે ભકિત કરે તે અધિક છે. ગીતાજીના પંદરમા અધ્યાયમાં—

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥ १९ ॥

અર્થ—ભગવાન અર્જુનને કહે છે—જે એ પ્રકારે મોહ વગર મને (પુરૂષોત્તમને) જાણે છે અને સર્વ ભાવથી ભજે છે. આથી જ્ઞાનમાર્ગમાં પણ અન્તે ભકિત કરવી પડે છે, અને ભકિતમાર્ગમાં તો ભકિત છેજ; તો પ્રથમથી ભકિત એજ ઉત્તમ છે. આ વિષયપર વધારે લખવાની જરૂર નથી કારણકે અનેક પ્રમાણથી સિદ્ધ છે, તે વિદ્વાન લોકોએ જાણવું. આ વાદ અનાદિ ચાલ્યો આવે છે, જ્ઞાનમાર્ગ ઉત્તમ કે ભકિતમાર્ગ ઉત્તમ તેપર પ્રમાણનો ઉપન્યાસ કરવા લાગીએ તો તેનો પાર આવે તેમ નથી તેથી વધારે લખવામાં આવ્યાં નથી, વેદમાં પણ જ્ઞાનથી ભકિતને અધિક કહેલી છે. ઋગ્વેદમાં આ મંત્ર છે—

तमु स्तोतारः पूर्व्यं यथाविदं ऋतस्य गर्भं जनुषा पिपर्त्तन आस्य जानंतो नाम चिद् विवक्तन महस्ते विष्णो सुमतिं भजामहे ॥

અર્થ—हेस्तोतारः ભગવાનના ઉત્કૃર્ષનું વર્ણન કરનારો ! पूर्व्य સર્વ કારણના પણ કારણરૂપ તે પ્રસિદ્ધ—લોકવેદમાં પ્રસિદ્ધ પુરૂષોત્તમને यथा विदः જે પ્રકારથી જાણો છો તે ऋतस्य સત્ય પ્રિય વાણીરૂપ વેદના ગર્ભ સારભૂત બ્રહ્માને ઉપદેશ કર્યો હતો તેને जनुषा જન્મે કરી એટલે જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી पिपवर्त्तन પૂર્ણ કરો, સંતુષ્ટ કરો. પૂર્ણ જ્ઞાનિઓએ પોતાના દેહ ઇંદ્રિય, પ્રાણ, અંતકરણ, અને જીવ આ સઘળાને પુરૂષોત્તમના ઉપયોગી કરવાં, આથી ભકિતમાર્ગમાં વિનિયોગ દેખાડવામાં આવ્યો આથી જ્ઞાનમાર્ગથી ભકિતમાર્ગની અધિકતા દેખાય છે. ભકિત વિના બીજા કોઈ સાધનથી પુરૂષાર્થ સિદ્ધ થતો નથી. એમ હ્રુદયમાં રાખી કહે છે કે દેહાદિ સર્વના વિનિયોગમાં શકિત ન હોય તો પછી આ સર્વ રીતે जानंतः જાણતા અખંડ શબ્દ બ્રહ્મરૂપ મને જાણતા તેનુંજ विवक्तन વિવેચન કરો. અધિક માહાત્મ્ય આદિનું જ્ઞાન ન હોય તો નામ માત્રનું કિર્તન કરો. તેમ કિર્તન કરવાથી ક્રમે ક્રમે ભગવતસ્વરૂપનું તથા માહાત્મ્યનું જ્ઞાન થશે. હવે તેનું સ્વરૂપ કહે છે चित् આ ઉપલક્ષણ પણ सच्चिदानंदात्मक. હવે નામસ્વરૂપનું પણ જ્ઞાન ન હોય તો તેનાં ઉપદેશ કરનાર ગુરૂ પાસે શરણ જવું તે ગુરૂનું સ્વરૂપ કહે છે महस्ते विष्णु હે વિષ્ણો તમારા સંબંધી અને सुमतिं અને સારી મતિવાળા અર્થાત્ નિર્દોષ પૂર્ણ ગુણરૂપે કરી તમને જાણનાર તમારા ભક્તજન તેને भजामहे તેને ભજીએ છીએ. વલી તે તેજોરૂપ બીજાનું અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી શકે. તેવા ગુરૂને શરણ જવું જેથી અજ્ઞાન દૂર થાય અને ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય, અને જેથી આત્મા કૃતકૃત્ય થાય. સાર એજ કે ભગવાનના સ્તુતિ કરનારાઓ ! આ પ્રપંચના કારણરૂપ જે અક્ષર તેના પણ કારણરૂપ પુરૂષોત્તમને જે પ્રકારે તમે જાણો છો

કે વેદના ગભરૂપ છે તે પ્રકારે તમે સદા કીર્ત્તન કરો; આનું સચ્ચિદાનંદાત્મક નામને જાણતા છતાં વિવેચન કરો—ઉપદેશ કરો. અને હે વિષ્ણો ! તમારા તેજોરૂપ સારી મતિવાળાને અમો ભજીએ છીએ આ ઉપરથી આ સિદ્ધ થયું કે ભગવાનની શ્રવણ કીર્તનાદિ ભક્તિ કરવી એ મુખ્ય કર્ત્તવ્ય છે, અને જ્ઞાનમાર્ગથી પણ આ માર્ગ ઉત્તમ છે. આ વિષયપર બીજી શ્રુતિઓ ગ્રંથ વિસ્તાર ભયથી અહીં લખવામાં આવી નથી.

પુરૂષોત્તમજીએ આ શ્રુતિના અર્થમાં એમ જે લખ્યું કે વેદનો ઉપદેશ બ્રહ્માજીને કર્યો હતો તેને સિદ્ધ કરવાને શ્રીભાગવતના એકાદશસ્કંધમાંના શ્લોક લખ્યા છે.

कालेन नष्टा प्रलये वाणीयं वेदसंज्ञिता ।
मयादौ ब्रह्मणे प्रोक्ता धर्मो यस्यां मदात्मकः ॥ १४-३ ॥

અર્થ—કાળે કરી પ્રલયમાં આ વેદવાણી અદૃશ્ય થઇ ગઇ હતી તે મેં બ્રહ્માજીને પ્રથમ કહી જે વેદવાણીમાં મ્હારો ધર્મ વર્ણવેલો છે.

તેમજ તેજ સ્કંધમાં અધ્યાય ૨૧ માં પણ કહ્યું છે.—

मां विधत्तेऽभिधत्ते मां विकल्प्यापोह्यते त्वहम् ।
एतावान्सर्ववेदार्थः शब्द आस्थाय मां भिदाम् ॥
मायामात्रमनूद्यान्ते प्रतिषिध्य प्रसीदति ॥ ४३ ॥

અર્થ—ભગવાન ઉદ્ધવજીને કહે છે—વેદ મારૂં વિધાન કરે છે—યજ્ઞરૂપ ભગવાન્ છે અને મંત્રો યજ્ઞનું વિધાન કરે છે વેદ મને કહે છે—તે તે દેવતારૂપ ભગવાન્ છે અને મંત્રો ઈંદ્રાદિક દેવતાને કહે છે. વેદ વિકલ્પ કરી નિરાકરણ મારૂંજ કરે છે કારણ કે સર્વ પ્રપંચ ભગવદ્રૂપ છે. આ સઘળો વેદનો સાર એજ કે હું—પુરૂષોત્તમ. છું. વેદ મારો આશ્રય કરીને અને લૌકિક પદાર્થનો અનુવાદ કરી અને નિષેધ કરી મને પ્રતિપાદન કરી નિવૃત્ત થાય છે. વેદમાં જે આકાશાદિનો નિષેધ છે તે લૌકિક

આકાશાદિનો નિષેધ છે. કાંઇ ભગવદાકારનો નિષેધ નથી. આટલું પ્રકાશમાં લખ્યું છે.

શ્રીગોકુલનાથજી ટીકામાં લખે છે કે—જ્ઞાનમાર્ગથી અધિક ભક્તિમાર્ગ છે તે ગીતાજીના બારમા અધ્યાયમાં કહેલું છે. અને જેમ ગંગાજીનાં ત્રણ સ્વરૂપ છે ને તેમાં તારતમ્ય છે, તેમ તે તે સ્વરૂપને ભજનારમાં પણ તારતમ્ય હોવું જોઇએ. જેમ ગંગાજીમાં તેમજ અહીં પણ જાણવું; એટલે અક્ષરને ભજનાર તથા પુરૂષોત્તમને ભજનાર ભક્તમાં પણ તારતમ્ય સમજવું. જ્ઞાનમાર્ગમાં અક્ષરની ઉપાસના છે અને ભક્તિમાર્ગમાં પુરૂષોત્તમની સેવા છે તો જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ ઉત્તમ છે એ સિદ્ધ થયું. આટલું વ્યાખ્યાન કરી ગોકુલનાથજીએ વિવૃતની ટીકા સમાપ્ત કરી છે. અંતમાં એક કારિકા લખી છે.

આ અર્દ્ધ શ્લોકનો સાર—ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગથી અધિક છે, માટે ગંગાજીનાં દૃષ્ટાંત દઈને નિરૂપણ કર્યું છે, અધિકતામાં હેતુ એ છે કે ભકિતથી પુરૂષોત્તમ પ્રાપ્તિ થાય છે. ભક્તિમાર્ગ સુગમ છે અને જ્ઞાનમાર્ગમાં ક્લેશ ઘણો છે. ઈત્યાદિ વ્યાખ્યાનમાં સઘળું દર્શાવ્યું છે. જ્ઞાનપૂર્વક ભક્તિ હોય તો પછી કાંઈ બાકીજ રહ્યું નહિં.

અહીં સુધી ગ્રંથમાં ભગવાનની તનુજા અને વિત્તજા અને માનસી સેવા કરવી એ પ્રતિપાદન કર્યું તથા તે સેવાના અધિકારી ૪ પ્રકારના અને તેઓની ફળ સુધીની વ્યવસ્થા પણ કહી એથી સિદ્ધ થયું કે સર્વથી ઉત્તમ એજ છે કે ભગવાનની સેવા કરવી. તેમાં પ્રથમ સાધન સેવા તનુજા તથા વિત્તજા છે. એ સદા કરતે ભક્તિ ઉત્પન્ન થાય છે, અને પછી જે ફળરૂપ માનસીસેવા છે તે પણ પ્રાપ્ત થાય છે, જો કદાચિત તનુજા અને વિત્તજા બરાબર ન બની શકે અને તેથી વળી ભક્તિ ન સિદ્ધ થઈ હોય તેવા મનુષ્યને શું ફળ મળે છે ? એ વીશમા શ્લોકમાં કહેવામાં આવશે—

मुलम्–भक्तयभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः॥
अन्यथाभावमापन्नस्तस्मात्स्थानाच्च नश्यति॥२०॥

सान्वयपदार्थः—**यथा** જેમ **तीरस्थः** (શ્રીગંગાજીના) તીર ઉપર રહેલો (પુરૂષ) **भक्तयभावे** ભક્તિના અભાવમાં અર્થાત્ ભક્તિ નહિ હોય **तु** તો **दुष्टैः** (વેદની નિંદા અને પરસ્ત્રીનું ગમન એ આદિ) દુષ્ટ (ખરાબ) એવાં **स्वकर्मभिः** પોતાનાં કર્મોએ કરીને **अन्यथाभाव** અન્યથાપણાને (પાખંડીપણાને) **आपन्नः** પ્રાપ્ત થઈને **तस्मात्** તે **स्थानात्** સ્થાનકથી (તીર્થપણાના જ્ઞાનથી) **च** પણ **नश्याति** નાશ પામે છે (તેમ પ્રભુના સાનિધ્યમાં રહેતો હોય પણ જો પ્રભુમાં ભક્તિ ન હોય તો તે પણ પોતાના દુષ્ટ કર્મે કરીને આરૂઢપતિત થઇને તે સ્થાનમાંથી છૂટી કોઇ હીન યોનિમાં જન્મે છે.

શબ્દાર્થ—જેમ ગંગાજીના તીરપર રહેતો હોય અને ભક્તિ ઉત્પન્ન ન થઇ હોય ને પછી પોતાના દુષ્ટ કર્મે કરી જેમ આરૂઢ પતિત થઇ અને તે સ્થાનથી પણ નષ્ટ થાય છે—તેમ ભગવાનના સાન્નિધ્યમાં રહેતો હોય પણ જો ભકિત ન હોય તો તે પણ પોતાના દુષ્ટ કર્મે કરી આરૂઢ પતિત થઈ તે સ્થાનમાંથી છુટી કોઇ હીન યોનિમાં જન્મ લે છે.

ભાવાર્થ—ગંગાજીનું દૃષ્ટાંત જે પહેલેથી આપ્યું છે તેનું બીજું પણ તાત્પર્ય કહે છે—જેમ કોઇ ગંગાજીને તીર્થાત્મક જાણતો હોય, અને તીરપરજ રહેતો હોય પણ જો ભકિત ઉત્પન્ન ન થઇ હોય, એટલે અંતઃકરણમાં મોટાઇ જાણીને સ્નેહ ન થયો હોય તો પછે પોતાના પાપાચરણથી તે ગંગાજીમાંજ જલબુદ્ધિ જાણતો તે તીર્થાત્મક જ્ઞાનના સ્થાનથી પણ નાશ પામે છે. અથવા ગંગાજીથી છૂટો પડે છે. તેમ અહીં ભગવાનની પાસે રહેતો હોય, એટલે જ્યાં ભગવાનની નિધિ બીરાજતી હોય પૂજા પ્રવાહ સતત ચાલતો હોય, અથવા મથુરાજી વગેરે ભગવાનના ધામમાં રહેતો હોય, પણ જો ભગવાન્‌માં ભકિત ન ઉત્પન્ન થઇ

અને સાધારણ બુદ્ધિ રહી તો પછી તે પોતાના પાપથી એટલે વેદની નિંદા કરવાથી અથવા પરસ્ત્રી ગમનાદિથી અથવા વિદ્વાન્, ભગવદ્ભક્ત, બ્રહ્મણપર ઇર્ષ્યા દ્વેષ રાખવાથી, વધારે શું જે વેદ શાસ્ત્રમાં કહ્યું છે તેથી વિરૂદ્ધ આચરણ કરવાથી પછી તે પાખંડી થઇ જાય છે, અને આરૂઢ પતિત થાય છે, તેથી તેને હીન યોનિમાં ફરી જન્મ લેવો પડે છે. હા એટલું ખરૂં કે નરકમાં તો નથી જતો પણ ક્રમથી પદવી ઉતરતો જાય છે.

ત્યાં પુરૂષોત્તમજીએ નિબંધનો શ્લોક દર્શાવ્યો છે.

अत्रापि वेदनिंदायामधर्मकरणात्तथा ।
नरके न भवेत्पातः किंतु हीनेषु जायते ॥

અર્થ--ભક્તિમાર્ગમાં આવ્યા પછી પણ જો વેદની નિંદા કરે અથવા અધર્મ આચરણ કરે તો નરકમાં તો ન પડે પરંતુ કોઈ નીચ યોનિમાં અવતાર લેવો પડે; એટલે આરૂઢ પતિત કહેવાય. શ્રીકલ્યાણરાયજી લખે છે કે--ભકિતનો અભાવ એટલે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ નહિં તે. આ લખવાથી નારદપંચરાત્રના શ્લોકનું સ્મરણ આવે છે—

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढःसर्वतोधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तयामुक्तिर्न चान्यथा ।

અર્થ—ભગવાનની મહોટાઇ જાણીને દૃઢ અને સર્વથી જે અધિક સ્નેહ તેજ ભકિત અને તેથી મુકિત કાંઇ બીજા પ્રકારથી મુક્ત થતી નથી.

આ વિવૃતિની ટિપ્પણી પણ પુરી થઈ છે અંતમાં એક કારિકા લખી છે તેનો અર્થ--શ્રીમદાચાર્યને પ્રણામ કરી તેમણે રચેલી સિદ્ધાંતમુકતાવલીની ગુસાંઇજીએ કરેલી વિવૃતિ તેની ણી મેં (શ્રીકલ્યાણરાયે) કરી છે.

ટિપ્પણમાં કાંઈ વિશેષ લખવામાં આવ્યું છે. જેમ કોઇ ત્મક જાણતો હોય અને પછે દુષ્ટ કર્મથી જલ બુદ્ધિ રાખે તો તે તીર્થજ્ઞાનથી પણ ચુકે છે, તેમ અક્ષરબ્રહ્મપણાથી જાણતો

હોય પણ પોતાના દુષ્ટ પ્રારબ્ધથી પછે પ્રપંચપણે જાણવા લાગે તો અક્ષરબ્રહ્મ જ્ઞાનથી તે ચ્યુત થાય છે, કદાચિત્ એમ શંકા ઉત્પન્ન થાય કે—જ્ઞાનથી સર્વ કર્મનો નાશ થાય છે અને અહીં તો દુષ્ટ કર્મથી જ્ઞાનનો નાશ કહ્યો ? તો તેનું સમાધાન એ છે કે—જ્ઞાનથી કર્મનો નાશ એતો યોગ્ય છે પરંતુ તે કર્મ પ્રારબ્ધ નહિં, પ્રારબ્ધ કર્મના નાશ તો ભોગથી અથવા પુષ્ટિભક્તિથીજ થાય છે જ્ઞાનથી થતો નથી માટે આ ભક્તિ અવશ્ય કરવી જોઈયે.

શ્લોકનો સાર--ભગવાન્‌ની સમીપમાં રહેતો હોય તો પણ નેણે પોતાના શુદ્ધ આચરણ રાખવાં અને ભાકત કરવી. ભકિત એ મુખ્ય કર્તવ્ય છે; ભકિત વિના બીજો કોઈ ઉત્તમ પુરૂષાર્થ નથી; ભકિત વિના આરૂઢ પતિત કહેવાય છે; માટે વેદાદિમાં કહ્યાં તેવાં આચરણ રાખીને ભગવાન્‌ની ભકિત કરવી. ॥ ૨૦ ॥

આ સિદ્ધાંતમુકતાવલી ગ્રંથનો ઉપસંહાર શ્રીમદાચાર્યજી કરે છે

मूलम्—एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ॥
एतद्बुध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥२१॥

इतिश्री वल्लभाचार्य विरचिता सिद्धान्तमुक्तावली समाप्ता ॥

सान्वयपदार्थः—**एवं** એ (આગળ કહેલી) રીતે **मया** મેં **स्वशास्त्रसर्वस्वं** પોતાના શાસ્ત્રનું સર્વસ્વ રૂપ (સિદ્ધાન્ત.) **गुप्तं** ગુપ્ત છે (તોપણ) **निरूपितं** નિરૂપણ કર્યું **एतत्** એ (મારા કહેલા સિદ્ધાન્ત) ને **बुध्वा** જાણીને **पुरुषः** (કોઇ પણ) પુરૂષ **सर्वसंशयात्** બધા સંશયોથી **विमुच्यते** વિશેષે કરીને મુકાઈ જાય છે.

અર્થ—આ પ્રકારે સ્વશાસ્ત્રનું સર્વસ્વ એવા સિદ્ધાંત તે ગુપ્ત છતે (કૃપાથી) મેં—(આચાર્યજીએ) તેનું નિરૂપણુ કર્યું; હવે આ પ્રમાણે જાણી મનુષ્ય સર્વ પ્રકારના સંશયથી છૂટે છે.

ભાવાર્થ—શ્રીઆચાર્યજી આ સિદ્ધાંતમુકતાવલી ગ્રંથ
કરે છે, આ પ્રકારે ભકિતમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું,
કે ગુપ્ત છે. ત્યારે ગુપ્તનો પ્રકાશ કેમ કર્યો ? તો જે અધિક

દેશાઇ પુરૂષોત્તમદાસ [illegible]
[illegible] (G. B. S. R.)

છે તેની ઉપર કૃપા કરી પ્રકાશ કર્યો એટલે દૈવ જીવના ઉદ્ધાર સારૂ પ્રકાશ કર્યો છે. હવે આ પ્રમાણે જાણી અને જો પુરૂષ આચરણ કરે તો તે સર્વ પ્રકારના સંદેહથી છૂટે અને તેને સ્વકર્ત્તવ્યનું જ્ઞાન થાય છે.

ભકિત વિના બીજું કાંઇ કર્તવ્ય નથી. અને એ પણ સૂચવ્યું છે કે આ ગ્રંથ જાણવાથી અને હૃદયારૂઢ કરવાથી પણ સર્વ સંદેહથી છૂટાય છે.

શ્રીવિઠ્ઠલનાથજી વિવૃતિ પૂરી કરે છે તેની આ કારિકા—

इति श्रीपितृपादाब्ज परागरससिक्तहृत् ।
श्रीविठ्ठलस्तत्सिद्धान्त वाङ्मालां हृदयेदधौ ॥

અર્થ—શ્રીવલ્લભાચાર્યના ચરણ કમલના રજથી તથા મકરંદથી જેનું હૃદય સિંચાયું છે તે શ્રીવિઠ્ઠલનાથજી સિદ્ધાંત વાણીની મુકતાવલીને હૃદયમાં ધારણ કરે છે આ પ્રમાણે વિવૃતિ પૂરી થઇ. ॥ ૨૧ ॥

ઉપસંહાર.

આ ગ્રંથમાં એ સિદ્ધ થયું કે સદા શ્રીકૃષ્ણની સેવા કરવી તે સેવા ત્રણ પ્રકારની છે. એક તનુજા બીજી વિત્તજા અને ત્રીજી માનસી તેમાં માનસી એ ફળરૂપ છે, અને પહેલી અને બીજી સાધનરૂપ છે. સાધન વિના ફળ થવાનો સંભવ નથી, મુખ્ય ફળ માનસી અને તે સિદ્ધ થતા પેહેલાં બીજું પેટામાં ફળ પણ એ કે સંસારના દુઃખની નિવૃત્તિ તથા પ્રપંચમાં અક્ષરબ્રહ્મનો બોધ થાય છે. પરબ્રહ્મ તો પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે. અને અક્ષરબ્રહ્મ એ પુરૂષોત્તમનું ધામ છે. અને જ્ઞાનીને ઉપાસના કરવા યોગ્ય તથા મુકિતનું સ્થાન છે; જે અક્ષરબ્રહ્મ પ્રપંચરૂપ છે, તેને કોઇ માયિક કહે છે, કોઇ સગુણ કહે છે. કોઇ ઇશ્વરનું કાર્ય કહે છે, કોઇ સ્વતંત્ર છે એમ કહે છે, પણ વેદનો તો એ સિદ્ધાંત છે કે અક્ષરબ્રહ્મનો [illegible] અવિકૃત પરિણામ છે; એટલે બ્રહ્મજ છે. તેમાં ગંગાજીના

હ ભેદ સમજાવ્યા છે; જેમ જલરૂપ ગંગાજી છે તેમ આ

છે, જેમ તીર્થરૂપ ગંગાજી છે તેમ અક્ષર બ્રહ્મ છે. અને

જેમ દેવતારૂપ ગંગાજી છે તેમ શ્રીપુરૂષોત્તમ છે. જગત્ ત્રિગુણાત્મક છે અ[illegible] એક એક ગુણના નિયામક બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે, સર્વ[illegible]તા શ્રીકૃષ્ણ છે; ભક્તને લૌકિક અને અલૌકિક જે ફળ [illegible] તે પ્રભુની ઇચ્છા પ્રમાણે મળે છે. આ પ્રમાણે બ્રહ્મ[illegible]ા શ્રીકૃષ્ણમાં બુદ્ધિ કરવી, તેને માનસીસેવા સિદ્ધ થાય છે; આ ઉત્તમ અધિકાર સમજવો. જ્ઞાની ભક્ત વિના આ અધિકાર મળતો નથી અને નિબંધમાં કહ્યું છે કે જ્ઞાની જો ભગવાનને ભજે છે તો પછે એનાથી બીજો અધિક કોણ ? એટલે પહેલા વર્ગના તે જ્ઞાની ભક્ત જાણવા; આ ભકતને જ્ઞાનની જરૂર છે. ત્યાર બાદ મધ્યમાધિકાર કહેવામાં આવ્યો, તેમાં જીવ સ્વરૂપ જાણવાની જરૂર છે, તેથી તે જાણી પોતાના અંતઃકરણમાં શ્રીકૃષ્ણનું ભકિતથી દર્શન કરે છે, તેમ કરતે કરતે અંતમાં પુરૂષોત્તમનું સાયુજ્ય તેને મળે છે; તે બીજા વર્ગના મર્યાદા પુષ્ટ ભકત જાણવા. ત્યાર બાદ ત્રીજા વર્ગના સંસારી ભકતની વ્યવસ્થા કહેવામાં આવી, સંસાર જેને વળગી રહ્યો હોય એટલે દેહ, પુત્ર, મિત્ર, સ્ત્રી વગેરેમાં અહંતા મમતા રહી આવતી હોય અને ભગવાનને ભજે છે તો તેને દુઃખ થાય છે. તેણે તો લીલાવિશિષ્ટ પુરૂષોત્તમનું ચિંતવન કરવું જેથી સંસારનો નાશ થાય. ત્યાર બાદ ચોથા વર્ગના ભકત કહેવામાં આવ્યા જે ભકતના મનમાંથી સંસારીપણું તથા લોકાર્થિપણું અળગું થતું નથી તે ભગવાનને ભજે છે તો તેને ક્લેશ થાય છે, તેવો પુષ્ટિમાર્ગનો ભકત હોય તો તેણે કોઇ પણ ભગવદ્ધામમાં રહી શ્રીભાગવતના પાઠમાં અથવા શ્રવણમાં તત્પર થઈ રહેવું; અને જો મર્યાદા માર્ગીય હોય તો શ્રીગંગાજીના તીરપર રહીને શ્રીભાગવતનો પાઠ અથવા શ્રવણ કરવું. તેથી થોડાઘણા પ્રયત્નથી તેઓનું ચિત્ત ભગવાન્‌માં પરોવાય છે અને અંતે વૈકુંઠમાં સેવામાં ઉપર[illegible] દેહને પ્રાપ્ત થાય છે તેઓને સાયુજ્યનું તો સુખ મળતું[illegible] પાંચમા વર્ગના તે સમજવા કે જેને પોતાના દેહથી ભગ્નું, [illegible] સેવામાં ઇચ્છા થતી નથી તે આરૂઢ પતિત જાણવા અધિક

જ્યારે સંસારનો આવેશ છૂટે અને સેવામાં દાખલ થાય ત્યારે મુક્તિ મળે, અને જો સંસારનું અભિમાન છૂટે નહિં તો પછી મુક્તિ પણ મળે નહિ. માટે મનુષ્ય માત્રે સંસારનું અભિમાન છોડી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ. સેવાથી સર્વ પુરૂષાર્થ સિદ્ધ થાય છે. વધારે શું? સેવા જ પુરૂષાર્થ છે. બાલબોધમાં એ સિદ્ધ કરવામાં આવ્યું હતું કે સેવા કરવી એજ પુરૂષાર્થ છે. અને એજ જીવમાત્રે યથાધિકાર સંપાદન કરવી. આ સિદ્ધાંતમુકતાવલીના પ્રારંભમાં પણ આ વિષય પર વધારે લખવામાં આવ્યું છે.

પ્રભુ પ્રાર્થના.

સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રંથના વ્યાખ્યાનની સમાપ્તિમાં શ્રી પ્રભુપાદપંકજમાં પ્રણામ પુષ્પાંજલી પૂર્વક એ પ્રાર્થના છે કે-આ અસાર સંસાર સાગરમાં ઘણા વખતથી ગળચવા ખાતા, માયા મકરીના [મગરના] મોઢામાં ગ્રાસ થતા, કામ ક્રોધાદિ ઝેરી કરડનાર જલ જંતુથી વખતો વખત ફટકાયેલા, અમોને આપની સાધન સેવા રૂપ સફરી વહાણમાં સારા ગુરૂરૂપ કર્ણધાર [ખલાસી] દ્વારા વગર બદલો લીધે ઉદ્ધારી લો; અને ધારેલા ધામના મુશાફર કરો, અને ત્યાં ફલરૂપ સેવા આપી કૃતાર્થ કરો. આજકાલનો જમાનો ઘણો વિલક્ષણ થતો જાય છે, અને આર્યવિદ્યાનો અને સદાચારનો નાશ થતો જાય છે; માટે તેને જાળવનાર આપના જયેષ્ઠ પુત્રોને પ્રેરણા કરો. જે કે અજ્ઞ પ્રાણી છે તેને તો પોતાનો અધિકાર શું છે તે ખબર ન પડે તે વ્યાજબી છે, પણ જે જ્ઞાની પ્રાણી છે તેમાં પણ વિશેષ જ્ઞાની તેઓ પણ પોતાનો અધિકાર [દરજ્જો] જાણતા નથી, અને કોઈ જાણે છે તો તે પ્રમાણે ચાલતા નથી અને કોઈ ચાલવા ધારે છે તો તેને બીજા તોડી પાડે છે; તો આપની પ્રેરણા તેવી થવી જેઇએ કે જેથી પોતપોતાનો દરજ્જો જાળવે અથવા જે દરજ્જા લાયક હોય તેને તે દરજ્જો મળે. આશ્રમ ધર્મ, કર્મના મર્મ તો હવે કોઇકજ જાણનાર રહ્યા. થી રી દિનપર દિન પરધર્મમાં પ્રીતિ વધે છે. અને સ્વધર્મનુ

છે,

તત્વ કોઇ સારા ગુરૂથી જાણવામાં આવતું નથી; તેથી અરૂચી આવે છે અથવા ખબર પણ નથી. માટે તત્વ મળવાની આપ ગુરૂદ્વારા સસતાઈ કરો. જ્યારે વધારે દુષ્કાલ પડે છે ત્યારે લોકોથી પોતાનો ધર્મ સચવાતો નથી. અને જેનું તેનું અન્ન, દ્રવ્ય વગેરે પોતાના ઉપયોગમાં લેવાય છે, તો જો તત્વજ્ઞાનની તંગી બહુ પડશે તો જ્યાંથી જેને જે મળશે તે લઈ લોકો ઉચ્છૃંખલ થઇ જશે તેમાં લોકોનો અપરાધ નહિં ગણવો, કોઇ કાર્યનો પ્રારંભ ન કરવો, અને કરવો તો આખર સુધી નિભાવ કરવો એ તો સાધારણ ન્યાય છે તો આપે આ ભકિતમાર્ગનો ફેલાવો ઘણા સમયથી કર્યો છે, તેમ ઉપદેશદ્વારા વખતોવખત જીર્ણોદ્ધાર કર્યો છે; તો હવે શાને ઉદાસીમાં એકદમ આવ્યા છો આપને કાંઇ પરિશ્રમ તો છેજ નહીં. માત્ર કૃપા કટાક્ષથી કોઇ પ્રાણીને જોવો એટલુંજ છે. આથી અનેક દીન જનોનો ઉપકાર થશે અને દુઃખમાં ફસાયલા છે તેથી છૂટકો થશે અને આપ દયાળુ છો તો તેમ કરવામાં શી અડચણ છે ? આ વિષય પર જેટલું અમે (વૈષ્ણવો) વીનવીએ તેટલું ઘટે છે, પણ આપ રસાત્મક છો અને નિત્ય લીલામાંજ રહો છો તેથી કંટાળો આવશે એમ જાણી વધારે કહેતા નથી અથવા આપ અંતર્યામી છો ! માટે કહેવું એ પણ પુનરૂકત જેવું છે; આપથી અણજાણ્યું તો છે નહિં આપ તો સર્વજ્ઞ સચ્ચિદાનંદ છો અને ભકિતને વશ છો, અને ભકિત આપને પ્રિય છે તો અમને તેવી પ્રેરણા કરો કે અમો ભકિતને મુખ્ય માની આપનું માહાત્મ્ય જાણી સ્નેહથી સેવામાં દેહ, ઇંદ્રિય, પ્રાણ અને જીવ જોડીને કૃતાર્થ કરીએ. આપ ચરાચરના ઉત્પન્ન કરનાર, પાલન કરનાર અને અંતે નિરોધ કરનાર છો તે આપને છોડી બીજા કોને ભજીએ. અંતમાં એજ હવે વિનવુંછું કે યથાધિકાર આપ સર્વ જીવને ભકિતમાર્ગમાં પ્રેરી સાક્ષાત્ અથવા પરંપરા સંબંધથી સેવા સ્વીકારી જન્મની સફળતા થાય તેવી જીવો પર કૃપા કરો. (તથાસ્તુ)

इति श्रीवल्लभाचार्य विरचिता सिद्धान्तमुक्तावली (सटीक) समाप्ता॥

શ્રીવલ્લભીય ગ્રંથ પ્રકાશક ફંડને તા. ૬-૯-૧૧ સુધીમાં ગ્રાહક તરીકે તથા મદદ તરીકે આશ્રય આપનાર વૈષ્ણવોનાં નામ.

૨	પરીખ પ્રહલ્હાદજી ગોપાલજી	સિદ્ધપુર.
૨	મેહેતા ગીરધરલાલ ભાઇચંદ	,,
૪	શા. મોતીચંદ જેઠાભાઇ	મોરબી.
૪	શા. વીઠ્ઠલદાસ ચાંપસી	,,
૪	શા. માણેકચંદ મહાદેવ	,,
૪	શા. ગોવિંદજી દાદા	,,
૪	શા. વલ્લભજી કલ્યાણજી	,,
૨	શા. હરજીવન શામજી	,,
૨	શા. ત્રીભોવન કુલચંદ	,,
૨	શેઠ ઇશ્વરદાસ ત્રીભોવનદાસ	મુંબઇ
૪	શા. લક્ષ્મીદાસ નાગરદાસ શ્રોફ	,,
૫	શા. ચુનીલાલ જાદવજી મોદી	,,
૫૧	શેઠ ચતુર્ભુજદાસ ખુશાલદાસ	મદ્રાસ
૫	ગોસ્વામિશ્રી વલ્લભલાલજી	બેટશંખોદ્ધાર
૫	દેસાઈ ગોપાળદાસ વિહારીદાસ	નડીઆદ
૭	દેસાઇ મણીલાલ પરભુદાસ	,,
૨	ચોકસી નાથાભાઇ દામોદરદાસ	,,
૫	પરી કુબેરદાસ જીવણદાસ	,,
૪	શા. ત્રીભોવનદાસ મંગળદાસ મારફત	,,
૫	શા. ગીરધરલાલ અમૃતલાલ	ડીસાકાંપ
૪	શા. રામદાસ મોરારજી	કરાંચી
૪	શા. મોરારજી સુંદરજી	,,
૫	શેઠ જેકીશનદાસ કરસનદાસ	ભરૂચ
૪	૨ શા. વીરચંદ શાંતિદાસ	સરડોઇ

દેશાઇ પુરૂષોત્તમદાસ [illegible]
બાહાદરપુર (G. B. S. R.)

૪	ગોરધનદાસ ઝવેરદાસ	મહાડગંદર
૪	પટવારી દ્વારકાદાસ વ્રંદાવનદાસ	રાજકોટ
૪	પટવારી પોપટલાલ જસરાજ	,,
૪	રા. પુલચંદ શામળજી ગાંધી	જેતલસર
૪	માણેકલાલ છોટાલાલ	,,
૫૪	નામદાર દરબાર સાહેબ સ્વસ્થાન	પાટડી
૪	રા. રણછોડદાસ ડાહ્યાભાઈ	પાલનપુર
૪	રા. ગોકલદાસ પરમાનંદદાસ	,,
૫	પટવારી નારણલાલ શામળદાસ	,,
૪	રા. નાનાલાલ ભીખાભાઈ	થરા
૪	રા. વલ્લભદાસ નરોતમદાસ	સુરત
૪	રા. કાલીદાસ છોટાલાલ	[illegible]
૪	રા. બાપુલાલ ભોગીલાલ	,,
૪	શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય	હાલોલ
૪	રા. ગોવર્ધનદાસ વસ્તાભાઈ	જુનાગઢ
૪	રા. વીરજી ભુરાભાઇ	,,
૪	વકીલ રતનસી માધવજી	,,
૪	રા. માધવદાસ હંસરાજ	,,
૪	રા. મોતીચંદ પ્રેમજી	,,
૪	રા. વલ્લભદાસ લાધાભાઈ	ધોરાજી
૫	શેઠ ચીમનલાલ ગીરધરલાલ	વડોદરા
૪	રા. કેશવલાલ લક્ષ્મીદાસ	ઉમરેઠ
૪	દાણી ઓછવલાલ ગીરધરદાસ	કપડવણજ
૪	દોશી હરીભાઇ દ્વારકાંદાસ	ડાકોર

શંકરજયતિની વ્યાખ્યાન માલાનું

અવલોકન.

સંવત ૧૯૬૬ ની સાલમાં સુરત ખાતે શાંકર સમાજે શંકરજયંતિના મેળાવડા વખતે કરેલાં ભાષણોના સંગ્રહ. (શંકરજયંતિ વ્યાખ્યાનમાલા) માં પુષ્ટિમાર્ગ ઉપર કેટલાક આક્ષેપ કરેલા તેના સશાસ્ત્ર રદીઆ આપી શ્રીજીવણલાલજી મહારાજ પોરબંદરવાળાના શાસ્ત્રી છગનલાલ અમરજીએ રચેલો અપૂર્વ ગ્રંથ. ડેમી આઠ પેજી ૩૦ ફોર્મ ઉંચા ગ્લેજ કાગળ ઉપર. કી[illegible]

[illegible]
બહાદરપુર (G. B. S. R.)

પુષ્ટિસુધાકર.

પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો પ્રમાણપૂર્વક સંગ્રહ. બોરસદના શાસ્ત્રી ચીમનલાલ હરિશંકર કૃત. કીંમત ૧૦ આના.

ઉપરનાં બન્ને પુસ્તક શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય (નડીઆદ)ના મંત્રી પાસેથી મળશે.